# બાઇબલ અભ્યાસ

ભાગ ૧



## બાઇબલના મૂંઝવણના પ્રશ્નોનો અભ્યાસ

-રેવ. જયાનંદ આઇ. ચૌહાણ

# બાઇબલ-અભ્યાસ

## (બાઇબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ)

## ભાગ ૧ લો

પુનર્મુદ્રણ

લેખક

રેવ. જયાનંદ આઈ. ચૌહાણ, એમ.એ. (જર્નાલિઝમ)

કનાન, ખડાયતા કૉલોની પાછળ, એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬

– પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન –

ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬

# વિષયાનુક્રમણિકા


પૃષ્ઠ

બે શબ્દો કહી લઉં— ૧

૧. બાઇબલ-વાચન (કાવ્ય) ૨

૨. દેવના દીકરા અને માણસોની દીકરીઓનો ગૃહસંસાર ૩

૩. 'યહોવાહ' કે 'યહોવા'? ૧૨

૪. માગીઓ કેટલા આવ્યા હતા? ૧૫

૫. યૂસફ યાકૂબનો તેમ જ હેલીનો દીકરો કેવી રીતે હોઈ શકે? ૧૬

૬. કાઈન પત્ની કયાંથી લાવ્યો? ૧૮

૭. ઈશ્વરપણામાં પિતા અને પુત્ર સરખા કે ઓછાવત્તા? ૧૮

૮. અઠવાડિયાના દિવસો ૨૨

૯. ઈસુ ખ્રિસ્તને ક્રૂસ પર ક્યારે જડવામાં આવ્યા? સવારમાં નવ વાગે કે બપોરે બારના સુમારે? ૨૬

૧૦. ઈસુના ક્રૂસારોહણની જગાને "ખોપરીની જગા" કેમ કહે છે? ૨૯

૧૧. ક્રૂસ પર પિલાતે ચોઢાવેલું તહોમતનામું પ્રત્યેક સુવાર્તામાં જુદું જુદું કેમ છે? ૩૧

૧૨. ઈસુના મૃત્યુનું કારણ શું? ૩૩

૧૩. બાળક પાપ રહિત કહેવાય કે કેમ? ૩૬

૧૪. વધસ્તંભ પર પગ ભાંગવાનું કારણ શું? પગ ભાંગવાથી શું થાય? ૩૮

૧૫. 'માળી' કે 'કૃષિકાર'? ૪૦

૧૬. 'માન્ના' કુદરતી કે ચમત્કારિક? ૪૨

૧૭. રંજુ ગુમ થઈ ગઈ (વાર્તા) (પ્રભુ ઈસુના આવવાની વેળાએ) ૪૬

૧૮. મગ્દલાની મરિયમ પાપીણિ સ્ત્રી હતી? ૫૩

૧૯. અન્યાયીપણાના દ્રવ્યથી મિત્રો કરી લેવા એટલે શું? ૫૬

૨૦. હિંસક પ્રાણીઓનો સ્વભાવ બદલાવા વિષેનું ભવિષ્યકથન
કયારે પૂરું થશે? ૬૦
૨૧. ઉત્પત્તિકાળે પહેલે દિવસે સૂર્ય વિના પ્રકાશ કયાંથી આવ્યો? ૬૧
૨૨. "સાપના જેવા હોશિયાર અને કબૂતરના જેવા સાલસ"
એટલે શું? ૬૩
૨૩. અબ્રાહમ ત્રણ કોમનો પિતા શી રીતે? ૬૫
૨૪. 'મૂએલાંનો નહિ પણ જીવતાંનો દેવ'–એટલે શું? ૬૬
૨૫. "એક લાખ ચુમ્માળીસ હજાર કુંવારા"–એ કોણ? ૬૭
૨૬. બાઇબલમાં સાતની સંખ્યા ૭૦
૨૭. ઇસ્ટરની તારીખ કેવી રીતે નક્કી થાય છે? ૭૫
૨૮. 'હાલેલૂયા' એટલે શું? ૭૮
૨૯. ઇસુ વિષે ફિલ્મ ૭૮
૩૦. અધઃસ્થાનમાં ઊતરવું એટલે શું? ૭૯
૩૧. ઇસુ ખ્રિસ્તના લોકોને માટે ન્યાયકાળ નથી થવાનો શું?
ન્યાયકાળ જુદા જુદા છે? ૮૨
૩૨. પુનરુત્થાન એક જ છે કે અનેક? ૮૮
૩૩. પ્રભુ ઇસુનું બીજી વારનું આવવું 'ચોરની પેઠે' છૂપું થશે?
કે પછી દિશાઓ ભરી દેતી ઝળાંઝળાં ઝબૂકતી
વીજળી જેવું જગજાહેર થશે? ૫૯
૩૪ પહેલાં ઇશ્વર માફી બક્ષે કે આપણે? ૯''
૩૫. કદી માફ ન થાય એવું પાપ કયું? પવિત્ર આત્માની
વિરૂદ્ધનું પાપ એટલે શું? ૧૦૦
૩૬. જાણીજોઈને કરેલું પાપ માફ ન થાય? ૧૦૪
૩૭. ઇશ્વર આપણને પરાજય આપે છે કે જય પમાડે છે? ૧૦૬
૩૮. મુક્તિ પામ્યા પછી માણસ પતિત બનીને નર્કમાં નંખાય? ૧૦૯

૩૯. માથ્થીના ૧૩ મા અધ્યાયમાં આપેલાં દૃષ્ટાંતોનો ખરો શાસ્ત્રાર્થ શું થાય ? ૧૧૩
क ઘઉં અને કડવા દાણાનું દૃષ્ટાંત
ख રાઈના બીનું દૃષ્ટાંત
ग ખમીરનું દૃષ્ટાંત
घ સંતાડેલા દ્રવ્યનું દૃષ્ટાંત
च સારાં મોતી શોધનારનું દૃષ્ટાંત
छ જાળનું દૃષ્ટાંત
૪૦. 'મારિયા' કે 'મરિયમ' ? ૧૨૩
૪૧. 'આમીન' એટલે શું ? ૧૨૪
૪૨. ઈશ્વર દેહધારી થઈ શકે ? ૧૨૬
૪૩. દુનિયાની આટલી બધી ભાષાઓ કેવી રીતે અસ્તિત્વમાં આવી ? શું એ વિષેનું બાઇબલનું વૃત્તાંત સાચું છે ? ૧૩૨
૪૪. 'દીનાર' એટલે શું ? ૧૩૮
૪૫. સ્વપ્ન દ્વારા દોરવણી યા ચેતવણી ૧૩૯
૪૬. કીડી પરથી બોધ ૧૪૦
૪૭. મંડળીને મહા વિપત્તિમાં થઈને પસાર થવું પડશે કે નહિ ? ૧૪૨
૪૮. માણસોને 'દેવો' કેમ કહ્યા છે ? ૧૫૧
૪૯. 'બીજાં ઘેટાં' કયાં ? ૧૫૪
૫૦. મરેલાંને માટે બાપ્તિસ્મા લેવું એટલે શું ? ૧૫૫
૫૧. પ્રભુ ઈસુના પુનરાગમન વખતે બનનારા બનાવો અને એ વિષેનાં ભવિષ્યકથનો ૧૬૦
૫૨. હાડેસ, નરક, ગેહેન્ના અને શેઓલ—એ બધાંમાં શો ફરક છે ? ૧૬૪
૫૩. પ્રભુ ઈસુનો શારીરિક દેખાવ કેવો હતો ? ૧૭૦

# બે શબ્દો કહી લઉં –

આ 'બાઇબલ-અભ્યાસ' આપ સૌની સેવામાં ધરતાં આનંદ અનુભવું છું. લોકોએ પ્રશ્નો પૂછ્યા, મેં એના ઉત્તરો આપ્યા–'ખ્રિસ્તીબંધુ' દ્વારા. એ પ્રશ્નોત્તરાવલી ક્રમશઃ ૧૯૭૫થી ચાલતી આવી છે. કદાચ ૧૯૪૬થી કહું તોય સાચું. એનો આ સુધારાવધારાવાળો સંગ્રહ.

આ પહેલો ભાગ છે. ટૂંક સમયમાં બીજો ભાગ બહાર પડેય ખરો. અને લાંબી મુદત પછી ત્રીજો

જાણકારીનો દાવો કરવાની અહીં ધૃષ્ટતા નથી. આ તો હું લાભ્યો તેમાં બીજાંને ભાગીદાર બનાવું એ જ ભાવના છે. ત્યારે ૧૯૪૨ની સાલ ચાલતી હતી. મનમાં ઘણા ઘણા પ્રશ્નો હતા. મેં ઘણા મિત્રોને પૂછ્યું–લખ્યું. ખાસ કોઈએ રસ દર્શાવ્યો લાગ્યો નહિ. પણ પછી પરમપિતાએ ક્રમશઃ ક્રમશઃ પ્રકાશ આપવા માંડ્યો.

એવાં કંઈક વર્ષોનો અંગત બાઇબલ-અભ્યાસ, કંઈક રાત્રીઓનાં જાગરણ, મથામણ, ઘૂંટણો પર પ્રાર્થના! આ બધાનો લાભ બીજાંને પણ મળે તો કેવું સારું! એટલે મારી જેમ બીજાંના પ્રશ્નો, મૂંઝવણોમાં સહાયરૂપ બનવા આ પ્રશ્નોત્તરાવલી શરૂ થઈ

અને બાઇબલ-પ્રેમીઓએ તો હર્ષઘેલા બનીને આ પ્રયાસને વધાવી લીધો, પત્રો લખ્યા, જાતે મળ્યા, આભાર અને આનંદ વ્યક્ત કર્યાં. ખરું કહું? મારી ઉપર મૂકેલા આ ભરોસા માટે છાનો છાનો ક્ષોભ અનુભવ્યો. આનંદ તો થયો જ.

આ કટારોને **ખ્રિસ્તીબંધુ**નાં તંત્રીશ્રી શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાને ઉદારભાવે તથા ધીરજથી માસિકમાં સ્થાન દઈ ઉત્તેજન આપ્યું માટે એમનો આભાર.

છેવટે, પવિત્રાત્માએ સહાય અને સમજબુદ્ધિ આપી એ માટે, અને તેમનાં અદ્‌ભુત વચન (બાઇબલ) માટે ગૈએક ઈશ્વરનો આભાર. આમીન.

# ૧ બાઇબલ-વાચન

(ભાવે ભજો પ્રભુ ઈસુ નામ—એ રાગ)

અન્ન-જલ છે, પ્રભુ, આપ વચન, સ્વર્ગથી ઊતર્યું માન્ના સમ;
નીત નીત દો એ સ્વર્ગી અન્ન, ગાઉં તમારાં ગુણ-કીર્તન.

આંખો ઉઘાડો જોવા વચન, કાન ઉઘાડો સુણવા વચન;
પામું તૃપ્તિ ભરી ભરી મન, હૃદય બને જો પ્રસન્ન પ્રસન્ન.

દીપ ખરો મુજ ચરણો માટ, જ્યોતિ ઝગે છે મારી વાટ;
તેજ ભરે અંધાર-સદન, અરુણ ઊગે છે મારે મન.

(જે. આઈ. ચો.)

## ૨ દેવના દીકરા અને માણસોની દીકરીઓનો ગૃહસંસાર

**પ્રશ્ન :** ઉત્પત્તિ ૬:૨ પ્રમાણે "દેવના દીકરાઓએ માણસની દીકરીઓને જોઈ કે તેઓ સુંદર છે; અને જે સર્વને તેઓએ પસંદ કરી તેઓમાંથી તેઓએ બાયડીઓ કરી." આ "દેવના દીકરા" કોણ?

**જવાબ :** આ પ્રશ્ન અનેક જણે પૂછ્યો છે. ગયા મહિનામાં જ ત્રણેક જણે પૂછ્યો હતો. એનાં ચાર જુદા જુદા ખુલાસા કરવામાં આવે છે.

(૧) પૃથ્વીના મહાન અને નામાંકિત પુરુષો તે દેવના દીકરા, અને માણસોની દીકરીઓ તે ઊતરતી કક્ષાનાં માણસોની પુત્રીઓ (બાઇબલની સમરૂની આવૃત્તિ, **સુમાખસનો** ગ્રીક તરજુમો, **ઓન્ઝેલસનાં તારગમો** અને જોનાથાન-એ બધાં આ મત ધરાવે છે. પણ એ માન્યતાને હાલના જમાનામાં લગભગ કોઈ ટેકો આપતું નથી.

(૨) બીજી માન્યતા આવી છે : આદમ અને હવાએ પાપ કર્યું (ફળ ખાધું) તે પહેલાં તેમને થયેલાં સંતાન એ જ દેવના દીકરા, અને પાપ પછીથી થયેલી પુત્રીઓ તે "માણસની દીકરીઓ." આ મતને પણ કોઈનો ખાસ ટેકો હતો નહિ અને આજે પણ નથી. કારણ, પાપ પૂર્વે આદમ-હવાને સંતાન થયાં હોય તેવો કોઈ ઉલ્લેખ બાઇબલમાં કે ક્યાંયે નથી. કાઈન જ તેમનું પ્રથમ સંતાન લાગે છે. વળી આદમ-હવાના પાપ પહેલાં જો તેમને સંતાન થયાં હોત તો તેઓ પાપરહિત હોત, મૂળ પાપી સ્વભાવ તેમનામાં ન હોત, અને પૃથ્વી પર તેમનાં સંતાન પાપરહિત હોત. પણ બાઇબલ તો કહે છે કે 'એક પણ ન્યાયી નથી, હા, કોઈ પણ નહિ.' વળી સર્વ મનુષ્યોમાં આદમ-હવાનું મૂળ પાપ રાજ કરે છે, એમાંથી કોઈ બાકાત નથી.

(૩) ત્રીજી માન્યતા છે કે "દેવના દીકરા" એટલે દૂતો. દૂતોએ "પોતાની પદવી જાળવી રાખી નહિ, પણ પોતાનું સ્થાન છોડી દીધું"

(યહૂદા ૧:૬) અને માણસોનાં સંતાનોમાંથી પોતાને સારુ પત્નીઓ લીધી. (હનોખનું પુસ્તક, ફાઇલો, ઇતિહાસકાર જોસીફસ, જસ્ટીન માર્ટર, એલેકઝાન્ડ્રિયાનો કલેમેન્ટ, તર્તુલિયન એ બધા આ મત ધરાવતા હતા.) આ મતની તરફેણમાં કહેવામાં આવે છે કે 'દેવના દીકરા' એ સંજ્ઞા જૂના કરારમાં બધે ઠેકાણે દૂતોને માટે વપરાય છે (અયૂબ ૧:૬; ૨:૧ ; ૩૮:૭ ; ગીતશાસ્ત્ર ૨૯:૧ ; ૮૯:૬). એટલે કે દૂતો પ્રકૃતિએ 'દેવપુત્રો' છે, જ્યારે 'દૂત' સંજ્ઞા (હિબ્રૂ: **માલઅકીમ**=સંદેશવાહક) એ એમની કામગીરી દર્શાવે છે. આ માન્યતા ધરાવનારા પોતાની તરફેણમાં યહૂદા ૧:૬ અને ૨ પિતર ૨:૪ ને ટાંકે છે.

૨ પિતર ૨:૪માં જે 'દૂતોએ પાપ કર્યું'' તેમની ઉપર ઈશ્વરે બહુ કપરો ન્યાયદંડ આણ્યો એ બતાવવામાં આવ્યું છે. આ દૂતોના પાપને જળપ્રલય સાથે જોડવામાં આવે છે. યહૂદાની ૬ ઠ્ઠી અને ૭ મી કલમોમાં આ પ્રમાણે આપ્યું છે:

"વળી જે દૂતોએ પોતાની પદવી જાળવી રાખી નહિ, પણ પોતાનું સ્થાન છોડી દીધું, તેઓને મોટા દિવસના ન્યાયકરણ સુધી તેણે અંધકારમાંના સનાતન બંધનમાં રાખ્યા છે. તેમ જ સદોમ તથા ગમોરાહ અને તેઓની આસપાસનાં શહેરો, એ જ રીતે વ્યભિચારમાં અનુચિત દુરાચારમાં ગરક થઈને, નિરંતર અગ્નિદંડ સહન કરીને ચેતવણી માટે દાખલારૂપ પ્રસિદ્ધ થયાં છે."

પિતરે જે દૂતો વિષે લખ્યું તેના વિષે યહૂદા લખે છે. આ માન્યના નીચેના મુદ્દા રજૂ કરે છે:

૧. આ દૂતોએ પાપ કર્યું છે—તેઓ પવિત્ર દૂતો નથી.

૨. પતિત થયેલા બીજા દૂતો જેમણે શેતાનના સંઘમાં ભળીને ઈશ્વરની સામે બંડ ઉઠાવ્યું, અને ઈશ્વરે તેમને નીચે નાખી દીધા, અને હવે તેઓ વાયુમંડળમાં વસે છે, પૃથ્વી પર અહીં-

તહીં ભટકે છે, અને માણસોને હેરાન કરે છે તેઓ આ બંધનમાં રખાયેલા દૂતો નથી. બંધનમાં રખાયેલા આ દૂતો પૃથ્વી પર ઘૂમતા નથી, એ છૂટ તેમને નથી.

૩. તેઓનું પાપ આ છેઃ તેઓએ પોતાની 'પદવી'—દૂતોની કોટીની પદવી–જાળવી રાખી નહિ. એટલે કે તેઓ મનુષ્ય કોટીમાં આવ્યા, માનવદેહ ધારણ કર્યો. તેઓએ પોતાનું 'સ્થાન' છોડી દીધું, એટલે કે પૃથ્વી પર આવીને માનવો મધ્યે વસ્યા.

૪. તેઓએ કામવાસનાથી આતુર બનીને માણસની દીકરીઓને પત્નીઓ તરીકે લીધી. એ જ "દેવના દીકરાઓ" અને તેમણે "માણસની દીકરીઓ લીધી."

૫. ઈશ્વરે ભ્રષ્ટ પૃથ્વીનો જળપ્રલયથી નાશ કર્યો ત્યારે આ પતિત થયેલા દૂતો પાછા દૂતોના સ્થાન તરફ પાછા ફર્યા. પણ ઈશ્વરે તેમને બંધનમાં રાખ્યા. એટલે તેઓ સ્વર્ગમાં જઈ શકે નહિ, કે પૃથ્વી પર પણ આવી શકે નહિ. "અંધકારના સનાતન બંધનમાં" એટલે શેઓલ કે હાડેસમાં નહિ. એ બંધનમાં તેઓ ન્યાયકાળ સુધી રહેશે, અને ત્યાર પછી તેમને અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવશે.

૬. દૂતો માણસનું શરીર ધારણ કરી શકે છે. એના પ્રમાણ તરીકે ઉત્પત્તિ ૧૮:૧–૨૧ અને ૧૯:૧–૧૭ બતાવવામાં આવે છે. એમાં દૂતો (જેમાંનો એક 'યહોવા' એટલે કે સનાતન શબ્દ યા પુત્ર હતો) માનવરૂપમાં પ્રગટ થયેલા તથા ખોરાક લેતા (૧૮:૯; ૧૯:૩) દર્શાવ્યા છે. એટલે દૂતો માનવી શરીર ધારણ કરીને સ્ત્રી–સંગ કરી શકે છે. એના દાખલા તરીકે ઉત્પત્તિ ૬:૪ ને ધરવામાં આવે છે અને વધારાના પુરાવા તરીકે ૨ પિતર ૨:૪ તથા યહૂદા ૬, ૭ રજૂ કરવામાં આવે છે.

"દેવના દીકરા" એ શબ્દો નવા કરારમાં છ વખત વાપરવામાં આવ્યા છે અને એ એકેએક જગાએ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસ દ્વારા બચી ગયેલાં માણસો માટે વાપરવામાં આવ્યા છે.

એ જ શબ્દો જૂના કરારમાં પાંચ વખત વપરાયા છે. પ્રથમ ઉત્પત્તિ ૬માં ત્રણ વખત અયૂબના પુસ્તકમાં (અયૂબ ૧:૬; ૨:૧; ૩૮:૭). આ મત માનનારા માને છે કે આ બધે જ (ઉત્પત્તિ ૬:૪ મળીને) દૂતો વિષે ઉલ્લેખ છે.

પ્રભુ ઈસુએ માથ્થી ૨૨:૩૦ (માર્ક ૧૨:૨૫)માં જણાવ્યું છે કે દૂતો પરણતા નથી કે પરણાવતા નથી. એટલે તેઓ ઉત્પત્તિ ૬:૧–૪નો ખુલાસો કરે છે કે આકાશી દૂતો વિષયવાસનામાં આસક્ત થવાથી આકાશી સ્થાન છોડી પૃથ્વી પર આવ્યા અને માનવ શરીર ધારણ કરીને માણસોની દીકરીઓને પત્નીઓ તરીકે લીધી.

ઉત્પત્તિ ૬:૪માં "મહાવીર" માટે હિબ્રૂમાં 'નેફ્થાલિમ' શબ્દ છે. એનો અર્થ એક રીતે 'મહાવીર' થાય છે અને બીજી રીતે 'પતિત થયેલા' યા 'પતન પામેલા' યા 'પડેલા' થાય છે.

એ માન્યતાની સામે રદિયો ધરતાં બીજા કહે છે કે જૂના કરારમાં બધે જ 'દેવપુત્રો' દૂતો માટે વપરાયું નથી. જેમ કે હોશિયા ૧:૧૦માં ઇઝરાયલ માટે વાપર્યું છે: "તમે જીવતા દેવના દીકરાઓ છો." વળી ગીતશાસ્ત્ર ૮૨:૬માં પૃથ્વીના ન્યાયાધીશોને સંબોધીને લખાયું છે: "મેં કહ્યું, તમે દેવો છો, અને તમે સર્વ પરાત્પરના દીકરા છો." જૂના કરારમાં આ શબ્દો દેવદૂતોને માટે, ઈશ્વરની ઇઝરાયલ પ્રજા માટે, ન્યાયાધીશો માટે, ઈશ્વરને સ્થાને રાજ કરતા રાજાઓ માટે, અને ત્રૈએક ઈશ્વરમાંની બીજી વ્યક્તિને માટે વપરાયા છે.

વળી ગણના ૨૧:૨૯માં વિધર્મી દેવ 'કમોશ'ની ભક્તિ કરનારાને 'કમોશની પ્રજા' કહેવામાં આવી છે. (એમ જ યર્મિયા ૪૮:૪૬માં

'કમોશના લોક.' વળી જુઓ માલાખી ૨:૧૧ પારકા **દેવની પુત્રી સાથે** લગ્ન કર્યું છે). નિર્ગમન ૪:૨૨, ૨૩ માં ઈશ્વર ઇઝરાયલને **મારા પુત્ર તરીકે** ગણે છે, અને કહે છે કે "ઇઝરાયલ મારો પુત્ર એટલે મારો જ્યેષ્ટ પુત્ર છે." વળી જુઓ પુનર્નિયમ ૧૪:૧; હોશિયા ૧:૧૦; યશાયા ૪૩:૬,૭; યર્મિયા ૩૧:૨૦.

બાઈબલના શિક્ષણ મુજબ દૂતો જાતિ રહિત છે. તેઓ પરણતા નથી કે પરણાવતા નથી (માથ્થી ૨૨:૩૦; માર્ક ૧૨:૨૫). માનવી શરીરવ્યવસ્થા મુજબ અને માનવી ભાષા મુજબ દૂતોને જાતિ નથી. (જેમ ઈશ્વરને માટે તેમ દૂતોને માટે ભાષામાં નરજાતિ વાપરવામાં આવે છે). જાતિ, પરણવું-પરણાવવું એ બધું વંશવૃદ્ધિ માટે માણસને જરૂરી છે; દૂતોને એની જરૂર નથી. દૂતોને ઈશ્વરે અમુક સંખ્યામાં સરજ્યા છે, અને પ્રજનન ક્રિયા દ્વારા તેમની વૃદ્ધિ થતી નથી અને એ વૃદ્ધિની જરૂર પણ નથી.

એ મત (દૂતોએ માણસની દીકરીઓને પત્ની તરીકે રાખી એ મત) સામે દલીલ કરવામાં આવે છે કે "તેમાંથી તેઓએ બાયડીઓ કરી," એટલે કે પત્નીઓ રાખી અને ગૃહસંસાર માંડ્યો, એ હકીકત દૂતો સંબંધી તદ્દન અસંભવિત છે, કારણ કે દેહ-આકર્ષણ અને દેહ-ઉપયોગ જેવી બાબતો દૂતો માટે અસંભવિત છે. દૂતો તો આત્મા-સ્વરૂપ છે અને અપાર્થિવ શરીર છે. જ્યારે માણસ ભૌતિક પ્રાણી છે. સ્ત્રીનું દેહ-સૌંદર્ય દૂતોમાં દેહ-વાસના જગાડે એ માન્યતા બાઇબલ-શિક્ષણ સાથે સુસંગત નથી.

વળી એ મત સામે એમ પણ કહેવામાં આવે છે કે દૂતો આત્મા-સ્વરૂપ હોઈને તેમને અભિમાન, ઈર્ષા અને એવાં 'મન-સ્વરૂપ,' 'સૂક્ષ્મ સ્વરૂપ' પરીક્ષણો આવે, પણ દેહની વાસના ભૌતિક શરીર સાથેના સંબંધને લઈને પરિણમે છે, દૂતો ભૌતિક શરીર વગરના હોઈને તેમને એ પરીક્ષણો હોઈ શકે નહિ.

અમુક દૂતોએ ખોરાક લીધો (ઉત્પત્તિ ૧૮:૯ ; ૧૯:૩), પ્રભુ ઈસુએ પુનરુત્થાન બાદ મહિમાવંત શરીરમાં ખોરાક લીધો (લૂક ૨૪:૪૨, ૪૩)–એ બધામાં તેઓને ભૂખ લાગી હતી માટે ખાધું એવું નથી. વળી તેમને માણસોની જેમ પચન–અવયવો અને પચન-તંત્ર હશે એમ પણ માનવાની જરૂર નથી. વળી મહિમાવંતાં શરીરો ધારણ કરેલા સ્વર્ગે ગયેલા માણસો માટે લખ્યું છે કે "તેઓને ફરી ભૂખ લાગશે નહિ અને ફરી તરસ પણ લાગશે નહિ" (પ્રકટી. ૭:૧૬). તેઓ પરણશે કે પરણાવશે પણ નહિ (માથ્થી ૨૨:૩૦; માર્ક ૧૨:૨૫). આત્મિક શરીરવાળા દૂતો એવા જ છે.

વળી એ મત ૨પિતર ૨:૪ તથા યહૂદા ૬,૭ ને જે અર્થમાં વાપરે છે તેની સામે અન્ય મત ધરાવતા અભ્યાસકો દલીલ કરે છે કે ૨ પિતર ૨:૪ માં તો પિતર એટલું જ કહેવા માગે છે કે તે જમાનામાં મંડળીમાં પાખંડવાદીઓ (**નોમીઆ નીએમ**) શીખવતા હતા કે સુવાર્તાના જમાનામાં નૈતિક ધોરણ અને નિયમનની કોઈ જરૂર નથી, કારણ કે મુક્તિ માટે વિશ્વાસ એકલાની જ જરૂર છે–કૃત્યોની નહિ–એવા પાખં-ડવાદની સામે પિતર લાલ બતી ધરે છે કે તમારે માટે ન્યાયકાળ જરૂર આવવાનો છે, તમને છોડવામાં આવશે નહિ અને એ મુદ્દો સમજાવવા પિતર ત્રણ ઉદાહરણ વાપરે છે (દાખલા રજૂ કરે છે): (૧) પાપમાં પડેલા દૂતોને માથે ન્યાયદંડ આવ્યો છે. (૨) પાપી માણસોને માથે જળ-પ્રલયનો દંડ આવ્યો. (૩) સદોમ-ગમોરાહના પાપી લોકોને માથે આગ અને ગંધકનો ન્યાયદંડ આવ્યો. પિતર આટલું જ કહેવા માગે છે. આવી દલીલ રજૂ કરનારા કહે છે કે એથી વધુ અર્થ કાઢવા કલમોના શબ્દોને ચોળીને ચીકણા કરવાની કોઈ જરૂર નથી.

'હનોખનું પુસ્તક' આપણા બાઇબલમાં હોતું નથી. કારણ, એને ઈશ્વરપ્રેરિત પુસ્તક માનવામાં આવતું નથી. એ પુસ્તકમાં દૂતો કેવી રીતે પૃથ્વી પર આવે છે અને માણસોની દીકરીઓને પત્નીઓ તરીકે

રાખીને સંતાનો ઉપજાવે છે એ વાત ખૂબ વિસ્તારપૂર્વક આપવામાં આવી છે (હનોખ ૬-૧૯ અધ્યાયો). એમાં હનોખનો એ દૂતો સાથેનો સંબંધ પણ દર્શાવાયો છે. હનોખને અંધકારના ખાડાઓ બતાવવામાં આવે છે અને હનોખ એ ખાડાઓમાં દૂતોને બંધનમાં લટકાવી રાખેલા જુએ છે.

આ મતની સામે બીજી એક દલીલ પણ કરવામાં આવે છે કે પૃથ્વી પર વસતીગણતરીના આંકડા તપાસીએ તો પુરુષો અને સ્ત્રીઓની સંખ્યા એકંદરે સરખી જ હોય છે. દર હજાર પુરુષે હજાર સ્ત્રી–એક હજાર સામે ૯૫૦ કે એવા પ્રમાણથી ઓછુંવત્તું થતું નથી ઈશ્વર એનું અજાયબ રીતે નિયંત્રણ કરે છે. હવે જો હજારોની સંખ્યામાં દેવદૂતો પૃથ્વી પર ઊતરી આવ્યા હોય, માનવદેહ ધારણ કર્યો હોય અને માણસોની દીકરીઓને પત્ની તરીકે લીધી હોય તો કેટલા બધા પુરુષો સ્ત્રીઓ વગરના રહી જાય! અથવા જો થોડાક જ દૂતો ઊતરી આવ્યા હોય તો તો એટલા થોડાથી પૃથ્વી પાપથી ભરપૂર થયેલી કેવી રીતે બને?

બીજી એક દલીલ પણ કરવામાં આવે છે કે આવા દૂતો હજારોના પ્રમાણમાં કે ઓછા પ્રમાણમાં આવ્યા હોય, પણ તેઓના ભ્રષ્ટાચાર અથવા દૂતપદ ત્યાગવાના પાપને લીધે ઈશ્વર પૃથ્વી પર જળપ્રલય શા માટે લાવે? શા માટે એ દૂતોને જ પકડીને તેમને બંધનમાં નાખી ન દે! માણસોની દીકરીઓનો એમાં શો વાંક!–માનવદેહ ધારણ કરેલા દૂતોને તેઓ દૂતો તરીકે ઓળખી શકે જ નહિ. તેઓ તો તેમને પુરુષો જ માને.

ઊલટું, બાઇબલમાં તો બતાવ્યું છે કે આખી પૃથ્વી પાપી બની ગઈ હતી, માત્ર નુહ ન્યાયી માલૂમ પડ્યો હતો.

'દેવના દીકરાઓ' માટે હિબ્રૂમાં 'બેન એલોહિમ' વાપરેલું છે, 'બેન'=દીકરો, સંતાન. એલોહિમ=દેવ, દેવો. જુઓ: બેન–

અબિનાદાબ (૧ રાજા ૪:૧૧), બેન–આમ્મી (ઉત્પત્તિ ૧૯:૩૮), બેન-ગેબેર (૧ રાજા ૪:૧૩). એનો ' દેવના દીકરા ' એ તરજુમો બરાબર છે. પણ એએક તરજુમા ' સુપરનેચરલ બીઈંગ્સ ' (અલૌકિક જીવો) કરે છે તે ખોટી છૂટ લીધી ગણાય. (લીવીંગ બાઇબલ અને ટી.ઈ.વી. બાઇબલ) એન.ઈ.બી.માં 'દેવોના દીકરા'–સન્સ ઑફ ધી ગોડસ).

(૪) ચોથો મત આ પ્રમાણે છે: 'દેવના પુત્રો' તે ધાર્મિક માણસો, ઈશ્વરના ભજનિકોનો વંશ–અને ખાસ કરીને શેથના વંશજો. કાઈનનો વંશવેલો એથી ઊલટો ગણાય છે. શેથના વંશજો જેઓ ઈશ્વર પર પ્રેમ રાખનારા હતા, તેમણે જગતી લોકોની દીકરીઓથી આકર્ષાઈ તેમને પત્નીઓ તરાકે રાખી. આ મતને જુલિયસ આફ્રિકાનસ, ક્રાસોસ્તમ, એલકઝાન્ડ્રિયાના સીરીલ, સંત ઑગસ્ટીન, અને સંત જેરોમનો ટેકો હતો. મોટા ભાગના બાઇબલના અભ્યાસકોનો ટેકો આ મતને છે.

એટલું જ નહિ, પણ આ સૌથી પુરાણો મત છે. આ પ્રશ્નનો સૌથી પુરાણો પુરાવો ' સમરૂની આવૃત્તિ'નો છે. એ શીખવે છે કે ' દેવના દીકરા ' એટલે ભકતજનોનો વંશ. દૂતોવાળી માન્યતા પાછળથી ઊભી થઈ, અને તે પણ માત્ર અમુક યહૂદી શાખામાં જ પ્રચલિત હતી.

બાઇબલ એ માનવ–ઇતિહાસનું પુસ્તક નથી. પણ એમાં પાપ-પ્રવેશ, ઈશ્વર પ્રત્યે વફાદાર માનવવંશ, ઉદ્ધારનારના આગમનનાં વચનો અને તેમની પૂર્ણતા વર્ણવવામાં આવ્યાં છે. આ વફાદાર વંશ (શેથનો વંશ) ઉત્પત્તિ ૫ માં નોંધાયો છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત આદમ-પુત્ર શેથના કુળમાં આવવાના હતા. પણ શેથનો આ ભક્તભાવવાળો વંશ અન્ય જગતી માણસોનાં કુટુંબોમાં સગપણ બાંધે, તેમાં ભળી જાય, અને પછી ઈસુ ખ્રિસ્ત ન આવે, એવું શેતાન ઇચ્છતો હતો.

એટલે જ આ બે વંશોને ભેળસેળ કરી દે છે, એવું આ મત માનનારાઓનું કહેવું છે.

શેથવંશી ધાર્મિકોએ હવે જીવનસાથીના ચારિત્ર્યની નહિ, પણ સૌંદર્યની કિંમત વધુ આંકી; ભક્તિશીળતા કરતાં દેહ-લાલિત્ય તરફ વધુ આકર્ષાયા. એટલે જ પૃથ્વી પર ભ્રષ્ટતા વધી. એટલે એ જ અધ્યાયમાં (ઉત્પત્તિ ૬:૫ માં) ઈશ્વર જળપ્રલય દ્વારા મનુષ્યનો સંહાર યોજે છે. જો આ 'દેવના દીકરા' તે દૂતો હોય તો દૂતોને તો એમાં કંઈ જ શિક્ષા થતી નથી, માત્ર માણસજાતને જ શિક્ષા થાય છે.

બાઇબલમાં બધે જ 'દેવના દીકરા,' 'દેવનાં સંતાન,' વગેરેનો અર્થ 'ઈશ્વરને ભજનારા' અને 'ઈશ્વરના વારસો' થાય છે,—એ માનવો હોય કે પછી દૂતો હોય. ઈસુ ખ્રિસ્તે એ શિક્ષણને વધુ સ્પષ્ટ કર્યું છે. ઈશ્વર પ્રેમી પિતા છે અને તેનામાં નવો જન્મ લેનારાં સર્વ તેનાં સંતાનો (પુત્ર-પુત્રીઓ) છે. (યોહાન ૩:૩,૫, ૬,૮, સરખાવો પ્રકટી. ૧૧:૧૧; યોહાન ૧:૧૨,૧૩; ૫:૨૧; એફેસી ૨:૫; યાકૂબ ૧:૧૮; ૧ પિતર ૧:૨૩). શેતાનનાં સંતાનો માટે જુઓ યોહાન ૮:૩૮,૪૧, ૪૪. ("તમે તમારા બાપ શેતાનના છો, અને તમારા બાપની દુર્વાસના પ્રમાણે તમે કરવા ચાહો છો.") માથ્થી ૧૩:૩૮.

બાઇબલ ધર્મીઓનાં અધર્મીઓ સાથે થતાં લગ્ન વિષે શું કહે છે તે જુઓ: ૨ કાળ. ૨૧:૬; ૨ રાજા ૮:૧૮; ૨ કાળ ૨૨:૩; ૨ રાજા ૮:૨૭; ઉત્પતિ ૧૮:૧૭-૧૯; ૨ કોરીંથી. ૬:૧૪-૧૮. આ મતની સામે એક દલીલ થઈ શકે કે માત્ર નુહ સિવાય બીજો કોઈ શેથવંશી ન્યાયી જણાયો નહિ, ઈશ્વરે તેઓ સર્વનો નાશ જળપ્રલય દ્વારા કર્યો.

બીજી દલીલ આ મત સામે કરવામાં આવે છે તે આ: જો 'દેવના દીકરા' માત્ર શેથવંશી માણસો જ હોત તો 'પુરાતનકાળના બળવાનો' ક્યાંથી થયા હોત?

# ૩ 'યહોવાહ' કે 'યહોવા'?

**પ્રશ્ન :** "બાઇબલમાં 'જેહોવાહ' લખાય છે, અને હિબ્રૂમાં એ નામને છેડે 'હ'કાર આવેલો છે. તો પછી ગુજરાતીમાં કેમ 'યહોવાહ' નહિ, પણ 'યહોવા' લખવામાં આવે છે?" 'યહોવા' નામનો અર્થ શો થાય છે?

**જવાબ :** ઘણાં જણે એક યા બીજા રૂપમાં આ પ્રશ્ન પૂછયો છે. તેથી એ બધા પ્રશ્નોને આવરી લે એવો જવાબ આપવા ઇચ્છું છું.

પ્રથમ તો આપણે 'યહોવા' નામનો જે ઉચ્ચાર વાપરતા આવ્યા છીએ તે અંગ્રેજી ઉચ્ચાર છે, એટલે કે 'યહોવાહ' હિબ્રૂમાં તો માત્ર ચતુરાક્ષર (તિત્રાગ્રામ) શબ્દ 'યહવહ' છે. અને એ હિબ્રૂ શબ્દનો ખરો ઉચ્ચાર શો હતો તે ચોક્કસપણે કોઈ કહી શકે નહિ, કારણ, હિબ્રૂમાં માત્ર વ્યંજનો જ હતા, અને સ્વરો નહિ. પણ મોટા ભાગના શાસ્ત્રાભ્યાસકો અને હિબ્રૂ તેમ જ અન્ય સેમિટિક ભાષાના અભ્યાસકોનું માનવું છે કે અસલ હિબ્રૂ લોકો 'યહોવાહ' નહિ, પણ 'યાહવે' ઉચ્ચાર કરતા હતા.

હિબ્રૂ ભાષામાં 'યાહવેહ' લખાતું ખરું, પણ ઉચ્ચારાતું 'યાહવે.' એમાં લખાયેલો પાછલો 'હ' (હિબ્રૂ અક્ષર 'હે') ઉચ્ચારાતો નહિ. અંગ્રેજી ભાષા જેમ 'ફોનેટિક' (ધ્વનિસમ લખાણવાળી) ભાષા નથી, તેમ હિબ્રૂ પણ ફોનેટિક ભાષા નહોતી. અંગ્રેજીમાં (**knife**) ક્નાઇફ લખાય છે, પણ બોલાય છે 'નાઇફ.' શબ્દની શરૂઆતે આવેલો 'કે' ઉચ્ચારાતો નથી. એમ હિબ્રૂ ભાષામાં પણ (એ ફોનેટિક ભાષા ન હોવાને લીધે) લખાયેલું બધું જ ઉચ્ચારાતું કે બોલાતું નથી. હિબ્રૂમાં

'યહવહ' લખાય, પણ બોલાય, 'યહવ'. જેમ અરબીમાં 'અલ્લાહ' લખાય ખરું, પણ બોલાય 'અલ્લા.' અને નહિ કે 'અલ્લાહ.'

વળી ગુજરાતી ભાષા અને સંસ્કૃતમાંથી ઊતરી આવેલી ભાષાઓ 'ફોનેટિક' ભાષાઓ છે, એટલે કે એમાં લખાય તે જ બોલાય, અને બોલાય તે જ લખાય; લખાણની જોડણી અને બોલવામાં કંઈ ફરક હોય નહિ. એટલે હિબ્રૂમાં, અંગ્રેજીમાં, કે અન્ય બિનફોનેટિક ભાષાઓમાં અમુક અક્ષરો જોડણીમાં લખાતા હોય, પણ બોલાતા ન હોય, તેવા બધા અક્ષરો ગુજરાતી જેવી 'ફોનેટિક' ભાષાઓમાં લખાય નહિ, અને ઉચ્ચારાય પણ નહિ. અંગ્રેજીનો 'કનાઇફ' શબ્દ ગુજરાતીમાં અંગ્રેજી ઉચ્ચાર પ્રમાણે 'નાઇફ' જ લખાય. એમ જ હિબ્રૂમાં 'યહોવાહ' લખાયેલું હોય, છતાં એના હિબ્રૂ ઉચ્ચાર પ્રમાણે ગુજરાતીમાં 'યહોવા' લખાય, હિંદી બાઇબલમાં પણ 'યહોવા' લખ્યું છે, અને નહિ કે 'યહોવાહ.' એવું જ મરાઠીનું પણ.

ગુજરાતી જોડણીના માપદંડ સમા, ગુજરાત વિદ્યાપીઠના **સાર્થ જોડણીકોશમાં** જોવાથી ખાતરી થશે કે ત્યાં પણ 'અલ્લાહ' નહિ પણ 'અલ્લા' લખાયું છે ભાષાની શુદ્ધિમાં માનવાવાળાં ઇસ્લામી સાહિત્યોમાં પણ ગુજરાતીમાં 'અલ્લા' લખાયું છે, નહિ કે 'અલ્લાહ'

'યહવહ' નામ યહૂદીઓમાં બહુ પવિત્ર મનાતું, એટલે અમુક સમય પછી તો એ નામ ઉચ્ચારાવું પણ બંધ થયું, અને જો કે 'યહવહ' લખેલું હોય છતાં એને બદલે 'અદોનાઈ' નામ ઉચ્ચારાવા લાગ્યું. ઈ.સ. પૂર્વે ૨૫૦ થી ૧૫૦માં હિબ્રૂમાંથી બાઇબલનો તરજુમો ગ્રીકમાં પ્રથમ વાર થયો ત્યારે (એટલે કે સપ્તતિ તરજુમો થયો ત્યારે) 'યહવહ' શબ્દ ગ્રીકમાં પડતો મુકાયો, અને એને બદલે 'ક્યુરિયોસ,' લખાયો અને એ પરથી પાછળથી અંગ્રેજી બાઇબલમાં 'લોર્ડ' (એટલે કે 'પ્રભુ') થયો.

બહુ પાછળથી બિન–સ્વરી હિબ્રૂ ભાષામાં સ્વરો મુકાવા શરૂ થયા ત્યારે 'અદોનાઈ' શબ્દમાં આવતા સ્વરો અને 'એલોહિમ'માં આવતા સ્વરો 'યહવ્હ'ની સાથે વાપરવાની પ્રથા શરૂ થઈ. અને આ ઉપરથી અંગ્રેજીમાં તેમ જ અન્ય યુરોપી ભાષાઓમાં પણ ઈ.સ. ૧૫૧૮માં 'જેહોવાહ' (**Jehovah**) લખાવું પ્રચલિત બન્યું. લીઓ દશમાના કન્ફેસર પેત્રસ ગ્લાતિનસના સમયમાં આમ બન્યું.

એમ છતાં પણ હિબ્રૂ અને ગ્રીકે 'પ્રભુ' (હિબ્રૂમાં અદોનાઈ અને એલોહિમ, અને ગ્રીકમાં 'ક્યુરિયોસ') શબ્દ 'યહવહ'ની જગાએ વાપરવો શરૂ કર્યો હતો, તેથી અંગ્રેજીએ પણ 'યહોવાહ'નો વપરાશ પડતો કરીને એને સ્થાને 'લોર્ડ' (પ્રભુ) શબ્દ વાપરવો શરૂ કર્યો અને એ રીત આજ સુધી ચાલુ છે. એવી જગાએ 'લોર્ડ' શબ્દ નાના કેપિટલમાં લખાય છે.

હિબ્રૂમાં 'યાહવે' અથવા 'યહવ્હ' નામનાં બીજાં રૂપો પણ જોવા મળે છે, દાખલા તરીકે, 'યહો,' 'યે,' અને 'યાહ.' ઈશ્વરનાં આ નામો વ્યક્તિઓનાં નામ પાડવામાં પણ વપરાતાં હતાં, જેમ કે, 'યશાયા' (યશાયાહ), યર્મિયા (યર્મિયાહ), યહોશાફાટ.

'યાહવે' એ હિબ્રૂ વ્યાકરણ પ્રમાણે બહુધા 'હવા,' (હવાહ) ક્રિયાપદનું 'કાલ ઈમ્પરફેક્ટ' રૂપ છે. એ ક્રિયાપદ પાછળથી 'હયા' (હયાહ) બન્યું, હિબ્રૂ ક્રિયાપદને અરબી ક્રિયાપદો સાથે સરખાવો, 'હુવા,' 'પેદા હુઆ' વગેરે, અને પ્રાકૃતમાં 'હવે.' એ ઉપરથી ગુજરાતી શબ્દો 'હયાતી,' 'હયાત,' 'હોવું,' વગેરે શબ્દો બન્યા છે. એ ઉપરથી જ આદિ સ્ત્રીને 'હવ્વા' એટલે 'સજીવ' નામ મળ્યું (ઉત્પત્તિ ૩:૨૦). અસલ હિબ્રૂમાં તો 'હવાહ' છે, પણ ગુજરાતી ભાષા 'ફોનેટિક' હોઈને આપણા અસલ તરજુમો કરનાર સેવકોએ માત્ર 'હવા' લખ્યું. અને તે બરાબર છે. અને એ જ વ્યવસ્થા મુજબ 'યહોવાહ' નહિ, પણ 'યહોવા' લખાવું જોઈતું હતું.

'યહોવા' નામનો અર્થ થાય છે: 'જે સદા સ્વયંહયાત છે, અને પોતાની હયાતી અને સ્વભાવ પ્રગટ કરે છે' (નિર્ગમન ૩:૧૩,૧૫). સૃષ્ટા, સંરક્ષક અને વિશ્વના નૈતિક શાસક માટે હિબ્રૂમાં 'એલોહિમ' નામ વપરાયું છે. અબ્રાહમ, ઈસહાક, અને યાકૂબ સાથે પોતાનો કરાર સ્થાપનાર, પાલક, અને તેના લોકોનું વર્તમાનનું સામર્થ્ય તથા ભવિષ્યની આશા બનનાર ઈશ્વર માટે 'એલ શાદ્દાઈ' (સર્વસમર્થ ઈશ્વર) નામ વાપર્યું છે. પણ પોતાને પ્રગટ કરનાર, કૃપા દાખવનાર તેમ જ પોતાના લોકોની મધ્યે વાસો કરનાર, દોરનાર અને છોડાવનાર તેમ જ તેમની ભક્તિ સ્વીકારનાર તરીકે તો તેનું 'યાહવે' (અથવા યહોવા) નામ વપરાયું છે. માટે જ યહૂદીઓને મન એ નામ અતિ પૂજ્ય અને પવિત્ર હતું; માટે જ એ નામનો ઉચ્ચાર તેઓ કરતા નહોતા.

એ યાહવે (અથવા યહોવા) નામ યહૂદીઓને મન આટલું બધું પવિત્ર અને પૂજ્ય હતું, તેથી જ બાઇબલ (જૂનો કરાર)ની નકલો ઉતારનાર યહૂદી લહિયાઓ નકલ ઉતારતાં ઉતારતાં જ્યારે આ 'યાહવે' નામ આવતું ત્યારે ઊઠીને સ્નાન કરી આવતા, કલમમાં નવીનકોર ટાંક (નીબ) મૂકતા યા કલમ બદલતા, અને એમ શુદ્ધ થયા પછી જ 'યાહવે' શબ્દ લખતા. જ્યારે 'યાહવે' નામ આવતું ત્યારે ત્યારે એમ જ કરતા. તમારો અને મારો આદર પ્રભુ પ્રત્યે કેટલો છે? પ્રભુનું સન્માન આપણામાં કેટલું છે?

## ૪ માગીઓ કેટલા આવ્યા હતા?

**ત્રણ માગીઓ:** મોટા ભાગના ખ્રિસ્તી લોકો માને છે, અને ચિત્રોમાં આવે છે; તેમ જ કાવ્યોમાં લખવામાં આવે છે કે, ઈસુના જન્મ સમયે તેમના દર્શનાર્થે ત્રણ માગીઓ આવ્યા હતા. પણ માગીઓ

કેટલા આવ્યા તેની સંખ્યા બાઇબલમાં કયાંય આપવામાં આવી નથી. કદાચ ભેટ ધરવામાં આવેલી ત્રણ ચીજો (સોનું, બોળ અને લોબાન) ઉપરથી કલ્પના ઘડાઈ હશે કે ત્રણ માગીઓ આવ્યા અને ત્રણ ભેટ લાવ્યા.

## ૫ યૂસફ યાકૂબનો તેમ જ હેલીનો દીકરો કેવી રીતે હોઈ શકે ?

**પ્રશ્ન :** બાઇબલમાં સંત માથ્થીએ આપેલી વંશાવળીમાં મરિયમના વર યૂસફને યાકૂબનો દીકરો કહ્યો છે જ્યારે સંત લૂકે આપેલી વંશાવળીમાં યૂસફને હેલીનો દીકરો કહ્યો છે. તો એક જ વ્યક્તિ બે જણાનો દીકરો કેવી રીતે હોઈ શકે ?

**જવાબ :** માથ્થી ૧:૧૬ "અને યાકૂબથી યૂસફ જે મરિયમનો વર હતો તે થયો; એ (મરિયમ) થી ઈસુ જે ખ્રિસ્ત કહેવાય છે તે જન્મ્યો.

લૂક ૩:૨૩ "ઈસુ પોતે (બોધ) કરવા લાગ્યો, ત્યારે તે આશરે ત્રસ વર્ષનો હતો અને (ધાર્યા પ્રમાણે) તે યૂસફનો દીકરો હતો જે હેલીનો [દીકરો]".

પ્રથમ નજરે એમ લાગે કે આ બંને વંશાવળી ઈસુના પાલક પિતા યૂસફની જ છે. પણ બરાબર તપાસનાં બંને વંશાવળીમાં કેટલાંક નામોનો તફાવત પડે છે, અને તેમાંયે ખાસ કરીને ઈસુના પાલક-પિતા યૂસફના પિતા વિષે. માથ્થી કહે છે "યાકૂબથી યૂસફ," જ્યારે લૂક કહે છે "અને (ધાર્યા પ્રમાણે) તે યૂસફનો દીકરો હતો, જે હેલીનો [દીકરો]." અહીં લૂકમાં "ધાર્યા પ્રમાણે" શબ્દો છે, અને એનો અર્થ થાય છે કે "લોકો ધારતા હતા તેમ." આમ માથ્થીમાં યૂસફનો ખરેખરો પિતા યાકૂબ છે, જ્યારે લૂકમાં હેલી તે યૂસફનો સસરો છે.

માથ્થીએ આપેલી વંશાવળી યૂસફની વંશાવળી બતાવે છે અને યૂસફ દાઉદના દીકરા સલોમોનથી ઊતરી આવેલો હોઈને દાઉદવંશી હતો. એથી ઈસુ પાલક–પિતા તરફથી દાઉદના વંશનો ઠરે છે અને એમ દાઉદની ગાદીનો ખરો વારસદાર ઠરે છે. લૂકે આપેલી વંશાવળી મરિયમની વંશાવળી છે. મરિયમના પિતાનું નામ હેલી હતું. એ રીતે દાઉદના બીજા દીકરા નાથાનના કુળમાં મરિયમ જન્મી હોવાથી એ પુરવાર થાય છે કે ઈસુ માતા તરફથી દાઉદવંશી હતો. યૂસફ તો પાલક–પિતા જ માત્ર હતો. તેથી ઈસુને દાઉદવંશી ઠરાવવા માટે લૂકે મરિયમની વંશાવળી આપી.

આ એક નોંધ લેવા જેવી વાત છે કે અસલ ગ્રીક લખાણમાં હેલીની આગળ (અથવા યૂસફની પાછળ) "પુત્ર" શબ્દ નથી. પણ એ શબ્દ હોત તોયે કંઈ વાંધો નહોતો, કારણ, બાઇબલમાં કેટલાયે ઠેકાણે જમાઈને પુત્ર તરીકે સંબોધ્યો છે દા.ત. ૧ શમુ. ૨૪:૧૬માં દાઉદે શાઉલની દીકરી મીખાલ સાથે લગ્ન કર્યું એ પછી શાઉલ દાઉદને "મારા દીકરા દાઉદ" તરીકે સંબોધે છે.

યહૂદી રિવાજ પ્રમાણે બહુધા સ્ત્રીઓનાં નામ વંશાવળીમાં મૂકવામાં આવતાં નહોતાં, એટલે હેલીની દીકરી મરિયમની જગાએ જમાઈ યૂસફનું નામ પુત્ર તરીકે મુકાયું. આમાં એક બીજી વાત પણ પૂર્ણ થાય છે. દાઉદવંશી કુંવારી મરિયમ પેટે જન્મનાર ઈસુ તે આવનાર ઈમાનુએલ હતો (યશા. ૭:૧૩–૧૪).

સંત લૂક ડૉકટર હતો, વિદ્વાન હતો, અને સાચો સદ્‌ગૃહસ્થ હતો. તેની સુવાર્તામાં જોતાં માલૂમ પડે છે કે સ્ત્રીઓ પ્રત્યે તે સન્માન ભાવનાથી જોતો હતો. અહીં તે કંઈક એવું બતવવા માગે છે કે જો સ્ત્રી દ્વારા જગતમાં પાપ પ્રવેશ્યું તો સ્ત્રી દ્વારા ઉદ્ધારનાર પણ આવ્યો.

## ૬ કાઈન પત્ની કયાંથી લાવ્યો ?

**પ્રશ્ન :** આદમ અને હવાનું પ્રથમ સંતાન કાઈન હતો. આ કાઈનથી પાછળથી મોટી પ્રજા ઉત્પન્ન થઈ (ઉત્પત્તિ ૪:૧૬–૨૨). તે સમયે આદમ અને હવા સિવાય અન્ય કોઈ માનવ-વંશ નહોતો. તો કાઈને પત્ની કયાંથી લીધી ?

**જવાબ :** આદમ અને હવાને માત્ર કાઈન, હાબેલ અને શેથ એમ ત્રણ જ સંતાન નહોતાં. ઉત્પત્તિ ૫:૪માં આપ્યું છે તેમ તેમને ઘણાં દીકરા દીકરીઓ થયાં હતાં. અને કાઈન પોતાની સગી બહેનની સાથે પરણ્યો હશે, કે પોતાના કોઈ ભાઈની કે બહેનની દીકરી સાથે પરણ્યો હશે. શરૂઆતના એ જમાનામાં એવાં નિકટનાં સગામાં લગ્ન કરવાનો કોઈ બાધ નહોતો (જુઓ ઉત્પત્તિ ૧૨:૨૭, ૨૯; ૨૦:૧૨). અબ્રાહમ પોતાના પિતાની દીકરી સાથે પરણ્યો હતો, હા, મા જુદી હતી.

શેમવંશી (સેમિટિક) પ્રજાઓમાં એટલે કે આરબો, યહૂદીઓ અને એવી અન્ય પ્રજાઓમાં આજે પણ નજીકનાં સગાંમાં, લોહીની સગાઈમાં લગ્નો થાય છે.

આદમનાં ૯૩૦ વર્ષમાં કેટલાં બધાં સંતાનો થયાં હશે! અને એટલા જ ગાળામાં સંતાનોનાં સંતાનો અને તેમનાંયે સંતાનો કેટલાં બધાં થયાં હશે! એટલે પત્ની કે પતિ મેળવવાનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી.

## ૭ ઈશ્વરપણામાં પિતા અને પુત્ર સરખા કે ઓછાવત્તા ?

**પ્રશ્ન :** યોહાન ૧૪:૨૮માં છે : "કેમ કે બાપ મારા કરતાં મોટો છે." તેમ જ માથ્થી ૨૪:૩૬માં છે : "તે દહાડા તથા ઘડી સંબંધી બાપ

વગર કોઈ પણ જાણતો નથી...દીકરો પણ નહિ." આ અને એવી અનેક બીજી કલમો એમ દર્શાવે છે કે જાણે પુત્ર કરતાં પિતા અધિક છે. એથી ઊલટું, બીજી કેટલીક કલમો એમ પણ દર્શાવે છે કે પિતા અને પુત્ર સરખા છે; ત્રૈએક ઈશ્વરમાં પિતા અને પુત્ર એક સરખા જ છે (યોહાન ૧૪:૯, ૧૦, ૨૦; ૧૭:૨૧ વગેરે) તો ખરું શું ?

**જવાબ :** બાઇબલ-શિક્ષણ પ્રમાણે ઈશ્વરત્વમાં પિતા, પુત્ર અને પવિત્રાત્મા ત્રણે સરખા છે. તેઓમાં કોઈ ફરક નથી, તફાવત નથી કે ઓછાવત્તાપણું નથી. યોહાન ૧:૧ એ સ્પષ્ટ કરે છે. વળી કલોસી ૨:૯ માં છે, "ખ્રિસ્તમાં ઈશ્વરત્વની પરિપૂર્ણતા મૂર્તિમાન છે." (શુભ-સંદેશ : "ઈશ્વરના ઐશ્વર્યની સમગ્ર પરિપૂર્ણતા ખ્રિસ્તમાં જ મૂર્તિમંત થઈને રહેલી છે.") વળી અંગ્રેજી આર. એસ. વી. આવૃત્તિમાં જુઓ કલોસી ૧ : ૧૯.)

પણ આ સનાતન, સર્વાંગી ઈશ્વરરૂપ **શબ્દ** સદેહ થયો, અને આપણ માનવીઓની વચ્ચે માનવ બનીને વસ્યો ત્યારે તેણે પોતાનું ગૌરવ અને મહિમા સ્વેચ્છાથી ઉતારી મૂકયાં. ફિલિપી. ૨:૬,૭ કહે છે "પોતે દેવના રૂપમાં છતાં, તેણે દેવ સમાન હોવાનું પકડી રાખવાને ઇચ્છયું નહિ, પણ તેણે દાસનું રૂપ ધારણ કરીને, એટલે **માણસોના રૂપમાં આવીને પોતાને ખાલી કર્યો.**" બેથ્લેહેમની ગંદી-ગોબરી ગભાણમાં આ પરમ ઈશ્વર એક **દીન**–હીન અને અસહાય બાળક બન્યો.

એનો અર્થ એ નથી થતો કે તે ઈશ્વર મટી ગયો, અને માત્ર માણસ બન્યો. પ્રભુ ઈસુ ખ્રિસ્ત સર્વાંગ રીતે સંપૂર્ણ ઈશ્વર તેમ જ સંપૂર્ણ માણસ હતા.

અહીં એક વાત સમજવાની જરૂર છે. ઈશ્વરમાં બે પ્રકારના ગુણધર્મ છે. એના અમુક ગુણો ઈશ્વરના સત્ત્વના છે, જેમ કે સત્ય, પવિત્રતા અને પ્રેમ. આ તેના સનાતન ગુણો છે. ઈશ્વર જ્યારે દેહ-

ધારી થાય ત્યારે આ ગુણોમાંથી તલમાત્ર ઓછું થતું નથી. માનવી દેહમાં પણ તે એટલો જ સત્ય, પવિત્ર અને પ્રેમમય રહે છે. જો એમાંથી કંઈ પણ ઓછું થાય તો એ સંપૂર્ણ ઈશ્વર ન ગણાય,–અરે, મુદ્દલેય ઈશ્વર ન ગણાય.

એથી ઊલટું, ઈશ્વરના બીજા કેટલાક–ગુણધર્મ છે, જે માત્ર વિશ્વ સાથેના તેના સંબંધને લગતા છે. જેવા કે, સર્વસમર્થપણું, સર્વજ્ઞપણું, સર્વવ્યાપીપણું. આ ગુણોનો ઈશ્વર અમુક અંશે ત્યાગ કરી શકે, તેમને ઉતારી મૂકે. પણ તેથી તે ઓછો ઈશ્વર નથી બનતો કે ઈશ્વર મટી જતો નથી. કારણ, એ એના મૂળભૂત ગુણો નથી, પણ જગત સાથેના સંબંધને લગતા છે.

**આદિ શબ્દ** સંપૂર્ણ ઈશ્વર હતો. એ જ્યારે **સદેહ** થયો ત્યારે એણે પોતાના આ ગુણોને (સર્વજ્ઞપણું, સર્વસમર્થપણું, સર્વવ્યાપીપણું) કંઈક અંશે ઉતારી દીધા કે ઢાંકી દીધા. એટલે જ આ 'સનાતન શબ્દ' "ચાલવાથી થાકેલો હોવાથી" સૈખારના કૂવા કાંઠે બેસે છે અને પાણી માગે છે (યોહાન ૪:૬); ક્રૂસ પર તેને તરસ લાગે છે: "મને તરસ લાગી છે" (યોહાન ૧૯:૨૮); એટલે જ તે થાકને લીધે હોડીમાં ઊંઘતો હતો: "એટલામાં તે ઊંઘી ગયો," (લૂક ૮ : ૨૩); એટલે જ તે ભૂખ્યો થતો અને ખોરાક લેતો હતો (માથ્થી ૨૧:૧૮; લૂક ૨૨:૧૪-૧૮); એટલે જ આ સર્વવ્યાપી શબ્દને ક્યાંયે જગા ન મળવાથી ગભાણમાં જન્મ લીધો; એટલે જ આ સનાતન, અમર ઈશ્વર મૃત્યુને આધીન બન્યો, "મરણ, હા, વધસ્તંભના મરણને, આધીન થઈને, પોતાને નમ્ર કર્યો" (ફિલિપી ૨:૮).

"સનાતન મરે! મોટો મર્મ! અજબ યોજના! કોણથી સમજાય?" (ભજનસંગ્રહ : ગીત ૧૯૭. આ ગીત અચૂક વાંચશો.)

એટલે જ તેને નિસાસો નાખવાનું અને રડવાનું પણ થયું (યોહાન ૧૧:૩૩, ૩૫, ૩૮; માથ્થી ૨૬:૩૭; હિબ્રૂ ૫:૭, ૮; લૂક ૧૯:૪૧); એટલે જ સંપૂર્ણ 'જાણકારી' તેણે પાછી રાખી હતી (માથ્થી ૨૪:૩૬).

આ ભેદ ન સમજવાને લીધે અસલની મંડળીમાં કેટલાક પાખંડ-વાદ (જૂઠા મતો) ઊભા થવા પામ્યા હતા, જેવા કે "આભાસવાદ" અને "એબિયોનવાદ." આભાસવાદીઓ માનતા કે ઈસુનું શરીર ખરેખરું માનવ-શરીર નહોતું, પણ માત્ર આભાસરૂપ હતું, એટલે કે ઈસુ ખરેખર ભૂખ્યા, તરસ્યા, થાકેલા નહોતા થતા; માત્ર આભાસરૂપે જ થતા. એથી ઊલટું, એબિયોનવાદીઓ માનતા કે ઈસુ માત્ર એકલા માનવી જ હતા અને ઈશ્વર નહિ, ફક્ત બાપ્તિસ્મા વખતે પવિત્રાત્મા તેમના ઉપર ઊતરી આવવાથી તે મસીહ તરીકે દીક્ષા પામ્યા.

પણ એ બંને મત ખોટા છે. ઈસુ ખરેખરા અને સંપૂર્ણ ઈશ્વર હતા, તેમ જ ખરેખરા અને સંપૂર્ણ માનવ પણ હતા પણ એનો અર્થ એવો નથી કે તે અલગ અલગ ઈશ્વર અને માણસ હતા. એટલે કે બંને વચ્ચે "તું" અને "હું" નાં સંબોધન હતાં. ઈસુમાં બંને સ્વભાવ એકબીજાથી સ્વતંત્ર વર્તાતા નથી, પણ પ્રત્યેક વિચાર, શબ્દ અને કૃત્યમાં એકાકાર રીતે વર્તે છે; એક જ વ્યક્તિત્વ છે, વિભાજિત નહિ.

આમ, આ આદિ શબ્દે દેહધારીપણામાં પોતાના ગૌરવ અને મહિમાને જાણે કે હેઠાં ઉતાર્યાં હતાં, ઢાંકી દીધાં હતાં. તેણે ઈશ્વરી સ્વભાવ છોડયો નહોતો. ઈસુ જ્યારે કહે છે કે "બાપ મારા કરતાં મોટો છે" ત્યારે તે આટલું જ કહેવા માગે છે કે દેહધારી ઈશ્વર કરતાં સનાતન મહિમામાં બિરાજમાન ઈશ્વર મહાન છે—ગૌરવ અને મહિમામાં અને જગત સાથેના એના સબંધક ગુણોમાં. છતાં રૂપાંતરના પહાડ પર આ બાહ્ય ગૌરવ અને મહિમા કંઈક અંશે ઈસુએ પાછા ધારણ કર્યાં હતાં.

# ૮ અઠવાડિયાના દિવસો

**પ્રશ્ન :** બાઇબલમાં અઠવાડિયાના કોઈ વાર (દિવસ)નું નામ આપ્યું નથી. તો યહૂદીઓ ક્યાં નામ વાપરતા હતા? ઈસુ ખ્રિસ્ત રવિવારે મૃત્યુમાંથી પાછા ઊઠયા તો એ રવિવાર આજે સળંગ ચાલુ છે, કે અઠવાડિયાના દિવસોમાં કોઈ ફેર પડયો છે?

**જવાબ :** બાઇબલમાં અઠવાડિયાના કોઈ દિવસનું નામ આપ્યું નથી. રવિવાર, સોમવાર, શુક્રવાર, કે શનિવાર એવું કોઈ નામ આપ્યું નથી. યહૂદીઓના કૅલેન્ડરમાં વારનાં નામ નહોતાં. તેથી બાઇબલમાં વારની ગણતરી આ પ્રમાણે આપી છે : 'સાબ્બાથ' ચાવીરૂપ વાર હતો. અઠવાડિયાનો એ સાતમો યા છેલ્લો વાર હતો. આપણો રવિવાર સાબ્બાથ પછીનો પહેલો" વાર ગણાતો. (નવા કરારની ગ્રીક ભાષામાં આ પ્રમાણે છે: 'તે મિયા તોન સાબ્બાતોન'–સાબ્બાથ પછીનો પહેલો) એમ જ 'સાબ્બાથ પછીનો બીજો,' એ પ્રમાણે વારના નામ હતાં. કોઈ વખત શુક્રવારને 'સાબ્બાથ પછીનો છઠ્ઠો, કહેવાને બદલે "સિદ્ધિકરણનો દિવસ" (તૈયારીનો દિવસ) કહેવામાં આવતો (માર્ક ૧૫:૪૨).

નવા કરારમાં **અઠવાડિયું** શબ્દ પણ વપરાયો નથી. માથ્થી ૨૮:૧માં "અને વિશ્રામવારની આખરે, અઠવાડિયાને પહેલે દહાડે" –એમાં વિશ્રામવાર એટલે 'સાબ્બાથ' અથવા આપણો શનિવાર. 'અઠવાડિયાને' એ હિબ્રૂ 'સાબ્બાથ' શબ્દનો આપણી સમજણ માટેનો તરજુમો છે. ગ્રીકમાં તો "સાબ્બાથને પહેલે" એમ જ વપરાયું છે. હિબ્રૂમાં અઠવાડિયા માટે 'શાબુઆ' શબ્દ હતો, જે જૂના કરારમાં વપરાયો છે. પણ એ શબ્દ સાત દિવસના કે પછી સાત વર્ષના ગાળા માટે પણ વપરાતો (જુઓ દાનિયેલ ૯:૨૪–૨૭, સરખાવો લેવીય ૨૫:૮).

પ્રભુ ઈસુ ખ્રિસ્ત "સાબ્બાથને પહેલે" દિવસે (એટલે કે રવિવારે) કબરમાંથી ઊઠયા, તેથી ખ્રિસ્તીઓ રવિવારને મહત્વ આપે છે. તેઓ અઠવાડિયાને પહેલે દિવસે એકત્ર મળતા (પ્રે કૃ. ૨ : ૧; ૨૨ : ૭), અને પોતાના દાન એ દિવસે એકત્ર કરતા (૧ કોરિંથી. ૧૬ : ૧, ૨). રવિવારને ખ્રિસ્તીઓ 'પ્રભુનો દિવસ' પણ કહેતા (પ્રકટી. ૧:૧૦).

જમાના વીતી ગયા, સૈકાં પસાર થઈ ગયાં, પણ 'વારો' બદલાયા નથી. પ્રભુ ઈસુ રવિવારે (અથવા અઠવાડિયાને પહેલે દિવસે ઊઠયા એ રવિવાર સળંગ એનો એ જ રહ્યો છે. આપણે 'ઈસ્ટર' પાળીએ છીએ, એ સળંગ અને એ જ દિવસ રહ્યો છે. યહૂદીઓનું અલગ પંચાંગ (કેલેન્ડર) મૂસાના જમાનાથી માંડીને આજે આ સદીમાં પણ એનું એ જ રહ્યું છે.

ઉત્પત્તિકાળ વિષે બાઇબલમાં લખ્યું છે તેમ, આદિએ ઈશ્વરે છ દિવસમાં આકાશ તથા પૃથ્વી બનાવ્યાં અને સાતમે દિવસે તેણે વિશ્રામ કર્યો ત્યાંથી જ સાત વારનું અઠવાડિયું શરૂ થયું, અને આજ લગી યહૂદીઓ મારફતે ચાલુ રહ્યું. અને યહૂદીઓ પાસેથી ખ્રિસ્તીઓએ સ્વીકાર્યું. ઈ.સ. ૩૨૧માં રોમન બાદશાહ કોન્સ્ટનટાઈને ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો ત્યારે ખ્રિસ્તી ધર્મ આખા રોમન સામ્રાજ્યમાં રાજધર્મ બન્યો. આ અગાઉ રોમનો **આઠ** દિવસનું અઠવાડિયું ગણતા હતા. એમના '**બજાર દિન**' સાથે ૮,૭,૮,૭ તેમ જ ૮,૮,૮,૭ વગેરે પ્રમાણે આઠ દિવસનાં અને સાત દિવસનાં અઠવાડિયાનો મહિનો બનતો. એવું ત્રણ સદીઓ સુધી રોમનોમાં ચાલ્યું. પણ કોન્સ્ટનટાઇને ખ્રિસ્તી ધર્મ સ્વીકારતાં સાત દિવસના અઠવાડિયાની પદ્ધતિ પણ સ્વીકારી. એમ, યહૂદી સાબ્બાથ (શનિવાર) અને ખ્રિસ્તી સપ્તાહનો પ્રથમ દિવસ (રવિવાર) અને બાકીના પાંચ વારની પણ સળંગતા આજ સુધી અક-બંધ જળવાઈ રહી છે. ધર્મપ્રચારકો અને શિક્ષકો સાત દિવસના

અઠવાડિયાની પદ્ધતિને ગોથ અને ઍંગ્લો-સેક્સન લોકો પાસે એટલે કે જર્મની અને બ્રિટનમાં લઈ ગયા.

ચાલતા આવેલા "જુલિયન કૅલેન્ડર"માં ૧૧ દિવસની ભૂલ હતી. એટલે કે સૂર્ય પ્રમાણે ગણતરી કરતાં કૅલેન્ડરમાં ૧૧ દિવસ ઓછા નીકળતા હતા. તેથી ઈ. સ. ૧૫૮૨ના ઑક્ટોબરમાં પોપ ગ્રેગરી ૧૩માએ એ મતલબનો સુધારો કરવા ઠરાવ કર્યો, અને જાહેરાત કરી કે ઑક્ટોબરની ૪થી તારીખ પછી આવતો બીજો દિવસ સામ્રાજ્યભરમાં ઑક્ટોબરની ૧૫મી ગણાય. એમ "ગ્રેગોરિયન કૅલેન્ડર"માં આ સુધારો થયો. અત્યારે ખ્રિસ્તી આલમ તેમ જ અન્ય દુનિયા જે ઈસ્વીસન વાપરે છે તે આ "ગ્રેગોરિયન કૅલેન્ડર" જ છે. (રશિયન ઑર્થોડૉક્સ મંડળીએ આ ફેરફાર હજી કર્યો નથી.)

આમ આ ૧૧ દિવસ ઊડી ગયા ખરા, પણ તેથી અઠવાડિયાના દિવસોની એકધારી સળંગતામાં કોઈ ફરક પડ્યો નહિ; ઈ. સ ૧૫૮૨ના ઑક્ટોબરની ૪થીએ જે વાર હતો તેની પછીનો જ વાર ઑક્ટોબરની ૧૫મીએ રહ્યો.

રોમનકાળ કે ગ્રીકકાળની અસર દ્વારા ભારતમાં પણ આઠ દિવસનું અઠવાડિયું ચાલતું હતું. એટલે તો એને **અઠવાડિયું** કહેતા. 'અષ્ટ' એટલે આઠ. સંસ્કૃતમાં "અષ્ટવારિક" બોલાતું. પાછળથી ભારતમાં પણ સાત દિવસનું 'અઠવાડિયું' (?) અમલી બન્યું. ખરું જોતાં એને 'સપ્તવારિક' યા "સપ્તવાડિયું" કહેવું જોઈએ. એમ તો કેટલાક દેશોમાં પુરાણા જમાનામાં પાંચ દિવસનું અઠવાડિયું ચાલતું હતું અને ગ્રીસમાં મહિનાના ચાર નહિ, પણ ત્રણ ભાગ પાડવામાં આવતા. એ બધું ગમે તે હોય પણ બાઇબલમાં આવેલા વારોની (શનિવાર, રવિવાર વગેરે વારોની) એકધારી સળંગતામાં કોઈ રીતે ભંગ પડ્યો નથી કે ફેરફાર થયો નથી.

હા, યહૂદી કેલેન્ડરમાં અથવા બાઇબલમાં વારોનાં નામ નથી. જ્યારે ઈસ્ત્રીસનમાં રવિ, સોમ, મંગળ, ઇત્યાદિ નામો છે. પણ નામોનું મહત્ત્વ ખાસ અગત્યનું નથી. મિસરમાં, રોમનોમાં, ગ્રીકોમાં અને અન્ય ઘણા દેશોમાં વારોનાં નામો એમનાં દેવદેવીઓનાં નામો પરથી કે નક્ષત્રો પરથી પડેલાં હતાં. અત્યારનાં સાત નામોમાંથી પાછલાં પાંચ નામ રોમનકાળથી પાંચવારના અઠવાડિયા પરથી આવેલાં છે, જેમાં પાછળથી તે સમયના ખ્રિસ્તીઓએ રવિવાર અને સોમવાર (સન્ડે અને મન્ડે) ઉમેર્યાં છે.

યહૂદીઓનું વર્ષ ૩૬૦ દિવસનું હતું; અને તેઓ ચાંદ્ર માસ પ્રમાણે ગણતા હોવાથી વર્ષ દરમિયાન, જેમ વિક્રમ સંવતમાં 'પુરુષોત્તમ માસ' યા 'અધિક માસ' ઉમેરવામાં આવે છે તેમ અમુક મહિના ઉમેરવામાં આવતા. પરંતુ એમ કરવામાં તેઓ ખાસ કાળજી રાખતા કે અઠવાડિક વારોના ક્રમમાં કોઈ ફેરફાર ન થાય. વળી યહૂદિયાના રાજ્યની અને ઇઝરાયલના રાજ્યની કાલમાન ગણતરીમાં અમુક તફાવત હતો, પરંતુ 'સાબ્બાથ' સંબંધી કોઈ જ તફાવત નહોતો.

બાઇબલમાં જળપ્રલયના વૃત્તાંતમાં સાત દિવસના અઠવાડિયાને મહત્ત્વ આપેલું સ્પષ્ટ દેખાય છે. જેમ કે નુહ, કુટુંબ, અને પ્રાણીઓ વહાણમાં આવ્યા પછી સાત દિવસે વરસાદ શરૂ થયો. છેલ્લો કોરો દિવસ ગણતાં ૪૨મે દિવસે એટલે કે સાત દિવસનાં છ અઠવાડિયાંને અંતે વરસાદ બંધ થયો; જમીન દેખાઈ પહેલે દિવસે; સાત સાત દિવસને આંતરે નુહે પક્ષીઓ મોકલ્યાં; નવા વર્ષના પહેલા દિવસે નુહે વહાણનું છાપરું ખોલ્યું–એ સાતમો દિવસ હતો; એ પછી આઠ અઠવાડિયાં વીત્યા બાદ સાતમે દિવસે નુહ કોરી ભૂમિ પર ઊતર્યો (ઉત્પત્તિ ૮:૧૪, ૧૫). વળી જૂના કરારનાં ધાર્મિક ક્રિયાકાંડોના નિયમોમાં સાત સાત દિવસ અગત્યનો ભાગ ભજવે છે, જેમ કે, નિર્ગ ૧૨:૧૫; ૧૩:૬,૭; ૨૨:૩૦; ૨૯:૩૦, ૩૫, ૩૭; લેવી ૧૨:૨; ૧૩ ૫;૧૪:૮ વિગેરે.

## ૯ ઈસુ ખ્રિસ્તને ક્રૂસ પર ક્યારે જડવામાં આવ્યા ? સવારમાં નવ વાગે કે બપોરે બારના સુમારે ?

**પ્રશ્ન :** માર્ક ૧૫:૨૫ "દિવસના ત્રીજા કલાકે તેઓએ તેને વધસ્તંભે જડયો." યોહાન ૧૯:૧૪,૧૬ "હવે એ દિવસ પાસ્ખાની તૈયારીનો દિવસ હતો, અને આશરે બપોર થયા હતા...ત્યારે તેણે તેને વધસ્તંભે જડવાને તેઓને સોંપ્યો." અંગ્રેજી અને ગુજરાતી વચ્ચે તફાવત કેમ છે ? અંગ્રેજીમાં માર્કમાં "ત્રીજો કલાક થયો હતો," જ્યારે ગુજરાતીમાં "દિવસના" એટલો શબ્દ ઉમેર્યો છે. વળી યોહાન પ્રમાણે અંગ્રેજીમાં "ત્યારે આશરે છઠ્ઠો કલાક થયો હતો" (એન્ડ અબાઉટ ધી સીક્સ્થ આવર) છે, જ્યારે ગુજરાતીમાં "આશરે બપોર થયા હતા" એમ છે. વળી માર્ક અને યોહાનના સમયમાં ત્રણ કલાકનો ફરક છે. એમ કેમ ?

**જવાબ :** માર્કની ગણતરી યહૂદી ગણતરી પ્રમાણે હતી. યહૂદીઓની ગણતરી પ્રમાણે સાંજના ૭ વાગ્યાથી બીજો દિવસ શરૂ થતો, અને બીજે દિવસે સાંજે ૭ વાગે પૂરો થતો. એમ સવારના ૭ વાગ્યાથી સાંજના ૭ સુધી દિવસના ૧૨ કલાક થતા. "ત્રીજો કલાક થયો હતો" એટલે કે સવારનો (અથવા દિવસનો) ત્રીજો કલાક થયો હતો, એટલે સવારના ૯ વાગ્યા હતા.

યોહાનની સુવાર્તા પ્રમાણે અસલ ગ્રીક ભાષામાં આવું છે : "ત્યારે આશરે છઠ્ઠો કલાક થયો હતો." એ શબ્દોને અભ્યાસકો બે રીતે જુએ છે : (૧) સવારના ૭ પછીના ૭ કલાક, એટલે બપોરના બાર. એ થઈ યહૂદી ગણતરી. આ ગણતરીમાં માનનારા ખુલાસો કરે છે કે માર્કની સુવાર્તામાં આપેલો ટાઈમ પિલાત આગળ ઈસુની તપાસ શરૂ થઈ તે સમયનો છે, જ્યારે યોહાન પ્રમાણે પિલાતે આખરી

ચુકાદો આપ્યો તે સમય છે. એટલે કે પિલાતે તપાસ શરૂ કરી ત્યારથી માંડીને તેણે ચુકાદો આપ્યો અને ઈસુને વધસ્તંભે જડવા લઈ ગયા ત્યાં સુધી ત્રણ કલાક થયા હશે. તપાસ ત્રીજા કલાકે (સવારના નવ વાગે) શરૂ થઈ, અને ચુકાદો દેવાયો છઠ્ઠા કલાકે (બપોરના આશરે બાર વાગે).

(૨) પરંતુ યોહાનની સુવાર્તામાં યહૂદી ગણતરી પ્રમાણે નહિ, પણ બધે રોમન ગણતરી પ્રમાણે સમય આપવામાં આવ્યો છે (જુઓ ૧:૩૯ ; ૪ : ૬,૫૨).રોમનો, હાલની આપણી રીત પ્રમાણે, રાતના બાર પછી નવો દિવસ શરૂ થયેલો ગણતા, તે બીજા દિવસની મધરાત સુધી એ દિવસ ચાલતો. એ ગણતરી પ્રમાણે "છઠ્ઠો કલાક" સવારના છ વાગ્યાનો સમય થયો. યોહાન 'આશરે' શબ્દ વાપરે છે, એટલે કદાચ '૭–સાડા ૭'નો સમય થયો હોય. પિલાતે એ સમયે તપાસ શરૂ કરી હશે. અને અઢી, ત્રણ કલાક તપાસ ચાલ્યા પછી સવારના ૯ ના સુમારે ઈસુને વધસ્તંભે જડવા સોંપી દીધા હશે.

આ બીજો ખુલાસો વધારે બંધબેસતો છે. કારણ, માર્કની સુવાર્તામાં સવારના ૯ વાગે (દિવસના ત્રીજા કલાકે) પિલાતની તપાસ તો ક્યારનીયે પૂરી થઈ ગઈ છે, અને સવારના ૯ વાગે ઈસુને ક્રૂસે જડ્યા છે. પહેલો ખુલાસો આ હકીકત સાથે બંધબેસતો થતો નથી. 'આશરે છઠ્ઠે કલાકે' અસલ ભાષામાં છે, તેનું ખોટું અર્થઘટન ગુજરાતી તરજુમા ('આશરે બપોર')માં થયું છે.

## પ્રભુ ઈસુને શુક્રવારે ક્રૂસે જડ્યા કે બુધવારે?

**પ્રશ્ન :** પ્રભુ ઈસુ જો શુક્રવારે મૃત્યુ પામ્યા અને રવિવારે પ્રભાતમાં ઊઠ્યા, તો પછી તેમને કબરમાં રહ્યાંને ત્રણ દિવસ અને ત્રણ રાત તો થતાં નથી. માથ્થી ૧૨:૪૦માં લખ્યું છે કે, 'જેમ યૂના ત્રણ રાતદહાડા મોટા માછલાના પેટમાં રહ્યો હતો, તેમ માણસનો દીકરો પણ ત્રણ રાતદહાડા પૃથ્વીના પેટમાં રહેશે."

**જવાબ :** હા, આ એક પ્રશ્ન છે. યૂના સંબંધીની નિશાની આપતાં પ્રભુ ઈસુએ જણાવ્યું હતું કે પોતે "ત્રણ રાત અને ત્રણ દિવસ પૃથ્વીના પેટમાં રહેશે." અસલ ગ્રીકમાં "ત્રણ રાત અને ત્રણ દિવસો" "ત્રાઈસ હેમેરાસ કાઈ ત્રાઈસ નુકતાસ" એમ લખેલું છે. ગુજરાતી તરજુમાએ ખોટી છૂટ લીધી છે. વળી માર્ક ૮:૩૧માં 'પ્રભુ ઈસુએ કહ્યું હતું કે "**ત્રણ દહાડા પછી** (ગ્રીકમાં : મેતા ત્રાઈસ હેમેરાસ") માણસનો દીકરો પાછો ઊઠશે, પણ માર્ક ૯:૩૧ અને ૧૦:૩૪માં એ જ ગ્રીક શબ્દો હોવા છતાં ગુજરાતી બાઈબલમાં "**ત્રીજે દિવસે**" લખ્યું છે. શું પ્રભુ ઈસુ ત્રણ દિવસ અને ત્રણ રાત કબરમાં રહ્યા હતા? જો શુક્રવારે મૃત્યુ પામ્યા હોત તો માત્ર બે રાત, એક દિવસ, અને શુક્રવારનો થોડોક સમય (કલાક-દોઢ કલાક) "પૃથ્વીના પેટમાં રહ્યા."

ખ્રિસ્તી મંડળીની પ્રણાલીગત માન્યતા છે કે પ્રભુ ઈસુ શુક્રવારે મૃત્યુ પામ્યા, અને રવિવારે પ્રભાત પહેલાં ઊઠયા. માથ્થી ૧૬:૨૧; ૧૭:૨૨;૨૦:૧૯ અને લૂક ૯:૨૨;૧૮:૩૩ માં ત્રીજે દિવસે (ગ્રીક : તે ત્રીતે હેમેરા) પાછો ઊઠશે એવું લખ્યું છે. આ પ્રકારના શબ્દો આવી માન્યતાને ટેકો આપતા નીવડે છે. તેઓ યોહાન ૧૯:૩૧ માં આપેલા 'વિશ્રામવાર' (સાબ્બાથ) ને યહૂદીઓના ખરેખરા સાબ્બાથ (શનિવાર) તરીકે ગણે છે. અને તેમનું માનવું છે કે એ સાબ્બાથે (શનિવારે)–પાસ્ખા-સપ્તાહનો સાબ્બાથ હોઈને તે "સાબ્બાથ મોટો દિવસ" હતો (યોહાન ૧૯:૩૧). 'પાસ્ખાની તૈયારીનો દિવસ' એ શબ્દો શુક્રવાર માટે વપરાયા છે (યોહાન ૧૯:૩૧) એવું તેઓ કહે છે. અને તેનો તેઓ એવો અર્થ ઘટાવે છે કે "પાસ્ખાના સપ્તાહના સાબ્બાથ (શનિવાર) ) માટેની તૈયારીનો દિવસ." આ અર્થઘટન કેટલે અંશે સાચું છે તે ખબર નહિ. ગમે તેમ, પણ આ પ્રણાલીગત માન્યતામાં ઈસુ બે રાત, એક આખો દિવસ, અને શુક્રવારના કલાક-દે ઢકલાક-એટલું કબરમાં રહ્યા.

બીજી માન્યતા એ છે કે ઈસુને બુધવારે ક્રૂસે જડવામાં આવ્યા હતા. આ દલીલ કરનારા નીચે પ્રમાણે પ્રમાણો આપે છે : (૧) યહૂદીઓમાં અઠવાડિક સાબ્બાથ હતા (જે આપણો શનિવાર કહેવાય). એ ઉપરાંત તેમનામાં વર્ષોનો 'સાબ્બાથ' (સાબ્બાથ એટલે 'વિશ્રામનું વર્ષ') આવતો, વળી પ્રતિ વર્ષે પણ 'સાબ્બાથો' (વિશ્રામના દિવસો) આવતા, જેમાં પાસ્ખાનો સપ્તાહ આવી જાય (જુઓ નિર્ગમન ૧૨:૧૬). એ વિશ્રામના દિવસ હતા. પાસ્ખાનો હલવાન પાસ્ખાના સાબ્બાથના સંધ્યાએ કપાતો. (૨) "પાસ્ખાની તૈયારીનો દિવસ" (માર્ક ૧૫:૪૨) : "સાંજ પડી ત્યારે સિદ્ધિકરણનો દિવસ એટલે વિશ્રામવારનો આગલો દિવસ હતો." (૩) પણ આ સામાન્ય સાબ્બાથ એટલે કે અઠવાડિક સાબ્બાથ નહોતો. પણ "તે વિશ્રામવાર મોટો દિવસ હતો," એટલે એ પાસ્ખા–સપ્તાહનો સાબ્બાથ હતો. (૪) યોહાન ૧૩:૧ પ્રમાણે 'છેલ્લું ભોજન' પાસ્ખ પર્વની અગાઉ થયું હતું તેથી જ યહૂદા ભોજન પરથી બહાર નીકળી ગયો ત્યારે શિષ્યોએ માન્યું કે તે પાસ્ખાના ભોજનની સામગ્રી લેવા ગયો હશે (યોહાન ૧૩:૧,૨, અને ૨૯). (૫) ઘણીખરી મંડળીઓ અર્ધસાપ્તાહિક સભાઓ બુધવારે રાખે છે એનું કારણ આ માન્યતાવાળા કહે છે કે એ દિવસે ઈસુને વધસ્તંભે જડી દીધા હતા તે છે

મેં માત્ર બંને માન્યતાઓની મુખ્ય મુખ્ય દલીલો અહીં રજૂ કરી છે; કોઈ નિર્ણય આપ્યો નથી. **તે ત્રીતે હેમેરા** "ત્રીજે દિવસે" અને **"મેતા ત્રાઈસ હેમેરાસ"** 'ત્રણ દિવસ પછી' એ બંનેનો ગ્રીકમાં તો એક જ અર્થ થાય છે. ગુજરાતીમાં બે ભિન્ન પ્રકારના તરજુમા કર્યા છે તે બરાબર ન કહેવાય.

## ૧૦ ઈસુના ક્રૂસારોહરણની જગાને "ખોપરીની જગા" કેમ કહે છે?

**જવાબ** : યોહાન ૧૯:૧૭માં આમ લખ્યું છે : "પછી તે

પોતાનો વધસ્તંભ ઊંચકીને ખોપરીની જગા, જે હિબ્રૂ ભાષામાં ગલગથા કહેવાય છે ત્યાં બહાર ગયો." (વળી જુઓ : માથ્થી ૨૭:૩૩; માર્ક ૧૫:૨૨; લૂક ૨૩:૩૩). લાટીન અને એ પરથી અંગ્રેજીમાં એને 'કાલવરી' પણ કહે છે. (લાટીનમાં 'કાલ્વુસ' કે 'કાલ્વા', જર્મનમાં 'કાહ્લ,' ડચમાં 'કાલ' એટલે 'ખોપરી' થાય છે).

પ્રશ્નનો કોઈ ચોક્કસ જવાબ નથી, પરંતુ ચારેક માન્યતાઓ છે જે નીચે રજૂ કરું છું : (૧) ખોપરીના આકારનો અને દેખાવનો એ ડુંગર છે તેથી; (૨) આદમની ખોપરી અહીંથી મળી આવી હતી તેથી; (૩) આ સ્થળે ગુનેગારોને મારી નાખવાનાં આવતા તેથી; (૪) આ સ્થળે ખૂબ ખોપરીઓ જોવામાં આવતી તેથી. આ માન્યતાઓને એક પછી એક જોઈએ.

પહેલીમાન્યતામાં કંઈક તથ્ય ખરું. છતાં ૪થી સદીમાં થયેલો એપિફાનિ-યસ આ મતને નકારી કાઢે છે અને કહે છે કે એ સ્થળ મુદ્દલે ખોપરી જેવું દેખાતું નથી, જ્યારે યરૂશાલેમનો સીરીલ જણાવે છે કે એનો આકાર ખોપરીને મળતો છે. (કેટાકેટીકલ લેકચર્સ ૧૩.૩૯). યરૂશાલેમ શહેરમાં અંદર કબરની જે જગા છે-ને ત્યાં મંદિર બાંધેલું છે-એ સ્થળનો આકાર ખોપરી જેવો નથી. પરંતુ યરૂશાલેમના દમસ્ક દરવાજાથી શહેરની બહાર ઈશાન ખૂણે લગભગ અઢીસો ડગલાં દૂર 'ગોર્ડન્સ ટુમ્બ' તરીકે ઓળખાતી પ્રભુ ઈસુ ખ્રિસ્તની કબર આવેલી છે તે ડુંગર ખોપરીના જેવો જ દેખાય છે. આંખના બે ગોખલા પણ દેખાય છે. ધોરી માર્ગ પર એ આવેલો છે. આ ડુંગર પર હાલ મુસ્લિમ કબ્રસ્તાન છે. એની તળેટીમાં યરૂશાલેમ અને દેશનું બસ સ્ટેશન આવેલું છે આ કબર ખડકમાંથી ખણી કાઢેલી છે અને બાઇબલના વૃત્તાંતને બધી રીતે બંધબેસતી આવે છે. પણ પુરાણી મંડળીની ઊતરી આવેલી માન્યતા શહેરની અંદર આવેલી જગાને માન્ય રાખે છે.

બીજી માન્યતા (આદમની ખોપરીવાળી)ને ઓરીગન, આથનેસિયસ, અને એપિફાનિયસ જેવા મંડળીના ધર્મપિતૃઓનો ટેકો મળે છે. છતાં એ વાતમાં ખાસ તથ્ય લાગતું નથી. ત્રીજી અને ચોથી માન્યતા માટે ખાસ કંઈ કહેવાનું નથી.

'ગલગથા' સ્થળના પુરાવા માટે આટલી બાબતો જરૂરી છે: (૧) એ સ્થળ ઈસુના સમયમાં શહેરના દરવાજા બહાર આવેલું હોવું જોઇએ (યોહાન ૧૯:૧૭, ૧૮; હિબ્રૂ ૧૩:૧૨, ૧૩); (૨) છતાં શહેરના કોટની નજદીક હોવું જોઈએ (૧૯:૨૦); (૩) ધોરી માર્ગ પાસે હોવું જોઈએ (માથ્થી ૨૭:૩૯; (૪) એની પાસે બાગ આવેલો હોવો જોઈએ (યોહાન ૧૯:૪૧).

## ૧૧ ક્રૂસ પર પિલાતે ચોઢાવેલું તહોમતનામું પ્રત્યેક સુવાર્તામાં જુદું જુદું કેમ છે?

**જવાબ:** હા, ચારેય સુવાર્તામાં રજૂ કરેલું તહોમતનામું કંઈક કંઈક ફરક બતાવે છે; બધે એકસરખા શબ્દો નથી. એટલે તો બાઇબલના કેટલાક વિરોધીઓ બાઇબલનાં લખાણની ચોકસાઈ અને સચ્ચાઈ સંબંધી શંકા રજૂ કરે છે અને બાઇબલ આત્માની પ્રેરણાથી લખાયેલું નથી એમ કહે છે.

પરંતુ જો ધ્યાનપૂર્વક ચારેય સુવાર્તામાંનો આ લેખ તપાસીએ તો માલૂમ પડશે કે વિરોધીઓની દલીલો પાયા વગરની છે. આખોયે લેખ કદાચ આવો હોય: "આ નાઝરેથનો ઈસુ, યહૂદીઓનો રાજા છે." જેમ કોઈ પણ એક બનાવ યા લખાણનું વર્ણન જુદાં જુદાં છાપાં, પોતાના વાચકોની જરૂરિયાત પ્રમાણે ટૂંકાવીને, ઓછુંવત્તું આપે, તેમ જ સુવાર્તાના લેખકોએ પણ પોતાના વાચકોને ધ્યાનમાં રાખીને આ લેખનો અમુક અમુક ભાગ આપ્યો છે.

બીજું કે આ તહોમતનામું ત્રણ ભાષામાં લખવામાં આવ્યું હતું; યહૂદીઓને માટે અરામી ભાષામા; રોમનો માટે લાટીન ભાષામાં. એ રાજભાષા હતી. વળી ગ્રીકમાં પણ લખાયું હતું. વ્યાપાર અને સંસ્કૃતિ અંગે તે વખતની દુનિયામાં ગ્રીક ભાષા વધુ પ્રચલિત હતી. જાહેર જગતમાં એ સમયે ગ્રીક ભાષા વપરાતી હતી તેમ જ દુનિયાના અનેક દેશોમાં વિખરાઈ ગયેલા યહૂદીઓ પણ, અરામી અને હિબ્રૂ ભૂલી ગયા હોવાથી, જાહેર દુનિયામાં ગ્રીક ભાષા વાપરતા હતા.

**માથ્થી ૨૭:૩૭** "ઈસુ જે યહૂદીઓના રાજા તે એ જ છે." માથ્થીએ યહૂદીઓને ધ્યાનમાં રાખીને સુવાર્તા લખી હોઈને "જે નાઝરેથનો" એ શબ્દો લખવાની તેને કોઈ જરૂર લાગી નહિ હોય, કારણ, ઈસુ નાઝરેથનો વતની હતો એ કોઈ પણ યહૂદીથી અજાણ્યું નહોતું. કદાચ અરામી/હિબ્રૂમાં લખાયેલો લેખ એટલો જ હોય એમ પણ બને. **માર્ક ૧૫ : ૨૬** "યહૂદીઓનો રાજા." માર્કે રોમનોને ધ્યાનમાં રાખીને સુવાર્તા લખી, એટલે તેણે માત્ર તહોમતનામું લખ્યું. ઈસુ કોણ છે?–ક્યાંનો છે? એ બધી વાતો સંબંધી રોમનોને કંઈ નિસ્બત ન જ હોય; તેમને તો શો ગુનો હતો તે જાણવું જ બસ હોય. **લૂક ૨૩:૩૮** "આ યહૂદીઓનો રાજા છે" લૂકે ગ્રીકોને ધ્યાનમાં રાખીને સુવાર્તા લખી. પણ ત્રિભાષી લેખમાંથી કોઈ અમુક ભાષાનો લેખ તે ધ્યાનમાં રાખતો લાગતો નથી. માત્ર લેખનો સાર આપે છે. **યોહાન ૧૯:૧૯** "ઈસુ નાઝારી, યહૂદીઓનો રાજા." યોહાન સહુથી છેલ્લે સુવાર્તા લખી, એટલે યહૂદી, ગ્રીક અને રોમનો–એમ સર્વને ધ્યાનમાં રાખીને તે જમાનાની વિશ્વભાષા ગ્રીક જાણનારી દુનિયા માટે લખી. એટલે સર્વગ્રાહ્ય એવો લેખનો સારભાગ મૂક્યો, એમાં વ્યક્તિની ઓળખ, એની જાત, અને એનો ગુનો સમાયેલાં છે.

## ૧૨ ઈસુના મૃત્યુનું કારણ શું ?

**પ્રશ્ન :** પ્રભુ ઈસુની કૂખમાં ભાલો માર્યો ત્યારે ઘામાંથી લોહી અને પાણી નીકળી આવ્યાં (યોહાન ૧૯:૩૪) તો મરેલા માણસમાંથી લોહી વહે ખરું ?

**જવાબ :** ક્રૂસનું મોત અતિ કારમું છે. સામાન્ય રીતે ક્રૂસે જડેલો માણસ બે–ત્રણ–ચાર દિવસ સુધી રિબાયા પછી તદ્દન નિર્ગત બનીને મરી જતો, પણ ક્રૂસે જડેલો માણસ બેએક કારણોને લઈને થોડા જ કલાકમાં પણ મરી જતો.

એમાંનું એક કારણ આ છે : જો પગ નીચે ટેકાનું લાકડું ન હોય તો ક્રૂસે જડાયેલો માણસ હાથો, ફેફસાં અને હૃદયની તંગ સ્થિતિને આરામ આપવા પગ ઉપર શરીર–ભાર ઝીલી શકતો નહિ. અને એમ અદ્ધર અને અદ્ધર રહેવાથી એસ્ફીક્ષિયા (asphyxia) ને કારણે, યા ઓર્થોસ્ટેટીક કોલાપ્સ (orthostatic collaplse) દ્વારા થોડા જ કલાકમાં મરી જતો. પગ નીચે ટેકાનું લાકડું આપેલું હોય તો ગુનેગાર કેટલાયે દિવસ ઝઝૂમી શકતો. એમાં માણસ બેભાન બની જાય, અને લોહી શરીરના ઉપરના ભાગો (મગજ, હાથો, વગેરે)માંથી શરીરના નીચલા ભાગોમાં (પેટ, પગ) જમા થાય, રુધિરાભિસરણમાં ભારે ખામી ઊભી થાય. અને એ પરિસ્થિતિ ત્રણ–ચાર કલાક ચાલે તો મગજ અને હૃદયમાં લોહી ન પહોંચવાથી માણસ મૃત્યુ પામે. પ્રભુ ઈસુને ક્રૂસે જડ્યા ત્યારે તેમના પગો નીચે ટેકાનું લાકડું હતું કે નહિ એ કોઈ જગાએ દર્શાવ્યું નથી. ક્રૂસારોહણના કેટલાંક ચિત્રોમાં આવું લાકડું ચિતરેલું જોવા મળે છે, અને કેટલાંક ચિત્રોમાં એ નથી હોતું.

બીજું કારણ એના જેવું જ છે. કેટલાક ગુનેગારોના પગ

ભાંગવામાં આવતા. ઘૂંટણો પર હથોડા મારીને ઘૂંટણની ઢાંકણી અને હાડકું ભાંગી નાખતા. આથી માણસ પગો ઉપર ઊભો રહી શકતો નહિ. એટલે તે જાણે કે કોથળો બનીને ઢળી પડતો. આથી તો ગંભીર સ્થિતિ સર્જાતી; તે શ્વાસ લઈ શકતો નહિ કે પાછો કાઢી શકતો નહિ. એટલે મગજે, માથે, હૃદયે અને હાથોમાં લોહી પહોંચતું નહિ, પ્રાણવાયુ (ઑકિસજન) એ બધાંને પહોંચતો નહિ, આથી પ્રથમ મગજ મરી જતું, પછી હૃદય, એમ એકદમ મોત નીપજતું.

નાઝી કોન્સન્ટ્રેશન કેમ્પોમાં કેદીને હાથો બાંધીને દોરડે અદ્ધર (પગને અદ્ધર રાખીને) લટકાવવામાં આવતા. થોડા જ કલાકોમાં માણસો મરી જતા. આ સંબંધીના અખતરા પણ મોડરે (**Modder**) માણસો (મેડીકલ વિદ્યાર્થીઓ) પર કર્યા છે.

સાબ્બાથવારે ગુનેગારોનાં શબ વધસ્તંભો પર ન રહે માટે બંને બહારવટિયાના પગ ભાંગવામાં આવ્યા. પણ ઈસુ તો ક્યારનાયે મરી ગયા હોવાથી તેમના પગ ભાંગવામાં ન આવ્યા. આમ છતાં તે ખરેખર અને સંપૂર્ણપણે મૃત્યુ પામ્યા છે કે નહિ, એ જોવા એક સિપાઈએ તેમની કૂખમાં ભાલો માર્યો ત્યારે ઘામાંથી લોહી તથા પાણી વહી નીકળ્યાં. આ પરથી રોમન સૂબેદાર વગેરેને ખાતરી થઈ કે ઈસુ મૃત્યુ પામ્યા છે.

મરેલા માણસમાંથી લોહી નીકળે નહિ, કારણ, મૃત્યુ નીપજતાં થોડા સમયમાં લોહી નળીઓમાં થીજી જાય છે, અને રુધિરાભિસરણ બંધ પડે છે. મૃત્યુ પછી માત્ર ફિક્કા નારંગી રંગનું પાણી એટલે કે 'સીરમ' જ નીકળે.

માણસના હૃદયની આસપાસ ત્વચાની કોથળી હોય છે. આ કોથળીને 'પેરીકાર્દિયમ' કહે છે. (પેરી=આસપાસ; કાર્દિયમ=હૃદય). સામાન્ય રીતે હૃદયના સ્નાયુ ભાગ્યે જ તૂટે છે કે ફાટે છે. પરંતુ

માનવી પર સહનશક્તિની બહારની મનોવેદના આવી પડે ત્યારે હૃદયના સ્નાયુ તૂટી કે ફાટી જાય છે, અને હૃદયનું લોહી 'પેરીકાર્દિયમ'માં (એટલે પેલી કોથળીમાં) જમા થાય છે. આમ, કોથળી ફૂલીને તંગ બનવાને કારણે હૃદય પર દબાણ આવતાં એ ધબકારા લઈ શકતું નથી, અને બંધ પડી જાય છે. અને માણસ મૃત્યુ પામે છે. આ પ્રકારને મેડીકલ સાયન્સમાં "એકસ્ટ્રાવાસેશન ઑફ ધી હાર્ટ" કહે છે.

ભયંકર રિબામણને લઈને હૃદયના સ્નાયુ ફાટ્યા હશે, અને હૃદયની આસપાસની થેલીમાં લોહી જમા થયું હશે. પણ એ લોહી જમા થવું ક્યારે શરૂ થયુ તે વિષે ખાતરીપૂર્વક કહી શકાય નહિ; કાલવરીને રસ્તે ક્રૂસ ઊંચકીને લઈ જતાં એ બન્યુ ?–કે વધસ્તંભ પર બન્યુ ?–કે ગેથસેમાને બાગમાં અતિ કષ્ટાતાં તેમનું લોહી પરસેવા જેમ ટપકયું ત્યારે ? ડૉ. મોડરનું માનવું છે કે ક્રૂસ પર એમ બન્યું.

આ પ્રકારના મૃત્યુમાં બંને હાથ ફેંકાઈને ખૂબ પહોળા અને ઊંચા થઈ જાય છે, માણસ મોટી બૂમ પાડી ઊઠે છે, હૃદયની દીવાલ તૂટી પડે છે, 'પેરીકાર્દિયમ'માં લોહીનો જમાવ થાય છે, હૃદય બંધ પડે છે, અને માણસ મરી જાય છે. સામાન્ય માણસ તો અતિશય મનોવેદનામાં મૂર્છિત થઈ જતો હોવાથી ભયંકર ભયનો પળમાંથી ઊગરી જાય છે. પણ પ્રભુ ઈસુએ મૃત્યુ અને દુઃખનો પૂરેપૂરે પરચો અનુભવ્યો, તે આવા પ્રકારના મૃત્યુ દ્વારા મર્યા.

ઈસુ ભાલો વાગવાથી નહોતા મર્યા. જો ભાલાને કારણે એમનું મૃત્યુ નીપજ્યું હોત તો હૃદયમાંથી તાજા લોહીની ધસારાબંધ ધાર વહી નીકળી હોત. ઈસુ તો ભાલાના ઘા પૂર્વે મૃત્યુ પામેલા હતા. ભાલો તો મૃત્યુની ખાતરી કરવા માટે મારવામાં આવ્યો હતો. જો હૃદય ફાટ્યું ન હોત અને ભાલો 'પેરીકાર્દિયમ'ની કોથળીને જ વાગ્યો

હોત—અને હૃદયને નહિ—તો સામાન્ય રીતે નહિવત્ પ્રવાહી આ કોથળીમાંથી વહ્યું હોત અને કોઈને તેની ખબર પણ ન પડી હોત.

હૃદય ફાટવાથી કે તૂટવાથી ઈસુ મૃત્યુ પામ્યા, એનો અર્થ એવો નથી કે ઈસુ હતાશા અને નિરાશાના માર્યા મર્યા. ઈસુ તો વિજેતા હતા. એમની આખરી બૂમ વિજેતાની હતી; વળી પ્રભુ ઈસુએ કહેલું, "હું મારો જીવ આપું છું કે તે હું પાછો લઉં. કોઈ મારી પાસેથી તે લેતો નથી, પણ હું મારી પોતાની મેળે તે આપું છું" (યોહાન ૧૦:૧૭, ૧૮). આ વાક્યને તેના મૃત્યુના કારણ સાથે સંબંધ નથી. પોતે પોતાનો પ્રાણ બીજાંઓની પાપમુક્તિ માટે આપવા ઈસુ આવ્યા હતા. તેમણે ધાર્યું હોત તો ક્રૂસનું કારમું મોત પોતે ટાળ્યું હોત. પણ તેમણે પોતે જ સ્વૈચ્છિક રીતે અન્ય લોકોના હક્કમાં મૃત્યુને પસંદ કર્યું. એમનું મૃત્યુ સ્વૈચ્છિક બલિદાન હતું.

(ઈસુના મૃત્યુના આ પ્રકારના કારણ વિષે વધુ જાણવું હોય કે ખાતરી મેળવવી હોય તો વાંચો : (૧) ઇન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ બાઇબલ એન્સાઇકલોપીડિયા, ગ્રાન્ડ રેપિડસ, યુ. એસ. એ. ૧૯૪૩; (૨) ડૉ. સ્ટુઅર્ટ બર્ગસ્માનો 'કેલ્વિન ફોરમ'માં ૧૯૪૮માં પ્રગટ થયેલો લેખ; (૩) સર જેમ્સ સિમ્પસન (કલોરોફોર્મના શોધક)ની પુસ્તિકા; અને બીજા અનેક ડૉક્ટરોનાં લખાણો.) વળી જુઓ ગીતશાસ્ત્ર ૬૯:૨૦,૨૧.

## ૧૩ બાળક પાપ રહિત કહેવાય કે કેમ ?

**પ્રશ્ન :** પ્રભુ ઈસુએ માથ્થી ૧૮:૩-૪માં બાળક વિષે આમ લખ્યું છે : "હું તમને ખચીત કહું છું કે, જો તમે નહિ ફરો, અને

બાળકોના જેવા નહિ થાઓ, તો સ્વર્ગના રાજમાં તમે નહિ જ પેસશો. માટે જે કોઈ પોતાને આ બાળકના જેવું દીન કરશે, તે જ સ્વર્ગના રાજમાં સૌથી મોટું છે." અહીં પ્રભુ ઈસુ બાળકને સ્વર્ગ માટે લાયક ગણે છે, જ્યારે ગીતશાસ્ત્ર ૫૧:૫ માં બાઇબલ બાળકને પાપમાં જન્મેલું ગણે છે. ત્યાં લખ્યું છે: "હું અન્યાયીપણામાં જન્મ્યો, અને મારી માએ પાપમાં મારો ગર્ભ ધર્યો હતો."

**જવાબ :** આદિ માતાપિતાના પાપનો વારસો મનુષ્યજાતને મળ્યો છે, અને પ્રત્યેક માનવીની વૃત્તિ પાપમય બની છે. દુનિયાનો કોઈ પણ માણસ કદી પાપ રહિત રહ્યો નથી. આ આદિ મૂળપાપ પ્રત્યેક બાળકમાં હોય છે જ. બાળક નિર્દોષ ખરું, પણ પાપ રહિત નહિ. અહીં 'નિર્દોષ'નો અર્થ 'દોષ રહિત' નહિ પણ અંગ્રેજીમાં 'ઈનોસન્ટ' શબ્દ છે એ અર્થનો એટલે કે 'પાપભાન' વગરનું, અથવા ભલુંભૂંડું નહિ સમજનારું. બાળક નિખાલસ છે.

પ્રભુ ઈસુનું કહેવું એવું નથી કે બાળક "મૂળપાપ" રહિત છે. આ પાપભાન વગરના બાળકને અહંકાર આચરવાની સમજ નથી. એમ જ માણસે બાળકની જેમ નમ્ર બનીને અહંકારથી દૂર રહેવાનું છે.

દાઉદ ભક્ત ગીતશાસ્ત્રમાં એમ કહેવા માગે છે કે માણસ માત્ર જન્મથી પાપી છે. એને 'મૂળપાપ' નો ભાર છે, તેમ જ પાપવૃત્તિ સુષુપ્તાવસ્થામાં છે. એ સમજણું થતાં પાપ તરફ એ ચાલશે, અથવા પાપનું રૂપ એનામાં છતું થશે. કેટલાક શિક્ષણશાસ્ત્રીઓ કહે છે તેમ બાળક મગજમાં (કે હૃદયમાં) "કોરી પાટી" સાથે જન્મતું નથી. જન્મથી જ એની "પાટી" ખરડાયેલી છે. કેટલી બધી વાર બાળક સભાન બને ત્યાર પહેલાં ભીતરમાં વસેલું પાપ એનામાં ડોકિયાં કરી જાય છે! હઠે ચઢેલું, ધમપછાડા કરતું બાળક એ જ બતાવે છે, બીજાનું રમકડું ઝૂંટવી લેતું, બીજાને બચકું ભરી લેતું બાળક એ જ બતાવે છે.

બાળક "પાપમાં જન્મ્યું" હોવા છતાં નૈતિક રીતે નિર્મળ છે, એ દર્શાવવા એક દાખલો લઈએ. બાળક જન્મે છે ત્યારે તેના મોંમાં દાંત હોતા નથી, બોખું હોય છે, કંઈ જ ચાવી શકતું નથી. છતાં તેનાં અવાળાંની ભીતરમાં દાંત રહેલા હોય છે, અને અમુક મહિનાનું થતાં એ દાંત બહાર પ્રકટ થશે. એમ જ બાળક નૈતિક રીતે નિખાલસ નિર્દોષ છે, છતાં એનામાં ભીતરમાં પડી રહેલું મૂળપાપનું બીજ સમયના વહેણમાં અંકુરી ઊઠશે. સમજબુદ્ધિ આવ્યા પછી એ 'સભાન પાપી' બનશે, જવાબદાર દોષિત બનશે.

આમ, બાળક 'પાપભાન' વગરનું ખરું, પણ 'પવિત્ર' નહિ. એનામાં મૂળપાપ વસતું હોઈને સમજદાર થતાં એણે પણ 'નવો જન્મ' પામવાની જરૂર રહેશે જ (યોહાન ૩:૩–૬). એકલું 'શિક્ષણ' નહિ, પણ "નવો જન્મ" જરૂરી છે. પાપભાન વગરનું હોવું એ અભાવાત્મક અથવા ઋણાત્મક સદ્‌ગુણ કદાચ ગણાય, પણ 'ઈશ્વરનું ન્યાયીપણું' એ ભાવાત્મક સદ્‌ગુણ છે. અને તે નવા જન્મ દ્વારા વ્યક્તિને ઈશ્વર તરફથી મળે છે.

## ૧૪ વધસ્તંભ પર પગ ભાંગવાનું કારણ શું? પગ ભાંગવાથી શું થાય?

**પ્રશ્ન :** વધસ્તંભ પર લટકાવેલા બે ચોરના પગ ભાંગવામાં આવ્યા તેનું શું કારણ?

**જવાબ :** પ્રથમ તો એક વાત સ્પષ્ટ કરી દઉં કે ઈસુની આસપાસ જડાયેલા બે જણ 'ચોર' નહિ, પણ 'બહારવટિયા' હતા. પરદેશી રોમન સત્તાની સામે અવારનવાર માથું ઊંચકનારા અને પરદેશી સત્તા સામે બહારવટે ચડતા એવા આ બહારવટિયા હતા. તેઓ તોફાનો ઉશ્કેરતા અને મારામારી પણ કરતા.

યોહાન ૧૯:૩૧-૩૨માં જણાવવામાં આવ્યું છે તેમ, સાબ્બાથ દિવસે શબો વધસ્તંભે લટકેલાં ન રહેવાં જોઈએ. પુનર્નિયમ ૨૧:૨૩ પ્રમાણે શબ રાતભર લટકેલું રહે તો દેશ અશુદ્ધ થાય. વળી આવતી કાલનો દિવસ સાબ્બાથ વાર હતો. અને આ સાબ્બાથ તો પાસ્ખા-પર્વનો એટલે મહાપર્વનો દિવસ હતો. તેમ જ યહૂદી કાળમાન પ્રમાણે સાંજે ૭ વાગ્યાથી બીજો દિવસ બેસતો હતો, એટલે આ સાંજે ૭ વાગ્યાથી પાસ્ખાના મહાપર્વનો સાબ્બાથ બેસનાર હતો. એટલે તેમનાં શબો રાતે કે સાબ્બાથે ક્રૂસ પર લટકેલાં ન રહે એ માટે એમના પગ ભાંગવાનું યહૂદીઓએ (એટલે કે યહૂદી આગેવાનોએ) પિલાત પાસે માગ્યું.

સામાન્ય રીતે કોઈ માણસના માત્ર પગ ભાંગવાથી ત્રણ-ચાર કલાકમાં મોત નથી આવતું. અકસ્માતમાં પગ કપાઈ જતાં એટલું જલદી મોત નથી આવતું, પણ ક્રૂસે જડાયેલા માણસના પગ ભાંગવાથી તે એકદમ મરી જાય છે. એની પાછળ કારણ છે. ક્રૂસે જડવાની રીત સાથે એ કારણને સંબંધ છે.

ક્રૂસ પર પગ નીચે ટેકા માટે એક પાટિયું રાખવામાં આવતું. એ પાટિયા પર ખીલા વડે બંને પગ જડી દેવામાં આવતા. કોઈવાર પાટિયા વગર પણ ક્રૂસના ઊભા લાકડા પર પગ જડી દેવાતા. ક્રૂસના આડા લાકડે બંને હાથો ખૂબ પહોળા કરીને અદ્ધર ખીલા દ્વારા જડી દેવામાં આવતા. આમ, હાથો ખૂબ ખેંચાયેલા રહેતા હોવાથી છાતીની પાંસળીઓ ઉપર તરફ ખેંચાયેલી રહેતી. તંગ છાતીને કારણે શ્વાસ લેવામાં ખૂબ તકલીફ ઊભી થતી; પરાણે શ્વાસ લેવાતો. એટલે ક્રૂસ પર જડાયેલો માણસ પારાવાર બેચેની અનુભવતો.

હાથ તેમ જ છાતી ઢીલાં થાય તો શ્વાસ લેવામાં રાહત મળે, એ હેતુથી ગુનેગાર માણસ પગ બને તેટલા ઊંચા કરતો. એમ હાથ

અને છાતી ઢીલાં પડતાં શ્વાસ લેવામાં કંઈક રાહત મળતી. પણ ઊંચા થયેલા પગોમાં ખીલાને કારણે કપરી વેદના ઊભી થતી. એટલે ગુનેગાર પગ નીચા કરતો. એટલે પાછી શ્વાસ લેવામાં તકલીફ થતી. ગુનેગાર આમ વારાફરતી હાથ અને પગોની હાલત બદલતો રહેતો.

પણ પગો વજનદાર હથોડા વડે ભાંગી નાખવામાં આવે, એટલે લબડી પડેલા પગોને ઊંચા કરી શકાય જ નહિ. એને લીધે હાથો તેમ જ છાતી સતત તણાટ અનુભવ્યા કરતાં અને શ્વાસ મહામહેનતે પારાવાર વેદના સાથે જ લઈ શકાતો, અને એકાદ કલાક કરતાંયે ઓછા સમયમાં, શ્વાસ ન લેવાવાને કારણે, ગુનેગાર મરણ-શરણ થતો. આમ, પેલા બે બહારવટિયાના પગો ભાંગવામાં આવ્યા, એટલે સાંજના સાડાચાર કે પાંચ પહેલાં તેઓ મરી ગયા હશે અને પછી તેમનાં શબ ઉતારી લીધાં હશે.

## ૧૫ 'માળી' કે 'કૃષિકાર' ?

**પ્રશ્ન :** યોહાન ૧૫:૧માં "હું ખરો દ્રાક્ષાવેલો છું અને મારો બાપ માળી છે," એવું ગુજરાતીમાં આપ્યું છે. ત્યાં માળીને બદલે 'કૃષિકાર' કે 'ખેડૂત' ન હોવું જોઈએ ? અંગ્રેજીમાં 'માય ફાધર ઈઝ ધી હસ્બન્ડમેન' આપ્યું છે અને ડિક્ષનેરીમાં 'હસ્બન્ડમેન' એટલે 'ફાર્મર' અથવા ખેડૂત થાય છે. વળી હિંદીમાં આ કલમમાં 'કિસાન' શબ્દ વાપર્યો છે અને એનો અર્થ પણ 'ખેડૂત' થાય છે. વળી ખરો શબ્દ કયો : 'દ્રાક્ષા' કે 'દ્રાક્ષ' ?—દ્રાક્ષાવેલો કે દ્રાક્ષવેલો ?

**જવાબ :** અસલ ગ્રીક ભાષામાં નવો કરાર લખાયો તેમાં 'ગીઓર્ગોસ' શબ્દ છે. એનો અર્થ ખેડૂત, કિસાન, બાગ, માળી, વગેરે થાય છે. મોટે ભાગે 'ખેડૂત' અર્થ બરાબર છે. અંગ્રેજીમાં 'જીઓગ્રાફી'

(=ભૂગોળ)માં પહેલો ભાગ 'જીઓ' છે, એ જ પ્રથમ ભાગ અહીં પણ છે: 'ગીઓ' અથવા 'જીઓ' અને ગીઓર્ગોસ એટલે ભૂમિ ખેડનાર, અને ખરું તો 'ખેતર ખેડનાર' એટલે ખેડૂત. આ 'ગીઓર્ગોસ' શબ્દ નવા કરારમાં નીચે પ્રમાણે વપરાયો છે : માથ્થી ૨૧:૩૩; માર્ક ૧૨:૧,૭,૯; લૂક ૨૦:૯,૧૪,૧૬; યોહાન ૧૫:૧; ૨ તિમોથી ૨:૬; યાકૂબ ૫:૭. પણ ફક્ત યોહાન ૧૫:૧માં 'માળી' કર્યું છે.

પણ ગ્રીક સાહિત્યમાં કેટલેક ઠેકાણે 'ગીઓર્ગોસ' શબ્દનો અર્થ 'વાઇન ડ્રેસર' (=દ્રાક્ષવેલાની સંભાળ લેનાર) તરીકે કર્યો છે. એટલે એ ગ્રીક શબ્દના બે અર્થ નીકળે છે. 'વાઇન ડ્રેસર' એટલે માળી. ગુજરાતીમાં 'માળી' શબ્દ બે અર્થમાં વપરાયો છે : ફૂલો વેચનાર તે પણ 'માળી' અને ફૂલઝાડ ફળઝાડનો ઉછેર કરનાર, સંભાળ રાખનાર તેય 'માળી' કહેવાય.

હવે ખૂબી અહીં છે. યોહાન ૧૫:૧માં ખેતરની વાત નથી આવતી, માત્ર એક જ દ્રાક્ષવેલાની વાત આવે છે. અને ઈસુ ખ્રિસ્ત પોતે જ એ દ્રાક્ષવેલો છે; બીજા દ્રાક્ષવેલા સંભવી શકે જ નહિ. ખેડૂત એટલે દ્રાક્ષવેલાઓની–ખેતર ભરીને–ખેતી કરે તે. પણ અહીં એક જ દ્રાક્ષ-વેલાની વાત છે. એક જ દ્રાક્ષવેલાના માલિકને ખેડૂત કહી શકાય નહિ. જેમ ભારતમાં કોઈ કોઈ જગાએ કરવામાં આવે છે તેમ પાલે-સ્તાઈનમાં પણ ઘણાં ઘરોની આગળ કે પાછળ દ્રાક્ષવેલો રોપવામાં આવતો હતો. એ ઘરમાલિકોને ખેડૂત ન કહી શકાય; એવી જ કંઈક પરિસ્થિતિ યોહાન ૧૫:૧માં છે. એક જ દ્રાક્ષવેલો છે એટલે,–અને 'ગીઓર્ગોસ'નો અર્થ માળી પણ થતો હોઈને–યોહાન ૧૫:૧માં ખેડૂત ન લખતાં માળી લખ્યું તે ઉચિત છે, યથાર્થ છે. ''હું ખરો દ્રાક્ષ-વેલો છું અને મારો બાપ ખેડૂત છે.'' એવું લખાણ ગુજરાતી આંખને કે કાનને પ્રિય નહિ જ લાગે.

નવા કરારના રોમન કેથલિક તરજુમા **શુભસંદેશ**માં પણ બીજે બધે ખેડૂત કર્યું છે, પણ અહીં યોહાન ૧૫:૧માં માળી કર્યું છે તે જાણીબૂઝીને જ કર્યું છે અને તે વ્યાજબી છે.

દ્રાક્ષા કે દ્રાક્ષ, દ્રાક્ષાવાડી કે દ્રાક્ષવાડી બંને સરખા છે. ગુજરાતી ડિક્ષનેરીઓ બંને શબ્દ આપે છે. વળી વપરાશમાં પણ કોઈ દ્રાક્ષ વાપરે છે અને કોઈ દ્રાક્ષા. માત્ર પસંદગીની વાત છે.

## ૧૬ 'માન્ના' કુદરતી કે ચમત્કારિક ?

**પ્રશ્ન :** એક ભાઈનો પ્રશ્ન છે : અરણ્યમાં ઇઝરાયલીઓએ માન્ના ખાધું તે માન્ના અરણ્યની કુદરતી પેદાશ હતી કે ઈશ્વરે ચમત્કારિક રીતે તેમને આપ્યું ? ભાઈનું લખવું છે કે અંગ્રેજીમાં ઘણી ડિક્ષનેરીઓમાં (શબ્દકોશમાં) અને કોમેન્ટરીઓમાં (ભાષ્યોમાં કે વિવરણ ગ્રંથોમાં) આપેલું છે કે સિનાઈના અરણ્યમાં ઝાડોમાંથી માન્ના જેવો જ રસ ઝરે છે અને લોકો એને ખાય છે.

**જવાબ :** હા, એ વાત ખરી કે સિનાઈના પ્રદેશમાં થતાં કેટલાંક ઝાડોમાંથી આવો માન્ના જેવો રસ ઝરે છે. અને લોકો તેને ખોરાક તરીકે વાપરે છે. મિસરીઓ માન્નાસમા આ ખોરાકથી પરિચિત હતા. અને સિનાઈ પ્રદેશમાંથી તેઓ મંગાવતા હતા. ઉનાળામાં મે–જૂન માસમાં છ થી દશ અઠવાડિયાં સુધી આવો ખોરાક મળતો. એ ખોરાક માન્ના જેવો જ દેખાય છે. ઝરતી વખતે મેલા પીળા રંગનો હોય છે પણ પથ્થર પર પડ્યા પછી એ સફેદ બની જાય છે. એનો સ્વાદ પણ બાઇબલમાં વર્ણવેલા માન્નાના સ્વાદ જેવો હોય છે.

પરંતુ ઇઝરાયલીઓએ અરણ્યમાં જે માન્ના ખાધું તે તો ઈશ્વરે તેમને ચમત્કારિક રીતે પૂરું પાડ્યું હતું. ઇઝરાયલીઓએ પૂરાં ૪૦

વર્ષ સુધી દરરોજ આ ખોરાક ખાધો. તેઓ તેમની મુસાફરી મિસરમાંથી શરૂ થઈ તેના "બીજા માસના પંદરમા દિવસે" સીનના અરણ્યમાં આવ્યા. એ પછી બીજા દિવસથી જ માન્ના શરૂ થયું, તે ૪૦ વર્ષની મુસાફરી પૂરી કરી તેઓ યર્દન નદી ઓળંગીને ગિલ્ગાલમાં આવ્યાં અને એ દેશનું અન્ન ખાધું તેના બીજે દિવસે માન્ના વરસવું બંધ થયું (જુઓ નિર્ગમન ૧૬:૩૫,૪૦; પુન. ૮:૩, ૧૬; નહેમ્યા ૯:૨૦; ગીતશાસ્ત્ર ૭૮:૨૪ અને આખરે યહોશુઆ ૫:૧૦–૧૨).

(૧) એ અરણ્યમાં માન્ના જેવો, ઝાડોમાંથી કુદરતી રીતે મળતો ખોરાક વર્ષ દરમિયાન માત્ર ઉનાળાના એકએક મહિનામાં જ મળે છે, જ્યારે માન્ના તો શિયાળે-ઉનાળે બારે માસ મળ્યું.

(૨) ઝાડોમાંથી નીપજતા માન્ના જેવો કુદરતી ખોરાક, માત્ર સિનાઈના અરણ્ય વિસ્તારમાં જ થાય છે. જ્યારે માન્ના તો સિનાઈના અરણ્યમાં તેમ જ યર્દનના અગ્નિકોણના પ્રદેશો એટલે દક્ષિણ-પૂર્વ પ્રદેશોમાં ઇઝરાયલીઓને દરરોજ મળ્યું. જ્યાં જ્યાં પડાવ નાખ્યો ત્યાં બધે મળ્યું.

(૩) પેલો કુદરતી ખોરાક સારામાં સારા વર્ષે આખા સિનાઈ પ્રદેશોમાંથી આખા વર્ષની પેદાશ તરીકે માત્ર અર્ધો ટન જેટલો જ મળે છે. એ તો ફક્ત ૨૫૦ કે ૩૦૦ માણસોનો એક દિવસનો ખોરાક થયો. આમ, કુદરતી રીતે અરણ્યમાં આખા વર્ષ દરમિયાન નીપજતો માન્ના જેવો ખોરાક માત્ર અઢીસો માણસોને એક જ દિવસ ચાલે, જ્યારે ઇઝરાયલીઓ તો ૨૦ લાખ લોકો હતા. આટલા મોટા સમુદાયને (૨૦ લાખ લોકોને) કેટલો બધો ખોરાક 'માન્ના' જોઈએ ? દરરોજનો ૪૬૦૯ ટન ખોરાક જોઈએ. વીસ લાખ લોકો એટલે ભારતમાં વસતીની સંખ્યા પ્રમાણે છઠ્ઠા નંબરે આવતા અમદાવાદ શહેરની વસતી કરતાં વધારે લોકો થયા. ૧૯૭૧ની વસતી ગણતરી પ્રમાણે અમદાવાદમાં ૧૩ લાખ લોકો હતા. એ વધીને ૧૯૮૧માં

કદાચ ૨૦ લાખ થાય કે ૨૨ લાખ થાય. આટલા મહા સમુદાયને કેટલો બધો ખોરાક જોઈએ ! છતાં ઈશ્વરે તેમને નિયમિત દરરોજ જરૂરિયાત પ્રમાણે માન્ના પૂરું પાડ્યું.

ગણના ૧:૪૫,૫૬માં ઇઝરાયલી છાવણીની વસતી-ગણતરી આપી છે. એમાં લખ્યું છે: "વીસ તથા તેથી વધારે વર્ષની ઉંમરના જેટલા પુરુષો લડાઈમાં જવાને શક્તિમાન હતા, તેઓની ગણના ૭ લાખ ત્રણ હજાર પાંચસો ને પચાસની થઈ." આમાં લેવીના કુળના લડાયક જુવાનોને તો ગણ્યા નથી (ગણના ૧:૪૭,૪૮) આ ઉપરથી ગણતરી કરીએ તો ઇઝરાયલની કુલ વસતી વીસ લાખ કરતાં ઠીક ઠીક વધારે થાય.

એટલા બધા લોકોને (વીસ લાખને) દરરોજ કેટલું બધું માન્ના જોઈએ ! દરેકને એક ઓમેર (એટલે કે લગભગ સાડાચાર રતલ અથવા બે કિલોગ્રામ) માન્ના જોઈએ (નિર્ગમન ૧૬:૧૬). એ પ્રમાણે ૨૦ લાખ લોકોને સરેરાશ ૨૦ લાખ ઓમેર (અથવા ૯૦ લાખ રતલ અગર ૪૦ લાખ કિલોગ્રામ) માન્ના દરરોજનું જોઈએ. એટલે કે દરરોજ ૨,૭૦,૦૦૦ મણ અથવા ૪,૬૦૦ મેટ્રિક ટન માન્ના જોઈએ. આ તો એક જ દિવસનું !

ભારતીય રેલવેના ભારખાનાનાં સામાન્ય વેગન (ડબ્બા)ની ધારણશક્તિ (કેપેસિટી ૨૦ મેટ્રિક ટનની હોય છે. એક ભારખાનામાં સરેરાશ ૪૦ વેગન ગણીએ તો ૪,૬૦૦ ટન માન્ના ઉપાડીને લઈ જવા ચાલીસ ચાલીસ વેગનવાળાં આઠ ભારખાનાં (ગુડસટ્રેઈનો) જોઈએ ! આ ૨૦ લાખ ઇઝરાયલીઓના સમુદાયને દરરોજની જરૂરિયાતનું ૪,૬૦૦ ટન માન્ના પહોંચાડવાને દરરોજનાં આઠ ભારખાનાં દોડાવવાં પડે. વીજળીબળથી ચાલતાં ભારતનાં આધુનિક ભારખાનાંની ધારણશક્તિ (એક આખા ભારખાનાંની ધારણશક્તિ) ૨,૦૦૦ ટનની હોય છે. અમદાવાદથી વડોદરા તરફ જતાં ભારખાનાંની શક્તિ ૨,૦૦૦ ટનની, જ્યારે

વિરમગામ તરફ જતાં ભારખાનાંની ધારણશક્તિ ૧૮૦૦ ટનની હોય છે. એવાં આધુનિક ભારખાનાં પણ ત્રણ જોઈએ!

(૪) માન્‍ના દરરોજ વરસતું, માત્ર સાબ્બાથને દિવસે નહિ. એ પણ ચમત્કાર દર્શાવે છે. કુદરતમાં એવું ન હોય.

(૫) અઠવાડિયાના બાકીના દિવસોમાં વ્યક્તિ દીઠ એક ઓમેર કરતાં વધારે જો કોઈ એકઠું કરતું તો તેમાં કીડા પડતા અને ગંધાઈ ઊઠતું (નિર્ગ. ૧૬:૨૦), પણ છઠ્ઠે દિવસે (સાબ્બાથને આગલે દિવસે) તેમને વ્યક્તિ દીઠ બબ્બે ઓમેર માન્‍ના એકઠું કરવાનું હતું, અને એમાંથી અર્ધું સાબ્બાથ દિન માટે રાખવાનું હતું. પણ સાબ્બાથે એ બગડતું નહિ (નિર્ગ. ૧૬:૨૨-૨૯)! વળી ભવિષ્યની પેઢીઓને સ્મરણ અને સાક્ષી પેટે એક ઓમેર (બે કિલો) જેટલું માન્‍ના કરારકોશમાં રાખી મૂકવાનું ઈશ્વરે ફરમાવ્યું, એ માન્‍ના પણ બગડયું નહિ કે ગંધાઈ ઊઠયું નહિ. એ પણ ચમત્કારિક બીના.

(૬) ઈશ્વરે બક્ષેલું માન્‍ના શેકી શકાતું, બાફી શકાતું, અને એની રોટલી પણ બનાવી શકાતી; જ્યારે કુદરતી રીતે અરણ્યમાંથી મળતા પદાર્થની રોટલી બની શકતી નથી, એને શેકી કે રાંધી પણ શકાતું નથી.

(૭) ઈશ્વરે બક્ષેલું માન્‍ના ખોરાક તરીકે પૂરતા પ્રમાણમાં લઈ શકાતું, જ્યારે કુદરતી મળતો પદાર્થ મોટે ભાગે દવ ના રૂપમાં વપરાય છે, અને જો વધુ માત્રામાં લેવામાં આવે તો રેચ લાગે. એ ઠીક ઠીક રેચક હોય છે.

(૮) ઇઝરાયલ લોકો માનવી કે કુદરતી આધાર પર ભરોસો ન ટેકતાં સંપૂર્ણપણે ઈશ્વર પર જ આધાર રાખે, માટે ઈશ્વરે પોતે તેમને આ રસ્તે ચલાવ્યા, અને આખે રસ્તે ૪૦ વર્ષ સુધી માન્‍ના પૂરું પાડયું.

સિનાઈ પ્રદેશમાં ખોરાકની કોઈ વ્યવસ્થા નથી. એ આખો પ્રદેશ તદ્દન ઉજ્જડ, વેરાન અને ડુંગરાળ છે. ફળવૃક્ષો પણ નથી. માત્ર ક્વચિત જંગલી જૈતૂન અને રાની મધ મળે છે. મૂસા આ પ્રદેશથી અને એ પ્રદેશની આખી પરિસ્થિતિથી પૂરેપૂરો પરિચિત હતો, કારણ તેણે અગાઉ ૪૦ વર્ષ આ પ્રદેશમાં ગાળ્યાં હતાં. આ બધું જાણ્યા છતાં મૂસા, ઈશ્વરની દોરવણી પ્રમાણે, વીસ લાખ ઇઝરાયલીઓને આ ધોમધખતા ઉજ્જડખંખ પ્રદેશમાં દોરી લાવ્યો હતો, જેથી ઈશ્વરાધારનો પાઠ તેઓ પાકો ભણે. ઈશ્વરે આ પાઠ તેમને ૪૦ વર્ષ સુધી માન્ના પૂરું પાડીને પાકો ભણાવ્યો.

## ૧૭ રંજુ ગુમ થઈ ગઈ!

### (પ્રભુ ઈસુના આવવાની વેળાએ)

રવિવારની સવાર હતી. રાજ અને એની પત્ની રંજુ, થોડીવાર પર જ સવારની ભક્તિસભામાં જઈને આવ્યાં હતાં. આમ તો રાજને મંદિર કે ઈશ્વરમાં કંઈ ખાસ રસ નહોતો, પણ રંજુના વારંવારના આગ્રહથી તે કોઈ કોઈ વાર એની સાથે મંદિરે જઈ આવતો. બાકી તો રવિવારે એ ભલો અને એની કલબ ભલી, કે મિત્રોની મિજલસ ભલી!

મંદિરેથી આવીને રાજ રેડિયો પર મૂકેશનાં ગાયનો સાંભળતો આગલા ઓરડામાં બેઠો હતો. રંજુ વસ્ત્રો બદલવા અંદરના ઓરડામાં ગઈ હતી. એવામાં રેડિયો પ્રોગ્રામ એકાએક અટકી ગયો. “અમારો ચાલુ કાર્યક્રમ કારણસર બંધ કરવો પડે છે,” રેડિયોના સમાચારદર્શકે જાહેર કર્યું, “કેટલાક ગંભીર સમાચાર રજૂ કરવાના છે.” રાજ ખુરસી પાસે ખેંચીને ધ્યાનથી સાંભળવા લાગ્યો.

"હમણાં જ સમાચાર આવ્યા," સમાચારદર્શકે ચાલુ રાખ્યું, "ત્રણેક બસોના ડ્રાઈવરો ચાલતી બસે ગુમ થઈ ગયા છે. કેટલાક પેસેન્જરો પણ અલોપ થઈ ગયા છે, અને કંટ્રોલ વગરની બસો ઠેકાણે ઠેકાણે અથડાઈ પડી છે, અને કેટલાંય માણસો એ અકસ્માતોને લીધે મરી ગયાં છે, અને કેટલાંય ઘવાયાં છે. તેઓને હોસ્પિટલોમાં ખસેડવાની કાર્યવાહી ચાલી રહી છે. આ બધું શાને લઈને બન્યું તેનું કારણ જાણવા મળ્યું નથી. વધુ વિગતો જેમ જેમ આવતી જશે તેમ તેમ જણાવતા રહીશું."

રાજે છાપું હાથમાંથી ટેબલ પર મૂક્યું, અને બાજુની રૂમમાં ગયેલી રંજુને સંબોધીને કહેવા લાગ્યો, "રંજુ, સાંભળ તો ખરી! ભારે નવાઈના સમાચાર! શું બન્યું હશે?" પણ રંજુનો કોઈ પ્રત્યુત્તર આવ્યો નહિ. આથી રાજ ઊઠીને પાસેની જ રૂમ તરફ જવા લાગ્યો. એવામાં જ રેડિયો પર ફરી સમાચાર આવ્યા. એટલે એ ખુરસી પર પાછો બેઠો.

સમાચારદર્શકે ચાલુ રાખ્યું, "કેટલીક ઑટોરીક્ષાઓમાંથી પણ એમના ચાલકો અચાનક અદૃશ્ય થઈ ગયા છે. અને ચાલક વિનાની આ રીક્ષાઓએ ઠીક ઠીક અકસ્માતો સર્જ્યા છે?"

"હમણાં જ સમાચાર આવ્યા કે, વલસાડ તરફથી આવતી ગુજરાત ક્વિન નડિયાદથી આ તરફ નીકળી ચૂકી હતી. એવામાં તેનો ડી સીલ્વા નામનો ડ્રાઈવર અને રિચર્ડ નામનો ગાર્ડ બંને અચાનક ચાલતી ટ્રેને અદૃશ્ય થઈ ગયા છે. ટ્રેનના મદદનીશે સ્વિચ દાબીને ગાડીને થોભાવી દીધી હતી. કેટલાક મુસાફરો પણ ગુમ થઈ ગયાની વાત બહાર આવી છે. એને લીધે પેસેન્જરોમાં ઠીક ઠીક ઊહાપોહ જાગ્યો હતો."

"સમાચાર પર સમાચાર આવ્યે જ જાય છે." સમાચારદર્શકે

વિસ્ફારિત અવાજે કહ્યું, "દેશભરમાં કેટલીક ટ્રેનોને આવું જ થયું છે. ટી. ડબ્લ્યુ. એ. એરલાઇન્સનું ન્યૂયોર્કથી આવતુ વિમાન ફ્લાઈટ નં. ૧૧૧, નિયુક્ત સમય કરતા ખૂબ મોડું મુંબઈ આવ્યું. વિમાન ૩૦,૦૦૦ ફૂટ ઊંચે ઉડ્ડયન કરતું હતું તેવામાં એનો પાઇલટ, એર હોસ્ટેસ (પરિચારિકા) અને કેટલાક પેસેન્જરો અચાનક ગુમ થયા છે. મદદનીશ ચાલકે કેટલીક તકલીફ પછી વિમાનને મુંબઈ એરપોર્ટ પર ઉતાર્યું છે. આવનાર એર ઇન્ડિયા ફ્લાઇટના હજી કંઈ સમાચાર નથી."

"મુંબઈ–પૂણે વચ્ચેના ધોરી માર્ગ પર ચાલક વગરની કેટલીયે ટુરિસ્ટ ગાડીઓ એકબીજા સાથે અથડાઈ પડી છે, અને રસ્તો જામ થઈ ગયો છે. આ બધા મોટરમાલિકો કે હાંકનાર ડ્રાઈવરોનું અચાનક શું થયું? ક્યાં ગયા? એ વિષે કંઈ ખબર પડતી નથી. દેશભરમાં શહેરેશહેર અને ગામેગામ થયેલા આવા અકસ્માતોથી જાહેરજનતા અને અધિકારીઓ ભારે મૂંઝવણમાં મુકાઈ ગયા છે."

રાજ સાંભળવામાં તલ્લીન બની ગયો હતો. એવામાં બારણાની ઘંટડી રણકી. રાજે ઉઘાડયું, તો પડોશમાંથી મિ. પિટર્સ હાંફળા-ફાંફળા ધસી આવ્યા અને પૂછવા લાગ્યા, "અમારો જીતુ અહીં આવ્યો છે? ક્યારનાં શોધીએ છીએ પણ દેખાતો જ નથી, જીતુ ચર્ચમાંથી છૂટીને ઘેર આવ્યો, અને પાણી પીવા રસોડામાં ગયો. પછી દેખાયો જ નહિ. એનાં પહેરેલાં વસ્ત્રોનો ઢગલો પડયો છે; પણ જીતુ દેખાતો જ નથી. મંગળવારે તો એનાં લગ્ન લેવાનાં છે."

"કદાચ એની ભાવિ પત્ની શોભનાને મળવા તો નહિ ગયો હોય?" રાજે કહ્યું, "ત્યાં તપાસ કરી?"

"હા, ત્યાં ફોન કર્યો તો શોભનાએ જ જવાબ વાળ્યો કે ચર્ચમાં ગયા હશે એટલે આજે તો હજી અહીં આવ્યા જ નથી," એમ કહી પિટર્સ ત્યાંથી બીજે તપાસ કરવા નીકળી ગયા.

એવામાં રાજના પરમ સ્નેહી શ્રી. મસીહચરણ ઝડપથી આવ્યા. પડોશમાં આવેલી મિસ્પાહ ક્રિશ્ચિયન સોસાયટીમાં એ રહેતા હતા. આવ્યા એવા જ હંમેશની રીત પ્રમાણે શબ્દોનો ધોધ વહેતો મૂકયો,

“સાંભળ્યું ? હમણાં જ રેડિયો પર આવ્યું, બી. બી સી. વોઈસ ઑફ અમેરિકા, સોવિયેત સમાચાર સંસ્થા તાસ, વગેરે બ્રોડકાસ્ટિંગ સંસ્થાઓ પરથી સંદેશા પર સંદેશા આવે જ જાય છે. અમેરિકામાં, યુરોપમાં, અને ઘણા બધા દેશોમાં હજારો માણસો ઓચિંતાં અલોપ થઈ ગયાં છે. વાહનવ્યવહાર ખોટકાઈ પડયો છે. રસ્તાઓ પર હજારો મોટરો અથડાઈ અથડાઈને ભંગારના ખડકલા ખડકાયા છે, ધોરી માર્ગ પણ આવા ભંગારને લીધે બંધ પડયા છે. શહેરી ટેલિફોન ઑફિસોમાં ફરજ પરના સેંકડો કર્મચારીઓ ગુમ થવાથી ટેલિફોન વ્યવહાર પણ કપાઈ ગયો છે. પાવર-હાઉસોમાંથી પણ કઈ કેટલાયે કર્મચારીઓ ગુમ થવાથી ઠેકાણે ઠેકાણે વીજળીક પ્રવાહ ભંગાણ થયાં છે.”

“ભારે તાજુબીભર્યા સમાચાર ! આ બધું શું બની રહ્યું છે ?” રાજે કહ્યું અને રસોડા તરફ નજર કરી રંજુને હાંક મારી, “રંજુ, એ રંજુ, જરા બે પ્યાલા સરસ મઝાની ચા બનાવી લાવ તો. આપણા સ્નેહી મસીહચરણ આવ્યા છે.”

પણ રંજુનો અવાજ ન આવતાં રાજ રસોડામાં ગયો. પણ રંજુ ત્યાં નહોતી. અંદરના ઓરડામાં ગયો ત્યાંએ રંજુ નહોતી. બહાર કિચન-ગાર્ડનમાં તપાસ કરી, પણ રંજુ મળે જ શાની ! રસોડાના વરંડામાં જોયું તો રંજુનાં પહેરેલાં વસ્ત્રોની ઢગલી પડી હતી. બેબાકળા બનેલા રાજે રંજુના ભાઈ બિજુ પર ફોન કર્યો.

રંજુનાં ભાઈ-ભાભી, બિજુ અને બિંદા, તેમ જ તેમની બેબી રીટા અહીંથી પચાસેક ડગલાં છેટે રહેતાં હતાં. બિંદાને દશેક દિવસ

પર અકસ્માત નડયો હતો. અને એનો પગ ભાંગી ગયો હતો, તેથી પ્લાસ્ટરકાસ્ટમાં તેનો પગ મૂકયો હતો, અને તે પથારીવશ હતી.

રાજે બિજુને ફોન પર જણાવ્યું, "રંજુ દેવળમાંથી આવ્યા પછી કયાંયે દેખાતી નથી. શકય સ્થળોએ શોધ કરી, પણ પત્તો નથી. ત્યાં બિંદા બહેનને મળવા તો નથી આવી ને?"

બિજુએ ફોન પર કહ્યું, "ના, રંજુ અહીં નથી આવી. બહાર નીકળતાં મેં બારણે મારેલું તાળું એમનું એમ જ હતું. મેં જ આવીને ઉઘાડયું બિંદા તો પથારીમાં જ હોય છે. હું રીટાને સન્ડે સ્કૂલમાંથી લેવા ચર્ચ પર ગયો હતો. પણ ત્યાં તો બહુ નવાઈની વાત બની છે. રીટા ત્યાં છે જ નહિ. સન્ડે સ્કૂલનાં અર્ધા જેટલાં બાળકો ચાલતા વર્ગોમાંથી અચાનક અલોપ થઈ ગયાં છે. અને એમનાં વસ્ત્રો અને ગીત–બાઇબલ પડી રહ્યાં છે. લેવા આવેલાં કેટલાંક માબાપો તો પોતાનાં બાળકો ન મળતાં ખૂબ ગુસ્સે થઈ ગયાં છે, અને પાસ્ટર સાહેબ સાથે ઝઘડે છે. સન્ડે સ્કૂલના કેટલાક શિક્ષકો પણ ઓચિંતા અદૃશ્ય થઈ ગયા છે. તેઓ અદૃશ્ય થયા એવામાં જ કહે છે કે કેટલાકે તેમને બધાંને બોલતા સાંભળેલા કે, "એ છેલ્લું રણશિંગું વાગ્યું! એ ગર્જના થઈ. ઈસુ આવ્યા." ખુદ પાસ્ટર સાહેબનાં પત્ની અને તેમનો નાનો દીકરો પણ ગાયબ થઈ ગયાં છે."

"અને હું ત્યાં ઊભો હતો એટલામાં જ કબ્રસ્તાનના પગીની સ્ત્રી દોડતી આવી, અને પાસ્ટર સાહેબને કહેવા લાગી કે 'આશરે દશેકના સુમારે ઓચિંતી કેટલીયે કબરોમાં ફાટ પડી ગઈ છે, કેટલીક ઊઘડી ગઇ છે. કોણ જાણે શું થયું! આ જુઓને. પાસ્ટર સાહેબ, માગ વર દેવળેથી આવીને કબ્રસ્તાનની ઓતરાતી દીવાલ પાસે બાગમાં ગોડ કરતા હતા, અને કોણ જાણે એકાએક અલોપ થઈ ગયા. એમના હાથમાંની કોદાળી અને એમનો લેંઘો ત્યાં જ પડયાં

રહ્યાં છે. હું જોતી હતી એવામાં જ એ ગાયબ થઈ ગયા. ક્યાં ઊડી ગયા, શું થયુ, એ ખબરેયે ના પડી, હા, એ એટલું જ બોલેલા કે "હાલેલૂયા, એ છેલ્લું રણશિંગડું વાગ્યું ! એ વરરાજા આવ્યા !"

"રાજ, કોણ જાણે શું બની રહ્યું છે?" ફોન પર બિજુ બોલી રહ્યો હતો, "રીટા નથી મળતી એટલે હું તો ખૂબ ચિંતામાં પડી ગયો છું..અરે! ..ઓ બાપરે!... બિંદાની પથારી પણ ખાલી પડી છે ને! બિંદાનું શું થયુ! પથારીમાં તો નથી! એના પગનું પ્લાસ્ટરકાસ્ટ અને એનાં વસ્ત્રો પથારી પર જ પડેલાં"... એવામાં ફોન–કપાઈ ગયો.

રાજ તો અવાક બની ગયો! હવે શું કરવું તેય સૂઝે નહિ. સોફા પર રંજુનું બાઇબલ પડયું હતું. બેધ્યાનમા એ ઉપાડીને જોવા લાગ્યો. પત્તું મૂકયું હતું ત્યાં ખોલ્યું તો કેટલીક કલમો પર રંજુએ જાડી જાડી લાલ લીટી મારી હતી. એ કલમોના શબ્દો નીચે પ્રમાણે હતા:

"જુઓ, હું તમને એક રહસ્ય કહું છું : આપણે સર્વ ઊંઘીશું નહિ, પણ છેલ્લું રણશિંગડું વાગતાં જ એક ક્ષણમાં, આંખના પલકારામાં, આપણ સર્વનું રૂપાંતર થઈ જશે; કેમ કે રણશિંગડું વાગશે, અને મૃત્યુ પામેલાં અવિનાશી થઈને ઊઠશે, અને આપણું રૂપાંતર થઈ જશે" (૧ કોરીંથી. ૧૫:૫૧, ૫૨). આ કલમો સામે હાંસિયામાં રંજુએ લખ્યું હતું, "જુઓ ૧ થેસ્સા. ૪:૧૬, ૧૭." રાજે એ કલમો કાઢી ત્યાં પણ જાડી લાલ લીટી કરેલી હતી. એ કલમો રાજે વાંચી : "કેમ કે પ્રભુ પોતે ગર્જના સહિત, પ્રમુખ દૂતની વાણી સહિત આકાશમાંથી ઊતરશે; અને **ખ્રિસ્તમાં જેઓ મૃત્યુ પામેલાં છે** તેઓ પ્રથમ ઊઠશે; પછી આપણામાંનાં જેઓ જીવતાં રહેનારાં છીએ તેઓ ગગનમાં પ્રભુને મળવા સારુ તેઓની સાથે વાદળાંમાં તણાઈ જઈશું, અને એમ સદા પ્રભુની સાથે રહીશું."

એની સામે પણ હાંસિયામાં રંજુએ લખ્યું હતું જુઓ, પ્રકટી-

કરણ ૨૦ : ૪બ, ૫, ૬. રાજે એ જગા કાઢી. ત્યાં પણ રંજુએ લાલ પેનથી જાડી લીટી મારી હતી. એ કલમોમાં આમ હતું:

"...તેઓ જીવતા થયા, અને ખ્રિસ્તની સાથે હજાર વર્ષ રાજ કર્યું. મૃત્યુ પામેલામાંનાં જેઓ બાકી રહ્યાં તેઓ તે હજાર વર્ષ પૂરાં થતાં સુધી જીવતાં થયાં નહિ, એ જ પહેલું પુનરુત્થાન છે. પહેલા પુનરુત્થાનમાં જેને ભાગ છે તેને ધન્ય છે તથા પવિત્ર છે. એવાઓ પર બીજા મરણનો અધિકાર નથી; પણ તેઓ દેવના તથા ખ્રિસ્તના યાજક થશે, અને તેની સાથે હજાર વર્ષ રાજ કરશે."

એ વાંચ્યા પછી તો રાજ પોશ પોશ આંસુએ રડયો. એ દિવસે તો એણે ખાધું જ નહિ અને ડૂસકાં ભરતો ભરતો જ ઊંઘી ગયો.

* * *

ઉપરની બીનાને મહિનોએક થવા આવ્યો છે. શરૂ શરૂના દિવસો તો રેડિયો પર અને અખબારોના મથાળે આજ સમાચારો અને એને લગતી વાતો જ ચમક્યા કરતી હતી. છાપાં અને સામયિકોમાં "આ શું બન્યું હશે?" "કેમ બન્યું હશે?" એ વિષયો પર જ પાનાં ભરાતાં. હવે બધું ઠંડું પડી ગયું છે. દુનિયા રાબેતા મુજબ પાછી હવે ચાલતી થઈ ગઈ છે.

* * *

આજે રવિવાર છે. રાજ કલબમાં મિત્રો સાથે પાનાં રમતો બેઠો છે. એવામાં એનો દોસ્ત મસીહચરણ આવ્યો, અને કહેવા લાગ્યો, "રાજુ, તું કહ્યા કરે છે કે ઈસુ ખ્રિસ્ત સ્વર્ગથી ઊતર્યા, અને એમના લોકો એમને મળવાને ગગનમાં તણાઈ ગયા. પણ એ બધુ જૂઠું છે અમારી મિસ્પાહ ક્રિશ્ચિયન સોસાયટીમાંથી તો કોઈ જ નહિ, એક કહેતાં એક વ્યક્તિ પણ ગુમ થઈ નથી. એવું જ અમારી પાસેની શાલેમ થીઓલોજિકલ સેમિનરીમાં સૌ કોઈ અકબંધ છે. કોઈ ખવાયું નથી. ઈસુ આવ્યા જ હોય તો એ બધાં ઉપર ના ચઢી ગયાં હોત?

"વળી લે, આ વાંચ અમેરિકન, રશિયન અને અનેક બીજા પ્રખર સાયન્ટિસ્ટોનાં લખાણો, તેમના અભિપ્રાયો, જો લે. આ રશિયન એસ્ટ્રોનોટ અને મહાન સાયન્ટિસ્ટ મોલોટોવ કાર્લોવનો અભિપ્રાય વાંચ:

**લાગે છે કે અવકાશના કોઈ ગ્રહમાંથી પ્રકાશના ઝગારા મારતી અગણિત ઊડતી રકાબીઓ એ દિવસોમાં પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશી હતી. તેમણે કેટલાંક ભારે ચુંબકીય યંત્રો ચલાવ્યાં હતાં. અને એને કારણે અમુક રાસાયણિક ખાસિયાતો ધરાવતી વ્યક્તિઓ પૃથ્વીના ગુરુત્વાકર્ષણના પટમાંથી ઉપર ખેંચાઈ ગઈ હતી. મૂળે આ બાબત...**

અને લે, આ વાંચ, અમેરિકાના વિશ્વવિખ્યાત ખગોળવિદ ડૉ. જોન્સ સ્મીટલનું મંતવ્ય :

**વિશ્વમંડળમાં બ્રહ્માંડના ક્ષિતિજ પરની કોઈ નેબ્યુલા (નિહારિકા-કરોડો જોજન દૂરના તારાસમૂહની પ્રકાશગંગા) ફરતી ફરતી કોઈ અગમ્ય કારણ આપણા સૂર્ય-મંડળની ઠીક ઠીક નજદીક આવી ગઈ હતી, અને એનાં કેટલાંક પ્રગાઢ ચુંબકીય તત્ત્વોથી અમુક રાસાયણિક વિશિષ્ઠતા ધરાવતા પૃથ્વીના માનવો એ નેબ્યુલામાં ઉપર ખેંચાઈ ગયા છે. સંભવ છે કે ..**

"અને જો, આ જર્મન એસ્ટ્રોનોમરની...

## ૧૮ મગ્દલાની મરિયમ પાપિણી સ્ત્રી હતી?

**પ્રશ્ન :** લૂક ૮:૧-૩માં લખ્યું છે કે મગ્દલાની મરિયમમાંથી સાત ભૂત કાઢવામાં આવ્યાં હતાં. એટલે એનો અર્થ એ જ થયો ને કે એ પતિત સ્ત્રી હતી? આપ ખુલાસો કરશો.

**જવાબ :** મગ્દલાની મરિયમ પાપિણી કે પતિતા સ્ત્રી નહોતી. અને કેટલાક કહે છે કે એ વેશ્યા જીવન જીવનારી ભ્રષ્ટ સ્ત્રી હતી, પણ પ્રભુ ઈસુએ તેને શુદ્ધ કરી એ વિધાન જરાયે સાચું નથી. મરિયમમાંથી ભૂત કાઢવામાં આવ્યાં એનો અર્થ જ એમ થતો નથી કે એ પતિતા સ્ત્રી હતી. આ મરિયમ તો વિશુદ્ધ મનની, મૃદુ હૃદય અને પ્રેમાળ સ્ત્રી હતી.

જે ધોરણે બધાં જ માણસ 'પાપી' છે, એ ધોરણે મરિયમ પણ 'પાપી' ખરી, અને જેમ સૌ કોઈને ઈસુ દ્વારા શુદ્ધ થવાની જરૂર ખરી, તે જ રીતે મરિયમ પણ પ્રભુ ઈસુથી શુદ્ધ થઈ હતી.

'સાત ભૂત કાઢયાં' એ તરજુમો ખોટો છે. એનામાંથી "સાત અશુદ્ધ આત્મા કાઢયા" એમ લખાવું જોઈએ. ગ્રીકમાં અહીં 'ન્યુમાતોન પોનેરોન' એટલે 'અશુદ્ધ અથવા ભૂંડા આત્માઓ' છે. વળી એ જ કલમમાં મરિયમના સંબંધમાં વપરાયેલો ગ્રીક શબ્દ 'દાયમોનિયા'નું ગુજરાતીમાં 'ભૂતો' કર્યું છે. પણ ગ્રીકના આ બંને શબ્દોને ગુજરાતીમાં વપરાતા ભૂત શબ્દ સાથે સ્નાનસૂતકનો સંબંધ નથી.

'ભૂત'ને બદલે 'દુષ્ટાત્મા' એમ તરજુમો થવો જોઈએ. નવા કરારમાં ગ્રીકમાં આ બે શબ્દો વપરાયા કરે છે, પણ ભારતીય શબ્દ 'ભૂત'નો અર્થ એમાંના એકેમાં નથી. ત્યાં એમનો અર્થ શેતાનના ભૂંડા કે દુષ્ટ આત્માઓ થાય છે.

શેતાન પોતાનાં ભૂંડાઈનાં આ લશ્કરો ("દુષ્ટતાનાં આત્મિક લશ્કરો" એફેસી. ૬ : ૧૨) દ્વારા માણસોને હેરાન કરે છે, શરીરોને વિકૃત કરે છે, અને માણસોની માનસિક સ્થિતિ કફોડી બનાવે છે. સારાં ધાર્મિક માણસોને પણ શેતાનના ભૂંડા આત્માઓ આ રીતે કબજે લઈ હેરાન કરી શકે છે. મરિયમને પણ એમ સાત દુષ્ટાત્માઓએ જકડમાં લીધી હતી, અને એની માનસિક દશા દયાજનક

કરી હતી. પ્રભુ ઈસુએ તેને આ અશુદ્ધ આત્માઓની જકડમાંથી મુક્ત કરી.

પહેલી સદીની ખ્રિસ્તી મંડળીના ધર્મપિતૃઓનાં લખાણોમાં કોઈ જગાએ લખાયું નથી યા ઉલ્લેખ સરખોયે કરાયો નથી કે મરિ-યમ પતિતા કે વેશ્યા હતી. અલેકઝાંડ્રિયાનો કલેમેન્ટ, તર્તુલિયન, ઈરેનિયસ, ઓરેગન, થીઓફિલસ, મકારિયસ, ક્રિસોસ્તમ, થીઓફિલેકટ—એ બધા મંડળીના મહા-આગેવાનો એ વાતને એટલે કે મરિયમ પતિતા હતી એ વાતને નકારી કાઢી છે. આપણા જમાનાના ઊંડા બાઇબલ અભ્યાસીઓ પણ આ વાતને નકારી કાઢે છે.

મરિયમ પતિતા સંભવી જ ન શકે, એની ત્રણ સાબિતીઓ બાઇબલમાંથી મળી આવે છે.

(क) નવા કરારમાં પાપિણી સ્ત્રીઓ વિષેના ત્રણ હૃદયદ્રાવક બનાવો નોંધેલા છે, પણ આ ત્રણેય જગાએ પાપિણી સ્ત્રીનું નામ આપવામાં આવ્યું જ નથી. (૧) વ્યભિચારમાં પકડાયેલી સ્ત્રી (યોહાન ૮:૧–૧૧), (૨) સૈખારના કૂવાવાળી પાંચ પતિ અને છઠ્ઠા પર-પુરુષ-વાળી સ્ત્રી (યોહાન ૪:૧–૪૨), અને (૩) ઈસુને પગે અત્તર ચોળવા આવેલી અજાણી સ્ત્રી (લૂક ૭:૩૬–૫૦). આ ત્રણે પાપિણી સ્ત્રીઓ-માંથી કોઈનુંયે નામ દયાળુ પ્રભુ ઈસુએ રજૂ કર્યું નથી, જ્યારે મરિયમનું નામ તો વારેવાર આપવામાં આવેલું છે.

(ख) લૂક ૭:૩૬–૫૦માં પાપિણી સ્ત્રી વિષે લખ્યા પછી તરત ૮:૧–૨માં મગ્દલાની મરિયમની ઓળખાણ આપવામાં આવી છે, જાણે કે અગાઉ એની વાત આવી જ ન હોય. એ બતાવે છે કે પેલી અજાણ પાપિણી સ્ત્રી અને આ મગ્દલાની મરિયમ અલગ અલગ વ્યક્તિ છે.

(ग) મગ્દલાની મરિયમની ગણના સારી અને ખાતીપીતી ખાનદાન

સ્ત્રીઓમાં થયેલી જોવા મળે છે. પ્રભુ ઈસુની સેવા કરનારી સ્ત્રીઓમાં મરિયમનું નામ મોખરે હોય છે. જો મરિયમ અગાઉ વેશ્યા હોત તો ઈસુના સંઘ વિષે બદનામી ઊભી થાત. "જુઓ વેશ્યાઓનો મિત્ર."

તો પછી મગ્દલાની મરિયમ પતિતા કે વેશ્યા હતી એવી માન્યતા ક્યાંથી ઘૂસવા પામી? રોમન કેથોલિકોએ ચૌદમી સદીથી માંડીને પતિતા સ્ત્રીઓ માટે જે આશ્રમો કે આશ્રયધામો બાંધ્યાં તેમને તેઓએ 'માગ્દાલિન ગૃહો' નામ આપ્યું. આવાં ગૃહો ઈટાલીના નેપલ્સમાં (૧૩૨૪માં), ફ્રાન્સના પારી(સ)માં (૧૪૯૨), મેન્ત્ઝમાં (૧૫૪૨), અને બોર્દુકસમાં (૧૬૧૮) બંધાયાં હતાં. એ પછી તો દુનિયાભરમાં એવાં ગૃહો ઊભાં કરવામાં આવ્યાં. આવા બિનજરૂરી શબ્દપ્રયોગ દ્વારા મરિયમ બદનામ થઈ.

વળી યુરોપના કલાકારોએ મગ્દલાની મરિયમનાં દોરેલાં ચિત્રોમાં તેને રામજણી કે નાચનારી વેશ્યાનાં વસ્ત્રો–આભૂષણો અને લક્ષણોમાં ચીતરવામાં આવી છે. એટલે પણ ગેરવાજબી રીતે મરિયમ બદનામ બની. પછી તો મોટા ભાગના લોકો જાણ્યાસમજ્યા વગર એવી માન્યતાને પકડી બેઠા.

પણ આ બધી ગેરસમજણો મરિયમ અને "સાત ભૂતો"માંથી ઊપજી છે પણ એ માન્યતામાં કંઈ તથ્યાંશ નથી.

## ૧૯ અન્યાયીપણાના દ્રવ્યથી મિત્રો કરી લેવા એટલે શું?

**પ્રશ્ન :** પ્રભુ ઈસુ "અન્યાયીપણાના દ્રવ્યથી મિત્રો કરી લો," એમ કહે છે એટલે શું? આ સલાહ વાજબી છે?

**જવાબ :** પ્રભુ ઈસુનાં બધાં દૃષ્ટાંતોમાં આ સૌથી અઘરું છે.

લૂક ૧૬:૧–૩માં એ આવેલું છે. પ્રભુ ઈસુ શું કહેવા માગતા હતા તે સ્પષ્ટ થતું નથી, એટલે એના કેટલાયે જુદા જુદા અર્થ કરવામાં આવ્યા છે. વાચકોને તથા પ્રશ્ન પૂછનારા ચારેય ભાઈઓને હું મારા જવાબથી સંતોષ આપી શકીશ કે કેમ?

પ્રથમ તો આખું દૃષ્ટાંત જોઈ લઈએ. આ દૃષ્ટાંતને "અન્યાયી કારભારી" અથવા "લબાડ કારભારી"નું દૃષ્ટાંત કહેવામાં આવે છે. આ અવિશ્વાસુ કારભારી શેઠના આખાયે વેપારની એકહથ્થુ સત્તા ધરાવતો હતો. મારવાડી શેઠની જેમ કદાચ આ શેઠ વાંચી–લખી જાણતો એટલે, એને બધો આધાર આ કારભારી પર રાખવો પડતો. એટલે જ કારભારી જે કાળાંધોળાં ખાનગીમાં કરતો તેની શેઠને ખબર પડતી નહિ.

પણ લાંબે સમયે વહેતી વાતોમાંથી શેઠને ખબર પડી કે કારભારી લબાડવેડા કરે છે, અને હિસાબ–કિતાબમાં ગોટાળા ગબડાવે છે. એટલે શેઠે એને છૂટા થવાની નોટિસ આપી. આથી કારભારી ગભરાયો, અને જેમની પાસે શેઠનું માગતું નીકળતું હતું તેમનાં બધાંનાં ખાતાંમાંની રકમ અથવા માલ ઓછાં કરાવી એ બધા લોકોની મહેરબાની તેણે જીતી લીધી, જેથી નોકરીમાંથી છૂટા થયા પછી એ બધા લોકો એને આશરો આપે અથવા મહેરબાની રાખે. શેઠે આ કારભારીની યુક્તિભરી ચાલને વખાણી. 'વખાણી' એટલે એવી ચાલને નૈતિક રીતે ઉત્તમ ગણી એમ નહિ, પણ એની બુદ્ધિ, ચાલાકી અને હોશિયારીને વખાણી.

क "અન્યાયીપણાના દ્રવ્ય"થી મિત્ર કરી લો જેથી સદાકાળના માંડવામાં તેઓ તમને આવકારે (૧૬:૯). એક જૂથ એનો ખુલાસો આમ કરે છે: 'અન્યાયીપણાનું દ્રવ્ય' એટલે અનિતિનું દ્રવ્ય. 'સદાકાળના માંડવા' (ઈટરનલ હેબિટેશન) એટલે નર્ક, એ અનીતિથી તમે સ્વર્ગે નહિ પણ નર્કે જશો. આ મત માનનારા લોકો કહે છે કે 'સદાકાળ' કે 'અનંતકાળ'નું રહેઠાણ બાઇબલમાં નર્ક માટે સૂચવેલું છે. "અનંતકાળ સુધી રડવું તથા દાંત પીસવું થશે" ઇત્યાદિ. પણ

અનંતકાળનું ધામ નર્ક માટે જ નહિ, પણ સ્વર્ગ માટે પણ વપરાયું છે.

ખ બીજો એક મત કહે છે કે 'અન્યાયીપણાનું દ્રવ્ય' એટલે અનીતિ કે ખોટી રીતે પ્રાપ્ત કરેલું દ્રવ્ય એવો અર્થ નથી. ઈસુએ બધા જ પ્રકારની મિલકત, પૈસો કે દ્રવ્ય માટે આ શબ્દપ્રયોગ કર્યો છે. નવા કરારમાં દુનિયાની બધા પ્રકારની મિલકત કે જેની ઉપર લોકો પોતાનું ચિત્ત ચોંટાડે છે તેને માટે 'દ્રવ્ય' શબ્દપ્રયોગ વપરાયો છે. એમાં દુનિયાનાં બધાં ભૌતિક વાનાંનો સમાવેશ થાય છે.

આ પક્ષનું કહેવું આવું છે. આ પૃથ્વી પરના દ્રવ્યથી લોકોની મહેરબાની અને પ્રેમ સંપાદન કરી લો. તમારી પાસે દોલત કે પૈસો હોય તો તે દ્વારા દાનધર્મ કરો, સખાવતી કામો કરો, (દવાખાનાં, શિષ્યવૃત્તિ, અનાથોને આશરો, વગેરે વગેરે).

પ્રભુ ઈસુએ આ દૃષ્ટાંત લોકોને એટલે કે જાહેર જનતાને નહિ, પણ પોતાના શિષ્યોને કહ્યું (૧૬:૧). તમારું ધાર્મિકપણું કે ખ્રિસ્તીપણું આવાં પરગજુ કાર્યો દ્વારા ફળવંત બને, જેથી "જ્યારે એ થઈ રહે" એટલે કે પૃથ્વી પરનું તમારું જીવન પૂરું થાય ત્યારે અનંતકાળિક સ્વર્ગીય ઘરમાં તમને સ્થાન મળે.

અહીં 'પુણ્યકર્મો દ્વારા' સ્વર્ગે જવાની વાત નથી, પણ પ્રભુ ઈસુ જેવું પરમાર્થી–પારકાનું હિત ઇચ્છનારું, પડોશી પર પોતાના જેવો પ્રેમ કરનારું–જીવન બનાવવાની વાત છે.

કલમ ૮ દ્વારા પ્રભુ ઈસુ શીખવવા માગે છે કે દુનિયાદારીના દીકરાઓ અને વેપારીઓ જેને દોલત કે ખજાનો માને છે, તેને માટે તેઓ કેટલું બધું મથન કરે છે અને પરિશ્રમ ઉઠાવે છે, અને કેવા કાવાદાવા તથા યુક્તિપ્રયુક્તિ કરે છે! એમ જ જો તમારા ધાર્મિક જીવન સંબંધી એટલીયે તમે ચીવટ રાખો તો તમે કેવા ખરા ખ્રિસ્તી

બનો અને સ્વર્ગને લાયક બનો ! પ્રાર્થના, મનન, શાસ્ત્રાભ્યાસ—એ બધાં માટે આપણે કેટલો થોડો સમય આપીએ છીએ !—એ બધાં પર કેટલું થોડું ચિત્ત લગાડીએ છીએ ! "કરણીઓ વગર વિશ્વાસ નિર્જીવ છે" (યાકૂબ ૨ : ૨૦, ૨૬). વેપારીઓ પોતાના ધંધા–વેપાર માટે જેટલી કાળજી રાખે છે અને પરિશ્રમ કરે છે, તેટલું ખ્રિસ્તીઓ પોતાના આત્મિક જીવન સંબંધી કરતા હોત તો આસમાન–જમીનનો ફરક પડત.

કલમ ૧૧ અને ૧૨માં **"અન્યાયી દ્રવ્ય"** અને **'ખરું દ્રવ્ય' 'પરાયું દ્રવ્ય'** અને **'તમારું પોતાનું'** એ શબ્દપ્રયોગો દ્વારા પ્રભુ ઈસુ કહેવા માગે છે કે, આ પૃથ્વી પર આપણી જે કાંઈ માલમિલકત, સરસામાન કે વહીવટ છે એ આપણું નથી, એ **પારકું** છે. ઈશ્વરે વહીવટ માટે આપ્યું છે. આપણે તો માત્ર એના કારભારી છીએ, અને આપણે માત્ર કારભારું કરવાનું છે, એનો હિસાબ આપવાનો છે. એ કારભારમાં આપણે વિશ્વાસુ માલૂમ પડીએ તો જ આપણા ધણી પ્રભુના આનંદમાં પેસવાનું મળે. **'ખરું દ્રવ્ય'** એ સ્વર્ગીય ખજાનો, સ્વર્ગનો વાસ, ખ્રિસ્તમાંનો વારસો છે, અને એ **'આપણું પોતાનું'** દ્રવ્ય પ્રભુ ઈસુના ઉદ્ધારક કાર્ય દ્વારા આપણું બન્યું છે.

આ દૃષ્ટાંતમાં બીજું પણ એક શિક્ષણ છે. દ્રવ્ય અથવા દુન્યવી વાનાં પ્રત્યેનું આપણું દૃષ્ટિબિંદુ કેવું હોવું જોઈએ તે અહીં આડકતરી રીતે શીખવ્યું છે. ત્રણ પ્રકારનું દૃષ્ટિબિંદુ સેવી શકાય : (૧) આ છે **સંન્યાસી-સાધુઓનું દૃષ્ટિબિંદુ.** પૈસો, દુન્યવી વાનાં નાપાક છે; પૈસાનો સ્પર્શ અશુદ્ધ કરનારો છે. એનાથી દૂર જ રહેવું સારું. દુનિયા બધી પાપપૂર્ણ છે, એટલે એને ત્યાગવી સારી, આ ખ્રિસ્તી શિક્ષણ નથી. (૨) **પૈસો એ જ પરમેશ્વર.** દ્રવ્યથી જ દુનિયા ચાલે. તેથી એકઠો કરાય તેટલો પૈસો એકઠો કરો. પછી "ખા, પી, અને મઝા કર." આ પણ બાઇબલનું શિક્ષણ નથી. કલમ ૧૩ કહે છે, "દેવની તથા દ્રવ્યની સેવા તમે કરી શકતા નથી," "કોઈ ચાકર

બે ધણીની ચાકરી કરી શકતો નથી." આમાં દ્રવ્ય એ શેઠ યા ધણી બની જાય છે, અને માણસ એનો ગુલામ બને છે. (૩) આ ત્રીજું દૃષ્ટિબિંદુ બાઇબલનું છે. **આપણે ઈશ્વરના કારભારી છીએ.** ઈશ્વરે આપેલાં ધન, માલમિલકતનો આપણે વિશ્વાસુ કારભારી તરીકે ઈશ્વરને પસંદ પડે તેવો વહીવટ કે કારભાર કરવાનો છે.

## ૨૦ હિંસક પ્રાણીઓનો સ્વભાવ બદલાવા વિષેનું ભવિષ્યકથન ક્યારે પૂરું થશે?

**પ્રશ્ન :** એક બહેનનો પ્રશ્ન (૭-૭-૭૬) છે : યશાયા ૧૧:૬-૯ માંનું ભવિષ્યકથન ક્યારે પૂરું થવાનું? "તે વખતે વરુ તથા હલવાન સાથે રહેશે, ચિત્તો લવારા સાથે સૂશે; વાછરડું, સિંહ તથા માતેલાં ઢોર એકઠાં રહેશે...ને ધાવણ છોડાવેલું છોકરું નાગના રાફડા ઉપર પોતાનો હાથ મૂકશે" ઈસુ ખ્રિસ્તના જન્મ વખતે આ બધું થઈ ગયું, કે હવે પછી થશે? કે પછી આ તો માત્ર ઉપમા છે?

**જવાબ :** યશાયા ૧૧ મા અધ્યાયની માત્ર થોડીક કલમો (જેમ કે પહેલી કલમ) ઈસુના જન્મ સમય માટેની છે. પછીનો એ અધ્યાયનો મોટો ભાગ પ્રભુના ઈસુના પુનરાગમન અંગેનો છે. પ્રભુ ઈસુના જન્મ વખતે યશાયા ૧૧:૬-૯નું કથન અમલી બન્યું નથી. પ્રભુ ઈસુ બીજીવાર પૃથ્વી પર આવશે અને એક હજાર વર્ષ રાજ કરશે ત્યારે એ શાંતિના રાજ્યકાળમાં આ ભવિષ્યવાણી પૂરી થશે. તે સમયે શેતાનને બંધનમાં નાખવામાં આવ્યો હશે (પ્રકટી. ૨૦:૭), અને પૃથ્વી પર શાંતિ હશે.

ઉત્પત્તિ ૧:૩૦ જોતાં માલૂમ થશે કે ઈશ્વરે દુનિયા બનાવી તે સમયે, ઈશ્વરના ઠરાવ્યા પ્રમાણે, બધાં જ પ્રાણીઓ અને પંખીઓ માત્ર લીલોતરી જ ખાતાં હતાં. મનુષ્ય પણ શાકાહારી હતો (ઉત્પત્તિ

૧:૨૯, ૩૦). જળપ્રલય પછી લીલોતરી નાશ પામેલી હોવાથી ઈશ્વરે માંસાહારની મંજૂરી આપી (ઉત્પત્તિ ૯:૩). પ્રાણીઓ અને પંખીઓ તથા માછલાં મનુષ્યથી બીતાં થયાં (ઉત્પત્તિ ૯:૨). ઈસુના પુનરાગમન સમયે હજાર વર્ષના શાંતિના સામ્રાજ્યકાળમાં પૃથ્વી એ હજાર વર્ષ દરમિયાન શાપની અસરોમાંથી મુક્ત કરાશે. તે સમયે યશાયા ૧૧:૬-૯ની આગાહીઓ પૂર્ણ થશે. ગીતશાસ્ત્ર ૬૭:૬નું ભવિષ્યકથન પણ તે વખતે પૂરું થશે. આ કથન વર્તમાનકાળની ઢબે લખાયું છે, પણ એ ભવિષ્ય-કાળ માટેની અગમવાણી છે: ''પૃથ્વીએ પોતાનું ફળ આપ્યું છે.'' ઉત્પત્તિ ૩:૧૭બ-૧૯ના શ્રાપમાંથી ભૂમિ મુક્ત બનીને પોતાનું પૂરું ફળ આપશે.

## ૨૧ ઉત્પત્તિકાળે પહેલે દિવસે સૂર્ય વિના પ્રકાશ ક્યાંથી આવ્યો ?

**પ્રશ્ન :** એક ભાઈ પૂછે છે (૧૨-૭-૭૬): ઈશ્વરે સૂર્ય, ચંદ્ર અને તારાઓને તો ચોથે દિવસે બનાવ્યા. તો પહેલે દિવસે અજવાળું ક્યાંથી આવ્યું ?

**જવાબ :** કેટલાક બાઈબલ વિરોધીઓ એમ કહે છે કે બાઈબલ જૂઠું છે અને એના પ્રમાણ માટે આ વાત આગળ ધરે છે કે સૂર્ય વગર પ્રકાશ ક્યાંથી આવ્યો !

પ્રથમ આપણે એક વાત જોઈ લઈએ કે સૂર્ય, ચંદ્ર અને તારાઓ સિવાય પણ પ્રકાશ સંભવિત છે. (૧ કૉઝમિક (વિશ્વ) કિરણો સૂર્ય વગર વિશ્વમાં પ્રકાશ ફેલાવે છે. વિજ્ઞાનીઓ પણ એ હકીકત માન્ય રાખે છે. (૨) વિશ્વમાં કેટલીક ધાતુઓ સ્વયં પ્રકાશ કિરણો વહાવે છે, જેમ કે રેડિયમ, યુરેનિયમ, વિ. (૩) આગિયો જંતુ અને એવાં કેટલાંયે પ્રકાશ ધરાવતાં જીવજંતુના પ્રકાશને સૂર્ય સાથે સંબંધ નથી સમુદ્રોનાં અતિ ઊંડાં જળમાં નીચે સૂર્યપ્રકાશ પહોંચતો જ નથી. ત્યાં અસંખ્ય

મોટાં મોટાં માછલાં તેમ જ અનેક બીજા જીવો સ્વયં પ્રકાશ ફેંકે છે, અને પ્રગાઢ અંધકારમાં પણ પોતાનો માર્ગ કે ભક્ષ શોધી કાઢે છે. દરિયાની એ દુનિયા મનોહર સ્વપ્નનગરી જેવી હોય છે. (૪) ઉત્તર-ધ્રુવનો 'ઓરોરા બોરિઍલિસ' (અરુણ- પ્રકાશ, સુમેરુજ્યોતિ) અને દક્ષિણ ધ્રુવનો 'ઓરોરા ઓસ્ટ્રલિસ'ની ઘટના પાછળ આવું જ કંઈક સંભવિત છે.

ઉત્પત્તિના ૧લા અધ્યાયમાં જે વર્ણન છે તેમાં મૂળ હિબ્રૂ ભાષામાં બે ક્રિયાપદ વપરાયાં છે: **'બારા'** એટલે શૂન્યમાંથી સર્જન કરવું. અને એ ક્રિયાપદ માત્ર ૧, ૨૧ અને ૨૭ કલમોમાં વપરાયું છે. **'આસાહ'** એટલે બનાવવું. દા.ત. સુતાર લાકડામાંથી ખુરસી બનાવે. અન્ય બધે ઠેકાણે 'આસાહ' વપરાયું છે.

પહેલી કલમમાં લખ્યુ છે: "આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં." પૃથ્વી અને પાણી એ જ વખતે બન્યાં હતાં.

ચોથા દિવસે સૂર્ય, ચંદ્ર અને તારાઓ વિષે લખતાં તેમ જ ૩જી કલમમાં અજવાળા વિષે લખતાં લેખકે 'આસાહ' શબ્દ વાપર્યો છે. ગુજરાતીમાં પણ 'બનાવ્યાં' શબ્દ વાપર્યો છે, અને નહિ કે 'ઉત્પન્ન કર્યાં' (બારા). તેઓને ઈશ્વરે ગગનમાં સ્થાપ્યાં. સૂર્ય, ચંદ્ર અને તારાઓને પ્રથમ સૃજનકાર્ય (પહેલી કલમના સૃજન-કાર્ય) વખતે જ બનાવેલા. કલમ ૩ અને ૧૪,૧૫ કલમોમાં તો માત્ર તેમને દેખાતાં કર્યાં. ધૂંધળા ધુમ્મસભર્યાં વાતાવરણમાંથી તેમને 'દેખાતા' કર્યાં અને ખાસ કામોને માટે સ્થાપ્યાં.

પ્રકાશનો આખરી સ્રોત યા મૂળ તો 'ન્યાયીપણાનો સૂર્ય' જ છે (માલાખી ૪:૨), એટલે કે ઈશ્વરનું હલવાન, પ્રભુ ઈસુ ખ્રિસ્ત. નવા યરુશાલેમમાં પ્રકાશ આપવા માટે સૂર્ય કે ચંદ્ર હશે નહિ, અને તેમની જરૂર પણ નહિ પડે, કારણ, "દેવનો મહિમા તેને પ્રકાશિત

કરે છે, અને હલવાન તેનો દીવો છે" (પ્રકટી. ૨૧:૨૩). ઉત્પત્તિકાળે એ જ આદિસ્રોત, ત્રિએક ઈશ્વરમાંથી જ કેમ જાણ્યુ પ્રકાશ રેલાતો ન હોય !

## ૨૨ "સાપના જેવા હોશિયાર અને કબૂતરના જેવા સાલસ" એટલે શું ?

**પ્રશ્ન :** પ્રભુ ઈસુએ શિષ્યોને કહ્યુ કે, "તમે સાપના જેવા હોશિયાર અને કબૂતરના જેવા સાલસ થાઓ" (માથ્થી ૧૦:૧૬). એ બે વિરોધાભાસી ગુણો એક સાથે કેવી રીતે કેળવી શકાય ? એ બંનેનો અર્થ શો થાય છે ?

**જવાબ :** પ્રભુ ઈસુના આ શબ્દોનો ખૂબ જ ગેરઉપયોગ કરવામાં આવે છે. વ્યવહારિક બુદ્ધિવાળા એનું લાગુકરણ કરે છે કે "શઠમ્ પ્રતિ શાઠ્યમ્" "ભૂંડાની સાથે ભૂંડા," "નાગાની સાથે નાગા," "કરડવું નહિ પણ ફૂંફાડો તો રાખવો," પણ એ બરાબર નથી. પ્રભુ ઈસુના કહેવાનો ભાવાર્થ એવો નહોતો.

પ્રભુ ઈસુએ બાર શિષ્યોને યહૂદીઓ મધ્યે પ્રચારકાર્ય માટે મોકલ્યા ત્યારે તેમને કહ્યું, "જુઓ, વરુઓમાં ઘેટાંના જેવા મોકલું છું; માટે તમે સાપના જેવા હોશિયાર તથા કબૂતરના જેવા સાલસ થાઓ" (માથ્થી ૧૦:૧૬). ઘેટાંએ સામેથી વરુ જેવા થવાનું કહ્યું નથી. પણ હોશિયાર, સાવધ, સાવચેત, ખબરદાર, બનવાનું કહ્યું છે. સાપનો ગુણ હોશિયારી, સાવધતા અને ખબરદારીનો છે. ઓચિંતું જોખમ કે સપડામણ આવી પડે નહિ એ માટે પ્રાણીઓમાં સાપ સૌથી સાવધ ગણાય છે. બીજાની ખંધાઈ કે લુચ્ચાઈ સમજી શકવાની બુદ્ધિની અહીં વાત છે. લુચ્ચાઈ કે ખંધાઈ કે પક્કાઈ અહીં આપણે વાપરવાનો ઇશારો નથી. જોખમ અગર સપડાપણ ક્યારે, ક્યાંથી

આવવાનાં છે તે, તેમ જ એ આવતાં હોય ત્યારે એ અગાઉથી કળી જવાનો ગુણ એ હોશિયારી, સાવધપણું કહેવાય. પ્રભુ ઈસુ એ જ કહેવા માગે છે. જોખમ કે સપડામણ આવે ત્યારે સાપની પેઠે એને ટાળવું એ સાવધતા છે.

બિનજરૂરી જોખમ વહોરવું કે ખતરામાં ઊતરવું એની બાઇબલ મના કરે છે. પ્રભુ ઈસુ પોતે કેટલા બધા સાવધ હતા. પોતાનો (મૃત્યુનો) સમય આવ્યા અગાઉ તે મરવા કે બિનજરૂરી જોખમ વહોરવા ઇચ્છતા નહોતા લૂક ૪:૨૮–૩૦). પ્રભુ ઈસુ હોશિયારીથી વર્ત્યા, પણ પોતે કાવાદાવા, દાવપેચ, યુક્તિપ્રયુક્તિ કર્યા નથી ઊલટું, કબૂતર જેવા સાલસ રહ્યા.

પ્રભુ ઈસુ સાવધાનીથી હોશિયારીપૂર્વક અચૂક વર્ત્યા છે. ફરોશીઓ, સાદુકીઓ અને શાસ્ત્રીઓ શબ્દજાળમાં ઈસુને પકડવા માગતા હતા, યુક્તિપ્રયુક્તિઓ કરીને ઈસુ પાસે આવતા હતા, અને ઈસુને પકડવાના પ્રશ્નો પૂછતા હતા. દાખલા તરીકે, સરકારને કર ભરવો કે નહિ ? યોહાન બાપ્તિસ્તીનું બાપ્તિસ્મા કોના તરફથી હતું ? આકાશથી કે માણસોથી ? પાપમાં પકડાયેલી આ સ્ત્રીને મૂસાના કાયદા પ્રમાણે પથ્થરે મારવી કે કેમ ? ઇત્યાદિ. એ બધા પ્રશ્નો વખતે પ્રભુ ઈસુ કેવી સાવધાનીથી વર્ત્યા હતા ! સૂચક પ્રશ્નો પૂછનારાઓનું કપટ પ્રશ્ન પુછાતાંની સાથે જ પ્રભુ ઈસુ કેવા કળી જતા હતા ! તેમણે કેવી હોશિયારીથી જવાબો આપ્યા હતા ! આપણે તાજુબ થઈ જઈએ છીએ.

સાપના જેવી હોશિયારીની સાથે સાથે કબૂતર જેવી સાલસતા રાખવાની છે. સાલસપણું અને નમ્રતા પ્રભુ ઈસુમાં જોવા મળે છે. ખ્રિસ્તીએ પણ એ જ રીતે સાલસ બનવાનું છે. પાઉલ કહે છે : "કુટિલ તથા આડી પ્રજામાં તમે નિર્દોષ તથા સાલસ, દેવનાં નિષ્કલંક છોકરાં, જીવનનું વચન પ્રગટ કરીને જ્યોતિઓ જેવાં દેખાઓ છો, એવાં થાઓ" (ફિલિપી. ૨:૧૫).

## ૨૩ અબ્રાહમ ત્રણ કોમનો પિતા શી રીતે ?

**પ્રશ્ન :** અબ્રાહમ ત્રણ કોમનો પિતા કહેવાય છે ? જો હિબ્રૂઓનો પણ પિતા કહેવાય તો તે શાથી ?

**જવાબ :** અબ્રાહમ બે મોટી કોમોના પિતા ગણાય છે: યહૂદીઓ (ઇઝરાયલીઓ), અને આરબો. આ બંને કોમ 'શમાઈટ' લોકો યા 'શેમવંશી' પ્રજા છે. નુહના દીકરા શેમમાંથી થયેલી પ્રજાઓ 'શેમાઈટ' યા 'શેમવંશી' ગણાય છે.

અબ્રાહમના દીકરા ઈસહાકથી યહૂદીઓ યા ઇઝરાયલીઓ થયા. ઈસહાકના દીકરા યાકૂબનું બીજું નામ 'ઇઝરાયલ' હતું. એ ઉપરથી યહૂદીઓ ઇઝરાયલીઓ પણ કહેવાયા. યહૂદીઓ અથવા ઇઝરાયલીઓ હિબ્રૂ લોકો તરીકે પણ ઓળખાય છે. આથી અબ્રાહમ 'હિબ્રૂઓનો પિતા' પણ કહેવાય. વળી અબ્રાહમને હાગાર પેટે ઈશ્માએલ થયો. એટલે એ ઘણી બધી મુસ્લિમ આરબ પ્રજાઓનો પિતા ઠર્યો. આમ, અબ્રાહમ બે કોમનો પિતા કહેવાય. આત્મિક અર્થમાં ખ્રિસ્તીઓ 'અબ્રાહમનાં સંતાન' ગણાય. પણ ખ્રિસ્તીઓ એ દેશજાતિ નથી કે કોમેય નથી.

ઈસહાકના દીકરા એસાવથી થયેલી પ્રજા યા દેશજાતિ 'અદોમ' અથવા 'અદોમીઓ' તરીકે ઓળખાય છે (ઉત્પત્તિ ૩૬:૧,૮,૯,૧૯). વળી તેનાથી બીજી ઘણી દેશજાતિઓ થઈ (વાંચો ઉત્પત્તિ ૩૬ અને અન્ય ઠેકાણે).

આમ, અબ્રાહમ બે કોમનો પિતા (ઉત્પત્તિ ૧૨:૨; ૧૭:૨) અને અનેક દેશજાતિઓનો આદિ પિતા છે (ઉત્પત્તિ ૧૭:૪,૫,૬,૧૬). એ બધી અનેક દેશજાતિઓ આખરે તો આરબ કોમ યા પ્રજા છે.

# ૨૪ 'મૂએલાંનો નહિ પણ જીવતાંનો દેવ' —એટલે શું ?

**પ્રશ્ન :** માર્ક ૧૨:૨૬-૨૭ કલમોમાં સમજણ નથી પડતી તો તે સમજાવશો ?

**જવાબ :** માર્ક ૧૨:૨૬-૨૭માં આમ લખેલું છે. "પણ મૂએલા લોક પાછા ઊઠે છે, તે સંબંધી શું તમે મૂસાના પુસ્તકમાંના ઝાડો વિષેના પ્રકરણમાં નથી વાંચ્યું કે, દેવે તેને એમ કહ્યું કે, હું અબ્રાહમનો દેવ તથા ઈસહાકનો દેવ તથા યાકૂબનો દેવ છું ? તે મૂએલાંનો દેવ નથી, પણ જીવતાંઓનો દેવ છે."

પ્રભુ ઈસુ સાદુકીઓને એમના પ્રશ્નનો જવાબ આપતાં ઉપરનાં વાક્યો વાપરે છે. યહૂદીઓમાં કેટલાક પંથો હતા, જેમ કે ફરોશીઓ અને સાદુકીઓ. સાદુકીઓ મૂએલાંના પુનરુત્થાનમાં માનતા નહોતા (તેઓ દૂતો, આત્માની અમરતા, મૂએલાંનું પુનરુત્થાન વગેરે બાબતોમાં માનતા નહોતા). તેઓ ઈસુની પાસે આવ્યા અને તેમને શબ્દજાળમાં ફસાવવા પેલી સ્ત્રી જે પૃથ્વી પર સાત ભાઈઓની પત્ની બની હતી તેના વિષે પ્રશ્ન કરે છે કે પુનરુત્થાન સમયે તે કોની પત્ની થશે. આ વાત સત્ય હકીક્ત હશે કે ઉપજાવી કાઢેલી વાત હશે તે વિષે કાંઈ લખ્યું નથી. કદાચ ઉપજાવી કાઢેલી વાત હશે.

પ્રભુ ઈસુ તેમને જવાબ આપતાં જૂના કરારના આ શબ્દો ટાંકે છે. યહોવાએ મૂસાને બળતા ઝાડવામાં દર્શન દીધું ત્યારે આ શબ્દો યહોવાએ મૂસાને કહ્યા હતા (નિર્ગમન ૩:૧-૬). ઈશ્વર પોતાની ઓળખ આપતાં કહે છે કે, "હું તારા પિતાનો દેવ, અબ્રાહમનો દેવ તથા ઈસહાકનો દેવ તથા યાકૂબનો દેવ છું." એનો અર્થ એ થાય કે અબ્રાહમ, ઈસહાક તથા યાકૂબના દેહ બહુ લાંબા સમય પર મૃત્યુ

પામ્યા છતાં તેઓ સજીવ છે; મૃત્યુ પારના જીવનમાં તેઓ જીવે છે; તેમના આત્મા હયાત છે. એટલે જ ઈશ્વર મૂએલાંઓનો નહિ, પણ એ જીવતાંનો ઈશ્વર છે. મૃત્યુને પેલે પાર પણ જીવન છે. અને જેમ તેમના પૃથ્વી પરના જીવનકાળમાં, તેમ તેમની મૃત્યુ પછીની હયાતીમાં ઈશ્વર તેમનો ઈશ્વર છે. જો ઈશ્વરે એમ કહ્યું હોત કે 'હું અબ્રાહમનો... દેવ હતો," તો એમ સમજી શકાત કે પુરાણા એક સમયે ઈશ્વર અબ્રાહમ વગેરે હયાત હતા ત્યારે એમનો દેવ હતો, પણ હવે તેઓ કોઈ હયાત નથી.

પણ અહીં વર્તમાનકાળ વાપર્યો છે "હું...દેવ છું" એનો અર્થ એ જ કે અબ્રાહમ, ઈસહાક અને યાકૂબ આત્મિક હયાતી ધરાવે છે, અને ફરી એક વાર તેઓનો દેહ પણ પુનરુત્થાન પામશે. જૂના કરારના આ શબ્દો ટાંકીને પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાદુકીઓને એમ જણાવવા માગે છે કે તેઓનો સિદ્ધાંત ખોટો છે, અને મૂએલાંનું પુનરુત્થાન છે. સાદુકીઓ જૂના કરારને ચુસ્ત રીતે માનતા હતા અને ઈસુએ જૂના કરારનું જ વચન લઈને તેમની દલીલ તોડી નાખી.

## ૨૫ "એક લાખ ચુમ્માળીસ હજાર કુંવારા" એ કોણ?

**પ્રશ્ન :** પ્રકટીકરણ ૧૪:૧-૫માં જે એક લાખ ચુમ્માળીસ હજાર કુંવારાનો ઉલ્લેખ છે એ કોણ? ત્યાં લખ્યું છે કે "પૃથ્વી પરથી જે એક લાખ ચુમ્માળીસ હજારને ખરીદવામાં આવ્યા હતા, તેઓ વગર બીજું કોઈ એ કીર્તન શીખી શક્યું નહિ. સ્ત્રીઓના સંસર્ગથી જેઓ અપવિત્ર થયા નથી તેઓ એ છે, કેમ કે તેઓ કુંવારા છે." જેઓ સ્ત્રીના સંસર્ગથી પોતાને દૂર રાખે છે, મતલબ કે જેઓ પરણતા નથી તેઓ પરણેલા કરતાં પવિત્ર છે, અથવા વધારે પવિત્ર છે

એવો અર્થ એમાં સમાયેલો છે કે શું ? પતિ-પત્નીનો દેહસંબંધ અપવિત્ર છે ?

**જવાબ :** આજ સુધીમાં ઘણાં જણે આ વિષે પ્રશ્નો પૂછ્યા છે. એ બધાંનો અહીં ભેગો જવાબ આપવા માગું છું.

પ્રભુ ઈસુના પુનરાગમન વખતે મંડળી ઉપર લઈ લેવાશે. મંડળી ગગનમાં હશે એ સાત વર્ષના ગાળામાં પૃથ્વી પર યહૂદીઓની ભારે સતાવણી થશે. એ સમય દરમ્યાન યહૂદીઓમાંથી એવા એક લાખ ચુમ્માળીસ હજાર હશે કે જેઓએ "ખ્રિસ્તવિરોધી" (શ્વાપદ)ની પૂજા નહિ કરી હોય. જેમ આહાબ રાજાના સમયમાં (૧ રાજા ૧૯:૧૮) બઆલની મૂર્તિની પૂજા નહિ કરેલી એવા ૭૦૦૦ હતા, તેમ પોતાને મૂર્તિપૂજાથી ભ્રષ્ટ નહિ કરેલા એવા આ પ્રભુના લોક યહૂદીઓમાંથી ૧,૪૪,૦૦૦ હશે, અને તેઓને મુદ્રાંકિત કરવામાં આવશે. મંડળી કે મંડળીના લોકોના સંબંધમાં આ કહેવાયું નથી; માત્ર સતાવણીના સમયના યહૂદીઓની આ વાત છે.

ચોથી કલમમાં આપ્યું છે કે "સ્ત્રીઓના સંસર્ગથી જેઓ અપવિત્ર થયા નથી તેઓ એ છે, કેમ કે તેઓ કુંવારા છે." એ ઉપરથી એવું ખોટું સમજી બેસવાની જરૂર નથી કે પતિ-પત્નીનો દેહ સંબંધ અપવિત્ર છે અથવા બ્રહ્મચારી રહેવું તે વધારે પવિત્ર છે. ઈશ્વરે પોતે આદિ માતપિતાને આશાર્વાદ દીધો કે, "સફળ થાઓ અને પૃથ્વીને ભરપૂર કરો." પતિ-પત્નીનો દેહ-સંબંધ અપવિત્ર અથવા ઓછો પવિત્ર છે એવું શિક્ષણ બાઇબલના શિક્ષણથી તદ્દન ઊલટું છે, અને ખોટું છે. સર્વમાં "લગ્ન માનયોગ્ય ગણાય" (હિબ્રૂ ૧૩:૪). આ ૧,૪૪,૦૦૦ બધા કુંવારા હતા એમ માનવાની જરૂર નથી. કુંવારા માટે અહીં ગ્રીકમાં જે શબ્દ વાપર્યો છે તે 'પાર્થેનોઈ' (કુંવારી, **virgin**) છે. અવિવાહિત કન્યાઓ (કુંવારીઓ) માટે વપરાતો શબ્દ અહીં વાપર્યો છે. 'મરિયમ કુંવારી'માં જે શબ્દ વપરાયો છે એ જ

શબ્દ અહીં છે. જૂઠા ધર્મો અને જૂઠા મતમતાંતરોમાં ભળી જનારા અને મૂર્તિપૂજા કરનારા માટે 'વ્યભિચારી' શબ્દ બાઇબલમાં વપરાયો છે (પ્રકટી. ૧૪:૮-૧૨; યાકૂબ ૪:૪ વળી સરખાવો) અને "ખ્રિસ્ત વિરોધી" (શ્વાપદ)ની પૂજા નહિ કરનારા આ ૧,૪૪,૦૦૦ માટે 'કુંવારીઓ' (અં. વર્જીન્સ, ગ્રીક: પાર્થેનોઈ) શબ્દ વાપર્યો છે, તેઓ બધા આત્મિક રીતે 'કુંવારી' છે. જેમ માથ્થી ૨૫:૧માં સુજ્ઞજનો માટે (પ્રભુ ઈસુના આગમનની રાહ જોતાં તૈયાર રહેનારાંઓ માટે) 'કુંવારીકાઓ' શબ્દ વાપર્યો છે તેમ. પ્રકટીકરણમાં ભ્રષ્ટ મંડળી માટે 'વેશ્યા' શબ્દ વાપર્યો છે (પ્રકટી. ૧૪:૮; ૧૭:૧-૫). વળી જુઓ યશાયા. ૧:૨૧. (સરખાવો ૨ કરિંથી. ૧૧:૨; એફેસી ૫:૨૫-૨૭). આત્મિક સંદર્ભમાં બાઇબલમાં જેને 'વેશ્યા' કહી છે તેનાં પ્રલોભનો યા પરીક્ષણોમાં નથી પડયાં અને જેઓએ ખ્રિસ્તી વફાદારી જાળવી રાખી છે તેઓને માટે આ ઉપમા વપરાઈ છે: "સ્ત્રીઓના સંસર્ગથી અપવિત્ર થયા નથી તેઓ એ છે."

પાઉલના કથનનો અર્થ આની સાથે સરખાવો: "કેમ કે એક પતિની સાથે મેં તમારો વિવાહ કર્યો છે, કે જેથી એક પવિત્ર કુમારિકા જેવા હું તમને ખ્રિસ્તને સોંપું (૨ કોરીંથી. ૧૧:૨)."

પ્રકટીકરણ ૭:૧-૮માં જે ૧,૪૪,૦૦૦ ગણાવ્યા છે તે આ જ લોકો. સતાવણી સમયના ઇઝરાયલનાં બાર કુળોમાંના પ્રત્યેકમાંથી બાર હજાર (૧૨,૦૦૦ × ૧૨=૧,૪૪,૦૦૦) પસંદ કરાશે. અહીં બાર કુળોનાં જે નામ આપવામાં આવ્યાં છે તે જરા નોંધ માગી લે છે. અસલ જૂના કરારમાં જે બાર કુળો છે તેમાંથી અહીં દાન અને એફ્રાઈમનાં કુળોનાં નામ કમી કર્યાં છે, અને એને બદલે યુસફ અને લેવીનાં કુળો દાખલ કરવામાં આવ્યાં છે. એમ કેમ? કારણ સ્પષ્ટ છે, પુનર્નિયમ ૨૯:૧૮-૨૧માં આપ્યું છે કે કોઈ પુરુષ, સ્ત્રી, કુટુંબ કે કુળ ઇઝરાયલમાં મૂર્તિપૂજા દાખલ કરે તેનું નામ આકાશ તળેથી

ભૂંસી નાખવામાં આવે, અને, તેવું કુળ ઇઝરાયલમાંથી અલગ કાપી કઢાય.

એ મુજબ દાન અને એફ્રાઈમનાં કુળોએ ઇઝરાયલમાં મૂર્તિ-પૂજા દાખલ કરી હોઈને તેઓને આ શાપ લાગુ પડે છે. યરોબ-આમના સમયમાં દાનના કુળમાં દાન શહેરમાં અને એફ્રાઈમના કુળમાં બેથેલમાં સોનાના વાછરડાની પૂજા શરૂ થઈ, અને એ બંને જગાએ મૂર્તિપૂજાની વેદીઓ સ્થપાઈ (૧ રાજા ૧૨:૨૫–૩૦). આને લીધે જ એ બંને કુળોનાં નામ અહીં ઇઝરાયલમાંથી નાબૂદ કરાયાં, અને એમની જગાએ બીજાં નામ મુકાયાં.

પેલાં બે કુળમાંના પ્રત્યેકમાંથી બાર હજાર મુદ્રાંકિત નહીં થાય, અને મુદ્રાના રક્ષણ વગર જ તેઓને ભારે સતાવણીમાંથી પસાર થવું પડશે. પરંતુ પ્રભુ ઈસુના પૃથ્વી પરના એક હજાર વર્ષના શાંતિના રાજ્યમાં એ બે કુળોને પણ પવિત્ર વતનમાં હિસ્સો મળશે (હઝકી. ૪૮:૧–૭, ૨૩–૨૯). કલમ ૪ થીના પાછલા ભાગમાં "પ્રથમફળ" શબ્દ છે, એનો અર્થ એટલો જ કે પુનઃસ્થાપિત થયેલા ઇઝરાયલમાંથી તેઓ ઈશ્વરને ખાતર પસંદ કરાયેલાનું પ્રથમફળ થશે, એ કલમને મંડળી સાથે સંબંધ નથી.

## ૨૬ બાઇબલમાં સાતની સંખ્યા

**પ્રશ્ન :** બાઇબલમાં અમુક સંખ્યા પર વધારે ભાર મૂકવામાં આવ્યો છે જેમ કે, નંબર સાત. એ ખાસ હેતુસર છે કે માત્ર આકસ્મિક, કે પછી સાહિત્યિક ગોઠવણીને માટે હશે? પ્રકટીકરણ ૧૩:૧૮માં શ્વાપદની સંખ્યા ૬૬૬ છે, એટલે શું ?

**જવાબ:** બાઇબલમાં ખાસ કરીને ૭ની સંખ્યા બહુ વપરાઈ છે, અને એ આકસ્મિક નથી, કે લખાણ સુંદર લાગે એ માટેની સાહિત્યિક ગોઠવણીને માટે નથી. ખાસ યોજનાસહ એ પ્રમાણે આપવામાં આવ્યું છે. બાઇબલ ઈશ્વરપ્રેરિત છે એ આ આંકડાઓ પરથી પણ સાબિત થાય છે.

ઉત્પત્તિ ૧:૧થી જ શરૂ કરીએ તો હિબ્રૂ ભાષામાં એ કલમમાં સાત શબ્દો છે. ગુજરાતીમાં પણ જોગાનુજોગ સાત શબ્દો છે (આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં). હિબ્રૂમાં આ પહેલી કલમમાં અક્ષરો ૨૮ (૭ × ૪) છે. બાઇબલમાં ૧થી ૧૩ના દરેક આંકનો ખાસ અર્થ છે. સાત સંપૂર્ણતાનું ચિહ્ન છે, અથવા ઈશ્વરની મુદ્રાનું પ્રતીક છે, જ્યારે ૪ ઉત્પત્તિકાર્ય અથવા વિશ્વ સૂચવે છે. એટલે ૭ × ૪ (= ૨૮) એ ઉત્પત્તિકાર્ય અને વિશ્વની ઉત્પત્તિ સૂચવે છે. એ કલમના સાતેય શબ્દોમાં અજાયબ રીતે સાતસાતની સંખ્યા સમાયેલી છે.

પહેલા અધ્યાયમાં પૃથ્વીના નવસર્જનમાં ઈશ્વરના કાર્યના સાત પગથિયાં છે; "દેવનો આત્મા પાણી પર હાલતો થયો" થી માંડીને ૭ દિવસનાં કાર્યો. ઈશ્વરે સૃજનકાર્યને સાત વખત "સારું" કે "ઉત્તમોત્તમ" કહ્યું (કલમ ૪,૧૦,૧૨,૧૮,૨૧,૨૫,૩૧). બીજા દિવસના કાર્ય પછી કંઈ જ કહ્યું નથી, એમાં પણ હેતુ છે, વળી ઉત્પત્તિકાર્યના આખા વૃત્તાંતમાં (૧:૧-૨:૪) 'દેવ' શબ્દ કે એનું સર્વનામ ૩૫ (૭×૫) વખત આપ્યું છે.

ઉત્પત્તિ ૧:૧માં કર્તા અને વિધેયપદ (કર્તા વિષે કહેવાયેલું) માટે હિબ્રૂમાં પહેલા ત્રણ શબ્દો છે જેનો તરજુમો "આદિએ દેવે ...ઉત્પન્ન કર્યાં" કરવામાં આવ્યાં છે. આ ત્રણે શબ્દોમાં ૧૪ અક્ષરો (૭×૨) છે. હિબ્રૂમાં બાકીના ચાર શબ્દો કર્મ વિષે સૂચવે

છે (જેનો તરજુમો ગુજરાતીમાં ફક્ત ત્રણ ત્રણ જ શબ્દમાં 'આકાશ તથા પૃથ્વી' આપ્યો છે.) આ ચાર શબ્દોના અક્ષરો પણ ૧૪ (૭×૨) થાય છે આ બે 'કર્મ' માંથી પ્રથમ "આકાશ" અને બીજું "તથા પૃથ્વી" માટે હિબ્રૂમાં પ્રથમ 'કર્મ' માં ૭ અક્ષરો અને બીજામા પણ ૭ અક્ષરો છે.

આ કલમના ત્રણ મુખ્ય શબ્દો "દેવે" "આકાશ" પૃથ્વી" –એ ત્રણેના મળીને કુલ ૧૪ (૭×૨) અક્ષરો છે. કલમના બાકીના ચારેય શબ્દોના હિબ્રૂમાં કુલ અક્ષરો પણ ૧૪ (૭×૨) છે. આ કલમનો ટૂંકામાં ટૂંકો શબ્દ વાકયની બરાબર વચમાં છે. એ ટૂંકો શબ્દ અને એની પછીનો શબ્દ મળીને હિબ્રૂમાં બરાબર ૭ અક્ષરો ધરાવે છે. એમ જ એ ટૂંકો શબ્દ અને એની પહેલાંનો શબ્દ મળીને પણ હિબ્રૂમાં કુલ ૭ અક્ષરો ધરાવે છે.

આખા હિબ્રૂ જૂના કરારમાં અને ગ્રીક નવા કરારમાં શબ્દો અને અક્ષરોની આવી જ રચના છે. એટલે બાઇબલના લખાણમાં (પાઠમાં) કોઈ વધારાનું ઘુસાડી દે કે કમી કરે તો આ છૂપી શબ્દ અક્ષર ગણતરી દ્વારા એની ખબર પડી જાય. વિસ્તારભયને લીધે બીજા ઉદાહરણો અહીં ટાંકી શકાય તેમ નથી. આ સંબંધી જેણે વધુ ઊંડાણમાં અભ્યાસ કરવો હોય તેમણે ડો. ઈવાન પેનીનનાં ગ્રીકમાં તૈયાર કરેલાં બે મોટાં પુસ્તકોનો અભ્યાસ કરવો ઘટે. બાઇબલ સિવાય પૃથ્વીના અન્ય કોઈ પુસ્તકમાં આવી રચના નથી, કે સંભવી શકે પણ નહિ. કુલ ૧૬૦૦ વર્ષના ગાળામાં ૬૬ પુસ્તકોના ૩૬ જેટલા લેખકોએ બાઇબલ લખ્યું હોવા છતાં એમાં આ અજાયબ યોજના અને વ્યવસ્થા સળંગ જોવા મળે છે (અસલ હિબ્રૂ અને ગ્રીક ભાષામાં), એ પવિત્રાત્માની પ્રેરણાથી લખાયું એની એક સાબિતી છે.

દાખલા તરીકે ૮ નો આંકડો લઈએ. આઠનો આંકડો બાઇ-

બલમાં **પુનરુત્થાન અથવા નવી ઉત્પત્તિ કે નવી શરૂઆત સૂચવે છે.** જગત ઉપર ન્યાયદંડરૂપ જળપ્રલય આવ્યો તેમાં વહાણ મારફતે આઠ માણસો જ બચ્યાં. એ પુનરુત્થાનની ઉપમા છે, અને ખ્રિસ્તના પુનરુત્થાન માટે બાઇબલમાં રૂપક તરીકે ગણાય છે. માણસજાત સાથે ઈશ્વરે ફરીથી કરાર કર્યો (ઉત્પત્તિ ૯:૧૨-૧૭). પ્રભુ ઈસુ જ "પુનરુત્થાન તથા જીવન" છે (યોહાન ૧૧:૨૫). એટલે જ ઈસુના નામના ગ્રીક અક્ષરોની ગણતરી ૮ થાય છે (માથ્થી ૧:૨૧). ઈસુ નામની સંખ્યા એના અક્ષરોના અક્ષર-મૂલ્ય પ્રમાણે ૮૮૮ થાય છે (૩૭×૮×૩). સંખ્યા ૩ દૈવી સંપૂર્ણતા સૂચવે છે. ઈસુને જે ખિતાબો આપવામાં આવ્યા છે, એ બધા જ ખિતાબોનું અક્ષર-મૂલ્ય ૮ ની સંખ્યાના ગુણાકારવાળું છે, જેમ કે ઈસુ (૩૭×૮×૩) ૮૮૮; ખ્રિસ્ત ૧૪૮૦ (૧૮૫×૮); તારનાર ૧૪૦૮ (૧૭૬×૮). પ્રભુ ૮૦૦ (૧૦૦×૮); મસીહા ૬૫૬ (૮૨×૮); માણસનો દીકરો ૨૯૬૦ (૩૭૦×૮); દેવત્વ (કલો. ૨:૯) ૫૯૨ (૬×૭૨×૮).

ગ્રીક અને હિબ્રૂ ભાષામાં સંખ્યા બતાવવા માટે અલગ આંકડા નથી, એટલે કક્કાવારીના અક્ષરો જ જુદી જુદી સંખ્યા દર્શાવવા વપરાતા હોય છે, પ્રત્યેક અક્ષરનું અને એ પરથી દરેક શબ્દનું અને વાક્યનું અક્ષરમૂલ્ય હોય છે. એ પરથી દરેક શબ્દનો આંક કાઢી શકાય.

હવે શ્વાપદની સંખ્યા ૬૬૬ (પ્રકટી. ૧૩:૧૬–૧૮) વિષે આપણે જોઈએ. "...તે સર્વની પાસે તેઓના જમણા હાથ પર અથવા તેઓના કપાળ પર તે છાપ લેવડાવે છે. વળી જેને તે છાપ, એટલે શ્વાપદનું નામ, અથવા તેના નામની સંખ્યા હોય, તે વગર બીજું કોઈથી કંઈ વેચાયલેવાય નહિ, એવી તે ફરજ પાડે છે, આમાં ચાતુર્ય રહેલું છે, જેને બુદ્ધિ છે, તે શ્વાપદની સંખ્યા ગણે; કેમ કે તે એક માણસના નામની સંખ્યા છે; અને તેની સંખ્યા છસો છાસઠ છે."

બાઇબલના આંકડાશાસ્ત્ર પ્રમાણે **૬નો આંકડો 'માણસ'નો (પાપ નીચેના) આંકડો છે.** એ પછીનો ૭નો આંકડો સંપૂર્ણતાનો અને ઈશ્વરની મહોર મુદ્રાનો આંકડો છે. માણસ પોતાના પ્રયત્નોથી ઈશ્વર જેવો બનવા મથામણ કરી રહ્યો છે, પણ તે આ સંપૂર્ણતાની સંખ્યા ૭ ને પહોંચી શકતો નથી. શેતાને હવાને ભુલાવી કે આ ફળ ખાવાથી તમે **"દેવના જેવાં** ભલુંભૂંડું જાણનારાં થશો" (ઉત્પત્તિ ૩:૫). ઈશ્વર-સમોવડિયા બનવા માટે માણસ અનહદ પ્રયત્નો કરે છે.

આવા માણસનો આંકડો બાઇબલમાં ૬ નો છે. ઇઝરાયલમાં દેવનું સ્થાન લેવા માગતા માણસોનાં નામોનો આંકડો ૬ આવે છે : ગોલિયાથ, નબુખાદનેસ્સાર (દાનિ. ૪:૨૦, ૨૬, ૨૭), ઇત્યાદિ નબુખાદનેસ્સારે બનાવેલી મૂર્તિના આંકડા પણ ૬ ના ગુણાકારવાળા છેઃ ૬૦ હાથ ઊંચી, ૬ હાથ પહોળી અને એની પૂજા માટે ૬ વાજિંત્રો વગાડવામાં આવતાં (દાનિ. ૩:૧-૭), ગોલિયાથ : ૬ હાથ ઊંચો, એના બખ્તરના ૬ ભાગો અને એના ભાલાનું વજન ૬૦૦ શેકેલ હતું (૧ શમુ ૧૭:૪-૭). શ્વાપદે પોતાને ઈશ્વરને સ્થાને સ્થાપ્યો. જગતે એની આરાધના કરી અને શ્વાપદે ઈશ્વરનિંદા કરી (પ્રકટી. ૧૩:૧-૧૮). બલઆમ (૬૬૬) જૂઠો પ્રબોધક.

ઈ.સ. બીજી સદીના ધર્મપિતૃ ઈરેનિયસ (સંત યોહાનનો શિષ્ય બિશપ પોલિકાર્પ અને પોલિકાર્પનો શિષ્ય ઈરેનિયસ) આ સંખ્યા વિષે એવો ખુલાસો કરતો હતો કે ગ્રીક શબ્દોમાં "એક માણસ" અથવા "લાટીન માણસ"નું અક્ષર-મૂલ્ય આ પ્રમાણે થાય, (**Lateinus=L** ની કિંમત ૩૦; **A** ની ૧; **T** ની ૩૦૦; **E** ની ૫; **I** ની ૧૦; **N** ની ૫૦; **O** ની ૭૦; અને **S** ની ૨૦૦ મળીને ૬૬૬ થાય). એ "લાટીન અથવા રોમન માણસ"ના

ખુલાસાને આધારે કેટલાક કૈસર નીરો (જેના નામના અક્ષરોનું મૂલ્ય ૬૬૬ થાય છે) અથવા પછી રોમન પોપનું નામ દેતા હતા, કે એ જ 'શ્વાપદ' કે 'ખ્રિસ્તવિરોધી' છે.

જેમના જમણા હાથ પર કે કપાળ પર આ ૬૬૬ની સંખ્યાવાળા નામની મુદ્રા હશે તે જ વેચી કે વેચાતું લઈ શકશે (પ્રકટી. ૧૩:૧૭). આપણો વિશ્વસમાજ એ જ દિશા તરફ જઈ રહ્યો છે. યુરોપીય કોમન માર્કેટની યોજના એ જ છે. આખી દુનિયાની સત્તા એક વ્યક્તિને સોંપવી. ઈલેક્ટ્રોનિકથી પૃથ્વીનાં તમામ માણસોનાં કપાળ કે હાથ પર સંજ્ઞા-સંખ્યા લખવી. આખી દુનિયાની વ્યક્તિગત કે સામૂહિક લેવડદેવડનાં હિસાબકિતાબ એક જ સ્થળેથી કન્ટ્રોલ કરવાં. આ 'છાપ' યા મુદ્રા સિવાયનાં કોઈ વેચી શકે નહિ–વેચાતું લઈ શકે નહિ. આમાં પ્રભુને અર્પિત એવા સતાવણીકાળના યહૂદીઓની સામે તે વખતની વિશ્વ-સરકારનો આર્થિક મોરચો જોવા મળે છે.

આંક ૬ પાપ તળેના માણસનો એટલે કે ન્યાયકરણ નીચેના જગતનો હોઈને છઠ્ઠી મુદ્રા અને સાતમી મુદ્રા વચ્ચે તેમ જ છઠ્ઠા અને સાતમા રણશિંગડા વચ્ચે લાંબી રુકાવટ જોઈએ છીએ. છઠ્ઠી મુદ્રા અને છઠ્ઠા રણશિંગડા પછી જગતનો ન્યાય પૂરો થયો હોઈને સાતમી મુદ્રા અને સાતમાં રણશિંગડામાં દુનિયાનું રાજ્ય ખ્રિસ્તનું બની જાય છે (પ્રકટી. ૧૧:૧૫; ૮:૧).

## ૨૭ ઇસ્ટરની તારીખ

**પ્રશ્ન : ઇસ્ટરની તારીખ કેવી રીતે નક્કી થાય છે?**

ઇસ્ટર દર વર્ષે જુદી જુદી તારીખે આવે છે, અને માર્ચ અગર એપ્રિલમાં આવે છે. તો એ કેવી રીતે નક્કી કરવામાં આવે છે? એવા

પ્રશ્નો વારંવાર આવે છે. માર્ચ ૧૯૬૪ના ખ્રિસ્તીબંધુમાં એ વિષે મેં ખુલાસો અને ઇસ્ટરની તારીખ જાણવાની રીત આપ્યાં હતાં. થોડા જ દિવસો ઉપર (ફેબ્રુ. ૧૦, ૧૯૭૮), એક ભાઈ એ વિષે પૂછતા મારી પાસે આવ્યા હતા. અત્રે એ ખુલાસો ફરીથી આપું છું.

ઈસુનો મૃત્યુદિન 'ગુડ ફ્રાઇડે' (શુભ શુક્રવાર) યહૂદી પાસ્ખાપર્વના મુખ્ય દિવસે આવે છે. નિર્ગમન ૧૨:૧–૬ પ્રમાણે યહૂદી પાસ્ખા યહૂદી માસ 'નિસાન' (અથવા 'આબીબ')માં આવતો હતો. એ માસના ૧૦મા દિવસે યહૂદી કુટુંબે પાસ્ખાનો હલવાન લેવાનો હતો, અને ૧૪મા દિવસની સાંજ સુધી તે રાખી મૂકવાનો હતો, અને ૧૪મા દિવસની સાંજે તે વધેરવાનો હતો. એ જ યહૂદી 'નિસાન' માસના ૧૪મા દિવસે ઈસુ ખ્રિસ્ત ક્રૂસ પર 'ઈશ્વરના ખરા બલિ' તરીકે હોમાઈ ગયા. એ પછીનો દિવસ તે પંદરમો દિવસ અથવા પૂનમ હતો.

યહૂદી માસ અને વર્ષની ગણતરી ચંદ્ર ઉપરથી થાય છે. એમનું વર્ષ ચાંદ્રવર્ષ ગણાય છે, અને ૩૬૦ દિવસનું હોય છે. ઇસવીસનના મહિના અને વર્ષ સૂર્ય ઉપરથી નક્કી થાય છે, અને એને સૌરવર્ષ કહે છે. એ ૩૬૫.૨૫ દિવસનું બનેલું હોય છે. આમ, યહૂદી દિવસો અને પર્વો ચંદ્ર પરથી નક્કી થાય છે.

ઉપર જોયું તેમ, ઈસુના મૃત્યુ પછીનો દિવસ પૂનમનો હતો, અને એ શનિવાર હતો. એ પૂનમ પછીનો રવિવાર હતો, અને એ દિવસે પ્રભુ ઈસુ મૃત્યુંજય બનીને ઘોરમાંથી ઊઠ્યા એ જ ઇસ્ટરનો દિન.

ઈ. સ. ૩૨૫માં ખ્રિસ્તી મંડળીની મહાસભા એશિયા માઇનરમાં નિકિયા મુકામે મળી હતી એ મહાસભામાં "નિકિયાના વિશ્વાસનામા" તરીકે ઓળખાતું 'ધર્મશ્રદ્ધાનામું'' કે 'ધર્મસિદ્ધાંતનામું'' તૈયાર કરવામાં આવ્યું હતું. આ જ મહાસભા વખતે ઇસ્ટરની તારીખ નક્કી કરવાની રીત પણ મંજૂરી પામી હતી.

યહૂદી 'નિસાન' (આબીબ) માસ આપણા માર્ચની ૧૫ અથવા ૨૦ મીના ગાળાથી શરૂ થઈ એપ્રિલની ૧૫થી ૨૦ સુધી પહોંચે છે. એટલે 'કષ્ટમય અઠવાડિયું' (પામસન્ડે, ગુડફ્રાઇડે, ઇસ્ટર) આ ગાળામાં જ કાયમ આવે છે. આ અરસામાં જ વસંતઋતુ પણ આવે છે.

એટલે હવે ઇસ્ટરની ગણતરી આ પ્રમાણે થાય : વસંતસંપાત (માર્ચ ૨૧મી. એ દિવસે રાતદિન સરખાં હોય છે.) એ વસંતસંપાતને દિને આવતી કે તે પછી તરત આવતી પૂનમ પછીનો રવિવાર તે ઇસ્ટર ગણાય. જો એ પૂનમ રવિવારે આવતી હોય તો તે પછીનો રવિવાર ઇસ્ટર ગણાય. દાખલા તરીકે આ વર્ષે પૂનમ (ફાલ્ગુની પૂનમ) માર્ચ ૨૪મીએ શુક્રવારે આવે છે, અને એ પછી તરત આવતો રવિવાર ૨૬મીએ આવે છે, તેથી એ ૨૬મીએ ઇસ્ટર આવે. (વસંતસંપાતનો દિન માર્ચ ૨૧ મીએ જમશેદી નવરોઝ અથવા પારસી તહેવાર હોય છે.)

આ સૈકું પૂરું થાય ત્યાં સુધીની ઇસ્ટરો આ પ્રમાણે આવે છે:

| | |
|---|---|
| ૧૯૭૮, માર્ચ ૨૬. | ૧૯૮૯, માર્ચ ૨૬. |
| ૧૯૭૯, એપ્રિલ ૧૫. | ૧૯૯૦, એપ્રિલ ૧૫. |
| ૧૯૮૦, એપ્રિલ ૬. | ૧૯૯૧, માર્ચ ૩૧. |
| ૧૯૮૧, એપ્રિલ ૧૯. | ૧૯૯૨, એપ્રિલ ૧૯. |
| ૧૯૮૨, એપ્રિલ ૧૧. | ૧૯૯૩, એપ્રિલ ૧૧. |
| ૧૯૮૩, એપ્રિલ ૩. | ૧૯૯૪, એપ્રિલ ૩. |
| ૧૯૮૪, એપ્રિલ ૨૨. | ૧૯૯૫, એપ્રિલ ૧૬. |
| ૧૯૮૫, એપ્રિલ ૭ | ૧૯૯૬, એપ્રિલ ૭. |
| ૧૯૮૬, માર્ચ ૩૦. | ૧૯૯૭, માર્ચ ૩૦. |
| ૧૯૮૭, એપ્રિલ ૧૯. | ૧૯૯૮, એપ્રિલ ૧૨. |
| ૧૯૮૮, એપ્રિલ ૩. | ૧૯૯૯, એપ્રિલ ૪. |
| | ૨૦૦૦, એપ્રિલ ૨૩. |

ઇસ્ટર કદીયે માર્ચ ૨૨મી પહેલાં કે એપ્રિલ ૨૫મી પછી આવે જ નહિ.

## ૨૮ 'હાલેલૂયા'

**પ્રશ્ન : 'હાલેલૂયા' એટલે શું ?**

એ બે શબ્દોનો બનેલો સંયુક્ત શબ્દ હિબ્રૂ શબ્દ છે : 'હાલેલ' અને 'યાહ.' હાલેલ=સ્તુતિ; યાહ=ઇશ્વર. એટલે કે 'ઇશ્વરની સ્તુતિ'. હિબ્રૂમાં છેલ્લો 'હકાર' ઉચ્ચારવામાં આવતો નથી, માત્ર 'હાલેલૂયા' બોલાય છે. એટલે ગુજરાતીમાં પણ 'હાલેલૂયા' લખાવો–બોલાવો જોઈએ.

## ૨૯ ઈસુ વિષે ફિલ્મ

**પ્રશ્ન :** ત્રણેક વર્ષ પર યરુશાલેમમાં ઈસુ ખ્રિસ્તની એક ફિલ્મ તૈયાર કરવામાં આવી છે, જેમાં ઈસુને રાજકીય આગેવાન ચીતર્યા છે, અને બતાવ્યું છે કે એમણે પોતે જ એમના મૃત્યુ અને પુનરુત્થાનનો બનાવટી અભિનય કર્યો હતો. એ શું છે?

**જવાબ :** હા, યરુશાલેમમાં આવી ફિલ્મ તૈયાર કરવામાં આવી છે, અને એમાં ઈસુને રાજકીય નેતા તરીકે દર્શાવવામાં આવ્યા છે. રાજકીય ખ્યાતિ કમાઈ લેવા તેમણે પોતાના મૃત્યુની તથા પુનરુત્થાનની બનાવટ કરી હતી, એવું ફિલ્મમાં દર્શાવવામાં આવ્યું છે. ક્રૂસ પર તેઓ ચઢ્યા એ માત્ર બનાવટ હતી.

બ્રિટનના એક લેખકે કહ્યું જે. સ્કોન્ફિલ્ડે લખેલા પુસ્તકને આધારે

આ ફિલ્મ તૈયાર કરવામાં આવી છે. આ લેખક પોતાના ધૂમ વેચાતા પુસ્તકમાં લખે છે કે, ક્રૂસ પર ચઢવાનો માત્ર અભિનય (બનાવટ) હતો. પરંતુ રોમન સોલ્જરે મારેલા ભાલાથી ઈસુ ખરેખર મરી ગયા. અને એમના ચેલાઓએ એમને દાટયા. ગામડાના ભોળા લોકોએ પાછળથી આંધળા વહેમમાં ઘસડાઈને માની લીધું કે ઈસુનું પુનરુત્થાન થયું.

પણ બાઇબલમાં જણાવ્યું છે કે, રોમન સોલ્જરે ભાલો માર્યા પહેલાં ઈસુ મરી ગયા હતા, અને ભાલો મારવાનું કારણ તો ઈસુ ખરેખર મરી ગયા છે કે કેમ એની ખાતરી પામવાનું હતું.

સ્કૉન્ફિલ્ડ પાસે કોઈ જ પુરાવા નથી; માત્ર મનની કલ્પનાઓ-માંથી આ પુસ્તક તેણે કલ્પી કાઢયું છે—નામના કાઢવા અને પૈસો કમાવા. ઘણાબધા અભ્યાસીઓએ આ પુસ્તકને નકારી કાઢયું છે. ખુદ યરુશાલેમની હિબ્રૂ યુનિવર્સિટીના યહૂદી પ્રોફેસર ડેવિડ ફ્લુને પણ આ પુસ્તકની વાત નકારી કાઢી છે, અને સ્કૉન્ફિલ્ડની માન્યતા જૂઠાણાભરી ગણી છે.

યુરોપમાં ઈસુ વિષે બીજી એક ફિલ્મ તૈયાર થઈ છે જેમાં ઈસુને ભયંકર ભ્રષ્ટાચારી તરીકે ચીતર્યા છે. એ વિષે ફરી કોઈવાર જોઈશું. માનવનાં પતિત મન અને મગજને પાળ કે બંધન હોય છે ખરાં?

## ૩૦ અધઃસ્થાનમાં ઊતરવું એટલે શું?

**પ્રશ્ન :** ઈસુ "અધઃસ્થાનમાં ઊતર્યા" અને "બંદીવાનોને ઉપર લઈ ગયા" એટલે શું? એફેસી ૪:૮-૯ "ઊંચાણમાં ચઢીને તે બંદીવાનોને લઈ ગયો,... તે ચઢયો, એટલે શું? પ્રથમ તે પૃથ્વીના નીચેના ભાગોમાં ઊતર્યો, એમ નહિ?" એ વાકય, તેમ જ

૧ પિતર ૩.૧૯ "તે આત્મામાં પણ તેણે જઈને બંદીખાનામાં પડેલા આત્માઓને ઉપદેશ કર્યો," એ બંને વાક્યોનો અર્થ શો થાય? શું ઈસુ ખ્રિસ્ત ક્રૂસ પર મૃત્યુ પામ્યા, એ પછી એમના આત્માએ હાડેસમાં જઈને નર્કવાસીઓને ઉપદેશ કર્યો, અને પસ્તાવો કરાવ્યા પછી તેમને બધાંને સ્વર્ગમાં લઈ ગયા? મૃત્યુ પછી સુવાર્તા ફરીથી સાંભળવાની અને ફરીથી પસ્તાવો કરવાની તક મળે છે ખરી?

**જવાબ :** પ્રશ્નનો જવાબ જરા લંબાણથી આપવો પડશે. મૃત્યુ પછી પસ્તાવો કરવાની કોઈને ફરીથી તક મળતી નથી મૃત્યુ સમયે આત્માની જે સ્થિતિ હોય તે ફરી કદી બદલાતી નથી (લૂક ૧૬ : ૨૬). ૧ પિતર ૩ : ૧૯માં "બંદીખાનામાં પડેલા આત્માઓને ઉપદેશ કર્યો." એમાં "ઉપદેશ કર્યો"નો અર્થ સુવાર્તાપ્રચાર કર્યો કે પસ્તાવાનો બોધ આપ્યો એમ નથી. એનો અર્થ માત્ર 'ખાસ સમાચારની જાહેરાત કરી'—'ઢંઢેરો પિટાવ્યો' થાય છે.

મૃત્યુ પામેલા લોકોના આત્મા શેઓલમાં (હિબ્રૂ શબ્દ) અથવા હાડેસમાં (ગ્રીક શબ્દ) જાય છે. એ 'મૃત્યુલોક'ના બે ભાગ છે: એકમાં ન્યાયીઓના આત્માઓ જાય છે, એને 'અબ્રાહમની ગોદ' અથવા 'પારાદૈસ' કહે છે, અને બીજા ભાગમાં બાકીના આત્માઓ જાય છે, એને 'હાડેસ' કહે છે. 'અબ્રાહમની ગોદ'માં પરમ આનંદ છે, જ્યારે હાડેસમાં ભારે પીડા છે (લૂક ૧૬:૨૩, ૨૪, ૨૫, ૨૮). એ બંનેની વચ્ચે ખાઈ છે, અને કોઈ એકમાંથી બીજામાં સ્થળાંતર કરી શકતો નથી.

હિબ્રૂ ૯:૨૨,૨૪,૨૮મી કલમો બાઈબલમાંથી વાંચી જશો. ત્યાં આપ્યું છે કે "લોહી વહેવડાવ્યા વગર પાપની માફી મળતી નથી" એટલે વિશ્વાસથી જીવનાર ન્યાયીઓના આત્માઓ શેઓલના પારદૈસ વિભાગમાં બંદી તરીકે હતા, અને ઈસુના નિષ્કલંક બલિદાનની રાહ જોતા હતા, જેથી ઈસુ બલિદાન દીધા પછી, આવાને

તમને 'સ્વર્ગમાં' 'પિતાના ઘરમાં' લઈ જાય. હજુ સુધી 'દેવનો હલવાન' વધેરાયો નહોતો અને જગતનું પાપહરણ થયું નહોતું, એટલે કોઈ સ્વર્ગે જઈ શકે જ નહિ. જો ક્રૂસ પર ઈસુ ખ્રિસ્તનું બલિદાન અપાયું ન હોત, જો ઈસુનું નિષ્કલંક રકત બલિદાનરૂપે વહેવડાવવામાં આવ્યું ન હોત, તો ન્યાયી લોકોના આત્માઓ એ જ સ્થિતિમાં રહેત, અને 'પિતાના ઘેર' સ્વર્ગમાં ન જઈ શકત.

પરંતુ ઈસુએ પોતાના પંડનું ક્રૂસ પર બલિદાન આપ્યું (માથ્થી ૨૬:૨૮). એ પછી ઈસુ "અધઃસ્થાનમાં" (પારાદૈસમાં, શેઓલમાં) ઊતર્યા, મરતો ચોર પણ એમની સાથે પારાદૈસમાં ઊતર્યો (લૂક ૨૩:૪૩). અને ઈસુએ ત્યાં રાહ જોતા ન્યાયી આત્માઓને આ ખુશખબરની જાહેરાત કરી કે તમારું મુક્તિમૂલ્ય અપાઈ ચૂકયું છે, અને હવે તમને 'પિતાના ઘેર' લઈ જઈ શકાશે. 'ઉપદેશ' માટે ગ્રીક ભાષામાં નવા કરારમાં પાંચ શબ્દો વપરાયા છે ૧ પિતર ૩ :૧૯માં વપરાયેલા 'કેરુસો' શબ્દનો અર્થ જાહેર કરવું કે ઢંઢેરો પિટાવવો થાય છે; એટલે કે ઈસુએ આ ન્યાયીઓના આત્માઓને 'સુવાર્તાપ્રચાર' કર્યો નહોતો પણ ખુશખબર જણાવી હતી.

એ પછી પ્રભુ ઈસુ એ ન્યાયીઓના આત્માઓના મહાસમુદાયને ત્યાંથી સ્વર્ગમાં લઈ ગયા. એફેસી ૪:૮-૯માં "તે બંદીવાનોને લઈ ગયો" વાક્યનો અર્થ એ જ છે કે પ્રભુ ઈસુ ન્યાયીઓના આત્માઓને અધઃસ્થાનમાંથી (શેઓલમાંથી) સ્વર્ગમાં "પિતાના ઘેર" લઈ ગયા.

હવે પછી ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરનારાં અને તેમને સોંપાયેલાં સૌ કોઈ 'પિતાને ઘેર' જાય છે. તો કોઈને પ્રશ્ન થશે કે તેઓને "ન્યાય-કાળ"માંથી પસાર થવાનું નથી શું?

## ૩૧ ઈસુ ખ્રિસ્તના લોકોને માટે ન્યાયકાળ નથી થવાનો શું ? ન્યાયકાળ જુદા જુદા છે ?

**પ્રશ્ન :** અગાઉ મેં લખ્યું કે " ખ્રિસ્તના પુનરુત્થાન પછી હવે ઈસુ ખ્રિસ્ત ઉપર વિશ્વાસ કરનારાં અને તેમને સોંપાયેલાં સૌ કોઈના આત્મા ' પિતાને ઘેર ' અથવા ' ખ્રિસ્તની પાસે ' જાય છે. આ ઉપરથી કોઈને પ્રશ્ન થાય કે તેઓને ' ન્યાયકાળ 'માંથી પસાર થવાનું નથી શું ? એ વિષે આપણે હવે જોઈએ. ન્યાયકાળ એક છે કે અનેક ?

**જવાબ :** સામાન્ય રીતે ખ્રિસ્તીઓ માને છે કે એક જ ન્યાયકાળ થવાનો છે. જગતના અંતે પૃથ્વીનો નાશ થશે, બધા જ મૂએલાં ઊઠશે, પ્રભુપિતા રાજ્યાસન પર બેસી ઉઘાડેલાં પુસ્તકો પ્રમાણે બધાંનો ન્યાય કરશે, અને તેમની કરણીઓ પ્રમાણે તેમને સ્વર્ગે લેશે કે નર્કે નાખશે.

પરંતુ ન્યાયકાળ એક નહિ, પણ કુલ ચાર ન્યાયકાળ છે. બાઇબલ એ વિષે સ્પષ્ટ શીખવે છે. (૧) પહેલો ન્યાયકાળ વધસ્તંભ પર આજથી ૨૦૦૦ વર્ષ પર (ઈ. સ. ૨૯ માં) થઈ ગયો (યશાયા ૫૩:૪–૬). (૨) બીજો ન્યાયકાળ પ્રભુ ઈસુનું પુનરાગમન થશે ત્યારે અધ્ધર ગગનમાં થશે અને એ ન્યાયકાળ માત્ર જેઓ ખ્રિસ્તનાં છે તેઓનો થશે (૨ કોરીંથી ૫:૬; ૧ થેસ્સા. ૪:૧૬, ૧૭). (૩) ત્રીજો ન્યાયકાળ પ્રભુ ઈસુ બીજી વાર પૃથ્વી પર ઊતરશે અને મહિમાવંત રાજ્યાસને બિરાજશે ત્યારે થશે. દુનિયાની પ્રજાઓનો એ ન્યાયકાળ હશે, પ્રજાઓનો (અને નહિ કે વ્યક્તિઓનો) ન્યાય થશે (માથ્થી ૨૫:૩૧–૪૬). (૪) અને ચોથો ન્યાયકાળ ઈશ્વરના શ્વેત રાજ્યાસન આગળ થશે. તે સમયે પૃથ્વી તથા આકાશ ટળી ગયેલાં હશે. મૃત્યુ પામેલાં બાકીનાં બધાં ઊઠયાં હશે, અને ઈશ્વરની સન્મુખ ઊભાં

રહેશે. પુસ્તકો ઉઘાડવામાં આવશે, અને જીવનનું પુસ્તક પણ ઉઘાડનામાં આવશે અને દરેકનો તેમની કરણીઓ પ્રમાણે ન્યાય થશે (પ્રકટી. ૨૦:૧૧–૧૫). હવે આપણે વારાફરતી આ ચારેય ન્યાયકાળ જોઈએ.

## ૧. પહેલો ન્યાયકાળ અથવા ઈસુ ખ્રિસ્તના લોકોનો ન્યાયકાળ :

આજથી ૨૦૦૦ વર્ષ ઉપર વધસ્તંભે આ ન્યાયકાળ થઈ ગયો. ઈસુ ખ્રિસ્તે પાપીઓને બદલે દુ:ખ અને મૃત્યુ વેઠયાં. "આપણા અપરાધોને લીધે તે વીંધાયા, આપણાં પાપોને લીધે તે કચડાયા, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેમને શિક્ષા થઈ, અને તેમના સોળથી આપણને સાજાપણું મળ્યું છે...અને યહોવાએ તેમનાં પર આપણ સર્વનાં પાપનો ભાર મૂકયો છે" (યશાયા ૫૩:૫–૬).

**અ. પાપી તરીકે :** જો આપણાં પાપ વધસ્તંભ પર ઈસુની ઉપર મુકાયાં, આપણાં પાપોનો ભાર તેમની ઉપર મુકાયો, તો હવે તે આપણા પર રહેતા નથી. મને અને આપણ સર્વ શ્રદ્ધાળુઓને હવે પૂરી મુક્તિ મળી છે. રૂમી. ૮:૧ જણાવે છે, "એ માટે જેઓ ખ્રિસ્ત ઈસુમાં છે તેઓને હવે દંડાજ્ઞા (પાપની શિક્ષા) નથી." તેઓનો ન્યાય વધસ્તંભ આગળ થઈ ચૂકયો છે, તેઓનાં પાપની સજા ઈસુને કરવામાં આવી છે, અને હવે આ "ખ્રિસ્ત ઈસુમાંના લોકો" સજાથી, દંડાજ્ઞાથી મુક્ત છે (યોહાન ૫:૨૪). તેઓ બધાં વિશ્વાસ દ્વારા હવે ન્યાયી ઠરાવાયાં છે. દુનિયાના કાયદાશાસ્ત્રમાં કાનૂન છે કે એક જ ગુનાને માટે ગુનેગારનો બે વખત ન્યાય ન કરી શકાય. એને 'લૉ ઑવ ડબલ જીઓપાર્ડી' (અમેરિકન) અથવા 'ઓત્રે ફોઇસ એકવીત' (બ્રિટિશ) કહે છે. સ્વર્ગનો કાનૂન પણ એ જ છે. ક્રૂસ પર મારો ન્યાય થઈ ચૂકયો છે. ઈસુના લોહી દ્વારા મારાં બધાં પાપ માફ થઈ ગયાં છે અને હવે મને દંડાજ્ઞા નથી. એ

બધાં માફ થયેલાં મારાં પાપો માટે ન્યાય ફરીથી થનાર જ નથી. બાઇબલ એની મને ખાતરી આપે છે. એટલે પેલા ચોથા ન્યાયકાળમાં હું હોઇશ નહિ, અને એમાં મારો ન્યાય થશે નહિ.

**બ. પુત્ર તરીકે :** પણ ઇસુ ખ્રિસ્તમાં પાપોની માફી પામ્યા પછી, અને તારણનો અથવા નવા જન્મનો અનુભવ પામ્યા પછી થતાં પાપનું શું ? એને માટે પણ બાઇબલ સ્પષ્ટ છે : "જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે" (૧ યોહાન ૧:૯). એ પ્રમાણે દરરોજના જીવનમાં ખ્રિસ્તમય જીવન જીવતાં થતાં પાપની હૃદયપૂર્વકની કબૂલાત કરવાથી આપણને એ પાપોની માફી મળે છે. ૧ યોહાન ૨:૧ કલમ ખ્રિસ્તનાં આત્મિક સંતાનોને માટે લખવામાં આવી છે : "જો કોઈ પાપ કરે તો બાપની પાસે આપણો મધ્યસ્થ છે."

ખ્રિસ્તના લોકોનાં વણકબુલાયેલાં પાપો માટે 'પિતા' તરીકે ઈશ્વર તેમને શિક્ષા કરે છે. તેમને સીધા માર્ગ પર લાવવાને અને તેમની ભૂલ સુધારવાને માટે આ શિક્ષા હોય છે. "જો આપણે પોતાની પરીક્ષા કરીએ, તો આપણો ન્યાય કરવામાં નહિ આવે. પણ જો આપણો ન્યાય કરવામાં આવે છે ત્યારે પ્રભુથી શિક્ષા પામીએ છીએ, જેથી જગતની સાથે આપણને શિક્ષા ન થાય" (૧ કોરીંથી. ૧૧:૩૧, ૩૨). વળી જુઓ, "કેમ કે જેના પર પ્રભુ પ્રેમ રાખે છે, તેને તે શિક્ષા કરે છે, અને જે પુત્રનો તે અંગીકાર કરે છે તે દરેકને તે કોરડા મારે છે. શિક્ષણની ખાતર તમારે સહન કરવું પડે છે. જેમ પુત્રની સાથે તેમ તમારી સાથે ઈશ્વર વર્તે છે. કેમ કે એવો કયો દીકરો છે, જેને બાપ શિક્ષા કરતો નથી ?" (હિબ્રૂ ૧૨:૫-૧૧). ચોથા ન્યાયકાળમાં જગતના લોકોને પાપની દંડાજ્ઞા–સજા થશે, એમાં

અને 'પુત્રો'ને થતી શિક્ષણ યા સુધારા માટેની શિક્ષામાં આસ-માન-જમીનનો ફરક છે.

**૨. બીજો ન્યાયકાળ અથવા ખ્રિસ્તની મંડળી બાંધવામાં વિશ્વાસીઓને આપેલી સેવાઓ માટે ઇનામની વહેંચણી :** ૧ કોરીંથી. ૩:૧૦-૧૫ માં આ ન્યાયકાળ વિષે આપવામાં આવ્યું છે. આ ક્યારે થશે અને ક્યાં થશે? પ્રભુ ઈસુના પુનરાગમન વખતે ખ્રિસ્તના લોકો ગગનમાં પ્રભુને મળવા તણાઈ જશે, તે સમયે ગગનમાં થશે. વિશ્વાસીઓનો તેમની સેવાઓ માટેનો આ ન્યાયકાળ હશે. ખ્રિસ્તની મંડળી બાંધવામાં અને તેને દૃઢ કરવામાં તથા આત્માઓ જીતવામાં વિશ્વાસીઓએ (ખ્રિસ્તના લોકોએ) જે ફાળો આપ્યો હશે યા ભાગ ભજવ્યો હશે તેની આ સમયે પારખ થશે, અને ઇનામ-વહેંચણી થશે. **ઈસુના ન્યાયાસન આગળ** આ ન્યાય થશે એનું પરિણામ આ થશે: કેટલાકને ઇનામ મળશે, અને કેટલાકને ઇનામ નહિ મળે. તેઓનો પોતાનો નાશ થવાનો નથી, કારણ, તેઓ ખ્રિસ્તના લોહી દ્વારા અનંતજીવન પામી ચૂક્યા છે. માત્ર તેમને બદલો યા ઇનામ નહિ મળે. "જો કોઈનું કામ બળી જશે, તો તેને નુકસાન થશે, પણ તે જાતે જાણે કે અગ્નિથી બચેલા જેવો થશે" (૧ કોરીંથી. ૩:૧૫). વળી જુઓ ૧ કોરીંથી. ૫:૫; ૧ થેસ્સા. ૪:૧૭; ૧ કોરીંથી. ૧૫:૫૮; ૯:૨૪-૨૭; ૨ કોરીંથી. ૫:૧૦.

**૩. ત્રીજો ન્યાયકાળ, પ્રજાઓનો ન્યાયકાળ :** માથ્થી ૨૫:૩૧-૪૬. અહીં બધી પ્રજાઓનો ન્યાય કરવામાં આવશે. ક્યારે અને ક્યાં? પ્રભુ ઈસુના પુનરાગમન વખતે ગગનમાં મંડળી (ખ્રિસ્તની કન્યા) સાથે મળ્યા પછી તે પૃથ્વી પર યરુશાલેમમાં ઊતરશે ત્યારે યહોશાફાટની ખીણમાં આ ન્યાયકાળ થશે. પ્રભુ ઈસુ પોતાના મહિમાના રાજ્યાસન પર દાઉદની ગાદી પર બિરાજશે. સર્વ દેશજાતિઓ (પ્રજાઓ) તેમની આગળ એકઠી કરાશે, અને જેમ ભરવાડ ઘેટાંને

બકરાંથી જુદાં પાડે છે તેમ તે તેઓને એક બીજીથી જુદી પાડશે. અને ઘેટાંને તે પોતાને જમણે હાથે, પણ બકરાંને ડાબે હાથે રાખશે" (માથ્થી ૨૫:૩૨,૩૩). દુનિયાની પ્રજાઓ યરુશાલેમ સામે ઘેરો ઘાલીને લડવા આવી હશે તે પ્રસંગે આ બનશે.

કેટલાક લોકો માને છે તેમ આ વ્યક્તિઓનો ન્યાય નથી, પણ પ્રજાઓનો છે. વ્યક્તિઓનો આખરી ન્યાયકાળ પ્રકટીકરણ ૨૦:૧૧-૧૫માં આપવામાં આવ્યો છે. અને તે સમયે મૃત્યુ પામેલાં બધાં પાછાં ઊઠયાં હશે. પણ આ માથ્થી ૨૫:૩૧-૪૬માં આપેલા પ્રજાઓના ન્યાયકાળ વખતે હજી મૃત્યુ પામેલાં ઊઠયાં નથી, આ તો જીવંત પ્રજાઓનો ન્યાય છે (યોએલ ૩:૨). અહીં પુસ્તકો ખોલવાની વાત આવતી નથી. ઈસુ ખ્રિસ્તના પૃથ્વી પરના એક હજાર વર્ષના રાજ પહેલાં આ ન્યાયકાળ થશે, જ્યારે છેલ્લો ન્યાયકાળ તો એક હજાર વર્ષના રાજ પછી થશે.

છેલ્લા (ચોથા) ન્યાયકાળમાં ઈશ્વરની સન્મુખ એક જ વર્ગ હશે; માત્ર ઉત્થાન પામેલાં મૂએલાં. જ્યારે આ પ્રજાઓના ન્યાય-કાળમાં 'ઘેટાં પ્રજા,' 'બકરાં પ્રજા,' અને 'આ મારા ભાઈઓ' (માથ્થી ૨૫:૪૦, ૪૫) એમ ત્રણ જૂથો હશે. ખ્રિસ્તના ભાઈઓ-યહૂદીઓ-પ્રત્યે જુદી જુદી પ્રજાઓનો વર્તાવ કેવો હતો, એ પ્રમાણે એ પ્રજાઓનો ન્યાય થશે. "યાકૂબની મહા સતાવણી"ના સમય પછી તરત ન્યાયકાળ થશે.

'પ્રજાઓ' માટે અહીં ગ્રીક ભાષામાં 'એથનોસ' શબ્દ વપરાયો છે. 'એથનોસ'નો અર્થ "પ્રજા" અથવા 'પ્રજાઓ" થાય છે. નવા કરારમાં ગ્રીકમાં આ શબ્દ ૧૫૮ વાર વપરાયો છે, એમાં ૯૨ વખત એનો તરજુમો 'વિદેશીઓ' કર્યો છે, ૬૧ વખત પ્રજા/પ્રજાઓ' કર્યો છે, પાંચ વખત 'વિધર્મીઓ' કર્યો છે, પણ

'મૂએલાં' અથવા 'પુનરુત્થાન પામેલાં' એવું અર્થઘટન એક પણ વખત કરવામાં આવ્યું નથી.

આ પ્રજાઓના ન્યાયકાળમાં યહૂદીઓ પ્રજા તરીકે ગણાયા નથી. તેઓ તો "આ મારા ભાઈઓ" તરીકે ઓળખાવવામાં આવ્યા છે. દુનિયાનો ઇતિહાસ યહૂદીઓને પ્રજાઓમાં ભલે ગણે, બાઇબલ યહૂદીઓને અન્ય પ્રજાઓની સાથે ગણતું નથી, પણ 'અલાહિદી પ્રજા' 'પસંદ કરેલી પ્રજા' તરીકે ગણે છે. બલઆમના મુખથી પ્રભુનો આત્મા યહૂદીઓ વિષે આ પ્રમાણે બોલે છે: "જુઓ, તેઓ અલાહિદા રહેનારા લોકો છે, અને દેશ જાતિઓ ભેગા તેઓ ગણાશે નહિ" (ગણના ૨૩:૯). બાઇબલની ભાષા પ્રમાણે જ્યારે યહૂદીઓનું રાજ્ય ચાલતું ન હોય, અને અન્ય પ્રજા એની પર રાજ્ય કરતી હોય તે સમયોને "વિદેશીઓના સમયો" "વિદેશીઓનું રાજ્ય" વગેરે રીતે ઓળખવામાં આવે છે.

આ ન્યાયકાળમાં જે બદલો મળવાનો તે "ઘેટાં પ્રજાઓને" "રાજ્યનો" (એક હજાર વર્ષના રાજ્યનો) વારસો મળશે. 'રાજ્યનો વારસો લો.' જ્યારે "બકરાં–પ્રજાઓ"નો નાશ થશે. "આ મારા ભાઈઓ" એટલે કે યહૂદીઓ તો બાર કુળ પ્રમાણે ઈસુ ખ્રિસ્તની સાથે પ્રજાઓ પર રાજ કરશે.

**૪. ચોથો અથવા આખરી ન્યાયકાળ:** પ્રકટીકરણ ૨૦:૧૧–૧૫. પ્રભુ ઈસુના પુનરાગમન સમયે "ખ્રિસ્તમાં મૃત્યુ પામેલાંઓ' પાછાં ઊઠયાં હશે, તેમને ઇનામ આપવાનો (ન્યાયકાળ નં. ૨) થઈ ગયો હશે, પ્રભુ ઈસુએ પૃથ્વી પર ઊતરીને પ્રજાઓનો ન્યાય કર્યો હશે (ન્યાયકાળ નં. ૩), અને એ પછી પ્રભુ ઈસુએ પૃથ્વી પર ૧૦૦૦ વર્ષનું રાજ્ય કર્યું હશે, એ પછી છૂટેલો શેતાન પ્રજાઓને ફરી ભમાવશે, અને ઈસુ શેતાન તથા તેના અપદૂતોને

નર્કાગ્નિમાં નાખી દેશે. પછી છેલ્લુ રણશિંગડું વાગશે ત્યારે બાકી રહેલાં બધાં મૂએલાં પાછાં ઊઠશે. અને આ સમયે આ ચોથો અથવા આખરી ન્યાયકાળ થશે.

ઈશ્વર પોતે 'મોટા શ્વેત રાજ્યાસને' બિરાજશે. તેની સન્મુખથી પૃથ્વી તથા આકાશ જતાં રહેશે, અને મૃત્યુમાંથી ઊઠીને બધાં ઈશ્વર સન્મુખ ન્યાય થવા સારુ ખડાં રહેશે. એ સમયે તેઓની તમામ કરણીઓના નોંધણી પુસ્તકો ઉઘાડવામાં આવશે, પેલાં પુસ્તકોમાં જે જે લખેલું હશે તે પરથી 'મૂએલાંઓનો' તેઓની કરણીઓ પ્રમાણે ન્યાય કરવામાં આવશે (પ્રકટી ૨૦:૧૧–૧૫; રૂમી. ૨:૬–૧૬).

વળી પહેલા (ન્યાયીઓના) પુનરુત્થાન તથા આ છેલ્લા પુનરુત્થાન વચ્ચે કોઈ ન્યાયીઓ મરશે તો તેઓ બીજામાં (છેલ્લામાં) ઊઠશે, અને જીવનના પુસ્તકમાં તેનું નામ લખાયેલું હોવાથી (કલમ ૧૫) તે બચશે.

એ પછી નવું આકાશ અને નવી પૃથ્વી થશે.

## ૩૨ પુનરુત્થાન એક જ છે કે અનેક ?

**પ્રશ્ન :** આગળના બાઇબલ અભ્યાસમાં આપે રજૂ કર્યું કે બીજા ન્યાયકાળ અને ચોથા ન્યાયકાળ વચ્ચે ૧૦૦૦ વર્ષનો ગાળો હશે. તો શું પુનરુત્થાન એક નથી ? રણશિંગડું વાગતાં બધાં જ મૃત્યુ પામેલાં એકસામટાં ઊઠશે નહિ ? આપના લખાણ પરથી તો એવું દેખાય છે કે પુનરુત્થાન એક નહિ પણ અનેક છે. બાઇબલ આ સંબંધી શું શીખવે છે.

**જવાબ :** અગાઉના બાઇબલ–અભ્યાસ પછીથી આ બાબતે

કેટલાકના પ્રશ્નો આવ્યા છે. વળી, અગાઉ પણ પુનરુત્થાન વિષે પ્રશ્નો આવ્યા હતા. અહીં એ બધાંનો ભેગો જવાબ આપું છું.

ઘણાં બધાં એમ માને છે કે, છેલ્લું રણશિંગડું વાગશે ત્યારે બધાં જ મૃત્યુ પામેલાં એક સામટાં ઊઠશે. પણ બાઇબલનું શિક્ષણ જુદું છે. બાઇબલમાં તો જુદાં જુદાં ચાર પુનરુત્થાન આપવામાં આવ્યાં છે.એમાંનાં પહેલાં ત્રણ પુનરુત્થાન ખ્રિસ્ત અને તેના સંતોનાં, અને ચોથું અથવા છેલ્લું પુનરુત્થાન બાકીનાં બીજાં (ખ્રિસ્ત રહિત) લોકોનું થશે.

પ્રકટીકરણ ૨૦:૪બ–૫માં આપવામાં આવ્યું છે કે "તેઓ જીવતા થયા, અને ખ્રિસ્તની સાથે હજાર વર્ષ રાજ કર્યું. મૂએલાંમાંનાં જેઓ બાકી રહ્યા તેઓ તે હજાર વર્ષ પૂરાં થતાં સુધી જીવતાં થયાં નહિ. એ જ પહેલું પુનરુત્થાન છે" આમ આ પુનરુત્થાન વચ્ચે એક હજાર વર્ષનો ગાળો રહેવાનો છે.

વળી ૧ કોરીંથી. ૧૫:૨૨, ૨૩ જુદાં જુદાં પુનરુત્થાનની વાતને વધારે સ્પષ્ટ કરે છે..."કેમ કે જેમ આદમ દ્વારા સર્વ મરે છે, તેમ જ વળી ખ્રિસ્ત દ્વારા સર્વ સજીવન થશે.પણ **દરેકને પોતપોતાને અનુક્રમે** : ખ્રિસ્ત પ્રથમફળ; ત્યાર પછી જેઓ ખ્રિસ્તના છે તેઓને તેના આવવાની વેળાએ સજીવન કરવામાં આવશે." "દરેકને પોતપોતાને અનુક્રમે"–એ શબ્દો જ બતાવે છે કે, પુનરુત્થાન એકસામટું નહીં, પણ વારાફરતી થશે. 'અનુક્રમે' શબ્દને માટે વપરાયેલા ગ્રીક (તાગમાતી) શબ્દનો અર્થ 'ટુકડી' અથવા 'છાવણી' થાય છે. મિલિટરીમાં જેમ જુદી જુદી ટુકડીઓ હોય છે, એમ પુનરુત્થાન પણ અલગ અલગ ટુકડીબંધ થશે. આપણે એ અનુક્રમ જોઈએ.

**૧. પ્રથમફળ :** ૧ કોરીંથી. ૧૫:૨૦ "પણ ખ્રિસ્ત તો મૂએલાંમાંથી ઊઠ્યો છે, અને તે ઊંઘી ગયેલાંઓનું પ્રથમફળ થયો છે." વળી ૧૫:૨૩માં "પણ દરેકને પોતપોતાને અનુક્રમે: ખ્રિસ્ત પ્રથમ-ફળ." મૃત્યુ પામેલાં સર્વ કોઈમાંથી ખ્રિસ્ત પ્રથમ ઊઠ્યા છે, અને એમ પ્રથમફળ બન્યા છે. ઉનાળે આંબેથી પ્રથમફળ તરીકે શાખ પડે છે. એ બતાવે છે કે હવે પાછળથી કેરીઓનો પુષ્કળ પાક ઊતરવાનો છે. ખેતરમાંથી પ્રથમ ડૂંડાં પ્રથમફળ તરીકે લઈએ છીએ ત્યારે જાણીએ છીએ કે, પાછળથી મબલક પાક ઊતરવાનો છે, એમ ખ્રિસ્તે મૂએલાંમાંથી ઊઠીને પ્રથમફળ બનીને આપણા પુનરુત્થાનની પણ એમાં ખાતરી આપી છે કે પાછળથી બહુ મોટી ટુકડીમાં "ખ્રિસ્તમાં મૂએલાં" પાછાં ઊઠવાનાં છે.

**માથ્થી ૨૭:૫૦–૫૩** ઈસુના મૃત્યુ સમયે કેટલાક સંતોનાં મૃત શરીર સજીવન થયાં. કલમ ૫૨-૫૩માં આમ આપ્યું છે: "ને કબરો ઊઘડી ગઈ, ને ઊંઘેલા સંતોનાં ઘણાં શરીર ઊઠ્યાં, ને તેના પાછા ઊઠ્યા પછી તેઓ કબરમાંથી નીકળીને પવિત્ર નગરમાં ગયાં, ને ઘણાંઓને દેખાયાં." તેઓનાં શરીર જાગ્યાં ખરાં, પણ ઈસુ કબરમાંથી ઊઠ્યા તે પછીથી જ તેઓ કબરમાંથી નીકળીને યરુશાલેમમાં ગયાં, ખ્રિસ્તની અગાઉ નહિ. પ્રથમફળ ખ્રિસ્તની સાથે તેઓ ઊઠ્યાં.

**૨. પહેલું પુનરુત્થાન અથવા 'મબલક પાક' અથવા 'ફસલ'**

અ. પુનરુત્થાનના અનુક્રમમાં હવે જેઓ ખ્રિસ્તના છે અને મૃત્યુ પામ્યા છે તેઓ ઊઠશે. ૧ કોરીંથી. ૧૫:૨૩ જણાવે છે તેમ "પણ દરેક પોતપોતાને અનુક્રમે: ખ્રિસ્ત પ્રથમફળ; ત્યાર પછી જેઓ ખ્રિસ્તના છે તેઓને તે (ખ્રિસ્ત)ના આવવાની વેળાએ સજીવન કર-વામાં આવશે." વળી ૧ થેસ્સાલોનિકા ૪:૧૪બ, ૧૬, ૧૭ જણાવે

છે: "તે જ પ્રમાણે ઈસુમાં જેઓ ઊંઘી ગયેલાં છે તેઓને દેવ તેની સાથે લાવશે...કેમ કે પ્રભુ પોતે ગર્જના સહિત, પ્રમુખ દૂતની વાણી સહિત, આકાશમાંથી ઊતરશે; અને **ખ્રિસ્તમાં જેઓ મૂએલાં છે તે પ્રથમ ઊઠશે;** પછી આપણામાંનાં જેઓ જીવતાં રહેનારાં છીએ, તેઓ ગગનમાં પ્રભુને મળવા સારુ તેઓની સાથે વાદળાંમાં તણાઈ જઈશું; અને એમ સદા પ્રભુની સાથે રહીશું." "કાપણી" એટલે કે ન્યાયકાળ સમયે ખ્રિસ્તના ઘઉંરૂપી લોકોને પ્રભુ પોતાની વખારોમાં ભરશે, એટલે કે પોતાની સાથે પોતાના રાજમાં લેશે.

ઉપરનાં બંને ટાંચણો એક જ વાત સ્પષ્ટ જણાવે છે કે, આ પુનરુત્થાનમાં માત્ર "જેઓ ખ્રિસ્તનાં છે" અથવા "ખ્રિસ્તમાં ઊંઘી ગયાં છે" તેઓ જ ઊઠશે, અને બાકી રહેલાં મૂએલાં કબરમાં જ રહેશે. એ વાતને પ્રકટીકરણ ૨૦:૫ પણ ભારે સમર્થન આપે છે. એમાં લખ્યું છે: (૪બ–૫) "તેઓ જીવતા થયા, ને ખ્રિસ્તની સાથે હજાર વર્ષ રાજ કર્યું. મૂએલાંમાંનાં જેઓ બાકી રહ્યાં તેઓ તે હજાર વર્ષ પૂરાં થતાં સુધી જીવતાં થયાં નહિ, એ જ પહેલું પુનરુત્થાન છે. (૬) પહેલા પુનરુત્થાનમાં જેને ભાગ છે તે ધન્ય તથા પવિત્ર છે." ઈસુ ખ્રિસ્ત ઉત્થાન પામ્યા તે પ્રથમફળ ગણાયા. એમના પુનરાગમન વખતે ખ્રિસ્તના જેઓ છે તેઓ ઊઠશે એ પહેલું પુનરુત્થાન કહેવાયું છે. એમાં ભાગ લેનારાં માત્ર ખ્રિસ્તનાં લોકો હશે અને તેઓને ધન્ય છે.

૧. થેસ્સાલોનિકા ૪:૧૬માં આપ્યું છે: "ખ્રિસ્તમાં જેઓ મૂએલાં છે," આ વાક્યનો ગ્રીક ભાષા પ્રમાણે બીજો પણ અર્થ છે કે "જેઓને ખ્રિસ્તે પોતે ઊંઘાડયાં છે તેઓ." પ્રેમાળ માતા પોતાના વહાલસોયા બાળકને હાલરડું ગાઈને ઊંઘાડે, એમ જેઓ ખ્રિસ્તને ચાહનારાં છે તેઓને પ્રભુ ઈસુ પોતે પરમ શાંતિ અને આનંદમાં

મૃત્યુમાં ઊંઘાડે છે–હસતાં–કલ્લોલતાં પાછાં ઉઠાડવાના શુભ હેતુથી. (ગ્રીકમાં છે "દિયા તુ ઈશુ." 'દિયા' એટલે 'દ્વારા' અથવા 'મારફતે').

પુનર્નિયમ ૩૪:૫ માં મૂસાના મૃત્યુ વિષે આપ્યું છે: "અને ત્યાં મોઆબ દેશમાં, **યહોવાના વચન પ્રમાણે** યહોવાનો સેવક મૂસા મરી ગયો." યહૂદીઓ એ શબ્દોનો આજ લગી આવો તરજુમો કરતા આવ્યા છે કે "યહોવાના વચન (=મુખ) પ્રમાણે," (એટલે કે "યહોવાના મુખ દ્વારા" અથવા "મુખથી,") એટલે કે યહોવાના મુખના ચુંબનથી મૂસાને ઊંઘાડી દેવામાં આવ્યો. યહૂદીઓમાં ઊતરી આવેલી વાત છે કે યહોવાએ મૂસાને ઊંચક્યો અને પોતાના મુખથી ચુંબન ચોઢીને મૂસાનો પ્રાણ પાછો લીધો. મતલબ કે જેઓ પ્રભુના લોકો છે તેમને મૃત્યુમાં પણ પ્રભુના પ્રેમનો આવિર્ભાવ થાય છે.

આ પહેલા પુનરુત્થાન વિષે પ્રભુ ઈસુ લૂક ૨૦:૩૫,૩૬ માં બહુ સુંદર રીતે ઉલ્લેખ કરે છે. સાદુકીઓએ પ્રભુ ઈસુને સપડાવવા પ્રશ્ન કર્યો હતો કે સાત વર (ભાઈઓ)ની પત્ની બનેલી સ્ત્રી પુનરુત્થાનમાં કોની પત્ની થશે? એનો જવાબ આપતાં પ્રભુ ઈસુ કહે છે: "આ જગતનાં (=યુગનાં, અહીં 'જગત' નહિ, પણ 'યુગ' તરજુમો જોઈએ). છોકરાં પરણે છે તથા પરણાવાય છે; પણ જેઓ તે જગતને (=યુગને) તથા **મૂએલાંમાંથી પુનરુત્થાન પામવાને યોગ્ય ગણાય છે,** તેઓ પરણતાં નથી, અને પરણાવાતાં નથી; કેમ કે તેઓને ફરીથી મરવાનું નથી; કારણ કે તેઓ દેવદૂતોના સરખાં છે; અને પુનરુત્થાનના દીકરા હોવાથી તેઓ દેવના દીકરા છે." અહીં ગ્રીક શબ્દનો અર્થ 'જગત' કર્યો છે તે બરાબર નથી, પણ 'યુગ' હોવું જોઈએ. 'આ' યુગને 'તે' (અથવા આવતા) યુગની સાથે સરખાવ્યો છે. આવતો યુગ તે એક હજાર વર્ષના ઈસુના રાજનો

યુગ. "તે યુગને માટે તથા મૂએલાંમાંથી પુનરુત્થાન પામવાને યોગ્ય ગણાય છે," એમ કહીને કોઈ ખાસ લોકો વિષે ઈસુ ઉલ્લેખ કરે છે. તેઓ 'દેવના દીકરા' છે, અથવા 'ખ્રિસ્તના' છે.' એમ અહીં પણ પહેલા પુનરુત્થાનનો ઉલ્લેખ છે, તેમ જ 'ખ્રિસ્તના' અથવા 'ખ્રિસ્તમાં મૂએલાં'ના પુનરુત્થાનનો ઉલ્લેખ છે.

આ ફકરામાં (લૂક ૨૦:૩૫,૩૬માં) **"મૂએલાંમાંથી પુનરુત્થાન"** લખેલું છે, તે ગુજરાતીમાં સ્પષ્ટ થતું નથી, પણ ગ્રીકમાં (તેસ આનાસ્તાસિયોસ તેસ **એક** નેક્રોન) બહુ સ્પષ્ટ થાય છે. એનો અર્થ છે કે "મૂએલાંઓ મધ્યેથી બહાર નીકળી આવવાનું પુનરુત્થાન," એટલે કે મૂએલાંના મોટા સમૂહમાંથી થોડાક બહાર નીકળી આવે છે, જ્યારે બાકીનાં મૂએલાં ઊઠતાં નથી. બાઇબલના આ ફકરાના બધા શબ્દો જરા ઝીણવટથી તપાસશો તો બહુ અજાયબ અર્થ નીકળતો માલૂમ પડશે. **"મૂએલાં મધ્યેથી પુનરુત્થાન પામવાને યોગ્ય ગણાય છે તેઓ."** આમ બધાંનું સમગ્ર પુનરુત્થાન અહીં બતાવાયું નથી, પણ આ ખાસ પ્રકારનું પુનરુત્થાન પામવાને યોગ્ય ગણાતા લોક 'ખ્રિસ્તના' અથવા "ખ્રિસ્તમાં ઊંઘી ગયેલા" લોકો છે, જેઓ પહેલા પુનરુત્થાનમાં ઊઠવાના છે.

લૂક ૧૪:૧૪ માં પ્રભુ ઈસુ "ન્યાયીઓના પુનરુત્થાન" વિષે કહે છે. આ "ન્યાયીઓનું પુનરુત્થાન," એ જ "પહેલું પુનરુત્થાન" છે. "પણ ન્યાયીઓના પુનરુત્થાનમાં તેને બદલો આપવામાં આવશે." હિબ્રૂ ૧૧:૩૫ માં પણ આ **પહેલા** પુનરુત્થાનનો જ ઉલ્લેખ છે: "જેથી તેઓ વધારે **સારું પુનરુત્થાન** પામે." આ અધ્યાયમાં વિશ્વાસના શૂરવીરોની નામાવલી છે. છેલ્લા સામાન્ય પુનરુત્થાનની જાણ તેમને હતી, પરંતુ એક કરતાં **"વધારે સારા** (એટલે કે) **ન્યાયીઓના"** અથવા **"ખ્રિસ્તમાં ઊંઘી ગયેલાંના"**

પહેલા પુનરુત્થાનના તેઓ ભાગીદાર બને એવી તેઓનાં મનની મુરાદ હતી. વળી ફિલિપી ૩:૧૧ માં પાઉલ પોતાના હૃદયની ઇચ્છા વ્યક્ત કરે છે, ને લખે છે: "અને હું કોઈપણ રીતે **મૂએલાંઓના પુનરુત્થાનને પહોંચું."** પાઉલ છેલ્લા અને સામાન્ય પુનરુત્થાનમાં ઊઠવા કરતાં મૂએલાંઓના સમૂહમાંથી બહાર નીકળી આવવાના પહેલા પુનરુત્થાનના ભાગીદાર બનવાની ઇચ્છા વ્યક્ત કરે છે; નહિ કે છેલ્લા અને સામાન્ય પુનરુત્થાનમાં, એમાં તો બાકીનાં સૌ પાપીઓ પણ ઊઠવાનાં જ છે. પાઉલના મનમાં "ખાસ" પુનરુત્થાનની એટલે કે "ન્યાયીઓના પુનરુત્થાનની" ઉત્કંઠા છે.

યોહાન ૫:૨૮-૨૯ માં પણ ઈસુ "જીવનનું ઉત્થાન" અને ભૂંડાં કામ કરનાર માટે "દંડનું ઉત્થાન"-એમ બે અલગ અલગ પુનરુત્થાનની વાત કરે છે. એ બંને એક જ નહિ, પણ બે અલગ અલગ પુનરુત્થાન છે.

અગાઉ આપણે જોયું તેમ પ્રભુ ઈસુના પુનરાગમન વખતે આ "પહેલું પુનરુત્થાન" અથવા "ન્યાયીઓનું પુનરુત્થાન" થશે. પ્રભુ ઈસુ ગગનમાં ઊતરશે, અને પહેલા પુનરુત્થાનમાં ઊઠનારાં સજીવન થઈને ગગનમાં પ્રભુ ઈસુને મળવા ઊંચકાઈ જશે (૧ થેસ્સા. ૪:૧૪-૧૭).

**બ. પહેલા પુનરુત્થાનનો અંતિમ ભાગ અથવા પાક લીધા પછીનો સળો :** પ્રભુ ઈસુ તથા ઊંચકાઈ ગયેલી મંડળી અધ્ધર ગગનમાં હશે, તે સાત વર્ષના ગાળા દરમિયાન પૃથ્વી પર યહૂદીઓ પર ભારે સતાવણી ચાલતી હશે, એને "યાકૂબના સંકટનો સમય" બાઇબલમાં કહ્યો છે. (યિર્મે. ૩૦:૭; પ્રકટી. ૩:૧૦; માથ્થી ૨૪:૨૧). "પસંદ કરેલાંઓની ખાતર" આ સતાવણીના સમયને ટૂંકાવવામાં આવશે (માથ્થી ૨૪:૨૨), એટલે કે સાડાત્રણ વર્ષનો એ

ગાળો હશે. એ દરમિયાન જે ન્યાયીઓ મરશે, તેઓ પણ પ્રભુ ઈસુના પૃથ્વી પર ઊતરવાના સમયે ઉત્થાન પામશે. ખેતીની ભાષામાં પાક લઈ લીધા પછી 'સળો' કરવામાં આવે છે તેમ ખ્રિસ્તના આ બાકી રહેલા લોકોનો 'સળો' અથવા પુનરુત્થાન થશે. વાસ્તવમાં તો એ પહેલા પુનરુત્થાનનો લંબાવાયેલો છેડો જ છે.

૩. **દંડનું ઉત્થાન** (પ્રકટી. ૨૦:૧૧-૧૫) : પ્રભુ ઈસુ પૃથ્વી પર ઊતરશે અને હજાર વર્ષ સુધી રાજ કરશે. એ પછી તે ઈશ્વર પિતાને સર્વ સત્તા તથા રાજ સોંપી દેશે (૧ કોરીંથી. ૧૫:૨૪; પ્રકટી. ૨૦:૫). ત્યાર બાદ પૃથ્વી તથા આકાશ ટળી જશે. એ બન્યા પછી પરમેશ્વર પિતા "શ્વેત રાજ્યાસન" પર બિરાજશે, મૂએલાં (બાકી રહેલાં બધાં મૂએલાં) ઊઠશે, અને તેઓની કરણીઓ પ્રમાણે ન્યાય થશે. આ પુનરુત્થાનને 'બીજું પુનરુત્થાન' નથી કહેવામાં આવ્યું, કારણ, એ "દંડનું પુનરુત્થાન" છે. એને "બીજું મરણ" કહ્યું છે, કેમ કે તેઓને અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવશે (પ્રકટી. ૨૦:૧૪-૧૫). આમ, ખેતીની ઉપમા પ્રમાણે "ભૂંસા"ને ન હોલવાનાર અગ્નિમાં નાખવામાં આવશે (માથ્થી ૩:૧૨; માલાખી ૪:૧; અયૂબ ૨૧:૧૮; ગી.શા. ૧:૪ ; યશા. ૫:૨૪; ૧૭:૧૩; હોશીયા ૧૩:૩).

## ૩૩ પ્રભુ ઈસુનું બીજી વારનું આવવું 'ચોરની પેઠે' છૂપું થશે? કે પછી દિશાઓ ભરી દેતી ઝળાંઝળાં ઝબૂકતી વીજળી જેવું જગજાહેર થશે?

**પ્રશ્ન :** બાઇબલમાં બંને વાત આપવામાં આવી છે. પ્રભુ ઈસુ બીજી વાર આવશે, ત્યારે ચોરની પેઠે છૂપી રીતે આવશે એમ

લખેલું છે; અને પૂર્વથી ચમકીને પશ્ચિમ પ્રસરી જતી વીજળી પેઠે જગજાહેર પણ આવશે, એમ પણ લખેલું છે.

**ચોરની જેમ :** (માથ્થી ૨૪:૪૨–૪૪) માટે જાગતા રહો, કેમ કે તમે જાણતા નથી કે કયે દિવસે તમારો પ્રભુ આવશે. પણ એ જાણો કે ચોર કયે પહોરે આવશે એ જો ઘરધણી જાણતો હોત તો તે જાગતો રહેત, ને પોતાના ઘરમાં તેને ખાતર પાડવા ન દેત, એ માટે તમે પણ તૈયાર રહો; કેમ કે જે ઘડીએ તમે ધારતા નથી તે જ ઘડીએ માણસનો દીકરો આવશે. (વળી જુઓ, માર્ક ૧૩:૩૨–૩૭; લૂક ૧૨:૩૯–૪૦).

પ્રકટી. ૧૬:૧૫ "જુઓ, ચોરની પેઠે હું આવું છું." (વળી જુઓ ૧થેસ્સા. ૫:૨, ૪; ૧ પિતર ૪:૧૫; ૨ પિતર ૩:૧૦; પ્રકટી. ૩:૩).

**વીજળીની જેમ :** માથ્થી ૨૪:૨૩–૨૮ (કલમ ૨૭). "કેમ કે જેમ વીજળી પૂર્વથી નીકળીને પશ્ચિમ સુધી ચમકે છે, તેમ જ માણસના દીકરાનું આવવું થશે." માથ્થી ૨૪:૩૦ "ત્યારે માણસના દીકરાની નિશાની આકાશમાં દેખાશે, ને ત્યારે પૃથ્વી પરનાં સઘળાં કુળો શોક કરશે; અને માણસના દીકરાને પરાક્રમ તથા મોટા મહિમા સહિત તેઓ આકાશના મેઘ પર આવતો દેખશે."

**પ્રકટી. ૧ :** "જુઓ, તે વાદળાં સહિત આવે છે. દરેક આંખ, અને જેઓએ તેને વીંધ્યો તેઓ પણ તેને જોશે; અને પૃથ્વી પરની સર્વ જાતિઓ તેને લીધે વિલાપ કરશે.

તો આ બે પ્રકારનું વર્ણન આપવામાં આવ્યું છે તેમાં ખરું કયું ? બંને તો એકસાથે ખરાં ન જ હોઈ શકે, કારણ, તેઓ પરસ્પર વિરોધી છે. પ્રભુ ઈસુનું બીજી વારનું આવવું કેવા પ્રકારનું થશે?

**જવાબ :** બંને વર્ણન ખરાં છે. બાઇબલની વાત અસત્ય હોઈ શકે નહિ. પ્રભુ ઈસુના પુનરાગમનનાં બે પગથિયાં થશે. પહેલા

પગથિયામાં તે ચોરની પેઠે આવશે, જ્યારે બીજા પગથિયામાં વીજળીની જેમ જગજાહેર આવશે.

**પહેલું પગથિયું–ગગનારોહણ અથવા વેષ્ઠિત થવું.** પ્રભુ ઈસુ સ્વર્ગથી ગગનમાં ઊતરશે, તે વખતે ચોરની પેઠે છૂપા પોતાના સંતોને લેવા આવશે. માત્ર ખ્રિસ્તમાં મૃત્યુ પામેલાં જ કબરોમાંથી ઊઠશે અને ખ્રિસ્તના જે લોકો તે સમયે જીવતા હશે, તેઓની સાથે એ બધાં પ્રભુ ઈસુને મળવા ગગનમાં ઊંચકાઈ જશે. બાકીના મૃત્યુ પામેલા એક હજાર વર્ષ સુધી કબરોમાં જ રહેશે, અને બાકીના જીવતા પૃથ્વી પર જ રહેશે.

જેમ ચોર આવીને નકામી ચીજો ન લઈ જતાં કીમતી ધન લઈ જાય છે, તેમ ખ્રિસ્તના લોકો પ્રભુનું ખાસ ધન છે તેમને પ્રભુ ઈસુ ઉપર ખેંચી લેશે. શું અને કેવી રીતે બન્યું તેની બાકીના લોકોને ખબર નહિ પડે.

**વીજળીની જેમ જગજાહેર આવવું : પ્રાગટ્ય.** પછી ગગનમાંથી પ્રભુ ઈસુ પોતાના સંતોને લઈને પૃથ્વી પર ઊતરશે, ત્યારે તેમના આગમનની ખબર એકસામટી આખી પૃથ્વીના લોકોને થશે. તે મહા મહિમામાં પૃથ્વી પર ઊતરશે અને એક હજાર વર્ષ રાજ કરશે.

આમ, આ બંને પ્રકારનાં વર્ણન સાચાં છે.

## ૩૪ પહેલાં ઈશ્વર માફી બક્ષે કે આપણે?

**પ્રશ્ન : માણસના અપરાધો માફ કરવામાં આપણે ઈશ્વરની માફી પામવાની કિંમત ચૂકવીએ છીએ, કે પછી ઈશ્વરે બક્ષેલી માફીનું ફળ દાખવીએ છીએ?**

**માથ્થી ૬:૧૨, ૧૪, ૧૫.** "જેમ અમે અમારા ઋણીઓને માફ કર્યાં છે, તેમ તું અમારા ઋણો અમને માફ કર...કેમ કે જો તમે માણસોને તેઓના અપરાધ માફ કરો, તો તમારો આકાશમાંનો બાપ તમને પણ માફ કરશે. પણ જો તમે માણસોને તેઓના અપરાધ માફ નહિ કરો, તો તમારો બાપ તમારા અપરાધ પણ તમને માફ નહિ કરશે."

એથી ઊલટું, એફેસી. ૪:૩૦-૩૨માં ૩૨મી કલમ કહે છે; "પણ તમે એકબીજા પ્રત્યે માયાળુ અને કરુણાળુ થાઓ અને જેમ ખ્રિસ્તમાં દેવે પણ તમને માફી બક્ષી તેમ તમે એકબીજાને ક્ષમા કરો."

**જવાબ :** પ્રભુ-શીખવિત 'ઓ આકાશમાંના અમારા બાપ" પ્રાર્થનામાં અન્ય માણસો સાથેના સંબંધ યા વર્તાવ અંગે આ એક જ વાક્ય આવે છે (કલમ ૧૨). "જેમ અમે અમારા ઋણીઓને માફ કર્યાં છે, તેમ તું અમારા ઋણો અમને માફ કર." પ્રાર્થના પૂરી થયે પ્રભુ ઈસુએ એમાંના અન્ય કોઈ મુદ્દા પર છણાવટ નથી કરી, માત્ર આ મુદ્દા પર જ ભાષ્ય (વિવરણ) આપ્યું છે.

માથ્થીની સુવાર્તા વિશેષતઃ યહૂદીઓને સંબોધીને લખાયેલી છે અને અહીં માથ્થી ૫-૭ અધ્યાયોમાં પ્રભુ ઈસુ નિયમશાસ્ત્રના રાબ્બી તરીકે શીખવે છે, એટલે નિયમપાલનને આધારે ઈશ્વરની કૃપા ઊતરે છે એ જૂના કરારના શિક્ષણ ઉપર અહીં તેઓ ભાર મૂકતા હોય એવું લાગે છે. અહીં ૧ યોહાન ૪:૨૦ મતલબનું જ કથન છે. "જો કોઈ કહે કે, હું ઈશ્વર પર પ્રેમ રાખું છું, પણ તે પોતાના ભાઈ પર દ્વેષ રાખે છે, તો તે જૂઠો છે." વળી ૧ યોહાન ૨:૯ "જે કોઈ કહે છે કે હું પ્રકાશમાં છું, છતાં પોતાના ભાઈ પર દ્વેષ રાખે છે, તે હજી સુધી અંધકારમાં છે." વળી, ૧ યોહાન ૨:૪ "જે કહે છે કે, હું તે (ઈસુ ખ્રિસ્ત)ને ઓળખું છું, પણ **તેની આજ્ઞા** પાળતો નથી, તે જૂઠો છે, અને તેનામાં સત્ય નથી."

પણ જૂના કરારમાં પણ ઈશ્વરની 'દયા' અને 'કૃપા' ભારે ભાગ ભજવતાં હતાં. નિયમશાસ્ત્ર ભરેલા કરારકોશ ઉપર 'દયાસન' રાખવામાં આવતું હતું અને એ 'દયાસન' ઉપર પ્રાયશ્ચિત્તનું રક્ત છાંટવામાં આવતું હતું. એ રક્ત ઈશ્વરના ખરા હલવાન ઈસુ ખ્રિસ્ત વધેરાવાના હતા તેની પૂર્વછાયારૂપ હતું. એમ, નિયમશાસ્ત્રના જમાનામાં પણ માણસને મળતી માફીની મૂળ ભૂમિકા કૃપા જ હતી.

માણસ માફ કરવા યોગ્ય નહોતું ત્યારે ઈશ્વરે એને માટે માફીની પૂર્વભૂમિકા રચી. નાશમાં જનારા માણસને બચાવી લેવા ઈશ્વરે જ પોતાના એક માત્ર પુત્રને ક્રૂસ પર લટકાવી દીધો! ઈશ્વરની માફી આપણને મળે એ માટે આપણે આપણા અપરાધીઓને માફ કરવાનું નથી; પણ ઈશ્વરે આપણને અગાઉથી ક્યારનુંયે કાયમ માટે માફ કર્યું છે, એટલે આપણે પણ એકબીજાને માફ કરવું રહ્યું. ઈશ્વરની આ અપાર કૃપાનો આધાર આપણાં સારાં કામો પર છે જ નહિ એવું બાઇબલ સ્પષ્ટ જણાવે છે (તિતસ ૩:૫; રોમન ૩:૨૧–૨૬).

માથ્થી ૬:૧૪–૧૫માં પ્રભુ ઈસુ એમ કહેવા માગતા નથી કે આપણા અપરાધીઓને આપણે પ્રથમ માફ કરીએ તો જ ઈશ્વર આપણને પણ માફી બક્ષે, અને તે સિવાય નહિ. બાઇબલનું સતત શિક્ષણ એ જ છે કે પ્રથમ ઈશ્વર માફ કરે છે અને આપણે એ નમૂનામાં ચાલવાનું છે. પણ બીજાને માફી નહિ બક્ષવાનો જેનો આદતી સ્વભાવ છે, અને જે બીજાને માફી બક્ષવામાં સતત ઉદાર નથી, તે ઈશ્વરની માફીની આશા કેમ કરીને રાખી શકે?–ઈશ્વર એને શા માટે માફ કરે? (જુઓ માફી નહિ બક્ષનાર ચાકરનું દૃષ્ટાંત માથ્થી ૧૮:૨૧–૩૫. વળી માર્ક ૧૧:૨૫, ૨૬).

એકબીજાને માફી બક્ષતાં એવાં પોતાનાં બાળકોને જોઈને ઈશ્વરપિતા ખુશી થાય છે, અને પોતાનો સ્વભાવ અને પ્રતિમા પોતાનાં

બાળકોમાં પુનઃખીલેલાં જોઈને આનંદ અનુભવે છે. પણ આપણે ઈશ્વર પાસેથી જેની માગણી કરીએ અને એ જ બાબત બીજાને ન બક્ષીએ તો તેમાં ઈશ્વરનું અપમાન કર્યા બરાબર છે.

## ૩૫ કદી માફ ન થાય એવું પાપ કયું? પવિત્ર આત્માની વિરુદ્ધનું પાપ એટલે શું?

**પ્રશ્ન :** માથ્થી ૧૨:૩૧, ૩૨, "એ માટે હું તમને કહું છું કે, હરેક પાપ તથા દુર્ભાષણ માણસોને માફ કરાશે; પણ પવિત્ર આત્માની વિરુદ્ધ જે દુર્ભાષણ તે માણસને માફ નહિ કરાશે અને માણસના દીકરાની વિરુદ્ધ જે કોઈ કંઈ કહેશે, તે તેને માફ કરાશે; પણ પવિત્ર આત્માની વિરુદ્ધ જે કોઈ કંઈ કહેશે, તે તેને માફ નહિ કરાશે; આ યુગમાં પણ નહિ, અને આવનાર યુગમાં પણ નહિ."

માર્ક ૩:૨૮–૩૦. "હું તમને ખચીત કહું છું કે, માણસોના દીકરાઓને સર્વ અપરાધોની તથા જે જે દુર્ભાષણો તેઓ કરે તે સર્વની તેમને માફી મળશે, પણ જે કોઈ પવિત્ર આત્માની વિરુદ્ધ દુર્ભાષણ કરે, તેને માફી કદી મળશે નહિ; પણ તેને માથે અનંતકાળના પાપનો દોષ રહેલો છે; કેમ કે તેઓ કહેતા હતા કે તેને અશુદ્ધ આત્મા વળગેલો છે."

પવિત્ર આત્મા વિરુદ્ધનું દુર્ભાષણ એટલે શું? પવિત્ર આત્મા વિરુદ્ધનું પાપ કયું કહેવાય? માફ ન થાય એવું પાપ કયું?

**જવાબ :** પ્રથમ તો આપણે આ વાક્યોનો પૂર્વાપર સંબંધ જોવો જોઈએ. કયા સંદર્ભમાં પ્રભુ ઈસુ આ વાક્યો બોલ્યા તે જોઈએ જેથી વાક્યો સમજવાં સહેલાં બને.

ઈસુએ દુષ્ટાત્મા વળગેલા કોઈ એક આંધળા તથા મૂંગા માણસને

સાજો કર્યો હતો અને તેનામાંથી દુષ્ટાત્મા કાઢ્યો હતો. પ્રભુ ઈસુએ ઈશ્વરના આત્માથી આ ચમત્કાર કર્યો હતો, પણ ત્યાં ઊભેલા કેટલાક શાસ્ત્રીઓ અને ફરોશીઓ ઈસુની ઉપર આરોપ મૂકતા હતા કે તે બાલઝબુલની મદદથી દુષ્ટાત્માઓ કાઢે છે. આ સંદર્ભમાં પ્રભુ ઈસુ ઉપરનાં વાક્યો બોલ્યા હતા. બાલઝબુલ દુષ્ટાત્માઓનો સરદાર મનાતો. શેતાનના અશુદ્ધ આત્માઓ અને દુષ્ટાત્માઓમાં બાલઝબુલ એક સરદાર હતો.

ઘણાં બધાં ખ્રિસ્તીઓને આ કલમો બહુ ગૂંચવણમાં નાખી દે છે. તેઓ માને છે કે તેઓએ કદી માફ ન થાય એવું પાપ કર્યું છે, અને હવે તેમને માટે પસ્તાવાની કોઈ શક્યતા રહેતી નથી, અને તેઓ નર્કને માટે નિર્માણ થઈ ચૂક્યા છે. પણ આવી દોષ-ભાવના ખોટી છે. પ્રભુ ઈસુનું શિક્ષણ અને બાઇબલનું શિક્ષણ એ જ છે કે માણસ ગમે તેવું અને **ગમે તે પ્રકારનું પાપ કરે**, પણ જો તે ઈસુ ખ્રિસ્તની પાસે આવી પસ્તાવો યા કબૂલાત કરે તો તેને તેનું પાપ માફ કરવામાં આવશે. "જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે" (૧ યોહાન ૧:૯). "...જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે" (યોહાન ૩:૧૬). જે કોઈ પોતાનાં પાપ માટે માફી ઝંખે છે તેને **માફી અવશ્ય મળશે.** પછી ચાહે તે પ્રકારનાં પાપ તેણે કર્યાં હોય.

પવિત્ર આત્મા વિરુદ્ધનું દુર્ભાષણ એટલે પવિત્ર આત્મા માટે વિશોભિત કે બીભત્સ ભાષા બોલવી એવો અર્થ થતો નથી.

પ્રભુ ઈસુએ મોટાં ચમત્કારિક કામો કર્યાં હતાં, અત્યારે કોઈ આંધળામૂંગા માણસમાંથી દુષ્ટાત્મા કાઢ્યો હતો, અને માણસને સાજો કર્યો હતો. આ બધું પ્રભુ ઈસુ ઈશ્વરના પરાક્રમી આત્મા દ્વારા-પવિત્રાત્મા દ્વારા કરતા હતા. અને ઈસુ કોણ હતા તેની ઓળખ પવિત્રાત્મા દ્વારા

તેમનાથી થતાં આ પરાક્રમી કામો દ્વારા અપાતી હતી. એ ચમત્કારો ઈસુ વિષે સાક્ષી આપતા હતા. આમ પવિત્રાત્મા પ્રભુ ઈસુને ઓળખાવતા હતા, પ્રગટ કરતા હતા. એ જોનારા અને સાંભળનારા માણસો પવિત્રાત્મા દ્વારા થતાં ઈસુનાં કાર્યો પ્રત્યે આંખ અને હૃદય ઉઘાડાં રાખે તો તેમને ભાન થયા વગર રહે નહિ કે ઈસુ એ જ ખ્રિસ્ત અને ઈશ્વરપુત્ર છે, અને પાપોની માફી અને મુક્તિ તેમની પાસેથી જ મળી શકે તેમ છે.

પણ આ શાસ્ત્રીઓ અને ફરોશીઓ પવિત્રાત્માની સાક્ષી પ્રત્યે આંખ અને અંતઃકરણ બંધ રાખે છે. તેમને જોવું જ નથી તો પછી તેઓ સત્ય કેવી રીતે જોઈ શકે? આત્માની સાક્ષીને તેઓ નકારી કાઢે છે, એટલે તેઓ પોતે પોતાને માટે પસ્તાવાનો અને જીવનનો માર્ગ બંધ કરી દે છે. તેઓ માફી ઝંખતા નથી એટલે તેઓને માફી ક્યાંથી મળે? આમ, પવિત્રાત્માની સાક્ષીને તુચ્છકારીને તેઓ અક્ષમ્ય એવું પાપ (પવિત્રાત્મા વિરુદ્ધનું પાપ) જાણીબૂજીને આદરે છે અને આ સંબંધી માર્કનાં વચનો તો બહુ કપરાં છે; "તેને માફી કદી મળશે નહિ, પણ તેને માથે અનંતકાળના પાપનો દોષ રહેલો છે" (માર્ક ૩:૨૯).

આ શાસ્ત્રીઓ અને ફરોશીઓ મનમાં તો પામી ગયા હતા કે, પ્રભુ ઈસુનાં પરાક્રમી કાર્યો ઈશ્વરના આત્મા દ્વારા થાય છે. પણ તેમનો પોતાનો તેજોવધ થતો હોવાથી અને ઈસુ સામે નમતું જોખવું નહોતું તેથી તેઓ સત્યની સામે આંખમિચામણાં કરે છે અને કહે છે, "ભૂતો (દુષ્ટાત્માઓ)ના સરદાર બાલઝબુલની મદદ વગર તે ભૂતોને (દુષ્ટાત્માઓને) કાઢતો નથી" (માથ્થી ૧૨:૨૪). "તે (ઈસુ)ને અશુદ્ધ આત્મા વળગેલો છે" (માર્ક ૩:૩૦). જે જાણીબૂજીને પવિત્રાત્માની સાક્ષીને ફગાવી દે છે, અને દુર્ભાષણ કરે છે તેને ક્યાંથી માફી મળે?

માણસના દીકરાની વિરુદ્ધનું દુર્ભાષણ માફ થાય, પણ પવિત્રાત્મા વિરુદ્ધનું દુર્ભાષણ કદી માફ ન થાય, એ કથન પરથી એમ નથી

સમજવાનું કે દૈવી ત્રિએકપણામાં માનવરૂપ ધારણ કરતા દેવપુત્ર કરતાં પવિત્રાત્મા અધિક પવિત્ર છે, માનવપુત્ર વિષે એમના ઢંકાયેલા વ્યક્તિત્વની શરૂઆતમાં કદાચ માનવી અજ્ઞાનતા અને કમશ્રદ્ધાને લીધે ગેરસમજ ઊભી થવા પામે (૧ તિમોથી ૧:૧૩), અને એમને પૂરા ઓળખી ન શકાય (જેમ ખુદ શિષ્યો એમને અમુક બાબતો સંબંધમાં બરાબર સમજી શક્યા નહોતા). એવા સંજોગોમાં "માણસના દીકરા સંબંધી કરેલું દુર્ભાષણ માફ કરી શકાય એ શક્ય છે. પણ પવિત્રાત્માએ પરાક્રમી કાર્યો દ્વારા અને અન્ય રીતે એ જ દેવપુત્ર વિષે સાક્ષી આપીને તેમને મહિમાવંત સ્થાન પમાડ્યું હોય, ત્યારે એ બધાં સામે ઉઘાડી આંખે પવિત્રાત્માની સાક્ષીને તુચ્છકારી કાઢવી, એ પવિત્રાત્મા વિરુદ્ધ દુર્ભાષણ કહેવાય, એ જ પવિત્રાત્મા વિરુદ્ધનું પાપ કહેવાય, એ જ માફ ન કરી શકાય તેવું પાપ કહેવાય. તેઓ પ્રકાશનો નકાર કરે છે અને મુક્તિમાર્ગથી અવળા ફરી જાય છે! તેઓ સત્યને ઝંખતા નથી, તેઓ માફી–મુક્તિ આપનાર મુક્તિદાતાને ઝંખતા નથી! તો પછી એમને માફી કે મુક્તિ કેવી રીતે મળી શકે?

ફરોશીઓએ એ હદ સુધી આ અક્ષમ્ય પાપ આચર્યું નથી, પણ તેમના પગ એ દિશા તરફ જઈ રહ્યા છે. ઈસુ નર્કની સાથે, શેતાનની સાથે (બાલઝબુલની સાથે) હાલ મિલાવીને કામ કરે છે એવો દોષ મૂકતાં જાણે કે તેઓએ પવિત્રાત્માની બધી સાબિતીઓ અને પુરાવા સામે આંખ બિલકુલ બંધ રાખવાનો અગાઉથી નિર્ણય કરી લીધો હોય એમ લાગે છે, એમ આત્મામાં તેઓ અક્ષમ્ય પાપ કરવાની અણી પર હોય એમ લાગે છે. પાપની ખાતરી કરાવનાર, પશ્ચાત્તાપ ઉત્પન્ન કરાવનાર, અને મુક્તિદાતાની ઓળખ પમાડનાર પવિત્રાત્મા સામે જ આંખો મીંચી દેવી અને વિરુદ્ધ બોલવું એ કેવું અક્ષમ્ય પાપ!

## ૩૬ જાણીજોઈને કરેલું પાપ માફ ન થાય ?

**પ્રશ્ન :** હિબ્રૂ ૧૦:૨૬–૨૯માં લખ્યું છે કે, "કેમ કે સત્યનું જ્ઞાન થયા પછી જો આપણે જાણીજોઈને પાપ કરીએ, તો હવે પછી પાપોને માટે બીજું બલિદાન રહેતું નથી, પણ ઇન્સાફની ભયંકર અપેક્ષા તથા વૈરીઓને ખાઈ જનાર અગ્નિનો કોપ એ જ રહેલો છે. તો જેણે ઈશ્વરના પુત્રને પગ તળે છૂંદ્યો છે, ને કરારના જે રક્તથી પોતે પવિત્ર થયો હતો તેને અશુદ્ધ ગણ્યું છે, અને કૃપાના આત્માનું અપમાન કર્યું છે, તે કેટલી બધી સખત સજાને પાત્ર ગણાશે." તે વિષે તમે શું ધારો છો ? તો આ પરથી તો એવું તારવી શકાય કે જાણીજોઈને કરેલું પાપ માફ થાય જ નહિ. એવું માનવું બરાબર છે ?

**જવાબ :** પહેલાં તો એક વાત સ્પષ્ટ સમજી લઈએ કે અહીં 'પાપ' શબ્દ વાપર્યો છે તે કોઈ એકલદોકલ થયેલા પાપ સંબંધી નથી, પણ સતત પાપ કર્યા જ કરતા રહેવા વિષેની વાત છે, જેઓ પાપમાં રાચતા હોય તેમની વાત છે. 'પાપ કરીએ' એ શબ્દો માટે મૂળ ગ્રીક ભાષામાં અહીં વર્તમાન કૃદંત વપરાયું છે, એટલે એનો અર્થ કોઈ એક બે પાપ નહિ, પણ "સતત પાપ કર્યા કરીએ" એવો થાય છે. ગુડ ન્યુઝ ફોર મોડર્ન મેન (ટી. ઈ. વી.) તરજુમામાં આમ આપ્યું છે, "ઈફ વી પર્પઝલી ગો ઓન સીનીંગ–" (= "આપણે ઇરાદાપૂર્વક સતત પાપ કર્યા જ કરીએ તો...")

સમજી લેવાની વાત : **"જાણીજોઈને"** એનો અર્થ **"જાણ્યા વગર ઊલટું"** એમ કરવાનો નથી પણ "રાજીખુશીથી" એવો

અર્થ નીકળે છે. ૧ પિતર ૫:૨માં જે શબ્દ વાપર્યો છે, એ જ શબ્દ (ગ્રીકમાં) અહીં 'જાણીજોઈને' માટે વાપરેલો છે. ૧ પિતર ૫:૨માં આમ લખેલું છે: "અધ્યક્ષનું કામ ફરજ પડ્યાથી નહિ, પણ **ખુશીથી** કરો." મરજીથી કરવું અથવા ચાહીને કરવું; એમાં આનંદ માણતાં માણતાં કરવું.

જે માણસ ઇરાદાપૂર્વક, ખુશીથી, માણતાં માણતાં સતત પાપ કર્યા કરે, તે નવો જન્મ પામેલો હોઈ શકે જ નહિ. નવો જન્મ પામેલો માણસ પાપ કરી બેસે–કોઈ વખત જાણતાં કે કોઈ વખત અજાણતાં–પણ તે પાપમાં રાચતો નથી. અવિચારીપણામાં અથવા અજ્ઞાનતામાં કે અભાનતામાં અથવા માનવી નબળાઈને લીધે તે પાપમાં પડે એ સ્વાભાવિક છે. આવો માણસ 'જાણતાં' પણ પાપ કરી બેસે, પણ તે ઇચ્છાપૂર્વકનું પાપ ન કહેવાય. એ પોતે જાણતો હોય કે પોતે પાપ કરે છે–ખોટું કરે છે, છતાં તે ઇચ્છાપૂર્વક નથી કરતો. પરીક્ષણની ઘેરી પળમાં તે 'જાણતાં' પાપ કરી બેસે એ બધાની માફી હોઈ શકે. પણ ઇચ્છાપૂર્વક, ખુશીથી પાપ કર્યા જ કરવું એ તદ્દન જુદી વાત છે. સત્યનું ભાન થયા પછી પણ પહેલાં જેમ જ ચાલ્યાં કરનાર, એટલે કે જૂની ઢબે ને જૂને ચીલે જ ચાલ્યા કરનાર માટે તો અગ્નિનો કોપ જ ઝઝૂમી રહેલો છે, કારણ, તેને 'સત્યનું જ્ઞાન થયા પછી' તેને પકડી ન લેતાં તેણે પોતાના પાપમય માર્ગોમાં જ ચાલ્યા કર્યું, એમ 'ઈશ્વરના પુત્રને ન સ્વીકારી લેતાં તેને પગ પળે છૂંદ્યો!'

૨ પિતર ૨:૨૦-૨૨માં પણ આ જ વાતની રજૂઆત કરેલી છે. એમાં છૂટક છૂટક કરેલાં પાપોની વાત નથી, પણ હૃદયની પાપપૂર્ણ હાલત સૂચવવામાં આવી છે. એમાં નિયમભંગની વાત નથી, પણ તેમાં નવા કરારની આખીય વ્યવસ્થાનો નકાર ભરેલો છે.

## ૩૭ ઈશ્વર આપણને પરાજય આપે છે કે જય પમાડે છે?

**પ્રશ્ન :** ૨ કોરિંથી. ૨:૧૪–૧૬માં લખ્યું છે. "પણ દેવ, જે સદા અમારો **ખ્રિસ્તમાં પરાજય કરીને** તેની વિજયકૂચમાં સતત દોરી જાય છે અને અમારી મારફતે પોતાના જ્ઞાનનો સુવાસ દરેક સ્થળે જાહેર કરે છે તથા ફેલાવે છે, તેની સ્તુતિ થાઓ." તો શું ઈશ્વર આપણને "ખ્રિસ્તમાં પરાજય કરે છે" કે જયવાન કરે છે? અહીં તરજુમામાં ભૂલ થઈ નથી લાગતી શું? કારણ અંગ્રેજીમાં તો છે, **But thanks unto God who always leadeth us in triumph in Christ.**

**જવાબ :** ચાલતો આવેલો ગુજરાતી તરજુમો બિલકુલ ખરો છે. ઈશ્વર આપણો પરાજય કરે છે, જેને તમે અહીં ટાંકયો છે એ સાચી વાત છે. ઉપર જે અંગ્રેજી તરજુમો આપ્યો છે, તે કિંગ જેમ્સ આવૃત્તિ (ઑથોરાઇઝડ વર્ઝન) છે. રીવાઇઝ્ડ સ્ટાન્ડર્ડ વર્ઝનમાં પણ એ જ પ્રમાણે છે, એટલે કે "ખ્રિસ્તમાં જયવંત કરીને આપણને દોરી જાય છે." પણ ન્યુ ઇંગ્લિશ બાઇબલ (એન. ઈ. બી.)માં છે : **who continually leads us abut, captives in Christ"** (ખ્રિસ્તમાં બંદિવાનો તરીકે આપણને સતત દોરી લઈ જાય છે). ગુડ ન્યુઝ બાઇબલ પણ એવું જ આપે છે : **"For in Christ we are always led by God as prisoners in Christ's victory procession"** (ખ્રિસ્તમાં ઈશ્વર આપણને સતત ખ્રિસ્તની વિજયયાત્રામાં આપણને કેદીઓ તરીકે દોરી લઈ જાય છે).

બહુ વર્ષોથી આ પ્રશ્ન મારી પાસે આવ્યા કરે છે. સૌથી પહેલાં ૧૯૪૯માં આ પ્રશ્ન કોઈએ લખીને પુછાવ્યો હતો અને તે સમયના

'ખ્રિસ્તીબંધુ' માં આનો ખુલાસો મેં આપ્યો હતો. આ કલમમાં જે અસલ ગ્રીક ભાષા વાપરી છે તેની રચના કલોસી. ૨:૧૫ જેવી જ છે : "અને રાજ્યો તથા અધિકારોને તોડી પાડીને, વધસ્તંભે **તેઓ પર જય મેળવીને** તેઓને જાહેર રીતે ઉઘાડાં પાડયાં." ખ્રિસ્ત આપણી ઉપર જય મેળવે છે; ખ્રિસ્ત આપણને પરાજિત કરે છે; અને આપણે ખ્રિસ્તને શરણે આવીએ છીએ. તે આપણને જીતી લે છે. "હવેથી હું નહિ, પણ મારામાં ખ્રિસ્ત જીવે છે" (ગલાતી ૨:૨૦). "દરેક વિચારને વશ કરીને ખ્રિસ્તની આધીનતામાં લાવીએ" (૨ કોરિંથી. ૧૦:૫). એ બધામાં એ જ ભાવના છે. આપણી ઇચ્છાઓ, પસંદગીઓ અને લાગણીઓને આપણે જતી કરીને, અથવા ખ્રિસ્તને શરણે લાવીને, પ્રભુ ઈસુની ઇચ્છા શોધીએ છીએ–અપનાવીએ છીએ. એમની પસંદગીઓ અને લાગણીઓ આપણી થાય છે. ખરેખર, ઈશ્વરે આપણને ખ્રિસ્તમાં પરાજિત કરી લીધા છે. પાઉલ પોતે માને છે કે, એનો સર્વસમર્થ વિજેતા ઈશ્વર ખ્રિસ્તમાં એના વિજયથી સામર્થ્યનું પાઉલને વિજય-સંભારણું બનાવે છે. ઈશ્વર જાણે કે માણસને શરણે કરવાના અને માણસને ઉદ્ધાર પમાડવાના પોતાના સામર્થ્યના સ્મારક તરીકે પાઉલને દેશ-વિદેશ ફેરવે છે. ઈશ્વર આપણને જીતી લે, પરાજિત કરે એમાં જ આપણો સાચો વિજય સમાયેલો છે.

ગ્રીકમાં વાકય-રચના જરા વિચિત્ર હોવાથી કેટલાક લોકો કિંગ જેમ્સ આવૃત્તિ અને રીવાઇઝ્ડ સ્ટાન્ડર્ડ આવૃત્તિની જેમ તરજુમો કરે છે કે, "ખ્રિસ્તમાં આપણને જયવાન કરીને," પણ એ બરાબર નથી. કેટલાક તરજુમાકારો આ 'પરાજય' અને 'જયવાન'—ની માથાકૂટ ટાળવા મુખ્ય વાતને જ વાકયમાં ઉતારે છે, જેમ કે શુભસંદેશ, ન્યુ અમેરિકન બાઇબલ (સેંટ જોસેફ આવૃત્તિ), વગેરે તરજુમાઓ આ પ્રમાણે લખે છે: "આભાર પરમેશ્વરનો કે, તે અમને હંમેશાં ખ્રિસ્તની વિજયયાત્રામાં ફેરવે છે." **"who unfailingly leads us on**

in Christ's triumphant train." આ બે અને બીજા એવા તરજુમાઓમાં આપણને પરાજય પમાડવામાં આવે છે કે વિજયવાન બનાવવામાં આવે છે એ ગડમથલ પડતી મૂકી છે.

પાઉલે જાણે કે અહીં, કોઈ ચક્રવર્તી મહારાજા મહાવિજયો મેળવીને વિજયકૂચ કરતો વતન તરફ પાછો ફરતો, કલ્પ્યો છે, 'સુવાસ,' 'સુગંધરૂપ,' 'મોતના મૃત્યુકારક વાસરૂપ,' 'વિજયકૂચ,' વગેરે શબ્દો તે જમાનાના રોમન બાદશાહોની વિજયકૂચ પરથી લીધા છે. આવી વિજયકૂચમાં કોણ કોણ સામેલ થતા? પ્રથમ રાજ્યના અને સેનેટના અમલદારો, પછી રણશિંગાંધારીઓ, પછી વિજયમાં મેળવેલી લૂંટ ઊંચકનારાઓ, એ પછી જિતાયેલા દેશ-પ્રદેશનાં ચિત્રો, નકશા, કબજે કરાયેલી રાજધાની અને વહાણોનાં નમૂનાઓ, એ પછી અર્પણ ધરવા માટેનો શ્વેત ગોધો, એ પછી પરાજિત થયેલા રાજાઓ, સરદારો અને લોકો ચાલતા. એમની પછવાડે સત્તાદંડ અને ઝંડાધારીઓ આવતા એ પછી સંગીતકારો અને વાજિંત્રો સાથેના ભાટચારણો આવતા, એમના પછી પુરોહિતો હાથમાં મધુર સુવાસભર્યા ધૂપધુમાડાના ગોટા ઉડાવતી ધૂપદાનીઓ ઝુલાવતા ઝુલાવતા આવે, એ પછી ચાર ઘોડાના રથમાં રાજદંડધારી જનરલ પોતે હોય. એ પછી એનું કુટુંબ, અને પછી બાકીનું લશ્કર આવે. ગગનને ગજાવતા વિજયનાદોના પડછંદા દૂર દૂર ફેલાતા હોય.

"હિંમત રાખો, મેં જગતને જીત્યું છે" એમ કહેનાર વિજયસ્વામી પ્રભુ ઈસુ ખ્રિસ્તની વિજયકૂચમાં જિતાઈ ગયેલો પાઉલ પણ સામેલ છે. જેમ ચક્રવર્તીની વિજયકૂચમાં ધૂપના ધુમાડાની સુવાસ, એમ ખ્રિસ્તની વિજયકૂચમાં પ્રભુ ઈસુના જ્ઞાનની સુવાસ સ્થળે સ્થળે પોતાના જિતાયેલા ભક્તો મારફતે પ્રભુ ઈસુ ફેલાવે છે.

## ૩૮ મુક્તિ પામ્યા પછી માણસ પતિત બનીને નર્કમાં નંખાય ?

**પ્રશ્ન :** હિબ્રૂ ૬:૪–૮ "કેમ કે જેઓ એકવાર પ્રકાશિત થયા, જેઓએ સ્વર્ગીય દાનોનો અનુભવ લીધો, પવિત્ર આત્માના ભાગીદાર પણ થયા, અને જેઓએ દેવનાં ઉત્તમ વચનોનો તથા આવનાર યુગના પરાક્રમનો અનુભવ કર્યો, અને ત્યાર પછી પતિત થયા, તેઓની પાસે નવેસરથી પસ્તાવો કરાવવો એ અશક્ય છે; કેમ કે **તેઓ પોતામાં દેવના પુત્રને ફરીથી વધસ્તંભે જડાવે છે**, અને ખુલ્લી રીતે તેનું અપમાન કરે છે, કેમ કે જે ભૂમિ પોતાના પર વારંવાર પડતા વરસાદનું શોષણ કરે છે, અને જેઓ તેને ખેડે છે તેમને માટે તે ઉપયોગી વનસ્પતિ ઉત્પન્ન કરે છે, તેને દેવ આશીર્વાદ આપે છે; પણ જેમાં કાંટા તથા ઝાંખરાં ઊગે છે, તેને નાપસંદ કરવામાં આવે છે, અને **તે લગભગ શાપિત થયેલી છે, પરિણામે તે બાળી નાખવાની છે.**" શું આ કલમો પ્રમાણે માણસ મુક્તિ પામ્યા પછી, નવો જન્મ પામ્યા પછી પતિત બની જઈને નાશમાં જાય ખરો ? શું ઈસુ ખ્રિસ્તને ફરીથી વધસ્તંભે જડાવી શકાય ?

**જવાબ :** છેલ્લા પ્રશ્નનો જવાબ પહેલો આપી દઉં. પ્રભુ ઈસુ ખ્રિસ્તને ફરીથી વધસ્તંભે જડાવી શકાય નહિ, અને તેમ કરવાની જરૂર જ નથી, કારણ પ્રભુ ઈસુ ખ્રિસ્તે સૌ કોઈની મુક્તિને માટે એક જ વખત સંપૂર્ણ, અને સદાકાળનું અર્પણ આપ્યું છે. હિબ્રૂ ૧૦:૧૨, ૧૪ શીખવે છેઃ "પણ એ (ખ્રિસ્ત) તો પાપોને માટે એક બલિદાન સદાકાળને સારુ કરીને, ઈશ્વરની જમણી તરફ બિરાજેલો છે...કેમ કે જેઓને પવિત્ર કરવામાં આવે છે તેઓને તેણે એક જ અર્પણથી સદાકાળને માટે પરિપૂર્ણ કર્યા છે." વળી હિબ્રૂ ૯:૨૧–૨૬માં "વળી

જેમ આગળ પ્રમુખ યાજક બીજાનું રક્ત લઈને પરમ પવિત્ર સ્થાનમાં વર્ષોવર્ષ પ્રવેશ કરતો, તેમ એ (ખ્રિસ્ત)ને વારે વારે પોતાનું બલિદાન આપવાની જરૂર રહી નહિ. કેમ કે જો એમ હોત તો જગતના આરંભથી ઘણીવાર તેને દુઃખ સહન કરવાની અગત્ય પડત. પણ હવે છેલ્લા કાળમાં પોતાના બલિદાનથી પાપને દૂર કરવા માટે તે એક જ વખત પ્રગટ થયો."

અહીં ખ્રિસ્તને ફરીથી વધસ્તંભે જડવાનો અર્થ ગલાતી ૬:૧૪માં પાઉલ જગત સંબંધી લખે છે તેવો થાય છે. **"મારા સંબંધી જગત વધસ્તંભે જડાયેલું છે. અને જગત સંબંધી હું."** એટલે કે મેં જગતને તજ્યું છે. એક જ ખ્રિસ્તને ફરીથી વધસ્તંભે જડવો એટલે કે તજી દેવો થાય છે.

પ્રથમનો પ્રશ્ન બહુ અઘરો છે. શું માણસ મુક્તિ પામ્યા પછી નવો જન્મ પામ્યા પછી, પતિત બની જઈને નાશમાં જાય ખરો? શરૂઆતની મંડળીથી માંડીને આજ સુધી હિબ્રૂ ૬:૪–૮ કલમોના અનેક ખુલાસા કરવામાં આવ્યા છે જેવા કે :

(૧) કેટલાક યહૂદીઓ પોતાને ખ્રિસ્તમાં 'વિશ્વાસી' કહેવડાવતા હતા, અને મુક્તિ પામવાની તદ્દન નજદીક આવ્યા પછી પ્રભુ ઈસુમાં સાચો વિશ્વાસ રાખવા સુધી પહોંચ્યા નહિ અને પાછા પડી ગયા. એમને આ કલમોની ચેતવણી આપવામાં આવી છે.

(૨) કેટલાક ખ્રિસ્તીઓ પાપને એટલે સુધી આધીન બની ગયા હતા કે તેઓ જાણે કે પ્રભુ ઈસુને પુનઃ વધસ્તંભે જડાવતા હોય (કલમ ૬), તેથી તેઓને નાપસંદ કરવામાં આવશે, અને પ્રભુ ઈસુ પાસેથી બદલો મેળવવાને સમયે (૧ કોરિંથી. ૩:૧૦–૧૫) તેઓને બદલો યા ઇનામ નહિ મળે (૧ કોરિંથી. ૯:૨૭). તેઓને આ ચેતવણી આપવામાં આવી છે.

(૩) કેટલાક શ્રદ્ધાળુ ખ્રિસ્તઓ પ્રભુ ઈસુ પર શ્રદ્ધા ધરાવે છે, પણ પછી અવિશ્વાસને કારણે પાછા પડી ગયા છે અને પોતાની મુક્તિ ખોઈ બેસવાના જોખમમાં છે તેઓને માટે આ કલમોની ચેતવણી ઉચ્ચારવામાં આવી છે.

(૪) આ સમયે રોમન બાદશાહો તરફથી ખ્રિસ્તીઓ પર ક્રૂર સતાવણી ગુજારવામાં આવતી હતી, અને ખ્રિસ્તીઓના જાન અને માલમિલકત જોખમમાં હતાં. આ સમયે કેટલાક યહૂદીઓ ખ્રિસ્તી થયા હોવા છતાં સતાવણીથી ડરી જઈ ખ્રિસ્તનો નકાર કરીને પાછા ફરી જતા હતા, તેઓના વિષે અહીં લખવામાં આવ્યું છે.

(૫) પાંચમી માન્યતા ધરાવતો વર્ગ માને છે કે મુક્તિ પામ્યા પછી પતિત થયેલી કોઈ વ્યક્તિ નહોતી કે એવો કોઈ કેસ બન્યો નહોતો, પણ માત્ર "આવું થાય તો શું બને ?"—એમ વિચારીને કલ્પેલા કેસની રજૂઆત કરી છે. પાઉલના લખાણમાં આવી કલ્પિત ભૂમિકાઓની રજૂઆત ઘણીવાર જોવા મળે છે. વિચારને કે સિદ્ધાંતને સ્પષ્ટ કરવા માત્ર દલીલ ખાતર પાઉલ આ રીત અજમાવે. દાખલા તરીકે:

**ક. ગલાતી ૧:૮.** "પણ જે સુવાર્તા અમે તમને પ્રગટ કરી, તે વિના બીજી સુવાર્તા જો અમે અથવા આકાશનો કોઈ દૂત પણ તમને પ્રગટ કરે, તો તે શાપિત થાઓ." પાઉલના કહેવાનો અર્થ એમ નથી કે "આકાશના કોઈ દૂતે" કદીયે એવું કર્યું છે કે કરશે, ખાલી દલીલ ખાતર પાઉલ એવી રજૂઆત કરે છે.

**ખ. ૧ કોરિંથી. ૧૫:૧૪, ૧૯.** અહીં પણ એ કલ્પિત રજૂઆતો છે. "જો ખ્રિસ્ત ઊઠયો નથી, તો અમારો ઉપદેશ વ્યર્થ છે, અને તમારો વિશ્વાસ પણ વ્યર્થ છે." વળી, "જો આપણે કેવળ આ જિંદગીમાં ખ્રિસ્ત પર આશા રાખી હોય, તો સર્વ માણસોના કરતાં આપણે વધારે દયાપાત્ર છીએ."

ગ. ગલાતી ૨:૨૧. 'જો નિયમથી ન્યાયીપણું હોય, તો ખ્રિસ્ત વિના કારણ મૂઓ."

ઘ. ૧ કોરીંથી ૧૩ : ૧–૩માં એવી ત્રણ કલ્પિત પરિસ્થિતિ રજૂ કરી છેઃ "જો કે હું માણસોની તથા દૂતોની ભાષા બોલું," વગેરે.

એનો ભાવાર્થ જ કે એવી કોઈ પરિસ્થિતિ નથી, પણ એવી પરિસ્થિતિની માત્ર કલ્પના કરી છે. ખરેખરી રીતે તો નવો જન્મ પામેલો, મુક્તિ પામેલો કોઈ જન કાયમી પતિત બની જઈ શકે નહિ. એની મુક્તિ અને અનંતજીવન ખોઈ નાખી શકે નહિ. પાઉલ ઉપરની વાત હિબ્રૂઓને લખે છે છતાં તેમને કહે છે કે તમારામાં એવું કોઈ નથી (૬:૯,૧૦).

ખ્રિસ્તમાં અનંતજીવન પામેલા કદી નાશ પામતાં નથી અથવા તેમની મુક્તિ ખોઈ બેસતાં નથી. એવું શીખવતી અનેક કલમો બાઇબલમાં છે :

યોહાન ૧૦ : ૨૮ "હું તેઓને અનંતજીવન આપું છું, અને કદી તેઓનો નાશ થશે નહિ, અને મારા હાથમાંથી કોઈ તેઓને છીનવી લેશે નહિ." રોમન ૮ : ૨૯, ૩૦, ૩૮, ૩૯. (૨૯,૩૦ કલમો અંદરથી વાંચો). "મારી ખાતરી છે કે મરણ કે જીવન, દૂતો કે અધિકારીઓ, વર્તમાનનું કે ભવિષ્યનું કે પરાક્રમીઓ ઊંચાણ કે ઊંડાણ, કે કોઈ પણ બીજી સૃષ્ટ વસ્તુ, ઈશ્વરની જે પ્રીતિ ખ્રિસ્ત ઈસુ આપણા પ્રભુમાં છે, તેનાથી આપણને જુદાં પાડી શકશે નહિ."

વળી જુઓ : યોહાન ૩:૧૫, ૧૬, ૩૬; એફેસી ૧ : ૨–૧૪; ૪:૩૦; ફિલિપી ૧:૬; ૧ પિતર ૧:૩–૫; હિબ્રૂ ૬:૪–૮ પરથી કેટલીક જોખમકારક માન્યતાઓ ઊભી થવા પામી છે. જેમ કે :

(૧) "પ્રકાશિત થવું" (કલમ ૪) એને બાપ્તિસ્મા લીધા બરાબર ગણવામાં આવતું. એ બંને શબ્દો અરસપરસ વપરાતા એ પરથી માન્યતા ઊભી થઈ કે બાપ્તિસ્મા પામ્યા પછી પાપ કરીએ તો તે કદી માફ ન થાય. પણ એ ભ્રામક માન્યતા છે. મુક્તિનો અનુભવ પામેલા અને બાપ્તિસ્મા પામેલા ખ્રિસ્તીઓને સંબોધીને લખવામાં આવ્યું છે કે, "જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે" (૧ યોહાન ૧:૯). "જો કોઈ પાપ કરે તો બાપની પાસે આપણો મધ્યસ્થ છે" (૧ યોહાન ૨:૧).

(૨) આલ્ફોર્ડ એવી માન્યતા ધરાવતો કે પસંદ કરેલા અને નવો જન્મ પામેલા બંને સરખા નથી. બધા પસંદ કરેલા નવો જન્મ પામેલા હોય જ; પણ બધા નવો જન્મ પામેલા પસંદ કરેલા હોઈ શકે નહિ. નવો જન્મ પામેલા સદાકાળનું પતન પામે પણ ખરા; પણ પસંદ કરેલા કદી પતન પામે જ નહિ." આર્મિનિયન ઈશ્વરવિદ્યાશાસ્ત્રીઓ પણ એવું માનતા હતા. તેઓ બધા આ કલમોનું એવું અર્થઘટન કરતા હતા કે કેટલીક વ્યક્તિઓ નવો જન્મ પામી હતી પણ પછી જાણીબૂજીને ખ્રિસ્તનો નકાર કરી ત્યાગ કરી ગઈ હતી. પણ આ માન્યતા પણ ભ્રામક છે. નવો જન્મ પામવો એટલે ખ્રિસ્તના કુટુંબમાં જન્મ લેવો—પવિત્રાત્માથી અથવા ઈશ્વરથી જન્મ પામવો. ૧ યોહાન ૩:૯ કહે છે: "જે કોઈ ઈશ્વરથી જન્મેલો છે તે પાપ કરતો નથી કેમ કે તેનું બીજ તેનામાં રહે છે; અને તે પાપ કરી શકતો નથી, કેમ કે તે ઈશ્વરથી જન્મેલો છે."

## ૩૯ માથ્થીના ૧૩મા અધ્યાયમાં આપેલાં દૃષ્ટાંતોનો ખરો શાસ્ત્રાર્થ શું થાય?

**પ્રશ્ન :** 'આકાશના રાજ્યના મર્મો' દર્શાવતાં દૃષ્ટાંતો માથ્થીના ૧૩મા અધ્યાયમાં આપવામાં આવ્યાં છે, તેના ખુલાસા જુદા

જુદા શાસ્ત્રાભ્યાસકો જુદા જુદા આપે છે, તો એમાંથી શું અને કોનું માનવું ?

**જવાબ :** આ દૃષ્ટાંતો વિષે ઘણા પ્રશ્નો મારી પાસે આવ્યા છે. આ અઠવાડિયા દરમિયાન 'રાઈના બી' ના દૃષ્ટાંત વિષે પણ બે કાગળ આવ્યા છે, એટલે એ બધાં દૃષ્ટાંતોનો ખુલાસો અત્રે કરું છું.

સૌ પ્રથમ 'મંડળી,' 'આકાશનું રાજ્ય,' અને 'દેવનું રાજ્ય' એ ત્રણે જુદી જુદી બાબતો છે એ વાચકવર્ગના ધ્યાનમાં લાવવા માગું છું. માથ્થી ૧૩મા મંડળી વિષે નહિ, પણ આકાશના રાજ્ય વિષે દૃષ્ટાંતો આપવામાં આવ્યાં છે, એ ભૂલવું નહિ. અત્યારે તો આ ત્રણે વચ્ચેનો તફાવત જોવા સમય નથી, એટલે ભવિષ્યમાં કોઈક વખત એ જોઈશું.

આ સ્થળે આકાશના રાજ્યના મર્મો સમજાવતાં કુલ ૧૨ દૃષ્ટાંતો આપવામાં આવ્યાં છે, એમાં સૌથી પ્રથમ 'બી વાવનારનું દૃષ્ટાંત' જે પાયારૂપ દૃષ્ટાંત છે, એનો ખુલાસો અંદર જ આપેલો હોઈ અહીં એને જોઈશું નહિ.

**ક.** એમ જ '**ઘઉં**' **અને** '**કડવા દાણા**' **નાં** દૃષ્ટાંતનો (માથ્થી ૧૩:૨૪-૩૦) ખુલાસો પણ પ્રભુ ઈસુએ પોતે જ આપેલો છે (૧૩:૩૬-૪૩). એ જ ખુલાસો બીજાં દૃષ્ટાંતોને લાગુ પડે છે. અહીં 'વાવનાર માણસ' પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે, 'ખેતર જગત છે,' અને એ ખેતર પ્રભુ ઈસુનું પોતાનું છે (તેં શું **તારા ખેતરમાં** સારું બી વાવ્યું નહોતું ?) રાઈના બીના દૃષ્ટાંતમાં પણ 'પોતાના ખેતરમાં' (૩૧) લખ્યું છે, "એક જણે" (૩૧) એટલે કે પ્રભુ ઈસુએ 'પોતાના ખેતરમાં' વાવ્યું. 'પોતાનું ખેતર' એટલે જગત. આખું જગત તેમનું જ છે, શેતાન પચાવી પાડવા માગે છે.

'વેરી' એટલે શેતાન, જ્યારે **વાવનાર** ઊંઘતો હતો ત્યારે "વેરી" કડવા દાણા વાવી ગયો, એમ નહિ, કારણ, વાવનાર પ્રભુ તો "કદી ઊંઘતો નથી, અને નિદ્રાવશ થતો નથી." પણ કામ

કરનારા 'માણસો' ઊંઘતા હતા ત્યારે એ બન્યું. બંને પક્ષે વાવવાનું હજી ચાલુ જ છે. શેતાન ઘઉં (રાજ્યનાં છૈયાં)નું સ્વરૂપ કે ગુણ-ધર્મ બદલી શકતો નથી, એટલે જ એ 'કડવા દાણા' (શેતાનનાં છૈયાં) વાવી દે છે. પ્રભુ ઈસુ એવા કેટલાક વિષે કહે છે. 'તમે તમારા બાપ શેતાનના છો' (યોહાન ૮:૪૪). હાલમાં તો કોણ ઈશ્વરના સંતાન અને કોણ શેતાનનાં સંતાન તે સ્પષ્ટ ઓળખી શકાતું નથી, એટલે જ કાપણી (જગતના અંત) સુધી એ બધાંને સાથે વધવા દેવાશે, અને જગતના અંતે દૂતો પ્રથમ ઘઉંને (ખ્રિસ્તના સાચા લોકો)ને વખારમાં ભરશે, એટલે કે ગગનમાં સાચી મંડળીને ખેંચી લેશે, અને કડવા દાણા (શેતાનનાં સંતાનો)ને અગ્નિ ખાઈમાં (નરકમાં) નાખી દેશે. કાપણી સુધી સારા વત્તો સારા થતા જશે, અને ભૂંડા વત્તો ભૂંડા થયા કરશે. બંને ઊંચીએ આવતાં સુધી, એટલે કે પરિપકવતા સુધી પહોંચશે. આજે એવું જ જોવા મળે છે.

**ખ. રાઈના બીનું દૃષ્ટાંત :** (૧૩:૩૧-૩૨) અગાઉનું દૃષ્ટાંત (ઘઉં અને કડવા દાણા) તેમ જ આ અધ્યાયના હવે પછીનાં બધાં દૃષ્ટાંતોમાં આ શબ્દો શરૂઆતે આવે છે. "આકાશનું રાજ્ય... ના જેવું છે." એટલે આ બધાં દૃષ્ટાંતોનું શિક્ષણ એક સરખું જ હોવું જોઈએ. છતાં રાઈના બીના તેમ જ ખમીરના દૃષ્ટાંતનાં અવળા અર્થ કરવામાં આવે છે, એ વાજબી નથી. એ બંનેમાં મંડળીની વૃદ્ધિનો ઉલ્લેખ નથી, પણ 'આકાશના રાજ્ય'ની અથવા ખ્રિસ્તી સમાજની વૃદ્ધિનો ઉલ્લેખ છે. રાઈના બીનું દૃષ્ટાંત બાહ્ય વૃદ્ધિ યા વિશાળતા બતાવે છે, જ્યારે ખમીરનું દૃષ્ટાંત આંતરિક વૃદ્ધિ દર્શાવે છે.

રાઈના બીમાંથી છોડ થાય છે, જો કુમાશથી એની ખેતી થાય તો. પણ પાલેસ્તાઈનમાં કુમાશ વગરના આ રાઈના છોડ વકરીને સાત-આઠ ફૂટના અરે, પંદર ફૂટના પણ વધી જાય છે. આપણા

દેશમાં થોરિયાના છોડ વધારેમાં વધારે પાંચ ફૂટના થાય છે, જ્યારે મેં જબલપુર પાસે 'માર્બલ રોક્સ' તરફ આંબલીના ઝાડ જેવાં થોરિયાનાં પ્રચંડ મોટાં ઝાડ જોયાં હતાં, એવું જ રાઈનું. કડવા દાણાના દૃષ્ટાંતમાં જેમ આકાશના રાજ્ય (ખ્રિસ્તી સમાજ)માં ભલું અને ભૂંડું (રાજ્યના સંતાન અને શેતાનનાં સંતાન) ભેળસેળ જ છે, તેમ અહીં પણ (રાઈના બીમાં) પણ એવું છે. એ કુમાશવાળા નહિ પણ વકરી ગયેલા વૃક્ષની ડાળીઓમાં આકાશનાં પક્ષીઓ આવીને વાસો કરે છે. "આકાશનાં પક્ષીઓ" એ, કેટલાક ખુલાસો કરે છે તેમ, સુવાર્તા સાંભળીને ખ્રિસ્તને શરણે આવેલા લોકો નથી, પણ વાવનારના દૃષ્ટાંતમાં (૧૩:૪, ૧૯) જણાવ્યા પ્રમાણેનાં 'પક્ષીઓ' યા વચનરૂપી વવાયેલાં બીને લઈ જનારા, શેતાનના પક્ષમાં કામ કરનારા છે. વકરી ગયેલા ખ્રિસ્તી સમાજમાં શેતાનના પક્ષમાં કામ કરનારા લહેરથી વાસો કરે છે. 'ડાળીઓ' શબ્દનો ખાસ અર્થ નથી, પણ દૃશ્ય મંડળી એટલે કે 'ખ્રિસ્તીસમાજ' (યા મર્મમાં આકાશના રાજ્ય)ના ફાંટાઓ ગણી શકાય. તેઓ રક્ષણને માટે વાસો કરતા હોતા નથી, પણ દુન્યવી લાભને માટે વાસો કરે છે. તેમની હાજરી ખતરનાક છે.

**ગ. ખમીરનું દૃષ્ટાંત** (૧૩:૩૩): ઘણા આનું સામાન્ય અર્થઘટન આ પ્રમાણે કરે છે: 'એક સ્ત્રી' એટલે મંડળી; 'ખમીર' એટલે સુવાર્તા, 'ત્રણ માપ લોટ' એટલે માનવ સમુદાય; અને સુવાર્તાનું ખમીર લઈને મંડળીરૂપી સ્ત્રીએ માનવસમુદાયરૂપી લોટમાં મેળવી દીધાથી આખી દુનિયા ખ્રિસ્તનો સ્વીકાર કરી લેનારી બનશે. પરંતુ આ અર્થઘટન બાઇબલ વિરુદ્ધનું છે એ જોઈએ.

પ્રથમ તો, ખમીર બાઇબલમાં ભૂંડાઈની ઉપમા તરીકે બધે જ વપરાયું છે. ખમીર હંમેશાં લોટને ખાટો બનાવી ફીણ લાવી આથો ચડાવે છે. આ એક પ્રકારનો 'સડો' છે. ઇઝરાયલપુત્રોને ફરમાન

હતું કે પાસ્ખાના દિવસો દરમિયાન તેઓએ પોતાનાં ઘરોમાં ખમીર રાખવું નહિ, અને રાખે તો તે શિક્ષાપાત્ર બને (નિર્ગમન ૧૨:૧૫; ૨૪:૩૫; લેવીય ૨:૧૧;૧૦:૧૨). કારણ, પાસ્ખાનું પર્વ એ ઈસુ ખ્રિસ્તના બલિદાનની પૂર્વછાયારૂપ હતું અને પાસ્ખાનું હલવાન તરીકે વધેરાનાર 'દેવના હલવાન' ઈસુ ખ્રિસ્તની ઉપમારૂપ હતું. એટલે ઈસુ ખ્રિસ્ત નિષ્કલંક હોઈ તેની ઉપમારૂપના પાસ્ખાના પર્વમાં ભેળસેળ ફેલાવનાર ખમીરની હાજરી ન હોવી જોઈએ. વળી ૧ કોરીંથી. ૫:૬–૮ માં લખ્યું છે: "તમે અભિમાન રાખો છો તે શોભતું નથી. થોડું ખમીર આખા લોંદાને ફુલાવે છે તે શું તમે નથી જાણતા? તમે જૂના ખમીરને કાઢી નાખો, જેથી જેમ જેમ તમે બેખમીર છો તેમ તમે નવા લોંદારૂપ થઈ જાઓ...એ કારણથી આપણે એ પર્વ જૂના ખમીરથી નહિ, એટલે પાપ તથા દુષ્ટતાના ખમીરથી નહિ, પણ નિખાલસપણાની તથા સત્યની બેખમીર રોટલીથી પાળીએ." અહીં પણ ખમીરને ભૂંડાઈની સાથે સરખાવ્યું છે. વળી પ્રભુ ઈસુ માથ્થી ૧૬:૬–૧૨ માં અને માર્ક ૮:૧૫માં "ફરોશીઓના ખમીરથી અને સાદુકીઓના ખમીરથી" દૂર રહેવાનું કહે છે. વળી તે હેરોદના ખમીરથી પણ દૂર રહેવા સૂચવે છે. ફરોશીઓનું ખમીર એટલે જૂઠા સિદ્ધાંત, કાયદાબંધન, અને પરાક્રમ વગરનું ધર્મનું બાહ્ય કોચલું (બાહ્યાચરણો). સાદુકીઓનું ખમીર એટલે શંકાશીલપણું, દૂતો અને પુનરુત્થાનમાં નહિ માનવું. હેરોદનું ખમીર એટલે ભૌતિકવાદ યા ધર્મ અને જગતીપણાનું મિશ્રણ. ગલાતી ૫:૯માં પણ કહ્યું છે, "થોડું ખમીર [લોટના] આખા લોંદાને ખમીરી કરે છે." અહીં આ કલમમાં પણ સંત પાઉલ ખમીરને ભૂંડાઈના ભેળસેળ અર્થમાં જ વાપરે છે.

(આખા બાઇબલમાં માત્ર બે પ્રસંગે ખમીર વાપરવાનું છે, લેવી ૨૩:૧૫–૧૭; ૭:૧૩ અને આમોસ ૪:૪,૫; લેવી ૨૩:૬–૧૪

સુધીમાં બેખમીરી રોટલી વાપરવાની વાત છે, પણ ૧૫–૧૭ કલમોમાં માણસોનાં અર્પણોની વાત હોઈને ખમીર વાપરવાની છૂટ આપી છે. કારણ કોઈ પણ માણસ પરિપૂર્ણ રીતે શુદ્ધ નથી. એવું જ ૭:૧૩ ની કલમમાં છે. આમોસ ૪:૪–૫માં "ખમીરવાળી વસ્તુનું ઉપકારાર્થાર્પણ ચઢાવો." એ તો મજાકમાં કહેવાયેલાં વચનો છે).

ખમીરને તો લોટમાં છુપાવવું પડે છે, જ્યારે સુવાર્તાને તો પ્રગટ યા જાહેર કરવાની હોય છે. સુવાર્તા ખમીર પેઠે કામ કરતી નથી. ખમીરને તો લોટમાં મૂકવામાં આવે ત્યારે તે પોતાની આપો-આપ લોટના આખા લોંદાને ખમીરવાળો બનાવી દે છે. પણ જો સુવાર્તા વિષે એમ બનતું હોય તો જે ગામ, શહેર કે દેશમાં એક વખત સુવાર્તાપ્રચાર થાય તે આખું ગામ, શહેર કે દેશ આપોઆપ ખ્રિસ્તી બની જાય. પણ ઊલટું પ્રભુ ઈસુ તો જગતના અંત વિષે બોલતાં કહે છે કે "પરંતુ માણસનો દીકરો આવશે, ત્યારે પૃથ્વી પર તેને વિશ્વાસ જડશે શું ?" (લૂક ૧૮:૮), અને "અન્યાય વધી જવાને કારણે ઘણાખરાનો પ્રેમ ઠંડો થઈ જશે" (માથ્થી ૨૪:૧૨). એનો અર્થ એ જ કે આખી દુનિયા ખ્રિસ્તી નહિ બની જાય, પણ શેતાનનું રાજ પૂર જોશમાં ફેલાશે. આ દૃષ્ટાંત એટલું શીખવવા માગે છે કે 'આકાશનું રાજ્ય' એના મર્મરૂપમાં પૃથ્વી પર હશે ત્યાં સુધી એમાં ભૂંડાઈની ભેળસેળ પ્રવેશવાની છે. આગલાં દૃષ્ટાંતોમાં બતાવ્યું તેમ જ.

ઘ. **સંતાડેલું દ્રવ્ય** (માથ્થી ૧૩:૪૪): 'સંતાડેલું દ્રવ્ય' અને 'મૂલ્યવાન મોતી' એ બંને દૃષ્ટાંતોનો ઘણા અવળો ખુલાસો કરે છે. ઈસુ ખ્રિસ્તને સંતાડેલું દ્રવ્ય અને મૂલ્યવાન મોતી ગણે છે. અને માણસ પોતાનું સર્વસ્વ વેચી દઈ આ સંતાડેલા દ્રવ્ય અને મૂલ્યવાન મોતીરૂપ ખ્રિસ્તને ખરીદી લે છે. પણ એ ખુલાસો ખોટો છે. માણ-સની પાસે કંઈ જ નથી જેને વેચીને તે દ્રવ્ય યા મોતી ખરીદે.

ખેતર એ જગત છે (અગાઉનાં દૃષ્ટાંતોમાં જોયું તેમ), અને માણસે એ જગત ખરીદવાનું હોતું નથી, ઊલટું એણે તો જગતને ત્યાગવાનું હોય છે. વળી ખ્રિસ્ત ખેતર (જગત)માં સંતાડેલો નથી, અને જેમ પેલા માણસને ખેતરમાંથી દ્રવ્ય મળ્યું તે તેણે દાટી દીધું, એમ પાપીએ ખ્રિસ્તને મેળવ્યા પછી ખ્રિસ્તને ફરી સંતાડી દેવાનો નથી.

ખેતર એટલે જગત ખરેખર તો ઈશ્વરનું જ છે, પણ હાલ પૂરતું શેતાને તેને પચાવી પાડ્યું છે. માથ્થી ૪:૮-૯ માં શેતાન પ્રભુ ઈસુને "જગતનાં સઘળાં રાજ્ય તથા તેઓનો મહિમા દેખાડે છે," અને કહે છે કે "જો તું પગે પડીને મારું ભજન કરે, તો આ સઘળાં તને આપીશ." પ્રભુ ઈસુ પણ યોહાન ૧૪:૩૦ માં કહે છે: "આ જગતનો અધિકારી આવે છે, અને મારામાં તેનું કંઈ નથી." એમ શેતાને જગતનો હવાલો લઈ લીધો છે. પણ પ્રભુ ઈસુ પોતાનું સર્વસ્વ આપી દઈને (સ્વર્ગ, સ્વર્ગનો મહિમા છોડી દઈને ક્રૂસ પર પ્રાણ અર્પી દઈને) જગતરૂપી ખેતર ખરીદી લે છે, કેમ કે એમાં સંતાડેલું દ્રવ્ય છે.

ઇઝરાયલ એ સંતાડેલું દ્રવ્ય છે. નિર્ગ. ૧૯:૫ માં ઇઝરાયલને કહે છે: "તો હવે જો તમે મારું કહેવું માનશો, ને મારો કરાર પાળશો, તો સર્વ લોકોમાંથી તમે મારું ખાસ ધન થશો; કેમ કે આખી પૃથ્વી મારી છે." વળી જુઓ ગીતશાસ્ત્ર ૧૩૫:૪, "યહોવાએ પોતાને સારુ યાકૂબને પસંદ કર્યો છે; તેણે ઇઝરાયલને પોતાની ખાસ મિલકત થવા સારુ પસંદ કર્યો છે." ઇઝરાયલરૂપી દ્રવ્યને પ્રભુએ ખેતર મધ્યે (જગત મધ્યે એટલે કે પ્રજાઓ મધ્યે) સંતાડી રાખ્યું છે. હવે ટૂંક સમયમાં પ્રભુ આ દ્રવ્યરૂપી લોકને પોતાના હાથમાં લેશે. (જુઓ રૂમી. ૧૧:૨૫). પ્રભુ ઈસુ પાછા આવશે ત્યારે તે પોતાના આ સંતાડેલા દ્રવ્યરૂપી લોકનો કબજો લેશે.

## च. સારાં મોતી શોધનાર કોણ ?

**પ્રશ્ન :** માથ્થી ૧૩:૪૫-૪૬માં સારાં મોતી શોધનાર કોઈ એક વેપારી તે કોણ ? એક અતિ મૂલ્યવાન મોતી એ શું ? કોણે પોતાનું સર્વસ્વ વેચી નાખીને તે વેચાતું લીધું ?

**જવાબ :** માથ્થી ૧૩મા અધ્યાયમાં આકાશના રાજને આપેલી ઉપમાઓનાં જુદાં જુદાં દૃષ્ટાંતોમાંનું આ એક દૃષ્ટાંત છે. જુદા જુદા અભ્યાસકો એ દૃષ્ટાંતોના જુદા જુદા ખુલાસા આપે છે. આપણે બે મુખ્ય જોઈએ.

(૧) ઈસુ અતિ મૂલ્યવાન મોતી છે, અને માણસ પોતાનું બધું આપી દઈને ઈસુને ખરીદી લે છે. માણસ બધું તજીને ઈસુને મેળવી લે છે. આનો દાખલો **ભજનસંગ્રહના** ગીત નં. ૧૯૪માં મળી રહે છે: "મને મળ્યું અણમૂલ મોતી, આનંદે ગાય છે મન;/ હરખાયા વિના ચાલે નહિ, મને છે કેવું ધન!" આ પ્રકારના ખુલાસાનું બળ આ છે; મહા મૂલવાન ખ્રિસ્તને પામવા ગમે તે પ્રકારના ભોગ આપવા તૈયાર રહેવું.

પરંતુ એ ખુલાસાની વિરુદ્ધ ઘણી દલીલો છે. अ તારણ યા મુક્તિ ખરીદવાની હોતી નથી (યશા. ૫૫:૧). એ તો મફત કૃપાનું દાન છે. ब. વળી પાપી મનુષ્ય તો દેવાળિયો છે, અને ખ્રિસ્તને 'ખરીદી' કે 'પામી' લેવા એની પાસે કંઈ જ નથી. 'ભજન-સંગ્રહ'ના ગીત નં. ૩૨૪માં ૩જા શ્લોકમાં આપ્યું છે, "ખાલી હાથે આવું છું,/ઈમાન તું પર લાવું છું,/નગ્ન હું, માગું લેબાસ;/અબળ કરું છું વિશ્વાસ,"/નં. ૩૨૫નો ૩જો શ્લોક પણ કહે છે: "ખાલી છું, નિરાધાર છું,/વળગું હવે તુજ સ્તંભને." क ખ્રિસ્ત વેચાવા કે ખરીદાઈ જવા માટે નથી. ड. માણસ સારાં મોતી શોધનાર વેપારી નથી. આ ખુલાસા પ્રમાણે એવું તાત્પર્ય નીકળે કે માણસની પાસે 'ઈસુ' કરતાં ઊતરતા મૂલ્યનાં એવાં મોતી છે; એટલે કે આત્મિક રીતે

એ દેવાળિયો નહિ પણ આત્મિક મિલકત ધરાવનાર છે. કદાચ આ ખુલાસાની તરફેણમાં ફિલિપી ૩:૭,૮ વાપરી શકાય.

(૨) બીજો ખુલાસો સુવાર્તિક માન્યતા ધરાવનાર પક્ષ (કોન્ઝર્વેટિવ, ઓર્થોડોક્ષ, ઇવેન્જેલિકલ) ધરાવે છે. તેઓ આવો ખુલાસો કરે છે; સારાં મોતી શોધનાર વેપારી તો ઈસુ ખ્રિસ્ત છે, અને અતિ મૂલ્યવાન મોતી તો 'મંડળી' છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત સમૃદ્ધ છે, પણ તેમણે મંડળીને અતિ મૂલ્યવાન ગણીને પોતાનું સર્વસ્વ એટલે કે સ્વર્ગીય ધામ, ઈશ્વરત્ત્વનું સર્વસમર્થપણું અને સર્વવ્યાપીપણું, અને આખરે પોતાનો પ્રાણ પણ આપી દઈ મંડળીને ખરીદી લીધી. પ્રકટીકરણ ૫:૯ માં કહે છે: "કેમ કે તને મારી નાખવામાં આવ્યો હતો ને તેં તારા **રક્તથી** દેવને સારુ સર્વ કુળોના, ભાષાના, પ્રજાના તથા દેશોમાંના (લોકોને) **વેચાતા લીધા છે."** એફેસી. ૧:૧૪ "એ (આત્મા દેવના) **પોતાના દ્રવ્ય(રૂપી લોક)ના** ઉદ્ધારના સંબંધમાં તેના મહિમાને અર્થે આપણા વારસાનું બ્યાનું છે." પ્રે. કૃ. ૨૦:૨૮: "જેથી દેવની **જે મંડળી તેણે પોતાના લોહીથી ખરીદી** તેનું તમે પાલન કરો." ૧ કોરીંથી. ૬:૨૦ 'કેમ કે મૂલ્ય આપીને તમને ખરીદવામાં આવ્યાં હતા. ૧ કોરીંથી. ૭:૨૩ "તમને મૂલ્ય આપીને ખરીદવામાં આવ્યા હતા." એફેસી. ૫:૨૫: 'પતિઓ, જેમ ખ્રિસ્તે મંડળી પર પ્રેમ રાખ્યો, અને તેની ખાતર પોતાનું સ્વાર્પણ કર્યું."

**છ. જાળનું દૃષ્ટાંત** (માથ્થી ૧૩:૪૭) પ્રભુ ઈસુએ શિષ્યોને તેડતી વખતે કહ્યું કે "હું તમને માણસો પકડનારા બનાવીશ." એમ, ખ્રિસ્તી સંદેશો તે માછલાં પકડવાની જાળ સમાન છે. એ જાળને લોકોએ (પ્રેરિતો, સુવાર્તિકો) સમુદ્રમાં નાખી. સમુદ્ર એટલે માનવસમુદાય. જાળમાં "હરેક જાતનું સમેટાયું"–સારી માછલી અને બિનઉપયોગી અને ખરાબ માલ પણ જાળમાં સમેટાયો. એટલે કે

સારા લોકો, પ્રભુના ખરા લોકોય જાળમાં આવ્યા, અને ભૂંડા, જગતી લોકો પણ આવ્યા. ભલા અને ભૂંડા લોકો માનવસમુદાય-રૂપી સમુદ્રમાં હશે એનો અહીં સવાલ નથી, પણ સારા અને ભૂંડા લોકો જાળમાં એટલે કે ખ્રિસ્તી સમાજ યા ખ્રિસ્તી આલમમાં એકત્ર થયા.

ખ્રિસ્તીધર્મ માનનારા શંભુમેળામાં પ્રભુના પસંદ કરેલા લોક પણ છે, અને ભૂંડા તથા જગતી લોક પણ છે. આકાશનું રાજ્ય એવું જ છે. આ દૃષ્ટાંત "ઘઉં અને કડવા દાણા"ના દૃષ્ટાંત જેવું છે, ફરક એટલો જ કે "ઘઉં અને કડવા દાણા"માં શેતાન પ્રવૃત્તિ-મય કાર્યકર્તા છે, કારણ, ઘઉં મધ્યે તે કડવા દાણા વાવે છે, જ્યારે "જાળ"ના દૃષ્ટાંતમાં બીજી વાત છતી થાય છે કે ભલા અને ભૂંડાનો આ શંભુમેળો તો, જે પોતામાંનું નથી એવાને પણ પોતાની આસ-પાસ એકઠું કરવાની આ ચળવળના ઝોકને લીધે છે.

યુગને અંતે દૂતો આ ભલું અને ભૂંડું જુદું પાડશે (કલમ ૪૯), એટલે કે જગતને અંતે ભલા લોકોને ભૂંડાથી જુદા કરવામાં આવશે, જેમ ઘઉં અને કડવા દાણા કાપણીને સમયે (જગતને અંતે) જુદા પાડશે તેમ, યુગના અંત સુધી ભલા અને ભૂંડા લોકો આકાશના રાજ્યમાં ખ્રિસ્તી આલમમાં શંભુમેળાની જેમ સાથે સાથે જ રહેશે.

જાળ સમુદ્રમાં નાખવામાં આવે છે ત્યારે જાળમાં તો થોડી જ માછલી આવે છે, જ્યારે મોટો જથ્થો તો સમુદ્રમાં જ (માનવ-સમુદાયમાં જ) રહે છે. અને જાળમાં આવેલામાંથી પણ ઘણું બધું તો નકામા તરીકે ફેંકી દેવું પડશે. એમ તારણ પામનારાં તો થોડાં જ છે. આ દૃષ્ટાંત પરથી એક વાત સ્પષ્ટ દેખાય છે કે દુનિયા આખી ખ્રિસ્તી બનવાની નથી, આખી દુનિયા ખ્રિસ્તને શરણે આવ-વાની નથી જ.

## ૪૦ 'મારિયા' કે 'મરિયમ' ?

**પ્રશ્ન :** બાઇબલ સોસાયટી ઑફ ઇન્ડિયા તરફથી નવા કરારની સુધારેલી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે, તેમાં ઈસુની માનું નામ 'મારિયા' છાપ્યું, જ્યારે જૂની આવૃત્તિમાં આજ સુધી 'મરિયમ' હતું, તો ખરું કયું ?

**જવાબ :** આ નામ અસલ હિબ્રૂ ભાષામાંથી આવેલું છે. અને હિબ્રૂમાં મિર્યમ અથવા મિરિયમ બોલાય છે, અને લખાય છે. એ ઉપરથી અત્યાર સુધીના ગુજરાતી તરજુમાઓમાં પણ 'મરિયમ' વપરાયું છે. જૂનો કરાર હિબ્રૂ ભાષામાં લખાયો હતો, ગ્રીક ભાષામાં આ નામ કોઈ કોઈ ઠેકાણે 'મારિયા' લખાયું છે (માથ્થી ૧:૧૬, ૧૮; ૨:૧૧; માર્ક ૬:૩; લૂક ૧:૪૧; પ્રે. કૃ. ૧:૧૪). ગ્રીકમાં બીજે બધે ઠેકાણે નવા કરારમાં 'મરિયમ' લખાયું છે (માથ્થી ૧૩:૫૫; લૂક ૧:૨૭, ૩૦,૫૬; ૨:૫, ૧૬,૩૪; પ્રે કૃ. ૧:૧૪; માથ્થી ૧:૨૦; લૂક ૨:૯). યોહાનની સુવાર્તામાં ગ્રીક ભાષામાં અગિયાર ઠેકાણે 'મરિયમ' છે, અને માત્ર ત્રણ ઠેકાણે 'મારિયા' છે.

લાટીન ભાષામાં 'મારિયા' છે. એ ઉપરથી રોમન કૅથોલિક ભાઈઓ 'મારિયા' ઉચ્ચાર વાપરતા હતા. પરંતુ તેમણે નવા કરારનો સૌથી પહેલો ગુજરાતી તરજુમો **શુભસંદેશ** તરીકે ૧૯૬૫માં બહાર પાડયો તેમાં, અને ૧૯૭૪ માં એની બીજી આવૃત્તિ બહાર પાડી તેમાં પણ, 'મારિયા'ન રાખતાં 'મરિયમ' રાખ્યું છે. આમ, જેઓ લાટીન પરથી 'મારિયા' ઉચ્ચાર વાપરતા હતા તેમણે હવે 'મરિયમ' નામ રાખવાનું ઇચ્છનીય માની આગેકૂચ કરી, ત્યારે આપણા તરજુમામાં અસલમાં 'મરિયમ' નામ હતું તેમાંથી પીછેહઠ કરીને 'મારિયા' કર્યું

અરબીમાં પણ 'મરિયમ' છે, અને ગુજરાતમાં મુસલમાન ભાઈઓ મરિયમ બીબી નામ વાપરે છે. ઉત્તર ભારતમાં અને અન્ય ઠેકાણે હિંદી તથા ઉર્દૂમાં મરિયમ નામ નવા કરારમાં ચાલે છે. મરાઠીમાં પણ 'મરિયમ' છે.

વળી છેક ૧૮૩૦થી માંડીને આજ સુધી ૧૪૦ વર્ષથી આપણા ગુજરાતી તરજુમામાં 'મરિયમ' વપરાતું આવ્યું છે, તે બદલવાની શી જરૂર પડી તે સમજાયું નથી. હિબ્રૂમાં પણ મૂળ નામ 'મરિયમ' જ છે.

## ૪૧ 'આમીન' એટલે શું ?

**પ્રશ્ન :** 'આમીન' એ કઈ ભાષાનો શબ્દ છે. અને એનો અર્થ શું થાય છે?

**જવાબ :** 'આમીન' મૂળ હિબ્રૂ ભાષાનો શબ્દ છે. જૂના કરારમં લગભગ ૨૨ ઠેકાણે 'આમીન' શબ્દ વપરાયો છે. અને કેટલેક ઠેકાણે તો બેવડો 'આમીન' શબ્દ વપરાયો છે, ("આમીન તથા આમીન"), જેમ કે ગણના ૫:૨૨; નહેમ્યા ૮:૬; ગીતશાસ્ત્ર ૪૧:૧૩; ૭૨:૧૯; ૮૦;૫૨.

નવા કરારમાં ગ્રીક ભાષામાં પણ 'આમીન' વપરાયો છે. એકલી યોહાનની સુવાર્તામાં ગ્રીકમાં બેવડો આમીન ૨૫ વખત વપરાયો છે. ગુજરાતીમાં તો એ બધે ઠેકાણે "ખચીત, ખચીત" તરજુમો કર્યો છે. (દા.ત. યોહાન ૧:૫૧,૫૨;૩:૩).

અંગ્રેજી ઉપરથી ગુજરાતી બાઇબલમાં "આમેન" જોડણી વાપરી છે તે બરાબર નથી. સાચી જોડણી અને ઉચ્ચાર 'આમીન' છે. સાર્થ જોડણી કોશમાં પણ 'આમીન' જોડણી આપી છે. ગુજરાતીમાં પ્રાર્થના કરાવતાં છેલ્લે ઘણા 'આમેન' બોલે છે, તે બરાબર

નથી 'આમીન' બોલવું બરાબર છે. અરબીમાં પણ 'આમીન' છે, અને પર્શિયનમાં પણ એવું જ છે.

આમીન શબ્દ જ્યારે વાક્યની અથવા સંભાષણની શરૂઆતે આવે ત્યારે બહુધા એનો અર્થ 'ચોક્કસ,' 'ખાતરીપૂર્વક,' કે 'ખચીત' થાય છે. પ્રભુ ઈસુએ બહુ વખત એ પ્રયોગ વાપર્યો છે: 'હું તમને ખચીત કહું છું કે' અથવા 'હું તમને ખચીત ખચીત કહું છું કે.' ગ્રીકમાં અહીં 'આમીન' અથવા 'આમીન આમીન' વપરાયું છે એ વખત આમીન વાપરીને પ્રભુ ઈસુ વાતની ખાતરી અને ગંભીરતા બળવાન બનાવે છે.

વાક્યને અંતે જ્યારે 'આમીન' વાપર્યો હોય, ત્યારે એનો અર્થ 'એ પ્રમાણે થાઓ,' 'તથાસ્તુ,' અથવા 'એમ જ છે.' 'બરાબર છે.' અથવા 'એ પાર પડો.' યહૂદીઓ સભાસ્થાનમાં કે જાહેરમાં કરાતી પ્રાર્થનાઓ પછી સભાજનો બધા 'આમીન' બોલી ઊઠતા. એમ જ ખ્રિસ્તી મંડળીઓમાં પણ અસલથી પ્રાર્થના કે આશીર્વાદના ઉચ્ચાર પછી સભાજનો 'આમીન' બોલતા. કોણ જાણે કેમ ગુજરાતી મંડળીઓમાં એનો વપરાશ ઓસરતો જાય છે. માત્ર પ્રાર્થના કરાવનાર અથવા રડ્યાંખડ્યા ગણ્યાંગાંઠ્યાં જ પ્રાર્થનાને અંતે 'આમીન' બોલે છે, 'આમીન' બોલવાથી એ આખીયે પ્રાર્થના આપણી પણ બને છે (૧ કોરીંથી. ૧૪:૧–૬)

વળી જુઓ ૨ કોરીંથી ૧:૨૦: "કેમ કે દેવનાં વચનો ગમે તેટલાં હશે, તોપણ તેનામાં હા છે, અને અમારી મારફતે દેવનો મહિમા વધે એ માટે તેના વડે **આમીન** પણ છે."

તેમ જ ઈસુ ખ્રિસ્ત માટે 'આમીન' વપરાયું છે, પ્રકટી. ૩:૧૪ "...જે **આમીન છે.** જે વિશ્વાસુ તથા ખરો સાક્ષી છે તે આ વાતો કહે છે." એમાં પ્રભુ ઈસુ સદા 'સત્ય' જ છે. ઈસુ ખ્રિસ્ત પોતે 'સત્ય' છે, એ સૂચવવા આ શબ્દ પ્રભુ ઈસુ માટે વાપર્યો છે.

# ૪૨ ઈશ્વર દેહધારી થઈ શકે?

**પ્રશ્ન :** યોહાન ૧:૧૪ મી કલમનો અર્થ શો થાય ? "શબ્દ **સદેહ થઈને આપણામાં વસ્યો"?**

**જવાબ :** આ સાચે જ ઘણો અઘરો પ્રશ્ન છે, સનાતન ઈશ્વર પામર માનવી બની શકે ? મેં જાતે ઘણાં વર્ષોથી આ પ્રશ્ન મનમાં ઘોળ્યો છે. એ વિષે ખૂબ ખૂબ વિચાર્યું છે, અને વાંચ્યું પણ છે. એક સમયે એ મારો પોતાનો પ્રશ્ન હતો. અને હજીયે એનો પાર ક્યાં પામ્યો છું ? છતાં બીજાંઓએ પણ આ પ્રશ્ન વારંવાર પૂછ્યો છે. તો અહીં ભાંગ્યા તૂટ્યા વિચારોમાં આ ગહન ચમત્કાર વિષે લખવા બેઠો છું.

ઈશ્વર સૃષ્ટા છે, સનાતન છે, અમર છે, શાશ્વત છે, સર્વવ્યાપી છે, નિરાકાર છે. એ ઈશ્વર ઊઠીને સર્જાયેલું માનવી બને! સમયની અને સ્થળની મર્યાદાવાળું માનવી બને! ક્ષણભંગુર માનવી બને! હાથપગ આકારવાળું માનવી બને! પણ આ અસંભવિત બન્યું. આ અશક્ય શક્ય બન્યું. ઘડૂલો બનાવનાર કુંભાર ઘડૂલો બની જાય એવું કંઈક; મેજ બનાવનાર સુતાર પોતે મેજ બની જાય એવું કંઈક; સર્જનહાર પોતે સર્જાયેલું માનવી બન્યો!

**શબ્દ :** સંત યોહાન લખે છે કે "આદિએ શબ્દ હતો, અને શબ્દ દેવની સંઘાતે હતો અને શબ્દ દેવ હતો." ત્રિએક ઈશ્વરના દેવત્વમાં 'શબ્દ' ને (કે 'પુત્ર'ને કહો) સ્થાન હતું. એ ત્રણે મળીને એક હતા. જેમ માણસના શબ્દમાં તેનું આખું યે વ્યક્તિત્વ સમાયેલું હોય છે, તેમ આ 'સનાતન શબ્દ' માં ઈશ્વરત્વનો સર્વ નિચોડ સમાઈ જાય છે. ઈશ્વર અને એનો શબ્દ એ બે વચ્ચે કાંઈ ફેર હોય શકે નહિ.

કલમ ૩જીમાં લખ્યું છે; "**તેનાથી** સઘળું ઉત્પન્ન થયું." એ 'તેનાથી' તરજુમો બરાબર નથી. મેં **ચપ્પુથી** પેન્સીલ ધારદાર કરી–એમાં ચપ્પુ માત્ર 'સાધન' છે. **તેનાથી** માં શબ્દ માત્ર સાધન નથી. ગ્રીકમાં અહીં '**એન આઉતો**' લખ્યું છે, એટલે કે '**તેનામાં**' (સઘળું ઉત્પન્ન થયું) એમ જોઈએ. જેમ મૅજિક લેન્ટર્નમાં કે સ્લાઇડ પ્રોજેક્ટરમાં વીજળિક દીવાના પ્રકાશનાં કિરણો લેન્સ ઉપર કેન્દ્રિત થાય, અને લેન્સમાં થઈને એ કેન્દ્રિત કિરણો નીકળીને પડદા પર ફેલાય એમ. બિલકુલ એમ નહિ, પણ કંઈક એમ પિતાનું આખું સૃષ્ટા તરીકેનું દેવત્વ શબ્દમાં કેન્દ્રિત બનીને પછી વિશ્વના ફલક પર ફેલાયું.

સનાતન ઈશ્વર (પિતા) સદાયે **અગમ્ય** અને **અગોચર** છે. માત્ર '**પુત્ર**' યા '**શબ્દ**' દ્વારા જ એ બીજાં આગળ પ્રગટ થાય યા માનવ–મગજના સ્તર સુધી આવી શકે. ઈશ્વરપિતા સર્જન-કાળ પહેલાંયે અગમ્ય અગોચર હતા; અને આજેય તેવા જ છે. માત્ર '**પુત્ર**' યા '**શબ્દ**' જેને જેને એમની ઓળખ આપે તે જ કંઈક જાણકારીમાં યા અનુભવમાં આવી શકે. "...દીકરા વગર તથા જેને દીકરો પ્રગટ કરવા ચાહે તેના વગર બાપને કોઈ જાણતો નથી" (માથ્થી ૧૧:૨૭).

આ '**શબ્દ**' યા '**પુત્ર**' ઈશ્વરપિતાને અને ઈશ્વરપિતાના પ્રેમને પ્રગટ કરી શકે એ માટે એ '**શબ્દે**' 'દેહધારી' બનવાની જરૂર હતી. માણસની વાત કે ભાષા કે મન કીડી સમજી શકે જ નહિ. કીડીને એ બધું સમજાવવાને માટે કીડી બનવું પડે–જો એમ કરી શકાતું હોય તો. એમ, ઈશ્વરની વાત અને ઈશ્વરનું મન ક્યાંથી સમજી શકે? માણસને એ બધું સમજાવવા-બતાવવા ઈશ્વરે માણસ બનવું પડે! એટલે જ '**શબ્દ**' સદેહ થયો–**શબ્દે** દેહધારણ કર્યો. સદેહ થવાનો આ પહેલો મુદ્દો; બીજો મુદ્દો પાછળથી જોઈશું.

સદેહ થયેલો શબ્દ એ જ ઈસુ. દરેકે દરેક વ્યક્તિનો જન્મ થાય છે ત્યારે આખીયે સૃષ્ટિની વસતીમાં એકનો વધારો થાય છે. પણ પ્રભુ ઈસુ જન્મ્યા ત્યારે સૃષ્ટિની વસતીમાં વધારો થયો નહિ. એમની હયાતી તો ક્યારનીયે હતી જ. "આદિએ શબ્દ હતો." આ પૂર્વહયાત 'શબ્દે' માત્ર દેહધારણ કર્યો. એનો અર્થ એ જ કે શબ્દ સદેહ થયો.

સદેહ થવાનો બીજો મુદ્દો હવે જોઈએ. પ્રભુ ઈસુ માનવ-જાતનાં પાપ માટે મહા-બલિદાન બની જવા આવ્યા હતા. પાપને કારણે માણસને માથે વિનાશ મંડરાયેલો હતો. એમાંથી એને ઉગા-રવા કોઈ નિષ્કલંક બલિદાન બનવું પડે. ઈશ્વર એકલો જ નિષ્કલંક હોઈ ને તે જાતે મરવા આવે છે. પણ ઈશ્વર તો સનાતન છે; એ કેવી રીતે મરી શકે? મનુષ્યદેહ વગર તે મરી શકે નહિ. માટે જ 'શબ્દ'ને દેહની જરૂર હતી. એટલે શબ્દ સદેહ થયો. હિબ્રૂઓને પત્ર ૧૦:૫ માં લખ્યું છે તેમ "મારે માટે તેં શરીર તૈયાર કર્યું છે." એ મુજબ શબ્દ સદેહ થયો.

અનાદિકાળથી હયાત એવી કોઈ વ્યક્તિને પિતા હોઈ શકે જ નહિ. જે અનાદિકાળથી હયાત હતો એવા શબ્દને પૃથ્વી પર માનવી દેહમાં અવતરવા માનવી પિતાની જરૂર નહોતી એટલે જ દૂતે મરિયમને કહેલું, "પવિત્ર આત્મા તારા પર આવશે, ને પરાત્પરનું પરાક્રમ તારા પર આચ્છાદહન કરશે; માટે જે [તારાથી] જનમશે, તે પવિત્ર, દેવનો દીકરો કહેવાશે" (લૂક ૧:૩૫).

જીવવિજ્ઞાન (બાયોલૉજી)ના નિયમ પ્રમાણે પશુ પશુને જન્માવે; મનુષ્ય મનુષ્યને જન્માવે; પંખી કદીયે પશુને જન્માવી શકે નહિ; પશુ કદીયે માણસને જન્માવી શકે નહિ. એમ માણસ ઈશ્વરને જન્મ આપી શકે જ નહિ. તેથી જ પ્રભુ ઈસુને માનવી પિતા સંભવી શકે જ નહિ. પ્રભુ પવિત્ર આત્મા દ્વારા તેઓ જન્મ્યા.

કુંવારી માતા મરિયમ પણ સનાતન શબ્દને દેહધારી બનવા માટે ફક્ત 'વાહન' તરીકે જ હતી. માતા મરિયમના ઉદરરૂપી એ વાહન દ્વારા શબ્દ આ દુનિયામાં સદેહ બન્યો. એ એક જ દ્વારેથી ઈશ્વર મનુષ્યાવતારમાં આવી શકે. અને છતાંયે પોતે પાપ રહિત–માનજાતના મૂળ પાપ રહિત—હોય, અને માણસને બદલે મરી જાય અને માણસને પાપમાંથી છોડાવી શકે.

કેટલાક ખ્રિસ્તીતર લોકો કહે છે કે, ઈશ્વરે જેમ આદમને માટીમાંથી ઘડી કાઢયો તેમ શા માટે પ્રભુ ઈસુને મરિયમના વાહક ઉદર વગર જ ન બનાવ્યા? આ લોકો કહે છે કે એમ થયું હોત તો ઈસુ માત્ર પાલેસ્તાઈન માટે જ નહિ, પણ આખી દુનિયા માટે થાત. પણ તેઓ એક અગત્યની વાત ભૂલી જાય છે કે આદમને પૂર્વહયાતી નહોતી, એટલે માટીમાંથી તેને તદ્દન નવો જ બનાવી શકાય. જ્યારે 'શબ્દ' ને તો પૂર્વહયાતી હતી; તે તો અનાદિકાળથી હતો જ. માટે નવો ઘડી શકાય નહિ. જે હયાત છે તેને બનાવવાની જરૂર નથી. સનાતન શબ્દને તો માત્ર માનવદેહ ધારણ કરવાનો હતો.

"શબ્દ સદેહ થયો/થઈને..." એમાં 'થયો' એ ક્રિયાપદમાં ખાસ અર્થ સમાયેલો છે. કશુંક થયો એટલે અગાઉ જે હતો તે મટી ગયો, એમ નહિ, લોતની સ્ત્રી ખારનો થાંભલો બની ગઈ, એટલે તે હવે લોતની સ્ત્રી રહી નહિ એવું નહિ; પણ લોત યોઆબ અને આમ્મોનનો પિતા બને છે, છતા લોત તે લોત જ રહે છે! કંઈક એવું. શબ્દ એટલે કે સનાતન ઈશ્વર સદેહ થાય છે (માનવી થાય છે), છતાં તે પૂર્ણ ઈશ્વર તો રહે છે જ (કલમ ૧ તથા ૧૮).

તે માનવ દેહ અને માનવ સ્વભાવ ધારણ કરે છે, પણ તે ઈશ્વર તો રહે છે જ, અને તેનો દૈવી સ્વભાવ પણ રહે છે જ. એમ ઈસુમાં (સદેહ બનેલા શબ્દમાં) પૂર્ણ દૈવી સ્વભાવ અને પૂર્ણ માનવી

સ્વભાવ એકસાથે રહ્યા. તેઓ એકબીજાની વિરુદ્ધ નહિ, પણ એક અવિભાજિત વ્યક્તિ બનીને રહ્યા. આ એક મહા ગૂઢ રહસ્ય છે. ઈસુ ખ્રિસ્ત એકીસાથે સંપૂર્ણ ઈશ્વર હતા, તેમ જ સંપૂર્ણ માણસ પણ હતા.

આ બે સ્વભાવના પરમ ઐક્યમાં એકેય સ્વભાવમાં ન્યૂનતા કે ઊણપ આવી નહિ; બંને સંપૂર્ણ રહ્યા. ખ્રિસ્તી મંડળીના ઇતિહાસમાં અવારનવાર જુદી જુદી વિચારસરણીવાળાઓએ કાં તો ઈસુ ખ્રિસ્તના દેવત્વને મહત્વ આપ્યું છે, અથવા તો તેમના માનવીપણાને જ મહત્ત્વ આપ્યું છે. દેવત્વને મહત્ત્વ આપનારાઓએ કહ્યું કે ઈસુનો માનવી સ્વભાવ એ તો સાચુકલો નહોતો, માત્ર આભાસ હતો. એનો અર્થ એવો થાય કે ઈસુને ખરેખર ભૂખ કે તરસ કે થાક કે વેદના લાગતાં નહોતાં; તેમને ઊંઘની જરૂર નહોતી; વધસ્તંભ પર તેમને ખરેખર કંઈ જ દુ:ખ થયું નહોતું, અને તેઓ ખરેખર મરી પણ ગયા નહોતા;–એ બધું તો માત્ર આભાસ હતું. તો એનો અર્થ એ પણ થાય કે તે ખરેખર મર્યા જ નહોતા અને ખરેખર બલિદાન બન્યા જ નહોતા, અને માણસોનાં પાપનું મુક્તિ–મૂલ્ય અપાયું જ નથી, અને પાપીઓનો ઉદ્ધાર સધાયો નથી. આથી તો આખી સુવાર્તા મારી જાય છે.

એથી ઊલટું, જેઓ માત્ર ઈસુના માનવી સ્વભાવને જ મહત્ત્વ આપતા હતા, તેઓ કહેતા હતા કે ઈસુ તો અન્ય માણસોની જેમ સામાન્ય માનવી જ હતા, એમાંના ઘણા બધા કુંવારીથી જન્મને પણ માન્ય નથી રાખતા. આમાંથી બે–ચાર અવળા અર્થ નીકળી શકે. પહેલું, ભવિષ્યમાં બીજા એવા, ઈસુ જેવા માણસો જન્મી શકે. બીજું, ઈશ્વર એકલો જ નિષ્કલંક છે, અને માનવી માત્ર પાપી છે. તો ઈસુ પાપમય હતા ? તો માણસનાં પાપનું તે પ્રાયશ્ચિત્ત બની શક્યા નથી. અને માનવની મુક્તિ સધાઈ નથી.

એ મતવાળા કેટલાક થોડી ઉદારવૃત્તિ બતાવીને કહે છે કે ઈસુ માનવી હતા, પણ બાપ્તિસ્મા વખતે પવિત્ર આત્મા ઊતર્યાં પછી તે દેવમાનવ બન્યા, અને પછી ક્રૂસ પર મૃત્યુ સમે એમનું ઈશ્વરત્વ પાછું ચાલ્યું ગયું. એનો અર્થ એવો નીકળી શકે કે જન્મથી બાપ્તિસ્મા સુધીનાં ૩૦ વર્ષમાં અન્ય માનવીઓ જેમ એ પાપી બન્યા, પાપ કર્યું. જો તેઓ એમ કહે કે પાપ નહોતું કર્યું, તો એનો અર્થ એવો થયો કે ઈશ્વરની સહાય સિવાય પણ માણસ પાપ રહિત રહી શકે છે.

ના, **શબ્દ સદેહ** થયો—એટલે જે સનાતન ઈશ્વર હતો તે તો તે રહ્યો જ, પણ વધારામાં સંપૂર્ણ માનવી પણ બન્યો.

**"આપણામાં (આપણી મધ્યે) વસ્યો."** મૂળ ગ્રીક ભાષામાં એનો અર્થ એવો થાય છે કે તેણે આપણી મધ્યે તંબુ તાણ્યો, આપણી મધ્યે રહેઠાણ કર્યું. આ પૃથ્વી ઉપર બેથલેહેમની ગભાણ દ્વારા તેમણે વસવાટ કર્યો, આ દુનિયાના 'નાગરિક' બન્યા. એનો અર્થ એ જ કે ઈશ્વરે **કાયમ માટે** માનવી સ્વભાવ ધારણ કર્યો ખરો, પણ પૃથ્વી પર ટૂંક મુદત માટે જ આવ્યા; માણસના કુદરતી પ્રકૃતિવાળા મર્ત્ય દેહમાં તેઓ માત્ર તેત્રીસ (!) વર્ષ માટે આવ્યા; તંબુ એ કાયમી રહેઠાણ નથી.

ઉપર મેં લખ્યું કે ઈશ્વરે **કાયમ માટે** માનવી સ્વભાવ ધારણ કર્યો, તેનો અર્થ જ એ કે તે હવે અનંતકાળમાં દેવ-માનવી જ રહેશે. તેમનો આપણે ખાતર ધારણ કરેલો માનવી સ્વભાવ આજે સ્વર્ગમાં પણ પિતાની આગળ આપણે માટે મધ્યસ્થી કરતાં ચાલુ જ છે. પૃથ્વી પર આપણી મધ્યેના વસવાટનો (તંબુ તાણવાનો) સમય ટૂંકો હતો. પણ હવે પ્રભુ ઈસુ અનંતકાળ માટે માનવી સ્વભાવ અને **મહિમાવંતા** માનવી દેહમાં જ સ્વર્ગે બિરાજમાન છે. એ માનવી દેહ મર્ત્ય, નાશવંત અને ક્ષણભંગુર નથી, પણ પુનરુત્થાન પછીનો મહિમાવંત, અજરામર અને સાર્વકાલિક દેહ છે. આપણને પણ પુનરુત્થાનમાં એવો જ દેહ મળશે. (૧ કોરિંથી. ૧૫:૪૦-૪૪).

આ કલમમાં અને નવા કરારમાં અન્ય સ્થળે વપરાયેલો શબ્દ **દેહ** (ગ્રીક સાર્ક, જેના પરથી અંગ્રેજીમાં સાર્કોમા, સારકોફેગસ વગેરે શબ્દો આવેલા છે) માનવ-સ્વભાવવાળો માનવદેહ સૂચવે છે. ખાસ કરીને અહીં આ કલમમાં એ સ્વભાવને પાપવૃત્તિવાળો નહિ (૮:૪૬), પણ પાપને કારણે આવેલા શ્રાપની અસરોથી ઘેરાયેલો માનવ-સ્વભાવ દર્શાવ્યો છે. એટલે જ, એને ભૂખ, થાક, તરસ, વેદના, દુઃખ અને મૃત્યુનો અનુભવ થયો. શ્રાપની અસરમાંથી માનવને મુક્ત કરવા ક્રૂસ પર મુક્તિ-મૂલ્ય આપ્યા પછી એ અસરો તળેથી માનવ-દેહ અને માનવ-સ્વભાવ મુક્ત થયો. ધન્ય પ્રભુનો આપણા પરનો આ કેવો અદ્ભુત પ્રેમ કે તે આમ સદેહ થાય! આપણે માટે નાતાલ એના ખાસ સ્મરણનું પર્વ બની રહે છે!

## ૪૩ દુનિયાની આટલી બધી ભાષાઓ કેવી રીતે અસ્તિત્વમાં આવી? શું એ વિષેનું બાઇબલનું વૃત્તાંત સાચું છે?

**પ્રશ્ન :** પૃથ્વી પર હજારો ભાષાઓ અને બોલીઓ હસ્તી ધરાવે છે. એ બધી ભાષાઓ અને બોલીઓ કેવી રીતે અસ્તિત્વમાં આવી? બાઇબલમાં ઉત્પત્તિના ૧૧મા અધ્યાયમાં બાબેલનો બુરજ બાંધવામાં ઈશ્વરે બધા લોકોની ભાષા પલટી નાખી, એટલે લોકોનાં જુદાં જુદાં ટોળાં જુદી જુદી ભાષા પહેલી જ વખતે બોલવા લાગ્યાં, અને એક-બીજાનું સમજી નહિ શકવાને કારણે પૃથ્વીભરમાં તેઓ વિખેરાઈ ગયાં, એ વિગત સાચી માનવી કે વિજ્ઞાન (ઉત્ક્રાંતિવાદ) કહે છે તે સાચું માનવું? એટલે કે ગુફામાં રહેતો માનવી ગળામાથી અમુક અમુક અવાજો કાઢીને પોતાના મનના વિચારો પ્રગટ કરતો હતો. એમાંથી ધીમે ધીમે ભાષાઓનું પૂર્ણ સ્વરૂપ વિકસ્યું? શું ખરું?

**જવાબ :** બાઇબલમાં ઉત્પત્તિ ૧૧:૧–૯માં બાબેલના બુરજ વિષે અને લોકોના ભાષા-પલટા વિષે વાત આપવામાં આવી છે. સાતમી આઠમી, અને નવમી કલમમાં લખ્યું છે : "ચાલો, આપણે ત્યાં ઊતરીએ, ને તેઓની ભાષા ઊલટાવી નાખીએ, કે તેઓ એકબીજાની બોલી ન સમજે." એમ યહોવાએ તેઓને ત્યાંથી આખી પૃથ્વી પર વિખેરી નાખ્યા; અને તેઓએ નગર બાંધવાનું મૂકી દીધું. એ સારુ તેનું નામ બાબેલ (એટલે ગૂંચવણ) પડયું; કેમ કે યહોવાએ ત્યાં આખી પૃથ્વીની ભાષામાં ગૂંચવણ કરી નાખી; અને યહોવાએ તેઓને ત્યાંથી આખી પૃથ્વી પર વિખેરી નાખ્યા. બાઇબલની આ હકીકત સાચી છે. એ વિષે પાછળથી જોઈશું. હાલ તો વિજ્ઞાનની વાત જોઈ લઈએ.

ભારત એકલામાં જ ૧૫ ભાષા અને ૨૧૦ બોલીઓ છે. પૃથ્વી-ભરમાં બધી મળીને લગભગ ૩,૦૦૦ ભાષાઓ છે. આ ભાષાઓને અલગ અલગ જૂથમાં ભાગ પાડીએ તો એ બધી ભાષાઓને ૫૦ નોખાં નોખાં જૂથમાં વહેંચી શકાય છે. ભાષાનાં આ કુટુંબોને જાણે કે એકબીજા સાથે કોઈ સંબંધ લાગતો નથી. આમાંનાં કેટલાંક જૂથ યા કુટુંબ કેટલીય ભાષાઓમાં વિસ્તરેલાં છે, જેમ કે સંસ્કૃતમાંથી ગુજરાતી, મરાઠી, હિંદી, બંગાળી વગેરે ભાષા અસ્તિત્વમાં આવી. એમ જ ફ્રેન્ચ, ઇટાલિયન, પોર્ટુગીઝ અને સ્પેનિશ ભાષાઓનું મૂળ યા જૂથ લાટીન ભાષા છે. કેટલીક એવી આગવી ભાષાઓ છે કે જેમને બીજી કોઈ ભાષા સાથે નાતો કે સંબંધ લાગતો નથી.

કોઈ ભાષા ધાણી ફૂટે એમ તડતડાટ ફૂટતી લાગે છે, જ્યારે કેટલીક ભાષાઓ ગુડગુડાટવાળી (તામિલ, તેલુગુ) હોય છે, તો બીજી કેટલીકમાં સીત્કારા વધુ જણાય છે, જ્યારે અન્ય કેટલીકમાં સીટી વાગતી સંભળાય છે, જ્યારે કેટલીકમાં ગળાના ઘોઘરા અવાજ ઊઠે છે (પંજાબી, પુસ્તું, અફઘાની).

વિજ્ઞાન (ઉત્ક્રાંતિવાદ પ્રમાણે) કહે છે કે વાંદરામાંથી બનેલા આદિ માનવો ગુફા-બખોલોમાં રહેતાં હતાં, અને એકબીજાની સાથે વાત

કરવા સંકેતો અને ગળાના વિશિષ્ટ અવાજો કાઢતા હતા. એ અવાજોને માણસોએ વ્યવસ્થિત ગોઠવ્યા, અને એમાંથી કાળાંતરે ભાષા અસ્તિત્વમાં આવી. માણસની હયાતી થયા પછી યુગો વીત્યા બાદ ભાષાઓ અસ્તિત્વમાં આવી, એવું ઉત્ક્રાંતિવાદનું કહેવું છે. એનો અર્થ એમ થયો કે આદિ માનવના ગળાના સાંકેતિક અવાજોની વૃદ્ધિ થઈને આખરે અટપટા વ્યાકરણવાળી ભાષાઓ હયાતીમાં આવી.

પણ હવે વિજ્ઞાનવાદીઓ તેમના આ રદ્દિયા વિષે ચૂપકીદી સેવે છે. તેઓમાંના ઘણા બધાએ હવે હાથ ધોઈ નાખ્યા છે કે ભાષાઓ કેવી રીતે અસ્તિત્વમાં આવી તે વિષે કોઈ રદ્દિયો, પુરાવો કે ખુલાસો મળતો નથી. આ વિષે તાજેતરમાં (૧૯૭૫)માં જ્યોર્જ સ્ટેઈનર (માનવશાસ્ત્રી/આન્થ્રોપોલોજિસ્ટ) બહુ પ્રમાણભૂત પુસ્તક (આફ્ટર બાબેલ : બાબેલ પછી)માં જણાવે છે કે ભાષાઓનું મૂળ શોધવું અશક્ય છે.

વળી ભાષાશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓ હવે બીજી વાત પણ સમજતા થયા છે કે બહુ જૂના જમાનાની ભાષાઓ અટપટા વ્યાકરણ-વાળી અને ઘણી અઘરી હતી, જ્યારે આધુનિક ભાષાઓ સરખામણીમાં તદ્દન સાદી અને સહેલી છે. દાખલાં તરીકે સંસ્કૃત, હિબ્રૂ, ગ્રીક, ચીની વગેરે પુરાણી ભાષાઓ ખૂબ અટપટી અને અઘરી છે, જ્યારે અંગ્રેજી ભાષા પ્રમાણમાં ખૂબ સહેલી છે. એસ્કિમોની ભાષામાં ક્રિયાપદના માત્ર વર્તમાનકાળનાં જ ૬૩ રૂપો છે! અને તેમનાં સાદાં નામોને લાગતા વિભક્તિ પ્રત્યયો ૨૫૨ જેટલા છે! કેટલીક બાન્ટુ ભાષાઓમાં નામના ૨૦ પ્રકાર હોય છે, અને દરેક વિશેષણ જે તે નામની સાથે સમરૂપ હોવું જ જોઈએ! જૂની સંસ્કૃત ભાષામાં ક્રિયાપદનાં સેંકડો રૂપ થતાં. આ પરથી એ મુદ્દો હવે વિજ્ઞાનીઓ તારવતા થયા છે કે જેમ ભાષા વધુ પુરાણી તેમ વધુ અઘરી અને અટપટી, અને એનું વ્યાકરણ પણ એવું જ અટપટું અને અઘરું; એટલે કે જેમ પુરાણા

સમય પાછળ નજર કરીએ છીએ તેમ તેમ ભાષા વધુ વિકસિત અને સર્વાંગી જોવા મળે છે. આમ આદિ માનવીના ગળાના હુંકારાઓમાંથી ભાષાઓ જન્મી નથી, પણ માનવી પાસે મૂળથી જ કોઈ વિકસિત ભાષા હતી એમ જોવા મળે છે.

ઉત્ક્રાંતિવાદીઓએ કે પછી બીજા કોઈએ, હજારો વર્ષો થયાં હજી કોઈ વાંદરાને 'હૂપ હૂપ' માંથી કે 'દાંતિયાં' માંથી આગળ વધી કંઈક વિકસિત કે કંઈક અર્થપૂર્ણ અવાજો કરતા કદી સાંભળ્યા નથી; કે પછી કોઈ વાનર અને અર્ધ-માનવ એવા પ્રાણીને જોયું પણ નથી. અત્યાર લગી અનેક વાંદરા (ચિમ્પાન્ઝીઝ) ઉપર અખતરા કરવામાં આવ્યા છે. માણસની પેઠે કંઈક શબ્દો બોલાવવા-વાપરવા શીખવાડવાના ખૂબ ખૂબ પ્રયોગો અને પ્રયત્નો થયા છે, પણ એ તમામ નિષ્ફળ નીવડયા છે. ઉત્ક્રાંતિવાદનો ભાષાની ઉત્પત્તિનો ખુલાસો સાવ પોકળ અને બિનપાયાદાર છે.

ભાષાઓની ઉત્પત્તિ વિષે હવે એક પણ ખુલાસો આપણી પાસે કે વિજ્ઞાન પાસે નથી, સિવાય કે બાઇબલે આપેલો ખુલાસો. બાઇબલના કથન પરથી સમજવા મળે છે કે આદમના ઉત્પત્તિકાળથી જ ઈશ્વરે ભાષા દ્વારા પોતાને વ્યક્ત કરવાનું દાન આદમને (માણસજાતને) આપ્યું હતું. એટલે જ આદમ જ્યારે પ્રથમ વાર જ હવાને જુએ છે, ત્યારે તેના અંતરની ઊછળતી ભાવનાઓ કાવ્યના રૂપમાં વ્યક્ત થાય છે. આદમે હવાને જોઈને કાંઈ ગળાના સાંકેતિક અવાજો જ નહિ કાઢયા હોય, બાઇબલ કહે છે કે શરૂઆતે (એટલે કે જળ-પ્રલય પછી) નુહના ત્રણ દીકરાઓમાંથી વિસ્તરેલી મોટી પ્રજા માત્ર એક જ ભાષા અને બોલી વાપરતી હતી. પણ બાબેલનો બુરજ બાંધવાના તેમના બદ-ઇરાદાને પરિણમતા અટકાવવા ઈશ્વરે તેઓની ભાષા અને બોલી પલટી નાખી. એટલે તેઓના બોલવામાં તથા સાંભળવામાં એવો ગૂંચવાડો ઉત્પન્ન થયો કે તેઓ કંટાળીને છૂટા

પડી ગયા, અને પૃથ્વીભરમાં વિખેરાઈ ગયા. ત્યાંથી અલગ અલગ ભાષાઓ અને બોલીઓ શરૂ થઈ. બાબેલ એટલે અસલ તો બાબ+ઈલુ=ઈશ્વરનું દ્વાર, પણ પાછળથી તેનો અર્થ 'ગૂંચવાડો' કરવામાં આવતો.

ઈશ્વરે શા માટે તેમને બુરજ બાંધવા ના દીધો, અને શા માટે તેમને વિખેરી નાખ્યા?

ઈશ્વરે આદમ-હવાને ઉત્પન્ન કર્યાં ત્યારે તેમને આશીર્વાદ દઈને કહ્યું, "સફળ થાઓ, ને વધો; ને **પૃથ્વીને ભરપૂર કરો** ને તેને વશ કરો" (ઉત્પત્તિ ૧:૨૮). અફાટ અને વિશાળ પૃથ્વીને માણસે વધીને ભરપૂર કરવાનું ફરમાન ઈશ્વર તરફથી હતું. તેની સામે જળ-પ્રલય પછી થયેલી પ્રજાએ શિનઆરના મેદાનમાં આવીને એક મહા મોટું શહેર વસાવવા નક્કી કર્યું, અને મહા ઊંચો બુરજ બાંધવાનું નક્કી કર્યું, જેથી "એમ આપણે પોતાને સારુ નામ કરીએ; કે **આખી પૃથ્વી પર આપણે વિખેરાઈ ન જઈએ**" (ઉત્પત્તિ ૧૧:૪). ઈશ્વરે આખી પૃથ્વીને ભરપૂર કરવા કહ્યું એનાથી ઊલટું, તેઓ આ એક જ સ્થળે રહેવા માગતા હતા.

આ લોકો વિશ્વભરનું રાજ્ય (વર્લ્ડ સ્ટેટ) બનાવવા માગતા હતા. એટલે જ ઈશ્વરે તેમનો આ પાપી વિચાર અટકાવવા માટે પાયની વાત પર ઘા કર્યો. ભાષા લોકોને એકતામાં બાંધી રાખે છે, એ એકતાના બંધન સમી ભાષાને જ ઈશ્વરે પલટી નાખી. હવે કોઈ કોઈની બોલી સમજી શકતું નહિ.

એટલે આખરે ગૂંચવાડાથી કંટાળીને તેઓ જૂથોમાં વહેંચાઈ ગયા, અને પૃથ્વીભરમાં અલગ અલગ ઠેકાણે વિખેરાઈ ગયા. ત્યાંથી જ પ્રજાઓની તેમ જ ભાષાઓની ઉત્પત્તિ થઈ. સાતમી કલમમાં 'ભાષા' શબ્દ છે તેનો અર્થ 'બોલી' થાય છે.

આ ભાષા-પલટાનો બનાવ જળપ્રલય પછીના સૈકામાં બન્યો. નુહ અને તેના ત્રણ દીકરા (શેમ, હામ અને યાફેથ) દ્વારા નવેસરથી

પૃથ્વીનાં કુટુંબો અને પ્રજાઓ હયાતીમાં આવ્યાં. અભ્યાસકારોએ આ ચાર કુટુંબોમાંથી કઈ કઈ પ્રજાઓ થઈ તે બતાવ્યું છે.

(૧) નુહ દ્વારા ચીન અને જાપાન થયાં (અને તેમની ભાષાઓ).

(૨) **શેમના વંશજો** આ થયા: એલામ (ઈરાન), અરબસ્તાન, ખાલદીઓ, આશશૂરીઓ, લુદ (લીડિયા, એશિયા માઈનર), અરામ (સિરિયા), અદોમ અને યહૂદીઓ થયા (અને તેમની ભાષાઓ). (૩) **હામવંશીઓ** આ પ્રમાણે, બાબિલોનિયા, કનાન (યબુસીઓ, હિવ્વીઓ, પરીઝ્ઝીઓ કનાનીઓ, ઇત્યાદિ પ્રજાઓ), મિઝરાઈમ (એટલે મિસર અથવા ઈજિપ્ત) ફૂટ–લિબિયા, કુશ–ઈથોપિયા (એબિસિનિયા) એ પ્રજાઓ થઈ (અને તેમની ભાષાઓ). (૪) **યાફેદના વંશજો** આ પ્રમાણે–માગોગ (એમાંથી સ્કેન્ડીનેવિયન પ્રજાઓ–સ્વીડન ડેનમાર્ક, નોર્વે થઈ), રશિયા, પોલાંડ દેશો તથા પ્રજાઓ થઈ. તેમ જ તુબાલ (એમાંથી પ્રુશિયા, હોલાંડ, જર્મની) પ્રજાઓ થઈ. વળી ગોમર (એમાંથી કેલ્ટ-બ્રિટાનિયા ને એમાંથી આયર્લાંડ, વેલ્સ, સ્કોટલાંડ, ઇંગ્લાંડ) પ્રજાઓ થઈ. વળી મેશેખ (હંગેરી, ઑસ્ટ્રીયા, સ્વીત્ઝર્લાંડ, ફ્રાન્સ પોર્ટુગલ અને સ્પેન) પ્રજાઓ થઈ. વળી એમાથી જ રોમ, ઈટાલી અને રોમન પ્રજા થઈ. આ ઉપરાંમ તિરાસ પ્રજા થઈ. વળી યાવાન (ગ્રીસ અને ગ્રીક પ્રજા થઈ), એ ગ્રીકો પ્રથમ ભારતમાં આવેલા હોવાથી બધા યુરોપીયનો ભારતની નજરમાં યવનો ગણાતા હતા. આ ઉપરાંત માદાઈ (મીડિયા માદીઓ) પ્રજાઓ થઈ.

ભાષા-પલટાના ચમત્કાર દ્વારા એક પ્રજામાંથી અનેક પ્રજાઓ થઈ. ઈશ્વર સામેના બંડરૂપી પાપમાંથી બધી ભાષાઓ નીપજી. હવે ફરી પ્રેરિતોના જમાનામાં (ઈસવી સનની પહેલી સદીના ચોથા દાયકામાં) પવિત્ર આત્મા વિશ્વાસીઓના સમૂહ પર ઊતર્યો અને તેઓ 'અન્ય ભાષાઓ' (જુદા જુદા દેશની જુદી જુદી ભાષાઓ) બોલવા લાગ્યા, અને દુનિયાના દેશોમાંથી **મંડળીરૂપી એક પ્રજા** અસ્તિત્વમાં આવી.

એમ ભાષાઓને કારણે વિભાજિત બનેલા લોકોને ભાષાઓનાં જ્ઞાન દ્વારા એક ટોળામાં એકત્ર કર્યાં, એક પ્રજા કર્યાં, પ્રભુનો આ કેવો અદ્દભુત ચમત્કાર !

## ૪૪ 'દીનાર' એટલે શું ?

**પ્રશ્ન :** માથ્થી ૨૦:૨માં દ્રાક્ષાવાડીમાં મજૂરો રોકવાના દૃષ્ટાંતમાં દરેક મજૂરને દીનાર આપવામાં આવ્યો હતો, એ 'દીનાર' એટલે શું ?

**જવાબ :** આ 'દીનાર' (ગ્રીક : દેનારિયોન) રોમન સરકારનું ચલણી નાણું હતું, અને એ સિક્કો ચાંદીનો હતો. તે સમયના ખેત મજૂરની એક દિવસની મજૂરી (રોજી) તરીકે એ અપાતો હતો. આજે બે હજાર વર્ષ પછી આપણે એની તે વખતની કેટલી કિંમત હશે તે સમજી શકીએ નહિ, એટલે એક દિવસની ખેત–મજૂરની રોજી કહેવી સારી. એટલે જ જુદા જુદા તરજુમામાં દેશ અને રોજીના દર પ્રમાણે એની કિંમત (તરજુમામાં) રજૂ કરી છે. 'લીવીંગ બાઇબલમાં' ૨૦ ડોલર (રૂા. ૧૭૦) લખ્યા છે, કારણ, અમેરિકામાં મજૂરની રોજી ૨૦ ડોલર છે. ઓથોરાઈઝડ આવૃત્તિમાં એક પેની લખ્યું છે. એ આવૃત્તિ ૧૬૧૧માં પ્રથમ બહાર પડી, તે સમયે રોજની મજૂરીનો દર એક પેની હતો. શુભસંદેશમાં "રોજનો રૂપિયો" લખ્યું છે, કારણ, ૧૯૬૫માં એ તરજુમો પ્રથમ બહાર પડયો ત્યારે ખેત-મજૂરની રોજી લગભગ એક રૂપિયા જેટલી હતી. પ્રભુ ઈસુના સમયમાં પાલેસ્તાઈન એક દિવસની મજૂરી રૂા. ૧=૫૦ (દોઢ રૂપિયા) જેટલી હતી.

ઈસુને વાતમાં કપટથી પકડવા ફરોશીઓ જે સિક્કો લાવેલા તે આ દીનાર (માથ્થી ૨૩:૧૯–૨૧). વળી ભલા સમરૂનીની વાતમાં એણે ધર્મશાળાના માલિકને બે દીનાર આપ્યા હતા, અને વધુ ખર્ચ

થાય તો વળતી વખતે ભરી આપવા કબૂલ્યું હતું (લૂક ૧૦:૩૫). વળી પાંચ હજારને જમાડયા ત્યારે શિષ્યોએ કહેલું, "શું અમે જઈને બસો દીનારની રોટલીઓ લઈને તેઓને ખવડાવીએ?" (માર્ક ૬:૩૭) એમાં કહેલા દીનાર તે આજ દીનાર. એનો ભાવાર્થ એવો નીકળે કે તે જમાનામાં પાલેસ્તાઈનમાં ૫૦૦૦ને જમાડવા ૨૦૦ દીનાર (તે જમાના પ્રમાણે રૂપિયા ત્રણસો) પૂરા પડે! પ્રકટીકરણમાં (૬:૬) ઘઉં તથા જવની આપેલી ઊંચી કિંમત તો દુકાળના સમયની છે, એટલે કે "એક દીનારના એક શેર ઘઉં, અને એક દીનારના ત્રણ શેર જવ" (શુભસંદેશનો તરજુમો).

માથ્થી ૨૦:૨ના આ દૃષ્ટાંતનો મુખ્ય મુદ્દો આ છે: 'એક કલાક કામ કરનારને એક દીનાર આપવામાં આવ્યો, અને આઠ કલાક કામ કરનારને પણ એક દીનાર આપવામાં આવ્યો!'

## ૪૫ સ્વપ્ન દ્વારા દોરવણી યા ચેતવણી

**પ્રશ્ન** : સ્વપ્નોનો આત્મિક અર્થ ખોળવો એ વહેમભર્યું કહેવાય? ઈશ્વર પોતાની ઇચ્છા પ્રદર્શિત કરવા જૂના તથા નવા કરારમાં સ્વપ્નોનો આશરો લે છે.

**જવાબ** : આપણો દરરોજનો વ્યવહાર સ્વપ્નો પર આધાર રાખીને ચલાવવો એ સાચે જ વહેમભર્યું છે. જેમ આપણો જીવન-વ્યવહાર જ્યોતિષ (હસ્તરેખા-વાચન, મસ્તિષ્ક ખાડા-ટેકરા વાચન, છાયાશાસ્ત્ર, જન્મ-કુંડળી વાંચન, ઇત્યાદી) પ્રમાણે ચલાવવો એ જેટલું વહેમભર્યું છે તેટલું જ આ સ્વપ્ન-વાચન પણ વહેમભર્યું છે. ઈશ્વરે આપેલી સમજબુદ્ધિ, ઈશ્વર સંચાલિત વિવેકબુદ્ધિ, અને બાઇબલ-વાચન તથા પ્રાર્થના દ્વારા મળેલી દોરવણી પ્રમાણે ચાલવુ વ્યાજબી છે. સ્વપ્ન પર આધાર ન રાખવા વિષે જુઓ બાઇબલનું

શિક્ષણ પુનર્નિયમ ૧૩:૧-૫; સભાશિક્ષક ૫:૩,૭; યર્મિયા ૨૩; ૨૫-૨૭,૩૨; ૨૭:૯; ૨૯:૮; યશાયા ૨૯:૮; ઝખાર્યા ૧૦:૨; યહૂદા ૮.

બીજી તરફ જોતાં ઈશ્વર ખાસ સ્વપ્નો દ્વારા પોતાની વાત માણસને જણાવે છે એવું બાઇબલમાં જોવા મળે છે:-અબિમેલેખનું સ્વપ્ન, યાકૂબનું સ્વપ્ન, સુલેમાન, નબૂખાદનેસ્સાર, દાનિયેલ, મરિયમનો વર યોસેફ, સંત પાઉલ (ઉત્પત્તિ ૨૮:૧૨; ૩૧:૧૦; ૧ રાજા ૩:૫-૧૫; દાનિ૨: ૧૯; ૭:૧; માથ્થી ૧:૨૦; ૨:૧૩; પ્રે કૃ. ૨૩:૧૧; ૨૭:૨૩). સામાન્ય રીતે કુદરતી કારણોને લીધે સ્વપ્નો આવે છે. દાખલા તરીકે, ખાધેલા ખોરાકની અસરો માનસિક તંગાવસ્થા કે ચિંતાઓ, ઊંઘમાં સંભળાતા અવાજો, અથવા આસપાસથી આવતી સુગંધ યા દુર્ગંધ કે થતા સ્પર્શ, ઊંઘમાં શરીરની સ્થિતિ (છાતી પર દબાતા હાથ), ઇત્યાદિ. જ્યારે ઈશ્વર ખાસ કોઈ સંકેત માટે સ્વપ્ન આપે છે ત્યારે ઈશ્વર એ સ્પષ્ટ પણ કરે છે કે સ્વપ્ન અલૌકિક તથા ઈશ્વર તરફથી છે.

## ૪૬ કીડી પરથી બોધ

**પ્રશ્ન :** નીતિવચન ૬:૬-૮ (અને નીતિવચન ૩૦:૨૫)નો અર્થ સમજાવશો? ત્યાં લખ્યું છે, "હે આળસુ, તું કીડી પાસે જા; તેના માર્ગોનો વિચાર કરીને બુદ્ધિમાન થા. તેને તો કોઈ નાયક, મુકાદમ કે હાકેમ નથી, તેમ છતાં તે ઉનાળામાં પોતાના અન્નનો સંગ્રહ કરે છે અને કાપણીની મોસમમાં પોતાનો ખોરાક ભરી રાખે છે."

**જવાબ :** અર્થ તદ્દન સહેલો છે. કીડી સંબંધી કેટલીક બાબતો નીચે રજૂ કરું છું જે પરથી અર્થ સ્પષ્ટ થશે.

કીડી સૌથી કામગરો જીવ છે. કદાચ મધમાખી એની હરોળમાં આવે. કામગીરી હોવા છતાંયે તે ઉજાણી માણી શકે છે.

તક ક્યાં છે—ખોરાક ક્યાં છે તે તરત ખોળી કાઢે છે. પીંજરા પર કે ટેબલ પર, કે ક્યાંયે મીઠાશ પડી હોય તો કીડીને એની જાણ તરત જ થશે. એટલે જ કહેવત છે કે કીડીનું નાક સૌથી મોટું. આળસુ જન સામે આવેલી તક પણ જોઈ શકતો નથી. કીડી તકનો લાભ લેવાનું ચૂકતી નથી.

સખત પરિશ્રમ કરે છે. નાની કીડી પોતાના કદ કરતાં ક્યાંયે મોટા દાણા કે તણખલાને લઈ જવા મથતી તમે જોઈ છે ને ! અશક્ય લાગતું કામ તે આખરે શક્ય બનાવે છે; હાર સ્વીકારતીજ નથી. ટૂંક મુદ્દતમાં જ આખો કટકો કે વસ્તુ શિયાળા માટે સંગ્રહાય છે.

સહકાર કરે છે. ખોરાક ક્યાં છે તે રસ્તે મળતી બીજી કીડીઓને જણાવે છે. એકબીજાને કહે છે. આગલા પગ અડાડીને દિશાસૂચન કરે છે. ઘણાં બધાંને કહે છે, અને જોતજોતાંમાં કીડીઓનો પ્રવાહ ચાલતો થાય છે.

ઝઘડો કરતી નથી. બીજાની ચીજ ઉચાપત કરતી નથી. બીજી કીડીએ સામાન અધવચ ઉતાર્યો હોય તો અન્ય કીડી તેને નહિ અડે. મરઘાં, કૂતરાં, વગેરે બીજાની ચીજોની ઉચાપત કરશે, પણ કીડી ઉચાપત નહિ કરે.

કીડી બીજીના હક્ક માન્ય રાખે છે. માણસો બીજાના હક્ક માન્ય ન કરતાં ડુબાવી દે છે. કીડી સ્વાર્થભાવના ત્યાગી છે.

કીડીને કાનની ચાર જોડી હોય છે; એક જોડી આગલા બે પગમાં, બીજી જોડી પેટમાં, ત્રીજી જોડી ગળામાં, અને ચોથી માથામાં.

મારા અવલોકન પ્રમાણે ચાલવામાં કે દોડવામાં કીડીની ગતિ એના શરીરની લંબાઈના પ્રમાણમાં સૌ પ્રાણીઓ કરતાં અધિક છે. હાઈસ્કૂલમાં ભણતો હતો ત્યારે દોડતી કીડીના માર્ગનું પેન્સીલથી રેખાચિત્રણ કરતો, અને પછી તે પર દોરી મૂકી લંબાઈ માપતો અને

ઘડિયાળ દ્વારા એ અંતર દોડવાનો સમય માપતો. અને પછી કીડીની લંબાઈ પ્રમાણે ગુણાકાર કરતો. માલૂમ પડેલું કે કીડી દોડવામાં સૌથી મોખરે છે, કેટલાક વિજ્ઞાનીઓ કહે છે કે કરોળિયાની ગતિ સૌથી વધુ છે, પણ એની ગતિ પણ મેં માપી છે, અને કીડી કરતાં એ ઓછી માલૂમ પડી છે.

કીડીનું મગજ માત્ર ટાંકણીની અણી જેટલું જ છે, છતાં, ડૉ. સ્ટીફન બર્નસ્ટેઈનના સંશોધન પ્રમાણે આપણા માન્યામાં ન આવે તેટલા અને તેવા સંકુલ પ્રશ્નો આ કીડીનું ઝીણું અમથું મગજ ઉકેલી શકે છે. ડૉ. બર્નસ્ટેઈન તે અમેરિકાના બાયો-ફીઝીસીસ્ટ છે તેમણે કીડીના મગજનો અમેરિકા અને અન્ય દેશોમાં અભ્યાસ કરીને જણાવ્યું છે કે કીડીની બૌદ્ધિક પ્રતિભા તે ખોરાકની શોધમાં નીકળીને પોતાનું પેટ ભર્યા બાદ બીજી કીડીઓને પણ ખવડાવે છે, એમાં રહેલી છે.

કીડીઓની ૬,૪૦,૦૦૦ જાતોમાંની એક જાત કેલિફોર્નિયાની કીડી છે. તે પરિભ્રમણ વખતે વાંકીચૂકી ગતિએ ફરે છે, અને ફરતી વેળાએ ચંદ્ર સૂર્યને કંપાસ તરીકે ખ્યાલમાં રાખીને સીધી લીટીમાં ચાલે છે.

## ૪૭ મંડળીને મહા વિપત્તિમાં થઈને પસાર થવું પડશે કે નહિ?

**પ્રશ્ન :** જગતનાં અંતભાગમાં જે ભયંકર મહા વિપત્તિ આવનાર છે તેમાં થઈને મંડળીને પસાર થવું પડશે, કે મંડળી આ વિપત્તિ પહેલાં ઉપર ઊંચકાઈ જશે?

**જવાબ :** જગતના અંતે ભયંકર વિપત્તિ આવશે એ વિષે બાઇબલમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છે: **યાકૂબના સંકટનો સમય**

(યર્મિ. ૩૦:૨-૯) યાકૂબ એટલે ઇઝરાયલ લોકો, '**સંકટનો સમય**' (દાનિ. ૧૨:૧) : "અને એવા સંકટનો સમય આવશે કે પ્રજા ઉત્પન્ન થઈ ત્યારથી એ સમય સુધીમાં એવો કદી આવ્યો નહોતો." **અજોડ વિપત્તિ** (માથ્થી ૨૪:૧૫-૨૨; માર્ક ૧૩:૧૪-૨૦), પ્રભુ ઈસુ પોતે એ વિષે લખે છે : "કેમ કે તે વેળા એવી મોટી વિપત્તિ આવી પડશે કે તેના જેવી જગતના આરંભથી તે હમણાં સુધી થઈ નથી, ને કદી થશે પણ નહિ." (વળી જુઓ પ્રકટી ૭ થી ૧૯ અધ્યાયો. આ અધ્યાયોમાં પૃથ્વી પર આવનાર મહા ભયંકર સંકટ યા વિપત્તિ વિષે વર્ણન લખવામાં આવ્યું છે.)

એ સતાવણી અને વિપત્તિનો ગાળો કેટલો લાંબો હશે તે વિષે જુઓ નીચેની કલમો : ૧૨૯૦ દિવસ (દાનિ. ૧૨:૧૧); ૪૨ મહિના (પ્રકટી. ૧૧:૨); ૧૨૬૦ દિવસ (પ્રકટી. ૧૨:૬; ૧૩:૫); સાડા ત્રણ વર્ષ (પ્રકટી. ૧૨:૧૪ "સમય તથા સમયો તથા અર્ધો સમય"; દાનિ. ૧૨:૭ "કાળ, કાળો ને અડધો કાળ"), ૧૨૬૦ દિવસ કે ૪૨ મહિના એટલે પણ સાડા ત્રણ વર્ષ (યહૂદી વર્ષ ૩૬૦ દિવસનું હોય છે.) વળી દાનિયેલ ૯:૨૭; "તે ઘણાઓની સાથે એક અઠવાડિયા (વર્ષોનું અઠવાડિયું એટલે સાત વર્ષ) સુધીનો પાકો કરાર કરશે, અને એ અઠવાડિયાની અધવચમાં તે બલિદાનને તથા અર્પણને બંધ કરાવશે" (એટલા સાડાત્રણ વર્ષના રહેલા ગાળામાં યાકૂબની ભયંકર સતાવણી થશે). પ્રભુ ઈસુએ એ વિષે ઉલ્લેખ કર્યો છેઃ માથ્થી ૨૪:૨૨,૨૩ "અને જો તે દહાડા ઓછા કરવામાં ન આવત તો કોઈ પણ માણસ બચી ન શકત પણ પસંદ કરેલાઓની ખાતર તે દહાડા ઓછા કરાશે." એટલે કે સાત વર્ષને બદલે ફક્ત સાડાત્રણ વર્ષ સુધી આ વિપત્તિ ચાલશે.

આ **વિપત્તિ**નો સમય ચોક્કસ કયા ગાળામાં આવે તે વિષે ખ્રિસ્તી મંડળીમાં ભિન્ન ભિન્ન મતો પ્રવર્તે છે. આપણે તે જોઈએ :

અ. **આ વિપત્તિ અગાઉ ક્યારનીયે ગઈ.** આ મત થઈ ધરાવનારાઓમાં પણ ભાગલા છે. **પેટરીસ્ટો** એમ માને છે કે ઈ.સ. ૭૦માં રોમન લશ્કર લઈને આવેલા તિતસે યરૂશાલેમનો વિનાશ કર્યો, તે લગભગ અર્ધા વર્ષના ગાળામાં યહૂદીઓએ ભારે સતાવણી અને વિપત્તિ વેઠ્યાં, **રોમન કેથોલિક માન્યતા** એવી છે કે વિધર્મી રોમન સામ્રાજ્યની હકૂમતમાં મંડળીને જે સતાવણી અનુભવવી પડી એ જ એ મહા વિપત્તિ છે. **ઐતિહાસિક ખુલાસાનો મત** એવો છે કે રોમન કેથોલિક મંડળીની સામે પ્રોટેસ્ટંટોએ માર્ટિન લ્યુથર દ્વારા વાંધો ઉઠાવ્યો એ પછી મંડળીની ઉપર જે સતાવણી રોમન કેથોલિકો તરફથી આવી એ જ આ મહા સંકટનો સમય છે.

આ **'ભૂતકાળી'** માન્યતા ધરાવનારા મતોની સામે બાઇબલની અનેક કલમો દ્વારા જડબાતોડ દલીલો આપી શકાય. પણ સ્થળસંકોચને લીધે એ રજૂ કરતો નથી. માત્ર એટલું જ કહેવું પૂરતું છે કે એ મહા વિપત્તિ પછી યહૂદીઓ આબાદ અને આશીર્વાદિત બનશે, અને તેઓનો ઈસુમાં ઉદ્ધાર થશે, એ ભવિષ્યકથનો એમાં એકેયમાં પૂરાં થયાં નથી. વળી દાનિ. ૧૨:૪માં ઉપર આપેલા સંકટના સમયને અનુલક્ષીને લખવામાં આવ્યું છે: "પણ હે દાનિયેલ, તું છેક અંતના સમય સુધી એ વાતો બંધ કરીને પુસ્તક ઉપર મહોર સિક્કો કર." એ બતાવે છે કે, આ વિપત્તિનો સમય ભૂતકાળનો નહિ, છેક અંત સમયનો છે.

બ. **આ મહાવિપત્તિ ભવિષ્યમાં જગતના અંત સમયે આવવાની છે.** આ માન્યતા ધરાવનારાઓમાં પણ ત્રણ મત છે: (૧) **મંડળી સતાવણીમાં થઈને** પસાર થશે, અને એ પછી પ્રભુ ઈસુનું આગમન થશે. પણ આ મત ધરાવનારાઓની ભૂલ થવાનું કારણ એ છે કે પ્રભુ ઈસુનું પુનરાગમન બે પગથિયામાં થાય છે-એના બે તબક્કા છે—એ વાત તેઓ ભૂલી જાય છે.

(૨) મંડળીમાંથી અમુક જણાં જ ગગનમાં પ્રભુને મળવા તણાઈ જશે, અને બાકીના બીજા નવો જન્મ પામ્યા હોવા છતાં પૃથ્વી પર જ રહેશે, અને મહા સંકટમાં થઈને પસાર થશે. જેઓ પ્રભુ ઈસુના પુનરાગમનની આતુરતાથી રાહ જુએ છે, અને જાગ્રત છે તેઓ જ ઉપર પ્રભુને મળવા ગગનમાં તણાઈ જશે. પણ બાઇબલનાં પ્રમાણ જોતાં આ મત બિલકુલ ગળે ઊતરે તેમ નથી. ૧ કોરીંથી. ૧૫:૫૧-૫૨માં પાઉલ કહે છે; "આપણે **સર્વ** ઊંઘીશું નહિ, પણ છેલ્લું રણશિંગડું વાગતાં જ, એક ક્ષણમાં, આંખના પલકારામાં, આપણ **સર્વ**નું રૂપાંતર થઈ જશે..." સર્વ, એ શબ્દ બધાં જ નવો જન્મ પામેલાં માટે વપરાયો છે. એ વાતને ૧ થેસ્સા. ૪:૧૭માં સમર્થન આપવામાં આવ્યું છે.

વળી, પ્રકટી. ૩:૧૦માં મંડળીને સંબોધીને લખાયું છે, ને મંડળીમાંથી (પ્રભુ ઈસુના લોકમાંથી) બધાં જ વિપત્તિમાંથી બચાવી લેવાશે. "તેં મારા ધૈર્યનું વચન પાળ્યું છે, તેટલા જ માટે પૃથ્વી પર રહેનારાંઓની કસોટી કરવા સારુ કસોટીનો જે સમય આખા સંસાર પર આવનાર છે, તેનાથી હું પણ તને બચાવીશ."

તેમ જ ખ્રિસ્તની મંડળી એ ખ્રિસ્તનું શરીર છે (૧ કોરીંથી. ૬:૧૫; ૧૨:૨૭), અને એ શરીરનું વિભાજન થઈ શકે જ નહિ. માત્ર એ શરીરનો થોડોક ભાગ જ ઉપર ગગનમાં પ્રભુ ઈસુને મળવા તણાઈ જાય, એમ બને જ નહિ.

(૩) આ ત્રીજા મતને બાઇબલનું પૂર્ણ સમર્થન છે. સતાવણી-વિપત્તિ પહેલાં ખરા ખ્રિસ્તીઓની બનેલી મંડળી (મૂએલાં અને જીવતાં) પ્રભુ ઈસુને સામા મળવા સારુ ગગનમાં ઊંચકાઈ જશેઃ બાકી રહેલા લોકો અને યહૂદીઓને મહા વિપત્તિમાં થઈ ને પસાર થવું પડશે.

(i) સતાવણી અને વિપત્તિમાંથી યહૂદીઓને પસાર થવાનું છે, મંડળીને નહિ. આ બધાં જ ભવિષ્યવચન યહૂદી પ્રજા વિષે છે, જૂના

કરારમાં ખ્રિસ્તી મંડળી વિષે કોઈ ઉલ્લેખ નથી. યિર્મે. ૩૦:૨-૯; દાનિ. ૧૨:૧, અને એ બધાં સતાવણી-વિપત્તિનાં ભવિષ્યકથનો યહૂદીઓ માટે છે.

(ii) ઈસુ ખ્રિસ્તે પણ માથ્થી ૨૪:૧૫-૨૨માં અને માર્ક ૧૩:૧૪-૨૦માં આ મહા વિપત્તિ વિષે કહ્યુ છે; તે યહૂદીઓને સંબોધીને કહ્યું છે, મંડળી માટે નહિ. દાનિયેલ પયગંબરની એ ભવિષ્યવાણી છે (માથ્થી ૨૪:૧૫) તે યહૂદીઓ માટે છે. "પવિત્ર જગાએ (મંદિરમાં) ઊભેલી જુઓ," "યહૂદિયામાં હોય તેઓ," "વિશ્રામવારે (સાબ્બાથે)" એવા શબ્દો યહૂદીઓની યાદ આપે છે, મંડળીની નહિ.

(iii) હિબ્રૂ ૯:૨૮ કલમને આધારે કેટલાક આ આંશિક મંડળી ઉપર લેવાશે એમ માને છે, પણ એ અધ્યાય જ એની સામેની પૂરતી દલીલ રજૂ કરે છે. પ્રથમ તો, પ્રભુ ઈસુના યાજક તરીકેનું કાર્ય સમસ્ત મંડળી માટે (બધા જ સાચા ખ્રિસ્તીઓ માટે) છે. (જુઓ ૯:૨૫ લેવી. ૧૬મો અધ્યાય)

(iv) પવિત્રાત્મારૂપી બ્યાનું પ્રત્યેક વિશ્વાસીને (શ્રદ્ધાળુને) બદલાણ (નવા જન્મ) સમયે તેમના વારસાના બ્યાના તરીકે મળેલું છે. જો બ્યાનું મળ્યું છે તો વારસો પણ મળે જ (૨ કોરિંથી. ૫:૫; એફેસી. ૧:૧૪).

(v) ગગનમાં તણાઈ જવું એ કૃપાને લીધે છે, અને નહિ કે માણસનાં સદ્કૃત્યોને લીધે. એટલે જ કૃપા દ્વારા બધા સાચા ખ્રિસ્તીઓ ઉપર લઈ લેવાશે (૧ થેસ્સા. ૫:૧૦; લૂક ૧૨:૩૭; પ્રકટી. ૩:૨,૩).

આપણે ટૂંકમાં એ ત્રીજા મત પ્રમાણેની વિગતો જોઈ લઈએ. જગતનો અંત નજદીક આવતાં એક સમયે એકાએક પ્રભુ ઈસુ સ્વર્ગેથી ગગનમાં ઊતરશે. આ પગથિયાને મંડળીની દષ્ટિએ **"ગગનગમન"** કહેવાય છે. અંગ્રેજીમાં એને 'રેપ્ચર' (**rapture**) કહેવાય છે. મંડળી

(સાચા ખ્રિસ્તીઓ) પ્રભુ ઈસુને મળવા ઉપર ગગનમાં ઊંચકાઈ જશે; એ પરથી આ 'ગગનારોહણ' શબ્દ બન્યો છે. અગાઉ મૃત્યુ પામેલાં ખ્રિસ્તીઓ મૂએલામાંથી ઊઠશે, અને જીવંત ખ્રિસ્તીઓ રૂપાંતર પામીને એ બધાં સાથે ઉપર ગગનમાં ઊંચકાઈ જશે. લાટીન શબ્દ 'રાપારે' પરથી અંગ્રેજીમાં 'રેપ્ચર' શબ્દ આવ્યો, આપણે એનું 'ગગનારોહણ' કર્યું. મૂળ ગ્રીક ભાષામાં ગ્રીક શબ્દ 'હાર્પાઝો' છે, જેનો અર્થ મરઘીના બચ્ચાને શકરો બાજ, કે સમડી ધસારાબંધ ચીલઝડપથી એક ક્ષણમાં ખેંચી લઈ જાય, એમ જ પ્રભુના લોકો ગગનમાં ઊંચકાઈ જશે. રસ્તા પર નાનો બાળક રમતો હોય અને એકાએક એક ટ્રક કે મોટર બસ ધસમસતી આવતી હોય અને બાળકના પિતા બાળકને એકદમ ચીલ-ઝડપથી રસ્તામાંથી ઊપાડી લે અને સહીસલામત સ્થળે લઈ જાય, એમ જ પ્રભુ ઈસુ પોતાના લોકોને આવનાર સતાવણી કે વિપત્તિથી બચાવવા ઊંચકી લેશે.

૧ કોરીંથી. ૧૫:૫૧માં લખ્યું છે, "જુઓ, હું તમને એક રહસ્ય કહું છું, આપણે સર્વ ઊંઘીશું નહિ, પણ છેલ્લું રણશિંગડું વાગતાં જ એક ક્ષણમાં આંખના પલકારામાં, આપણ સર્વનું રૂપાંતર થઈ જશે. કેમ કે રણશિંગડું વાગશે, અને મૂએલાં અવિનાશી થઈને ઊઠશે, અને આપણું રૂપાંતર થઈ જશે." વળી ૧ થેસ્સા. ૪:૧૬માં લખ્યું છે: "કેમ કે પ્રભુ પોતે ગર્જના સહિત, પ્રમુખ દૂતની વાણી સહિત તથા દેવના રણશિંગડા સહિત આકાશમાંથી ઊતરશે, અને ખ્રિસ્તમાં જેઓ મૂએલાં છે તેઓ પ્રથમ ઊઠશે; પછી આપણામાંનાં જેઓ જીવતાં રહેનારાં છીએ, તેઓ ગગનમાં પ્રભુને મળવા સારુ તેઓની સાથે વાદળામાં **તણાઈ જઈ શું**."

ઉપરની છેલ્લી કલમમાં **"પ્રભુને મળવા સારુ"** શબ્દો છે. 'મળવા' માટે મૂળ ગ્રીકમાં વપરાયેલા ગ્રીક શબ્દ 'આપાન્તેસીન'નો અર્થ **'સામા મળવા'** સારુ થાય છે. એ જ શબ્દ પ્રે. કૃ. ૨૮:૧૫માં

વપરાયો છે, જેનો ગુજરાતી તરજુમો ત્યાં બરાબર છે: "સામા મળવા." પાઉલ રોમ આવવા નીકળ્યો ત્યારે રોમના ખ્રિસ્તીઓ છેક ત્રણ ધર્મશાળા સુધી સામા મળવા આવ્યા. જેમ દૂર દેશ ગયેલો મિત્ર પાછો આવે ત્યારે સ્ટેશને કે મુંબઈ સુધી એને સામા લેવા જઈએ, અને પછી મિત્રની સાથે પાછા આવીએ એમ, સ્વર્ગેથી ઊતરી પૃથ્વી પર આવવા નીકળેલા પ્રભુ ઈસુ ગગન સુધી આવે ત્યારે પૃથ્વી પરથી ખ્રિસ્તીઓ ઊંચકાઈ જઈને પ્રભુ ઈસુને સામા મળવા પહોંચે છે, જેથી તેઓ પ્રભુ ઈસુની સાથે જ પાછા પૃથ્વી પર આવે, અને એક હજાર વર્ષના પ્રભુ ઈસુના શાંતિના સામ્રાજ્યમાં રાજ કરે.

પ્રભુના લોકની મંડળી ગગનમાં પ્રભુ ઈસુની સાથે સાત વર્ષ સુધી રહેશે. ત્યાં 'હલવાનનું લગ્ન જમણ, અને મંડળી બાંધવા માટેનાં ખ્રિસ્તીઓનાં કામોનો ન્યાય અને ઇનામ વહેંચણી (૧ કોરિંથી. ૩:૧૦–૧૫) થશે. એ દરમિયાન પૃથ્વી પર 'મહા વિપત્તિ' અને 'ખ્રિસ્તવિરોધીનું પ્રકટ થવું અને ઉજ્જડમાં અમંગળપણાની નિશાનીની પવિત્ર સ્થળમાં પધરામણી,' ઇત્યાદિ થશે. પ્રકટીકરણ ૬ થી ૧૯ અધ્યાયોમાં એ બધા બનાવોનું અગમ–વર્ણન છે.

એ પછી પ્રભુ ઈસુ પેલા સંતો સહિત પૃથ્વી પર દશ્ય રીતે ઊતરશે. આ પ્રભુ ઈસુના પુનરાગમનનું બીજું પગથિયું. એનું નામ **પ્રાગટ્ય** છે. પહેલું પગથિયું **'ગગનગમન'** અને બીજું પગથિયું **'પ્રાગટ્ય.'** ઈસુ ખ્રિસ્ત આ સમયે પ્રગટ રીતે જાહેરમાં ઊતરશે; જેમ વીજળી ચમકતા ચારે દિશાઓમાં ખબર પડી જાય તેમ (માથ્થી ૨૪:૨૭). ઈસુના પુનરાગમનનાં આ બે પગથિયાં ધ્યાનમાં રાખીએ તો સ્પષ્ટ થઈ જશે કે મંડળી મહા વિપત્તિ સમયે ઉપર ગગનમાં ગઈ હશે.

હવે જ્યારે પ્રભુ ઈસુ સંતોની સાથે ઉપર ગગનમાં હશે ત્યારે પૃથ્વી પર ભારે વિપત્તિ ઊતરશે, અને યહૂદીઓની ભારે સતાવણી થશે. એટલું જ

નહિ પણ એ સતાવણીના સમયમાં જેઓ ખ્રિસ્તનો સ્વીકાર કરશે તેઓની પણ સતાવણી થશે. આ સમયમાં જે મોટો સમુદાય ખ્રિસ્તનો સ્વીકાર કરશે અને સતાવણીમાંથી પસાર થશે, તેમનું વર્ણન પ્રકટીકરણ ૭મા અધ્યાયમાં આપવામાં આવ્યું છે (૭:૧૪). પણ એ બધા ખ્રિસ્તની મંડળીરૂપી કન્યામાં નથી; મંડળીરૂપી કન્યા તો એ સમયે સ્વર્ગીય વરરાજા પ્રભુ ઈસુની સાથે ગગનમાં છે.

પ્રકટીકરણના પુસ્તકની વ્યવસ્થા સમજીએ તો ખ્રિસ્તના એ આગમનની અને મંડળીના સ્થાનની પણ સમજણ પડી જાય. પ્રકટીકરણના પહેલા ત્રણ અધ્યાયોમાં મંડળીનું સ્થાન પૃથ્વી ઉપર છે, અને મંડળીઓના પ્રતિનિધિ સરખો સંત યોહાન પૃથ્વી પર છે, અને પાત્મસ બેટ પર રહીને મંડળીઓ માટે સ્વર્ગથી મોકલાયેલા સંદેશા ઝીલે છે. પણ પછી ૪થા અધ્યાયમાં યોહાનને ઉપર આકાશમાં બોલાવવામાં આવે છે: "અહીં ઉપર આવ, અને હવે પછી (એટલે કે મંડળીના યુગ પછી) જે જે થવાનું જ છે તે હું તને દેખાડીશ" (પ્રકટી ૪:૧). એ પછી ૪થા અને ૫માં અધ્યાયોમાં મંડળી ઉપર ચઢી ગયેલી દર્શાવાઈ છે. અને પ્રકટીકરણમાં ૬ઠ્ઠા અધ્યાયથી માંડીને ૧૯મા અધ્યાય સુધી મંડળી વિષે કંઈ જ કહેવામાં આવતું નથી. પણ પૃથ્વી પર આવેલી મહા વિપત્તિ વિષે અને પૃથ્વી પર થતી હિલચાલો વિષે જ આપવામાં આવ્યું છે. એ પછી ૨૦મા અધ્યાયમાં શેતાનનું એક હજાર વર્ષ માટે બંધાવું, પ્રભુ ઈસુનું એક હજાર વર્ષનું પૃથ્વી પર રાજ કરવું, અને હજાર વર્ષ પછી બાકી રહેલાં મૂએલાંના પુનરુત્થાન વિષે આપવામાં આવ્યું છે. એમાં મંડળી પ્રભુ ઈસુ સાથે રાજ કરવા પૃથ્વી પર ઊતરી છે. એ પછી ૨૧ અને ૨૨મા અધ્યાયોમાં નવું આકાશ અને નવી પૃથ્વી ઊતર્યાં છે.

પ્રકટીકરણના પહેલા ત્રણ અધ્યાયમાં મંડળીનો ઉલ્લેખ ૧૯ વખત કરવામાં આવ્યો છે, પણ ૪થા અધ્યાયથી ૧૯મા અધ્યાય

સુધીમાં મંડળીનો ઉલ્લેખ એક પણ વખત નથી, કારણ મંડળી પૃથ્વી પર નથી. આ બધા અધ્યાયોમાં પ્રભુનો પ્રચંડ પ્રકોપ પૃથ્વી પર રહેનારાં પર ઊતરેલો દર્શાવાયો છે. બીજા અને ત્રીજા અધ્યાયમાં "આત્મા મંડળીઓને જે કહે છે તે જેને કાન છે તે સાંભળે," એ પ્રકારનું વાક્ય સાત વખત લખાયું છે, જ્યારે પછીના અધ્યાયોમાં એ વાક્ય નથી; ફક્ત ૧૩મા અધ્યાયમાં માત્ર આટલું જ લખાયું છે. "જો કોઈને કાન હોય તો તે સાંભળે" (૧૩:૯). એમાં 'મંડળી'નો ઉલ્લેખ પડતો મુકાયો છે. એ બતાવે છે કે મંડળી પૃથ્વી પર નથી, અને પૃથ્વી પર આવેલી મહાવિપત્તિ વેઠવામાં તે સામેલ નથી.

હજી વધુ જોઈએ. પ્રભુ ઈસુએ જગતના અંત વિષે અને પોતાના પુનરાગમન વિષે બોલતાં બે ઉપમાઓ રજૂ કરી તે જોઈએ. માથ્થી ૨૪:૩૭–૩૯માં નુહ અને જળપ્રલયની ઉપમા છે. એ વિષે કહેતાં પ્રભુ ઈસુ કહે છે: "જેમ નુહના સમયમાં થયું તેમ જ માણસના દીકરાનું આવવું પણ થશે." બે વખત એમ લખ્યું છે. જળપ્રલય એ પ્રભુનો ન્યાયદંડ છે, અને અવિશ્વાસુ જગત ઉપર ઊતર્યો છે, જેમ ઈસુના ગગનમાં પુનરાગમન વખતે અવિશ્વાસુ જગત ઉપર મહા વિપત્તિનો ન્યાયદંડ ઊતરશે તેમ જ. પણ જળપ્રલયરૂપી ન્યાયદંડમાંથી વિશ્વાસુ નુહ અને તેનું કુટુંબ બચાવી લેવામાં આવ્યું, તેમ મંડળી પણ મહા વિપત્તિરૂપી ન્યાયદંડમાંથી ઉગારી લેવામાં આવશે; મંડળીને ગગનમાં ખેંચી લેવામાં આવશે. એ બંનેમાં ક્રમ આ પ્રમાણે છે: (૧) આવનાર ન્યાયદંડ વિષે ભવિષ્યવાણીઓ દ્વારા ચેતવણી આપવામાં આવે છે. (૨) પછી પ્રભુ પોતાના લોકોને સહીસલામત સ્થળે ખસેડી દે છે; (૩) અને એ પછી જગત પર ન્યાયદંડ ઊતરે છે.

બીજી ઉપમા લૂક ૧૭:૨૦–૩૬માં આપવામાં આવી છે. લૂતનો તથા કુટુંબનો બચાવ અને સદોમ તથા ગમોરાનો નાશ—એની ઉપમા છે. અને પછી લખ્યું છે: "જે દિવસે માણસનો દીકરો પ્રગટ

થશે તે દિવસે તે પ્રમાણે જ થશે" (લૂક ૧૭:૩૦); આ ઉપમામાં પણ પ્રથમ (૧) દૂતોએ સદોમ તથા ગમોરા તેમ જ આસપાસનાં નગરો પર આવી પડનાર ન્યાયદંડ વિષે ભવિષ્યવાણી દ્વારા ચેતવણી આપી. (૨) એ પછી લૂત અને કુટુંબને સહીસલામત સ્થળે ખસેડી લેવામાં આવ્યાં; (૩) અને ત્યાર પછી જ સદોમ, ગમોરા અને આસપાસનાં નગરો પર ન્યાયદંડરૂપ અગ્નિ તથા ગંધક વરસ્યાં.

એ જ પગથિયાં યા ક્રમ પ્રભુ ઈસુના પુનરાગમન સમયે થશે; (૧) પ્રથમ આવનાર પ્રચંડ પ્રકોપ યા મહાવિપત્તિ વિષે ભવિષ્યવાણી દ્વારા ચેતવણી આપી છે. અને એ ચેત્તવણીઓ ક્યારનીયે નવા કરારમાં અપાઈ ચૂકી છે, અને આજે ચિહ્નો દ્વારા એની નિશાનીઓ પણ આપવામાં આવી રહી છે; પુસ્તકો, બોધવચનો, રેડિયો, ટેલિવિઝન, અને અંગત સાક્ષીઓ દ્વારા આ ચેતવણી હાલ વારંવાર અપાય છે, (૨) હવે ટૂંક સમયમાં જ મંડળીને—પ્રભુના ખરા લોકને—ઉપર ઊંચકી લેવામાં આવશે,—ગગનમાં સહીસલામત સ્થળે લઈ લેવામાં આવશે. (૩) અને પછી બાકીના અવિશ્વાસુ જગત ઉપર ન્યાયદંડરૂપી મહા વિપત્તિ ઊતરશે.

"જો કોઈને કાન હોય તે સાંભળે."

## ૪૮ માણસોને 'દેવો' કેમ કહ્યા છે ?

**પ્રશ્ન :** ગીતશાસ્ત્ર ૮૨:૧માં છે: "દેવની સભામાં ઈશ્વર ઊભો છે; તે દેવો મધ્યે ન્યાય કરે છે" તેમ જ ૮૨:૬માં છે "મે કહ્યું, તમે દેવો છો" આમાં 'દેવ' કોણ ?—અને 'દેવો' કોણ ? શું અનેક દેવો છે?

**જવાબ :** અહીં 'દેવ' ઈશ્વર માટે વાપર્યું છે, અને 'દેવો' ન્યાયાધીશોને માટે. ન્યાય કરવો એ ઈશ્વરનું કામ છે, અને જ્યારે ન્યાય

કરવાનું કામ માણસોને સોંપવામાં આવે છે ત્યારે ઈશ્વરના પ્રતિનિધિ તરીકે તે કામ કરે છે. એટલે એમને માટે 'દેવો' શબ્દ વાપર્યો છે.

ગુજરાતી બાઇબલમાં ૮૨:૧માં 'ઈશ્વર' શબ્દ વાપર્યો છે, ત્યાં મૂળ હિબ્રૂમાં તો 'એલોહિમ' શબ્દ છે; તેમ જ ગુજરાતી બાઇબલમાં 'દેવો' શબ્દ વાપર્યો છે ત્યાં પણ મૂળ હિબ્રૂમાં 'એલોહિમ' શબ્દ જ વાપર્યો છે. એટલે કે 'ઈશ્વર' અને 'દેવો' માટે મૂળમાં 'એલોહિમ' શબ્દ જ વપરાયો છે. વળી બાઇબલમાં બીજે જોઈએ તો નિર્ગમન ૨૧:૬ અને ૨૨:૯માં જ્યાં 'ન્યાયાધીશો' શબ્દ ગુજરાતી બાઈબલમાં વાપર્યો છે, ત્યાં મૂળ હિબ્રૂમાં તો 'એલોહિમ' શબ્દ જ છે. ત્યાં પણ 'ન્યાયાધીશો' ઈશ્વરના પ્રતિનિધિઓ હોઈને તેમને માટે 'એલોહિમ' (=દેવો) શબ્દ વાપર્યો છે.

ગી. શા. ૮૨:૧માં 'દેવની સભા' શબ્દોમાં 'દેવની' માટે મૂળ હિબ્રૂમાં 'એલ' શબ્દ વાપર્યો છે. 'એલ' શબ્દનો અર્થ પણ 'દેવ' અથવા 'ઈશ્વર' થાય છે; પણ એ શબ્દ એકલો જ ભાગ્યે જ વપરાય છે, બીજા શબ્દની સાથે જ જતો હોય છે, જેમ કે અહીં 'દેવની સભા' હિબ્રૂમાં અહીં એક જ સંયુક્ત શબ્દ છે. ઉત્પત્તિ ૧૭:૧માં 'સર્વ સમર્થ દેવ' શબ્દ છે, ત્યાં મૂળ હિબ્રૂમાં 'એલશાદ્દાઈ' છે. 'સભા' માટે વપરાયેલા હિબ્રૂ શબ્દનો ગુજરાતી અનુવાદ નિર્ગમનમાં 'સમુદાય' યા 'જમાત' તરીકે કર્યો છે. અહીં ૮૨:૧માં ઈશ્વરની સ્થાપેલી સભા, એટલે કે એના પ્રતિનિધિઓની (ન્યાયાધીશોની) સભા અર્થ થાય. અહીં કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે જગતના મહાન ન્યાયાધીશ ઈશ્વરની આગળ એના પ્રતિનિધિઓ સમા પૃથ્વીના ન્યાયાધીશો ખડા છે, અને ઈશ્વર (જગતનો મહાન ન્યાયાધીશ) તેમને ઠપકારે છે, ચીમકી આપે છે, અને બોધ આપે છે. વિશ્વના ખરા અને એકમાત્ર ખાલિક (સરજનહાર) અને માલિક (રાજા), અને ખાવિંદ (અધિપતિ, શેઠ, ધણી) તરીકે ઈશ્વર એના પ્રતિનિધિઓ સમા ન્યાધીશોનો ન્યાય કરે છે

(૮૨:૧ બ "તે દેવો મધ્યે ન્યાય કરે છે"). પૃથ્વી પરના ન્યાયાધીશો ગેરઈન્સાફ કરે છે, અને માણસોનાં મોંની શરમ ભરીને તે પ્રમાણે ન્યાય તોળે છે (૮૨:૨) માટે ઈશ્વર તેમને ઠપકારે છે.

ગી. શા. ૮૨:૬માં છેઃ "મેં કહ્યું તમે દેવો છો." એ કલમનો ઉલ્લેખ પ્રભુ ઈસુએ યોહાન ૧૦:૩૪માં કર્યો છે, "ઈસુએ તેઓને ઉત્તર આપ્યો, મેં કહ્યું કે તમે, દેવો છો, એમ શું તમારા નિયમ શાસ્ત્રમાં લખેલું નથી ? જેઓની પાસે દેવનું વચન આવ્યું, તેઓને જો તેણે દેવો કહ્યા (અને શાસ્ત્રનો ભંગ થતો નથી) !"

શરૂઆતમાં ઈશ્વરની યોજના યહૂદીઓ ઉપર રાજા નીમવાની નહોતી પણ પોતાના પ્રતિનિધિ સમા 'ન્યાયાધીશો' મારફતે તે ઇઝરાયલ (યહૂદી) પ્રજા પર પોતે હકૂમત ચલાવવા માગતો હતો, અને ઈશ્વરના પ્રતિનિધિ સમા આ ન્યાયાધીશ ઈશ્વર તરફથી 'વચન' યા દોરવણી મેળવીને ઈશ્વરના વતી હકૂમત ચલાવતા હતા, અને ન્યાય પણ કરતા હતા. ૧ શમુ ૩:૧૯–૪:૧; ૭:૧૫, ૧૭; ૮:૧–૩; રૂથ ૧:૧. પાછળથી યહૂદીઓએ બીજી પ્રજાઓમાં હતો તેમ પોતાને માટે રાજા માગ્યો. એટલે શાઉલ રાજા તરીકે નીમાયો (૧ શમુ. ૮:૪–૨૨; ૯:૧; ૧૦:૧).

સવાલનો જવાબ પૂરો થાય છે, પણ એક વાત જોઈ લઈએ. આગળ મેં **એલ-શાદ્દાઈ** (સર્વસમર્થ દેવ, ઉત્પત્તિ ૧૭:૧) વાપર્યો છે, તે વિષે જોઈએ. **એલ** 'એટલે' 'ઈશ્વર' મુસ્લિમ ભાઈઓ 'અલ્લા' શબ્દ ઈશ્વર માટે વાપરે છે. એનું અને હિબ્રૂ 'એલ'નું મૂળ એક જ છે. '**શાદ્દાઈ**'માં મૂળ 'શાદ' છે. '**શાદ**' એટલે માતાનું સ્તન યા છાતી. અને '**શાદ્દાઈ**' એટલે 'છાતી' કે 'સ્તન' વાળો. જેમ માની છાતીએ ધાવતા બાળકને માની છાતીએ જ બધું મળી રહે છે, તેમ જ ઈશ્વરને વળગનાર કે અનુસરનારને સર્વ વાનાં ઈશ્વર પાસેથી મળી રહે છે. માની છાતીએ બાળકને પોષણ, આનંદ, હૂંફ, રક્ષણ, વહાલ, પ્રિયજનનું સામીપ્ય, વિચાર કે ભાવની આપલે—એ બધું જ મળી રહે છે, તેમ જ ઈશ્વરને વળગનારને સર્વ કંઈ ઈશ્વરમાં જ મળી રહે છે.

એટલે જ આ એલ-શાદ્દાઈ નામ નો ગુજરાતી તરજુમો 'સર્વસમર્થ દેવ' કર્યો છે. ભક્તને જે કંઈ જોઈએ તે માટે ઈશ્વર 'સર્વસમર્થ' યા પૂરતો છે. ઉત્પત્તિ ૧૭:૧ પ્રમાણે નવ્વાણું વર્ષનો બુઢ્ઢો અબ્રાહમ સંતાન વિહોણો હોઈને ઈશ્વર આગળ નિસાસા નાખતો હતો, તેને ઈશ્વર પ્રથમ જ વાર આ પોતાનું નામ (એલ-શાદ્દાઈ) આપે છે, અને કહેવા માગે છે કે હું તારી સર્વ જરૂરિયાતો પૂરી કરવા માટે શાદ્દાઈ અથવા સર્વસમર્થ છું.

## ૪૯ 'બીજાં ઘેટાં' ક્યાં ?

**પ્રશ્ન :** યોહાન ૧૦:૧૬માં લખ્યું છે "મારાં બીજાં ઘેટાં પણ છે, તેઓ આ વાડામાંનાં નથી; તેઓને મારે લાવવાની જરૂર છે, અને તેઓ મારો સાદ સાંભળશે, અને એક ટોળું, એક ઘેટાંપાળક થશે." તો આ બીજાં ઘેટાં ક્યાં? ખ્રિસ્તીઓ સિવાય બીજા કોઈ છે જે ખ્રિસ્તના છે?

**જવાબ :** કેટલીક ગેરસમજને લીધે આ મુશ્કેલી ઊભી થાય છે, બાકી વાત તદ્દન સ્પષ્ટ છે. પ્રભુ ઈસુ વધસ્તંભે જડાયા પહેલાં યહૂદીઓ પાસે અને માટે આવ્યા હતા. યહૂદીઓ પસંદિત પ્રજા હતી. એટલે ઈસુ હાલના ટોળા વિષે વાત કરે છે ત્યારે તે યહૂદીઓ વિષે બોલે છે, અને 'બીજાં ઘેટાં' વિષે વાત કરે છે ત્યારે ઉત્થાન બાદ પચાસ-માના દિવસ પછી વિદેશીઓમાંથી મંડળી બનવાની હતી તે વિષે ઉલ્લેખ કરે છે. એ વિદેશીઓએ ભલા ભરવાડનો સાદ આખરે સાંભળ્યો અને વિદેશીઓ 'ટોળા'માં મેળવાયા.

પહેલા ટોળામાં માત્ર યહૂદીઓ જ હતા. હવે એ 'ટોળા'માં વિદેશીઓ પણ આવ્યા. હજુ 'યાકૂબના સંકટના સમય' અથવા 'મહા-

વિપત્તિ'માંથી યહૂદીઓ પણ આવશે અને આખરે એક ટોળું અને એક ઘેટાંપાળક થશે. વધુ માટે જુઓ યશાયા ૫૬:૮; યોહાન ૧૭:૨૦; પ્રે.કૃ ૧૫:૭-૯ ; એફેસી ૨:૧૧-૧૯.

## ૫૦ મરેલાંને માટે બાપ્તિસ્મા લેવું એટલે શું ?

**પ્રશ્ન :** ૧ કોરિંથી. ૧૫:૨૯માં પાઉલ લખે છે : "જો એમ ન હોય તો જેઓ મૂએલાંને સારુ બાપ્તિસ્મા પામ્યા, તેઓનું શું થશે ? જો મૂએલાંનું પુનરુત્થાન થતું જ નથી, તો તેઓને માટે લોકો શા સારુ બાપ્તિસ્મા પામે છે ?" આ કલમનો શો અર્થ થાય છે ? મૂએલાંને માટે બાપ્તિસ્મા પામવું એટલે શું ?

**જવાબ :** આ કલમનો સો ટકા સંતોષકારક ખુલાસો હજી મળ્યો નથી. બધા મળીને લગભગ ૩૦ જેટલા જુદા જુદા ખુલાસાઓ રજૂ કરવામાં આવે છે, કોઈ એક ખુલાસા પર વધુ ભાર મૂકે છે. પાઉલ આ આખા અધ્યાયમાં પુનરુત્થાનની આવશ્યકતા અને ખાતરી પર દલીલો રજૂ કરે છે. આ કલમ પણ એક દલીલ તરીકે આપી છે. આપણે કેટલાક ખુલાસા પર નજર નાખીએ.

(૧) **મરેલાંને બદલે બાપ્તિસ્મા :**-આ દલીલ રજૂ કરનારા એમ કહે છે કે કોરિંથમાં તે સમયે એક રીતરસમ ચાલતી હતી. કોઈ ખ્રિસ્તી શ્રદ્ધાળુ બાપ્તિસ્મા પામ્યા વગર મરી જાય, તો બીજો કોઈ **તેને બદલે** બાપ્તિસ્મા પામે. આવાં બાપ્તિસ્મા ઈસવીસનની બીજી સદીમાં થતાં હતાં, પણ તે માર્સીનીઓ જેવા કેટલાક દુર્મત (પાખંડ) સંપ્રદાયોમાં જ ફક્ત થતાં. પરંતુ પાઉલ આ પત્ર લખે છે તે પહેલી સદીમાં તો આવાં બાપ્તિસ્મા થતાં હોય એવાં કોઈ એંધાણ મળતાં નથી. બાપ્તિસ્મા બાબતના વહેમમાંથી બાપ્તિસ્મા એક જાદુ છે એવી આ

માન્યતા પાંગરી. જો કોઈ બાપ્તિસ્મા પામ્યા વગર મરી જાય તો વિશ્વાસીઓ માટે સ્વર્ગમાં જે મહા આનંદનો વારસો રાખી મૂકવામાં આવ્યો છે તેમાં તે પ્રવેશ પામી શકશે નહિ; એ આનંદનો તે ભાગીદાર થઈ શકે નહિ. પોતાનું સગું-વહાલું કે મિત્ર આ આનંદમાંથી બાકાત ન રખાય, માટે જીવતાં સગાં કે મિત્ર એ મરેલાને બદલે બાપ્તિસ્મા પામતાં. આજ સુધી એંગ્લીકનો અને રોમન કેથોલિકોમાં ખ્રિસ્તી ઘરનું કોઈ માણસ-અને ખાસ કરીને બાળક-બાપ્તિસ્મા પામ્યું ન હોય અને મરવા પડયું હોય, તો જલદી જલદી તેને બાપ્તિસ્મા અપાવી દે છે, એના જેવું જ.

આખા અધ્યાયમાં પાઉલ "હું" અને "આપણે" એમ પહેલો પુરુષ વાપરે છે, જ્યારે આ કલમમાં ત્રીજો પુરુષ વાપર્યો છે, 'જેઓ,' 'તેઓનું', 'લોકો,' વગેરે. આવી માન્યતા ધરાવનાર કેટલાક લોકો પુનરુત્થાનમાં માનતા નહોતા, એટલે પાઉલ એમ કહેવા માગે છે, જો મૂએલાં પાછાં ઊઠતાં નથી તો તેઓને બદલે બાપ્તિસ્મા પામવાનો શો અર્થ ? પાઉલ આવા રિવાજનો માત્ર ત્રીજા પુરુષમાં ઉલ્લેખ કરે છે (દલીલ માટે) પણ એ રિવાજને તે માન્યતા આપતો નથી. આલ્ફોર્ડ બાર્કલે અને એવા કેટલાક આ દલીલને માન્ય રાખે છે.

**(૨) મરેલાંને ખાતર બાપ્તિસ્મા :** બીજાઓના જીવંત શબ્દોની કે મૃત્યુની સાક્ષી દ્વારા જેઓએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો, તેઓ પેલાં મરી ગયેલાંના પ્રેમને ખાતર કે સન્માનને ખાતર બાપ્તિસ્મા લે છે, એ વિષે અહીં પાઉલ લખે છે, એવું કેટલાકનું માનવું છે. (આપણામાંનાં ઘણાં જણ બીજાઓની સેવા, પ્રાર્થનાઓ, આંસુઓ, આશાઓ, સાક્ષી કે પ્રેમ દ્વારા ખ્રિસ્તની પાસે લેવાયાં છીએ.) અહીં પણ પાઉલની દલીલ લાગુ પડે છે કે જો મૂએલાંનું પુનરુત્થાન નથી તો, અગાઉ સાક્ષી આપીને કે આપણને ખ્રિસ્તની પાસે લાવીને મરી ગયાં તેઓયે પાછાં ઊઠવાનાં નથી, અને તેઓની સાક્ષીને ખાતર બીજાં જેઓએ

બાપ્તિસ્મા લીધું તેઓ પણ ઊઠવાનાં નથી, તો બાપ્તિસ્મા લેવાનો શો અર્થ રહ્યો? — કારણ બાપ્તિસ્મા તો મરણ પામવું, દટાવું, અને પાછા ઊઠવાનું પ્રતીક છે. જો પાછા ઊઠવાનું જ નથી, તો બાપ્તિસ્માનો કંઈ અર્થ રહેતો નથી.

**(૩) મૂએલા શહીદોની કબર ઉપર બાપ્તિસ્મા લેવું:** આ કલમમાં 'માટે' કે 'સારુ' શબ્દ વાપર્યો છે તેનો મૂળ ગ્રીક શબ્દ 'હુપર' છે, અને એના બે અર્થ થાય છે: સ્થળ દર્શાવવા એ શબ્દ વપરાયો હોય તો તેનો અર્થ 'ઉપર' થાય છે; અને જો વ્યક્તિ કે વસ્તુના સંદર્ભમાં એ શબ્દ વપરાયો હોય (અને બહુધા એ રીતે આ શબ્દ વપરાયો છે) તો એનો અર્થ 'ને બદલે' 'ના વતી' થાય છે. આ બીજા અર્થવાળી દલીલ આપણે સૌ પ્રથમના ખુલાસામાં જોઈ ગયા.

'હુપર'ના પહેલા અર્થ પ્રમાણે, એટલે કે સ્થળ દર્શાવવા, '**ઉપર**' ના અર્થમાં વિશ્વાસની સાક્ષી આપતાં આપતાં શહીદ બનેલા —મરી ગયેલા વિશ્વાસીની **કબર ઉપર** કહે છે કે કેટલાક બાપ્તિસ્મા લેતા. આ 'પવિત્ર' યા 'પાવન' સ્થળે બાપ્તિસ્મા લેવામાં કંઈક વિશેષ છે એમ તેઓ માનતા. તેઓ અદૃશ્ય શાહેદોની વાદળાંરૂપી ભીડની વચ્ચે બાપ્તિસ્મા લેવાનો મહિમા ગણે છે. આવો ખુલાસો કેટલાક આપે છે. પણ એમાં કંઈ વજૂદ દેખાતું નથી, કેમ કે પાઉલ આ પત્ર લખે છે ત્યારે હજી ખ્રિસ્તીઓની સતાવણી પૂર જોશમાં શરૂ થઈ નથી, એટલે ઘણા શહીદો હોઈ શકે નહિ.

**(૪) મંડળીમાં મૂએલાંનું ખાલી પડેલું સ્થાન લેવા બાપ્તિસ્મા પામવું.**

'હુપર'નો બીજો અર્થ અહીં પણ લાગુ પાડી શકાય. આ ખુલાસો રજૂ કરનારા અભ્યાસીઓ લશ્કરની ઉપમા રજૂ કરે છે. લડાઈના મોરચા ઉપર પહેલી હરોળમાં રહીને લડનારા મરી જાય—ખપી જાય,

ત્યારે તરત જ પાછળની હરોળના સૈનિકો આગલી હરોળમાં ખાલી પડેલાં સ્થાન લે. એમ જ મંડળીમાં સેવા આપતા આપતા બુઝુર્ગો વિરામ પામ્યા, તેમનું સ્થાન બાપ્તિસ્મા પામીને નવા ભરતી થયેલા જુવાનો લેવા આવે છે. આ મુજબ સ્કોફીલ્ડ આવો ખુલાસો આપે છે: "જો મૂએલાં પાછાં ઊઠવાનાં નથી, તો પછી મરણ પામેલાં વિશ્વાસીઓની ખાલી પડેલી જગાઓ લેવા માટે ખ્રિસ્ત પર વિશ્વાસ કરવાનો અને બાપ્તિસ્મા પામવાનો શો અર્થ રહ્યો? જો મરણ પછી જીવન ન હોય તો જીવનના લાભ શા માટે ગુમાવવા?"

**(૫) ક. બાપ્તિસ્મા લઈને થોડીવારમાં મરી જવું:** ગ્રીક શબ્દ 'હુપર' પરથી એન્ગલ જેવા આવો અર્થ તારવે છે અથવા આ પ્રમાણે વાંચે છે. એન્ગલ કલમનું વાચન આ પ્રમાણે કરે છે: 'મૂએલાં' ઉપર (તરત જ ઉપર) બાપ્તિસ્મા પામવું, એટલે કે બાપ્તિસ્મા પામીને તરત મૂએલામાં ભળી જવું. બાપ્તિસ્મા પામવાના તેમના શ્રમનો બદલો તેમને એટલો જ મળે છે કે તેઓ કાયમને માટે મૂએલાંમાં ભળી જાય છે.

**ખ. મૃત્યુકાળ સમય સુધી બાપ્તિસ્મા મુલતવી રાખવું, અને મૃત્યુ પૂર્વે થોડી વાર પર જ બાપ્તિસ્મા લેવું:** પુરાણી મંડળીમાં કેટલાક લોકો બાપ્તિસ્મા લેવાનું છેક મૃત્યુ સમય સુધી મુલતવી રાખતા.

**(૬) 'મૂએલાં' શબ્દ માત્ર બાપ્તિસ્માનું પ્રતીક ભારપૂર્વક દર્શાવવા વાપર્યો છે:** આ આખી કલમમાં પાઉલ બાપ્તિસ્માના પ્રતીકની જ વાત કરે છે, અને શારીરિક મૃત્યુ પામેલાં વિષે તે અહીં બોલતો કે વિચારતો નથી. બાપ્તિસ્મા એ તો ખ્રિસ્તની સાથે મૃત્યુ પામવું, દટાવું, અને પુનરુત્થાન પામવું. એટલે બાપ્તિસ્મા લેનાર મૂએલા છે,—ખ્રિસ્તમાં મૂએલા છે. આ પરથી દલીલ આમ સ્પષ્ટ થાય છે કે બાપ્તિસ્મામાં તો મરણ, દટાવું અને ઉત્થાન પામવું

સમાયેલાં છે, પણ જો મૂએલાંનું પુનરુત્થાન ન હોય તો બાપ્તિસ્માનો અર્થ અધૂરો રહે છે, અને એટલે બાપ્તિસ્મા લેવામાં કંઈ અર્થ રહેતો નથી (જુઓ રૂમી. ૬:૧–૧૧).

(૭) **કલમના વિરામચિહ્નનું સ્થાન ખસેડવા સૂચવતો ખુલાસો :** આ ખુલાસો ધરાવનારાનું કહેવું છે કે આપણે તો મૂળ ગ્રીકમાં લખાયેલા પાઠનો અંગ્રેજી, ગુજરાતી કે અન્ય તરજુમો જ વાપરીએ છીએ. અને એ મૂળ ગ્રીક પાઠનો સો ટકા ચોક્કસ અર્થ આપણા તરજુમાઓમાં ન ઊતર્યો હોય તો ? આજથી લગભગ ૨૦૦૦ વર્ષ ઉપર વપરાતા ગ્રીકના શબ્દાર્થ, રૂઢિપ્રયોગોના અર્થ, ઇત્યાદિનું આપણને સાચું ભાન છે કે કેમ ? બીજી બાબત, અસલ ગ્રીક પાઠમા વિરામચિહ્નો હતાં જ નહિ. પાછળથી બાઇબલ અભ્યાસીઓએ વિરામ ચિહ્નો ઉમેર્યાં. આમ કરવામાં કોઈ ખોટી જગાએ વિરામચિહ્ન મુકાઈ ગયું હોય તો જુદો જ અર્થ નીકળે.

આ ઉપરથી કેટલાકનું માનવું છે કે આ ૨૯ મી કલમમાં વિરામ-ચિહ્નના ફેરફારની જરૂર છે. તેઓ અંગ્રેજીમાં વિરામચિહ્નનો આવો ફેરફાર કરે છે : **"What shall they do that are being baptised? It is for the dead (for corpses) if the dead (dead people) rise not."** ગ્રીક વાક્ય ગોઠવણી પ્રમાણે ગુજરાતીમાં આખી રચના આ પ્રમાણે થઈ શકે. "જો એમ હોય તો જેઓ બાપ્તિસ્મા પામ્યા તેઓનું શું થશે ? મૂએલાંને (મુડદાંને) માટે જ ?–જો મૂએલાં (મરી ગયેલાં) માણસોનું પુનરુત્થાન થતું નથી તો તો પછી મૂએલાંને (મુડદાંને) માટે લોકો શા માટે બાપ્તિસ્મા લે છે ! ગ્રીક શબ્દ 'નેક્રોન' નો અર્થ "મૂએલાં" પણ થાય, અને 'મુડદાં' પણ થાય. આમ, સરળ ગુજરાતીમાં આખા વાક્યનો અર્થ આવો થયો : "જો એમ હોય તો જેઓ બાપ્તિસ્મા પામ્યાં તેઓનું શું થશે ? તેઓ કાયમ મુડદાં રહેવા જ

બાપ્તિસ્મા પામ્યાં એમ થયું ને ! તો પછી મુડદાં જ બનવા માટે શા સારુ લોકો બાપ્તિસ્મા પામે છે ?"

એથીયે સરળ રીતે અને અંદરની જ ભાષા લઈને ગુજરાતીમાં આમ પણ થઈ શકે : "જો મૂએલાં ઊઠતાં નથી તો બાપ્તિસ્મા પામવાનો શો અર્થ ? અને કાયમ મુડદાં જ બની રહેના લોકો શા સારુ બાપ્તિસ્મા લેતા હશે ?"

કોઈ સીધા પ્રશ્નનો જવાબ લખતો નથી. પરંતુ પ્રભુ ઈસુના પુનરાગમન સંબંધી અનેક પ્રશ્નો આવતા હોઈને અહીં પુનરાગમનના આખા જ કાર્યક્રમની રૂપરેખા રજૂ કરું છું, જેમાં ઘણા પ્રશ્નોના જવાબ આવી જાય છે, પુનરાગમનનાં બે પગથિયાં : (૧) ગગનગમન અને (૨) પ્રાગટ્ય.

## ૫૧ પ્રભુ ઈસુના પુનરાગમન વખતે બનનારા બનાવો અને એ વિષેનાં ભવિષ્યકથનો

**I ગગનગમન :** ૧. થેસ્સા. ૪ : ૧૬

૧. પ્રભુ ઈસુ સ્વર્ગથી ગગનમાં ઊતરશે.

૨. ખ્રિસ્તના મૃત્યુ પામેલા લોકો ઊઠશે. એ પહેલું પુનરુત્થાન છે. પ્રકટી ૨૦:૫૬; ૧ કોરીંથી. ૧૫:૨૩; ૧ થેસ્સા. ૪:૧૬.

૩. ખ્રિસ્તના જીવતા લોકો અને ઉત્થાન પામેલા લોકો ગગનમાં પ્રભુને મળવા ઊંચકાઈ જશે.

પ્રભુ ઈસુનું પુનરાગમનનું પહેલું પગથિયું તે 'ચોરની જેમ' ઓચિંતુ અને અન્યજનોને ખબર ન પડે તેવું થશે. ચોર છાનોમાનો આવીને ધન લઈ જાય, તેમ પ્રભુ ઈસુ પૃથ્વી પર જે મંડળીરૂપી ધન છે તેને લઈ જશે.

**ધ્યાનમાં રાખવાની બાબત :** આ પહેલા પગથિયા "ગગનગમન" માટેનું કોઈ ભવિષ્યકથન પૂરું થવું બાકી રહ્યું નથી. એ અંગેની અથવા તે પૂર્વે થનારા બનાવો અંગેની કોઈ ભવિષ્યવાણી હવે રહી નથી. પ્રભુ ઈસુ ખ્રિસ્ત અત્યારે આવે, આજે આવે, આવતી કાલ આવે, વર્ષ પછી આવે, પાંચ વર્ષ પછી આવે. તખ્તો તૈયાર છે. હવે તે જાણે બારણા આગળ જ છે.

આ સમય, એટલે કે ખ્રિસ્તના લોકો ગગનમાં પ્રભુ ઈસુ સાથે હશે, એ સમય સાત વર્ષનો છે, એ સાત વર્ષમાં શું શું બનશે તે જોઈએ :

૪. **ગગનમાં :**–(૧) મંડળી બાંધવા માટે અને ખ્રિસ્તના મહિમા માટે વિશ્વાસીઓએ કરેલી સેવાઓની ચકાસણી અને ઇનામ–વહેંચણી થશે. ૧ કોરીંથી. ૩ : ૧૦–૧૫. (૨) હલવાનનું લગ્નજમણ પ્રકટી. ૧૯:૭–૯. (૩) પ્રભુ ઈસુ રાજ્ય પ્રાપ્ત કરશે. દાનિયેલ ૭:૯, ૧૦, ૧૩, ૧૪ ; લૂક ૧૯:૧૧–૨૭.

૫. **પૃથ્વી પર:**– (૧) એ સાત વર્ષના પહેલાં અર્ધા ભાગમાં (સાડા ત્રણ વર્ષમાં) પ્રકટીકરણમાં સાત મુદ્રાઓ તોડવા વિષે આપ્યું છે, તે બનશે. (પ્રકટી. ૬:૧–૮:૧), (૨) 'ખ્રિસ્તવિરોધી' સાથે ઇઝરાયલ લાંબા ગાળાનો કરાર કરશે (દાનિ. ૯:૨૭), આથી ઇઝરાયલ રાજ્ય શાંતિ અનુભવશે, મંદિર ફરી બાંધશે, મંદિરમાં અર્પણો-યજ્ઞો શરૂ થશે.

(૩) પણ અધવચમાં જ (સાત વર્ષની અધવચમાં જ) ખ્રિસ્ત-વિરોધી (પાપનો માણસ, ઉજ્જડમાં અમંગળપણાની નિશાની) યહૂદીઓ (ઇઝરાયલ) સાથેનો કરાર તોડી નાખશે, યહૂદીઓને સતાવશે. યરૂ-શાલેમના મંદિરમાંના યજ્ઞો-અર્પણો તે બંધ કરાવશે, અને 'શ્વાપદ' ની મૂર્તિને મંદિરમાં ઊભી કરશે અને યહૂદીઓ પાસે તેની પૂજા કરાવશે.

(માથ્થી ૨૪:૧૫ ; ૨ થેસ્સા ૨:૩-૪; પ્રકટી. ૧૧:૧-૩; દાનિ. ૯:૨૭). ઇઝરાયલીઓ 'અરણ્યમાં' નાસી જશે (પ્રકટી. ૧૨:૬, ૧૬-૧૭; યશા. ૨૬:૨૦-૨૧).

આ પાછલાં સાડાત્રણ વર્ષના ગાળામાં નીચેની બાબતો પણ બનશે. પ્રકટીકરણનાં સાત રણશિંગડાં (પ્રકટી. ૮:૬-૧૧:૯), અને સાત પ્યાલાંના (પ્રકટી. ૧૬:૨-૨૦) અનર્થો થશે, એ બધામાં એક એકથી ચઢિયાતા અનર્થો પૃથ્વી પર આવશે. વળી પ્રભુ ઈસુ જે ભયંકર વિપત્તિ વિષે માથ્થી ૨૪:૨૧, ૨૨માં જણાવે છે એ મહા વિપત્તિ આ સાડાત્રણ વર્ષ દરમિયાન આવશે,–"જગતના આરંભથી તે હમણાં સુધી થઈ નથી, ને કદી થશે પણ નહિ." એ સમયને યર્મિયાએ "યાકૂબનો સંકટનો સમય" કહ્યો છે (યિર્મે. ૩૦:૭,૮).

એ સમયે ચાર મહા સત્તાઓ "વહાલા શહેર યરુશાલેમ (પ્રકટી. ૧૬:૧૨) સામે ઘેરો ઘાલશે." એ ચાર મહા સત્તાઓ (૧) પૂર્વના રાજાઓ : ચીન-જાપાન, ઇન્ડોનેશિયા, ભારત (૨) ઉત્તરનું રાજ્ય : રશિયા અને તેના સાથીઓ (હઝકી. ૩૮ અને ૩૯ અધ્યાયો). (૩) યુરોપનાં દશ રાજ્યો (લોખંડ-માટી મિશ્રિત દશ આંગળાં દાનિ. ૨:૩૪, ૪૧-૪૩), અને (૪) દક્ષિણના રાજાઓ (આરબ સંઘ). (ઝખા. ૧૪:૧,૨; પ્રકટી. ૧૬:૧૬ હારમાગેદોનનું યુદ્ધ)

આ સાત વર્ષના ગાળાના અંતમાં વિપત્તિકાળના સંતો-શહીદોનું પુનરુત્થાન થશે.

## II પ્રાગટ્ય

પોતાના મહા સંકટમાં યહૂદીઓ પ્રભુને પોકાર કરશે એટલે પ્રભુ ઈસુ પોતે ગગનથી ઊતરશે. દૂતો તથા પ્રભુના સંતો (પહેલા પુનરુત્થાનમાં ઊઠીને ઉપર ગગનમાં ખેંચાઈ ગયેલા સંતો) પ્રભુ ઈસુની સાથે ઊતરશે.

યરુશાલેમમાં જૈતૂન પહાડ પર ઊતરશે અને જૈતૂન પર્વતના બે ભાગ થઈ જશે, ધરતીકંપ થશે (ઝખા. ૧૪:૧-૩; પ્રકટી. ૧૬:૧૮).

પ્રભુ ઈસુના પુનરાગમનનું આ બીજું પગથિયું "પ્રાગટ્ય." પ્રભુ ઈસુનું જગજાહેર રીતે આગમન થશે. જેમ વીજળી પૂર્વથી નીકળીને પશ્ચિમ સુધી ચમકે છે (માથ્થી ૨૪:૨૭) એમ પ્રભુ ઈસુના આગમનની ખબર એક ક્ષણમાં સૌ કોઈને થશે. આ સમયે યરુશાલેમ સામે ચઢી આવેલી સર્વ પ્રજાઓને (દેશ જાતિઓને) પ્રભુ ઈસુ યહોશાફાટની ખીણમાં (ઇઝરાયલ પ્રદેશના આ એક ભાગમાં) એકત્ર કરશે અને યહૂદીઓ (પ્રભુ ઈસુના ભાઈઓ) સામે એ બધી પ્રજાઓએ જેવો વર્તાવ કર્યો હશે તે પ્રમાણે તે તેઓનો ન્યાય કરશે, અને તે તેઓને (દેશ જાતિઓને ઘેટાં અને બકરાંની જેમ જુદી પાડશે અને "બકરાં પ્રજાઓનો" નાશ કરશે (માથ્થી ૨૫:૩૧-૪૬; યશા. ૨૯:૫-૭).

**પ્રભુ ઈસુનું એક હજાર વર્ષનું ન્યાયપણાનું રાજ્ય:** આ પછી એટલે કે બકરાં પ્રજાનો નાશ કર્યા પછી, પ્રભુ ઈસુ પૃથ્વી પર એક હજાર વર્ષનું શાંતિ અને ન્યાયપણાનું રાજ્ય કરશે. એ હજાર વર્ષ માટે શેતાનને બાંધવામાં આવશે (પ્રકટી. ૨૦:૧-૩). એટલે પૃથ્વી પર આ હજાર વર્ષના રાજ્યમાં ભમાવનાર શેતાન નહિ હોય. ઘેટાં પ્રજાઓ અને યહૂદીઓ ઉપર પ્રભુ ઈસુ રાજ્ય કરશે. વિશ્વાસીઓ જેઓ તેમની સાથે ગગનમાંથી ઊતર્યા હશે તેઓ પણ રાજ કરશે.

એ એક હજાર વર્ષના રાજ્ય પછી **શેતાનને છૂટો કરવામાં આવશે. તે પાછો પૃથ્વી પર ફરીને બધી પ્રજાઓને યરુશાલેમ સામે ચઢાવી લાવશે. આખરે પ્રભુ પોતાના મુખની સોટીથી તેમનો નાશ કરશે** (પ્રકટી. ૨૦:૭-૧૦).

એ પછી **શેતાનને તથા પતિત થયેલા દૂતોને અગ્નિની ખાઈમાં અનંતકાળ માટે નાખી દેવામાં આવશે.** એ પછી

પૃથ્વી **તથા** આકાશ ટળી જશે (પ્રકટી. ૨૦:૧૧), અને **બાકીનાં મૂએલાં ઊઠશે અને પુસ્તકો ખોલવામાં આવશે** અને એ પ્રમાણે તેમને શિક્ષાઓ થશે, એટલે કે અગ્નિની ખાઈમાં તે બધાંને નાખી દેવામાં આવશે.

એ પછી **નવું આકાશ અને નવી પૃથ્વી થશે** (પ્રકટી. ૨૧:૧,૨). અને સદાસર્વદા પ્રભુ પરમેશ્વરનું રાજ્ય આકાશ અને પૃથ્વી પર ચાલ્યાં કરશે. ઉપદ્રવ કરનાર **કોઈ** નહિ હોય.

## ૫૨ હાડેસ, નરક, ગેહેન્ના અને શેઓલ —એ બધામાં શો ફરક છે?

**પ્રશ્ન :** બાઇબલમાં જુદે જુદે સ્થળે ઉપરના શબ્દો (હાડેસ, ગેહેન્ના, શેઓલ) વાપર્યા છે. તો એ બધાં જુદાં જુદાં છે કે એક જ? એ જગા (સ્થળ) છે કે માત્ર સ્થિતિ? એ સમજાવશો?

**જવાબ :** આ બધા શબ્દોને લીધે બાઇબલ-વાચકને જરૂર મૂંઝવણ યા ગૂંચવાડો થાય છે, અને ગૂંચવાડો થવાનું કારણ છે. ગ્રીકમાં ત્રણ જુદા જુદા શબ્દો આપવામાં આવ્યા છે (નવો કરાર ગ્રીક ભાષામાં અસલ લખાયો હતો). પણ એ ત્રણ શબ્દોનો ગુજરાતીમાં અનુવાદ ઠેકાણે ઠેકાણે 'નર્ક' કરવામાં આવ્યો છે. આ ત્રણ ગ્રીક શબ્દો આ પ્રમાણે છેઃ (૧) તાર્તારોસ, (૨) હાડેસ, અને (૩) ગેહેન્ના. આપણે એ ત્રણે શબ્દો એક પછી એક તપાસી લઈએ.

**તાર્તારોસ :** નવા કરારમાં આ શબ્દ એક જ જગાએ આવે છે, ૨ પિતર ૨:૪ "કેમ કે જે દૂતોએ પાપ કર્યું તેઓને દેવે છોડ્યા નહિ, પણ તેઓને નરક (તાર્તારોસ)માં નાખીને ન્યાયકરણ થતાં સુધી અંધકારના ખાડાઓમાં રાખ્યા." જે દૂતોએ પાપ કર્યું તેઓને ન્યાયના

દિવસ સુધી ઈશ્વરે તાર્તારિસમાં બંધનમાં રાખ્યા છે, કેદી તરીકે રાખ્યા છે. અહીં તાર્તારિસનો અર્થ નરક કર્યો છે. (જૂના કરારમાં આ શબ્દ આવતો નથી.)

**હાડેસ :** નવા કરારમાં અસલ મૂળ ભાષા ગ્રીકમાં 'હાડેસ' શબ્દ અગિયાર વખત વપરાયો છે. ગુજરાતીમાં ૯ જગાએ એનો એ જ શબ્દ 'હાડેસ' રહેવા દીધો છે, જ્યારે એક જગાએ 'પાતાળ' કર્યું છે (માથ્થી ૧૧:૨૩). શુભસંદેશમાં પણ 'પાતાળ' કર્યું છે, અને એક જગાએ 'મરણ' કર્યું છે (૧ કોરીંથી. ૧૫:૫૫). ત્યાં શુભસંદેશે 'મૃત્યુ' કર્યું છે. શુભસંદેશે બે જગાએ 'પાતાળ' કર્યું છે (માથ્થી ૧૧:૨૩; લૂક ૧૦:૧૫), બે જગાએ 'મૃત્યુ' કર્યું છે (માથ્થી ૧૬:૧૮; ૧ કોરીંથી. ૧૫:૫૫) ૭ જગાએ 'મૃત્યુલોક' કર્યું છે (પ્રે. કૃ. ૨:૨૭, ૩૧; પ્રકટી. ૧:૧૮;૬:૮; ૨૦:૧૩,૧૪), અને એક જગાએ 'દૂર' કર્યું છે (લૂક ૧૬:૨૩). આપણા ગુજરાતી બાઇબલમાં જૂના વખતમાં ૧ કોરીંથી. ૧૫:૫૫માં 'ઘોર' શબ્દ વાપર્યો હતો. અત્યારે 'મૃત્યુ' વાપર્યો છે.

'હાડેસ' એ 'મૃત્યુલોક' છે, જ્યાં મરેલાં માણસોના આત્મા જાય છે. હાડેસમાં દુષ્ટ આત્માઓને માટે પીડા છે, પણ માણસોના આત્માઓનું એ આખરી અને કાયમનું સ્થળ નથી. એક દિવસે આ હાડેસ યા મૃત્યુલોક પોતામાંનાં મૃતોને પાછાં સોંપી દેશે, એ પછી તેઓનો ન્યાય થશે, અને પછી તેઓને અનંત અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવશે, જ્યાં અનંતકાળ માટે 'રડવું તથા દાંત પીસવું થશે.'

**શેઓલ :** આ હિબ્રૂ શબ્દ છે અને માત્ર જૂના કરારમાં જ વપરાયો છે. જૂના કરારમાં આ શબ્દ 'શેઓલ' ૬૫ વખત વપરાયો છે, અને આપણા ગુજરાતી બાઇબલમાં બધે જ એ શબ્દનો તરજુમો

કર્યા વગર એમનો એમ 'શેઓલ' જ રાખ્યો છે. ગીતશાસ્ત્ર ૧૬:૧૦માં 'શેઓલ' શબ્દ છે; પણ એ જ કલમ નવા કરારમાં અવતરણ તરીકે પ્રે.કૃ. ૨:૩૧માં વાપરી છે ત્યાં ગ્રીકમાં 'હાડેસ' કર્યું છે, અને ગુજરાતીમાં પણ 'હાડેસ' રહેવા દીધું છે. એ પરથી સમજાય છે કે એ બંને શબ્દો (હિબ્રૂ 'શેઓલ' અને ગ્રીક 'હાડેસ') એક જ અર્થમાં વપરાયા છે.

મરણ પામેલાના આત્માઓ 'શેઓલ' માં એટલે કે 'હાડેસ'માં જાય છે. ન્યાયકાળ સુધી એ આત્માઓ ત્યાં રહેશે, એટલે શુભસંદેશે 'મૃત્યુલોક' કર્યું છે, એ કદાચ ઠીક લાગે છે. પણ પાછી મુશ્કેલી પણ ઊભી કરે છે. ગુજરાતી ભાષામાં અને હિંદુ સંસ્કૃતિમાં 'મૃત્યુલોક' આ પૃથ્વી પરના લોકો માટે વાપરવામાં આવ્યુ છે–સ્વર્ગમાં રહેતાં દેવલોક માટે 'સ્વર્ગલોક,' પૃથ્વી પર રહેતા 'કાળા માથાના માનવી' માટે 'મૃત્યુલોક' વપરાતુ આવ્યું છે, અને જમીનમાં ઊંડાણમાં રહેતા વેંતિયાં લોકો અને અન્યોને માટે હિંદુ સંસ્કૃતિમાં 'પાતાળલોક' વપરાયું છે. એટલે જ કદાચ આપણા ગુજરાતી બાઇબલમાં 'હાડેસ' નો તરજુમો ન કરતાં 'હાડેસ' જ રહેવા દીધું છે. શેઓલમાં બધી પ્રવૃત્તિઓ વિરમી જાય છે. એ મૃત શરીરોનું સ્થળ નથી, પણ મરેલાંના આત્માના (જીવંતરૂપમાં) રહે છે. ત્યાં સભાનમા છે, અને ઓળખ પણ છે. યશા. ૧૪:૯ ; હઝકી. ૩૨:૨૧.

જૂના કરારમાં અને નવા કરારમાં આ બંને શબ્દો માત્ર મૃત્યુની સ્થિતિ દર્શાવતા શબ્દો જ નથી, પણ મરેલાંના આત્માઓના રહેઠાણ તરીકે વપરાયા છે, એ નક્કી વાત છે.

'શેઓલ' અથવા 'હાડેસ'ના બે ભાગ છે. જૂના કરારમાં અને પછી પ્રભુ ઈસુના મૃત્યુ અને પુનરુત્થાન સુધી મરનારાં બધાંના

આત્માઓ 'શેઓલ' યા 'હાડેસ'માં જતા. પણ એ 'સ્થળના' બે ભાગ હતા—એક ભાગમાં પ્રભુ પર વિશ્વાસ રાખનારા લોકોના આત્મા, અને બીજા ભાગમાં પાપીઓ તથા ઈશ્વરને વીસરી જનારા લોકોના આત્મા જતા. અને એ બંને ભાગ વચ્ચે મોટી ખાઈ આવેલી હતી (લૂક ૧૬:૧૯-૨૧). "અમારી તથા તમારી વચમાં એક મોટી ખાઈ આવેલી છે, તેથી જેઓ અહીંથી તમારી પાસે આવવા ચાહે, તેઓ આવી ન શકે, અને ત્યાંથી કોઈ અમારી પાસે આ પાર પણ આવી શકે નહિ." (લૂક ૧૬:૨૬).

**પારાદૈસ:** આ 'શેઓલ' અથવા 'હાડેસ'ના જે ભાગમાં પ્રભુના લોકોના આત્મા જતા, એ ભાગને 'પારાદૈસ' અથવા 'અબ્રાહમની ગોદ' કહેવામાં આવતો. ઈસુ જમણી તરફના ચોરને કહે છે: "આજે તું મારી સાથે પારાદૈસમાં હોઈશ" (લૂક ૨૩:૪૩). ધનવાને "હાડેસમાં પીડા ભોગવતાં પોતાની આંખો ઊંચી કરીને વેગળેથી અબ્રાહમને તથા તેની ગોદમાં બેઠેલા લાજરસને જોયા" (લૂક ૧૬:૨૩).

જૂના કરાર તેમ જ નવા કરારના સમયોમાં મરનારાંના આત્માઓ 'શેઓલ'માં એટલે કે 'હાડેસ'માં જતા. પરંતુ પ્રભુ ઈસુના મૃત્યુ અને પુનરુત્થાન પછી વિશ્વાસ કરનારાંના એકેયના આત્માને ત્યાં જતો આપણે વાંચતા નથી. માર્ચ ૧૯૭૮ના 'ખ્રિસ્તીબંધુ'ના અંકમાંના 'શાસ્ત્રાભ્યાસ'માં આપણે અગાઉ જોઈ ગયા તેમ પ્રભુ ઈસુ મૃત્યુ પામતાં અધ:સ્થાનમાં (પારાદૈસમાં, શેઓલમાં, ન્યાયી લોકોના ભાગમાં) ઊતર્યા, જમણી તરફનો મરતો ચોર પણ ઈસુની સાથે ત્યાં જ ઊતર્યો (લૂક ૨૩:૪૩). એ પછી પ્રભુ પારાદૈસના લોકોને 'ઉપર' સ્વર્ગમાં લઈ ગયા. 'તે બંદીવાનોને લઈ ગયો' એનો અર્થ એ જ છે (એફેસી. ૪:૮-૯). (સરખાવો ગી.શા ૬૮:૧૮ અને એફેસી. ૪:૭-૧૧)

એટલે જ પાઉલ કહે છે: "શરીરથી વિયોગી થવું તથા પ્રભુની પાસે વાસો કરવો, એ અમને વધારે પસંદ છે" (૨ કોરીંથી. ૫:૮). વળી, "કેમ કે આ બે વચ્ચે હું ગૂંચવણમાં છું: દેહમાંથી નીકળવાની તથા ખ્રિસ્તની સાથે રહેવાની મારી ઇચ્છા છે, કેમ કે તે ઘણે દરજ્જે વધારે સારું છે..." (ફિલિપી ૧:૨૩).

**ગેહેન્ના :** આ શબ્દ નવા કરારમાં બાર વખત મૂળ ગ્રીકમાં વપરાયો છે. અગિયાર વખત પ્રભુ ઈસુએ વાપર્યો છે (માથ્થી ૫:૨૨, ૨૯, ૩૦; ૧૦:૨૮; ૧૮:૯; ૨૩:૧૫, ૩૩; માર્ક ૯:૪૩, ૪૫, ૪૭; લૂક ૧૨:૫), અને અન્ય એક જ ઠેકાણે યાકૂબે વાપર્યો છે (યાકૂબ ૩:૬). એ બારે જગાએ વપરાયેલા 'ગેહેન્ના' શબ્દનો તરજુમો આપણા ગુજરાતી નવા કરારમાં અનુક્રમે આ પ્રમાણે કર્યો છે: ગેહેન્ના, નરક, નરક, નરક, નરકાગ્નિ, નરક, નરક, નરક, નરકાગ્નિ, નરકાગ્નિ, નરક, નરક. શુભસંદેશ આ પ્રમાણે તરજુમો કર્યો છે: નરકના અગ્નિમાં, નરક, નરક, નરકાગ્નિ, નરકાગ્નિ, નરક, નરક, નરક, નરક, નરક, નરક, નરક.

'ગેહેન્ના' શબ્દ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો એ વિષે, એ શબ્દની પાછળ, રસિક ઇતિહાસ પડયો છે. યરુશાલેમના અગ્નિખૂણે એક ખીણ આવેલી હતી, જેને 'હિન્નોમના પુત્રની ખીણ' (યહોશુઆ ૧૫:૮) તરીકે ઓળખવામાં આવતી હતી. એને 'ગેહેન્ના' પણ કહેવામાં આવતી, કારણ, એ હિબ્રૂ શબ્દ 'ગેહિન્નોમ'નો અર્થ થાય છે: હિન્નોમની ખીણ.' જૂના કરારના સમયમાં આ ખીણમાં મોલેખ દેવ (વિધર્મી દેવતા) આગળ જીવતાં બાળકો વધેરવામાં આવતાં (૨ કાળવૃત્તાંત ૩૩: ૧-૬; યિર્મે. ૭:૩૧). પાછળથી આ વિધર્મી મૂર્તિપૂજક રિવાજ બંધ થયો એ પછી યહૂદીઓ શહેરનો કચરો ઠાલવવા આ ખીણ વાપરવા લાગ્યા. એટલું જ નહિ પણ મરેલાં જાનવરો અને જેમને દફનાવાતા નહિ એવા ગુનેગારોનાં શબ ફેંકવા પણ આ ખીણ વપરાતી. આ

બધો કચરો અને મુડદાં અહીં આ ખીણમાં બાળવામાં આવતાં અને અહીં અગ્નિ સતત ચોવીસે કલાક સળગ્યા કરતો, એટલે આ ખીણને "અગ્નિની ગેહેન્ના" તરીકે ઓળખવામાં આવતી. આ ગેહેન્નાના અગ્નિમાં પડવું એ માનવી ખ્યાલ પ્રમાણે ભયંકરમાં ભયંકર યાતના ગણાતી. એમ, પ્રભુ ઈસુએ આ જાણીતી ખીણના અખંડ બળ્યા કરતા અગ્નિને ઉપમા તરીકે વાપરીને મહાન સત્ય શીખવ્યું. જેઓ તારનારનો અસ્વીકાર કરે છે તેવાઓનું અનંતકાળનું યાતનાનું જે સ્થળ બનવાનું છે એ નરકાગ્નિ માટે આ 'ગેહેન્ના' શબ્દ વાપર્યો.

કેટલાક કહે છે કે નરક કોઈ સ્થળ નથી. પણ બાઇબલ સ્પષ્ટ શીખવે છે કે "દુષ્ટો એટલે ઈશ્વરને ભૂલનાર સઘળા લોકો શેઓલમાં જશે" (ગી. શા. ૯:૧૭). પ્રકટીકરણ ૨૦:૧૪, ૧૫ કલમમાં એ વખત જણાવ્યું છે કે, પાપીઓને "અગ્નિની ખાઈ"માં નાખી દેવામાં આવ્યા.

કેટલાકને પ્રશ્ન થાય છે કે, માનવી શરીરને અગ્નિમાં નાખવામાં આવે તો તે બળીને ખાખ થઈ જાય. તો પછી આ પાપીઓ જેમના આત્માઓને પુનરુત્થાનમાં શરીર આપવામાં આવ્યું હશે, અને એ શરીર 'અગ્નિની ખાઈ'માં બળીને ખાખ નહિ થઈ જાય ?—અનંતકાળ સુધી માનવી શરીર કેવી રીતે બળ્યા કરે ? પરંતુ પુનરુત્થાનમાં ન્યાયીઓને તેમ જ પાપીઓને મળેલાં શરીરો હાલના જેવાં સ્થૂળ, ભૌતિક શરીરો નહિ હોય, પણ 'આત્મિક' સૂક્ષ્મ શરીરો હશે, જે અગ્નિમાં બળ્યાં કરે, પણ ખાખ ન થાય. આખરી પુનરુત્થાન અને ન્યાયકાળ (દુષ્ટોનો ન્યાયકાળ પ્રકટી. ૨૦:૧૧-૧૫) એમાં એમને 'અમર' (અવિનાશી) શરીરો મળ્યાં હશે તે શરીરો સાથે તેઓના આત્મા સળગ્યા કરશે. શાદ્રાખ, મેશાખ અને અબેદનગોને અગ્નિની ભઠ્ઠીમાં નાખ્યા ત્યારે તેઓનાં શરીરોને અગ્નિની આંચ પણ નહોતી આવી; કારણ, ઈશ્વરે એમ થવા દીધું, એવાં જ કંઈક આ શરીરો હશે: બળ્યા કરશે, પણ ખાખ નહિ થાય.

# ૫.૩ પ્રભુ ઈસુનો શારીરિક દેખાવ કેવો હતો ?

**પ્રશ્ન :** પ્રભુ ઈસુનો દેખાવ કેવો હતો ? શું તેઓ, સુંદર, ઊંચા અને સુડોળ શરીરવાળા હતા ? તેમના વાળ લાંબા જુલફાવાળા હતા ? લૂકની સુવાર્તામાં કહ્યું છે કે "ઈસુ જ્ઞાનમાં તથા કદમાં ને દેવની તથા માણસોની પ્રસન્નતામાં વધતો ગયો" (લૂક ૨:૫૨). એથી ઊલટું, યશાયા ૫૩:૨ જણાવે છે કે "તેનામાં કંઈ સૌંદર્ય નહોતું, ને લાવણ્ય નહોતું. આપણે તેને જોયો ત્યારે તેનું સ્વરૂપ એવું નહોતું કે આપણે તેને ચાહીએ." (તેમ જ ૩જી કલમ પણ).

**જવાબ :** પ્રથમ ખુલાસો કરી દઉં કે યશાયાની જે કલમો પ્રશ્નમાં ટાંકવામાં આવી તેમાં તેના શારીરિક સ્વરૂપની વાત નથી. પણ ફિલિપી ૨:૬–૮ પ્રમાણે તેણે ધારણ કરેલા "દાસના રૂપ" વિષે ઉલ્લેખ છે; પોતે મહિમાવાન દેવનું રૂપ છોડીને અધમ માનવી રૂપ ધારણ કર્યું તે વિષે છે.

હવે પ્રભુ ઈસુના દેખાવ વિષે જોઈએ. પ્રભુ ઈસુના દેખાવ કે સ્વરૂપ વિષે કોઈ જગાએ કયાંયે ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. પ્રભુ ઈસુનાં જે ચિત્રો કે છબીઓ જોવા મળે છે તે બધાને ઈસુના ખરા દેખાવ સાથે સંબંધ હશે કે કેમ તે વિષે શંકા છે.

ઈસ્વીસનની પહેલી ત્રણ સદી સુધી ઈસુનાં દોરવામાં કે કંડારવામાં આવેલાં ચિત્રો વાસ્તવિક નહિ, પણ લાક્ષણિક કે સાંકેતિક હતાં. શબગુફાઓ, પથ્થરની શબપેટીઓ, ભીંતચિત્રો, વગેરે પરથી એ જોઈ શકાય છે. એ બધામાં ઈસુને ભરજુવાન અને મળતાવડી મુખાકૃતિ-

વાળા દર્શાવ્યા છે. એમને અંડાકાર (લંબગોળ) મોંવાળા, દાઢી રહિત અને તદ્દન ટૂંકા વાળવાળા ચીતરેલા છે.

એ પછી ચોથી સદીમાં ઈસુનાં ચિત્રોનો ઝોક બદલાયો. પ્રભુ ઈસુની ઐતિહાસિક મુખાકૃતિ કેવી હોય તે વિચારીને નવીન ઢબની શૈલી શરૂ થઈ, જે જમાના પ્રમાણે ઓછાવત્તા ફેરફાર પ્રમાણે આજ સુધી ચાલતી આવી છે. એ શૈલીમાં ફોટોગ્રાફીની ઢબ અને એક પાર્શ્વ ચિત્રણા (એક બાજુનું પડખું વધારે દેખાય તેવી ચિત્રણા) જોવા મળે છે, આ શૈલીમાં મોં લાંબું, નાક મરદાની યા જોમવાળું, અને આંખો મોટી અને ઠીક ઠીક ઊંડા ગોખલામાં બેસાડેલી જોવા મળે છે. એમાં દાઢી, મૂછ મધ્યમસરનાં અને ગાલ ઉપર આછા છેક સુધીના થોભિયા હોય છે. વાળ મોટે ભાગે વચ્ચેથી ઓળેલા અને ખભાની નીચે ઝૂલતા જોવા મળે છે. હાલનાં ચિત્રોમાં પણ એ જ લઢણ હોય છે. આ શૈલી ગ્રીક કે રોમન ચિત્રણકલા સાથે કંઈ સંબંધ નથી, કારણ એ ગ્રીક રોમન ચિત્રણકલામાં વાળ વચ્ચેથી ઓળેલા અને ખભા સુધી ઝૂલતા વાળ કદી જોવા મળતા નથી.

પ્રભુ ઈસુના સ્વરૂપ અને દેખાવ અંગે કોઈ આધારભૂત માહિતી આપણી પાસે નથી. આ બાબતે સુવાર્તાઓ તેમ જ પુરાણા ખ્રિસ્તી લેખકોએ બિલકુલ ચુપકીદી સેવી છે. રોમન કેથોલિકો પાસેના જૂના કરારમાં કેટલાંક વધારાનાં પુસ્તકો છે, જેમાં સમસ્ત મંડળી માન્ય રાખતી નથી એવાં કેટલાંક એપોક્રિફાનાં પુસ્તકો છે. એ પુસ્તકોમાં ઈસુની યુવાવસ્થાના સૌંદર્ય અને દેખાવનું વર્ણન આપેલું છે. પણ એ લખાણ કાલ્પનિક અને વજૂદ વગરનું છે, અને એની ઉપર મદાર બાંધી શકાય નહિ.

આમ છતાં, કેટલાંક ચિત્રોએ ઈસ્રીસનની પહેલી સદીથી જ અસલ અને ખરેખર ઈસુનાં ચિત્રો હોવાનો દાવો કર્યો છે. આપણે એ વિષે જોઈએ. લગભગ ઈ.સ. ૨૦૦ની થોડાંક વર્ષ પૂર્વે ધર્મપિતૃ ઈરેનિયસ કોઈ કાર્પોક્રેતેસના અનુયાયીઓ વિષે લખે છે કે તેઓની પાસે આવું અસલ ચિત્ર હતું. એ ચિત્ર વિષે કહેવાય છે કે પિલાતે ઈસુનું ચિત્ર કોઈની પાસે ચિતરાવ્યું હતું તે પરથી આ ચિત્ર બનાવવામાં આવ્યું છે. પણ આ દંતકથામાં કંઈ તથ્ય નથી. બીજો ધર્મપિતૃ યુસેબિયસ (ઈ. સ. ૩૦૦) કોઈ તાંબામાં કંડારેલા શિલ્પ વિષે ઉલ્લેખ કરે છે એમાં પણ કોઈ તથ્ય નથી.

છઠ્ઠી સદીમાં અને પછી કેટલાંક ચિત્રો વિષે લખવામાં આવ્યું છે કે કોઈ માણસના હાથે દોરાયેલાં નહિ, પણ આકસ્મિક કે દૈવી કારણે ઈસુનાં મૂળ ચિત્રો હસ્તગત થયાં છે. એ ચિત્રોને "એચિરોપોયેતાન" નામ આપવામાં આવ્યું હતું, અને એનો અર્થ થાય છે કે 'હાથોએ બનાવેલું નહિ.' એમાંનું એક ચિત્ર છે, "એડેસ્સાની છબી." આ છબીનો ઇતિહાસ જાણવા મળતો નથી. ઈ. સ. ૫૪૪માં એડેસ્સા શહેરના દરવાજાની દીવાલમાંથી એ મળી આવ્યું હતું. એમાં ઈસુને દાઢી અને લાંબા વાળવાળા ચીતરવામાં આવ્યા છે. એ ચિત્રની આજે હયાતી નથી. એના વિષે એવી લોકવાયકા છે કે પ્રભુ ઈસુએ ગેથસેમાને બાગમાં આગ્રહથી પ્રાર્થના કરી તે સમયે તેમને પરસેવો પરસેવો થઈ ગયો હતો અને લોહી પણ ટપકયું હતું, ત્યારે ઈસુએ પોતાની પાસેનો કકડો (રૂમાલ) લઈ તેમાં લૂછયું ત્યારે એમની મુખાકૃતિ આ ચિત્રમાં ઊપસી આવી હતી. એટલે એ છબી ઈસુની ખરેખર છે. પણ આ માનવા જેવી વાત લાગતી નથી.

બીજું એવું જ ચિત્ર છે. એને પણ 'એચિરોપોયેતાન' (હાથોએ ચીતરેલું નહિ) કહેવામાં આવે છે, એનું નામ છે, "વિરોનિકાનો ક્રાઇસ્ટ (ક્રાઇસ્ટ ઑફ વિરોનિકા)" એ ઘણું પ્રખ્યાત છે. એવું અસલ ચિત્ર

રોમના સેંટ પિટર કેથેડ્રલ (દેવાલય)માં બારમી સદીથી છે. માત્ર પસંદિત વ્યક્તિઓને જ એ ચિત્ર બતાવવામાં આવતું હતું. પાછળથી એની ઘણી નકલો ઉતારવામાં આવી છે. એ નકલો અને તે ઉપરથી કરેલાં ચિત્રણ આજે જોવા મળે છે, પણ સેંટ પિટર કેથેડ્રલવાળું ચિત્ર આજે માત્ર ચોકલેટિયા રંગના ધાબાં ધાબાં જ દેખાય છે.

આ "વિરોનિકાનો ખ્રિસ્ત" ચિત્ર વિષે એવી દંતકથા છે કે પ્રભુ ઈસુ ક્રૂસ ઊંચકી કાલવરીને રસ્તે જતા હતા ત્યારે તેમનું મુખ પરસેવાથી અને લોહીનાં બુંદથી તરબોળ હતું. તે લૂછવા વિરોનિકા નામની શિષ્યાએ ઈસુના મુખ પર રૂમાલ ધર્યો અને હળવેથી લૂછ્યું. એટલે એ રૂમાલ ઉપર ઈસુના મુખની તસ્વીર ઊઠી. ચિત્રમાં ઈસુની આંખો કોઈ વાર બંધ તો કોઈ વાર ખૂલેલી દેખાય છે. ઉપર જણાવેલી દંતકથા સાચી માનવી એ ગળે ઊતરે તેવી વાત નથી.

આ ઉપરાંત એક ત્રીજું ચિત્ર યા છબી છે જે વિષે પણ કહેવાય છે કે એ માણસોના હાથે બનાવેલું નથી. એ છે: "તૂરીનનું કફન" (શ્રાઉડ ઑફ તૂરીન) આજે ઈટાલીના તૂરીન શહેરના એક મંદિરમાં એ રખાયેલું છે. ખ્રિસ્તીબંધુના અગાઉના બે અંકોમાં એ વિષે વર્ણન આપવામાં આવ્યું છે. એના વિષે એવી વાત કહેવામાં આવે છે કે ઈસુના શબને ક્રૂસ પરથી જલદીથી ઉતારીને તેના ઉપર બોળ તથા અગર નાખીને કફનનું સળંગ કાપડ વીંટાળી દેવામાં આવ્યું. પરસેવો, અગર અને કફનની વચ્ચે કોણ જાણે કેવી રીતે કોઈ રાસાયણિક પ્રક્રિયા થવાથી શબની આખી નેગેટિવ છબી કફનના કાપડમાં ઊતરી ગઈ. ફોટોગ્રાફની 'નેગેટિવ' હોય તેમ આ છબી 'નેગેટિવ' છે. એમાં ઘા, લોહી, પરસેવો અને આખા શરીરની ચિત્રકૃતિ ઊપસી આવે છે. અવારનવાર આ તુરીનના કફનનું જાહેર પ્રદર્શન પણ રાખવામાં આવે છે. આ વર્ષે પણ એ ખુલ્લું મુકાયું હતું, અને હજારો લોકોએ એ જોયું હતું.

આ ત્રણે ચિત્રોમાં: 'એડેસ્સાની છબી,' 'વિરોનિકાનો ખ્રિસ્ત' અને 'તૂરીનના કફન'માં ઈસુની મુખાકૃતિ લગભગ સરખી આવે છે.

પ્રભુ ઈસુના શારીરિક દેખાવ વિષે બેઝાન્ટીન શહેનશાહ થીઓફિલસ (નવમી સદી) ઉપર લખાયેલા કાગળમાં આ પ્રમાણે વર્ણન છે. ઊંચું કદ, ભવાં જોડાયેલાં, લાંબુ નાક, ઘેરા રંગની દાઢી, અને મીણબત્તી જેમ છેડેથી પાતળી થતી જતી આંગળીઓ. પણ એ કાગળમાં પાછલા ભાગમાં "એડેસ્સાની છબી" નો ઉલ્લેખ કર્યો છે. એટલે સમજી શકાય એવું છે કે પ્રભુ ઈસુના દેખાવનું વર્ણન આ ચિત્ર ઉપરથી જ રજૂ કર્યું હશે. એટલે આ વર્ણનમાં કંઈ તથ્ય હોઈ શકે નહિ. આવું એક બીજું વર્ણન ''પ્રાચીનો'' તરફથી ઊતરી આવેલું ગણાતું તેરમી સદીના નીસેફોરસ ગાલિસ્તરાના 'મંડળીના ઇતિહાસ' માં આપવામાં આવેલું છે. એમાં પ્રભુ ઈસુને સાધારણ લાંબી દાઢી, જન્મથી કાપવામાં નહિ આવેલા એવા લાંબા વાળ અને લાંબું નાક હતાં એમ જણાવ્યું છે. આ વર્ણનમાં પણ ઇતિહાસની સચ્ચાઈ લાગતી નથી.

ઈસુના વાળ લાંબા હોઈ શકે નહિ, કારણ, યહૂદી પુરુષો લાંબા વાળ રાખતા નહોતા. છાપેલાં ચિત્રોમાં અબ્રાહમ, દાવિદ, પાઉલ, પિતર, ઈસુ વગેરેના લાંબા વાળ, ચીતરવામાં આવ્યા હોય છે એ બરાબર નથી. સંત પાઉલ ૧ કોરીંથી ૧૧:૧૪-૧૫માં આ પ્રમાણે લખે છે: "શું કુદરત પોતે પણ તમને શીખવતી નથી કે જો પુરુષને લાંબા વાળ હોય તો તે તેને અપમાનરૂપ છે? પણ જો સ્ત્રીને લાંબા વાળ હોય તો તે તેની શોભારૂપ છે, કેમ કે તેના વાળ આચ્છાદનને સારુ તેને આપેલા છે" યહૂદી પુરુષો લાંબા વાળ નહોતા રાખતા તેમ જ રોમનો અને ગ્રીકો પેઠે તદ્દન ટૂંકા પણ નહોતા કપાવતા. પણ હાલની આપણી જુવાન પેઢી ગળા પાછળ થોડા લંબાવેલા રાખે છે તેટલા વાળ યહૂદીઓ પણ રાખતા હતા.

પ્રભુ ઈસુને **'ઈસુ નાઝારી'** પણ કહેવામાં આવતા (માથ્થી ૨:૨૩; ૨૬:૭૧; માર્ક ૧૬:૬). એ પરથી કેટલાક એમ માને છે કે ઈસુ લાંબા વાળ રાખતા. પણ અહીં **'નાઝારી'** નામને **'નાઝીરી'** **વ્રત** સાથે ખોટી રીતે ભેળસેળ કરવામાં આવે છે.

હા, 'નાઝીરી વ્રત' લેનારને ત્રણ વ્રત લેવાં પડતાં (ન્યાયાધીશો ૧૩:૪,૫). પ્રભુની ખાસ સેવા માટે અર્પિત થનાર 'નાઝીરી વ્રત' લેતા કે લેતી. (૧) એમાં એણે દ્રાક્ષારસ કે દ્રાક્ષાની કોઈ પેદાશ લેવાનું પડતું મૂકવું પડતું, જ્યારે પ્રભુ ઈસુએ તો દ્રાક્ષારસ વાપર્યો છે (કાના ગામમાં, વળી પ્રભુભોજનની સ્થાપના વખતે). (૨) નાઝીરી વ્રત લેનારે વાળ નહિ કાપવાના શપથ લેવા પડતા. (૩) નાઝીરીએ કોઈ શબ કે મુડદાને કે એને સ્પર્શેલી ચીજને અડકવું નહિ, પોતાના નજદીકના સગાનું શબ હોય તો પણ નહિ. આથી ઊલટું, ઈસુ તો યાઈરસની મરેલી દીકરીનો હાથ પકડીને તેને ઉઠાડે છે (લૂક ૮:૫૪); નાઈન નગરની વિધવાના મૂએલા દીકરાની ઠાઠડીને તે અડકે છે (લૂક ૭:૧૪). આમ, જોઈ શકીએ છીએ કે ઈસુએ નાઝીરી વ્રત લીધું નહોતું; લીધું હોત તો એમણે લાંબાં વાળ રાખવા પડત.

એમનું નામ 'નાઝારી' તો નાઝરેથ ગામ પરથી પડ્યું. નાઝરેથને 'નાઝારા' નામથી પણ ઓળખવામાં આવતું હતું. ગુજરાતી બાઇબલમાં એ ભેદ નથી આપ્યો (માથ્થી ૪:૧૩ ; લૂક ૪:૧૬). સિનાઇટિક અને વાટીકન આવૃત્તિઓમાં એ ભેદ દર્શાવ્યો છે. નાઝારા પરથી નાઝારી બન્યું. નાઝારી એટલે નાઝરેથ યા નાઝારાનો વતની. ઈસુ વિષે માથ્થી ૨:૨૩માં આમ લખ્યું છે : "અને તે નાઝારી કહેવાશે, એવું પ્રબોધકોનું કહેલું પૂરું થાય તે માટે તે નાઝારથ નામના નગરમાં જઈ રહ્યો."

એ કલમમાં 'પ્રબોધકોનો' ઉલ્લેખ છે તે યશાયા ૧૧:૧નો ઉલ્લેખ છે. "યિશાઈના ઠૂંઠામાંથી ફણગો ફૂટશે, ને તેની જડમાંથી ઊગતી એક ડાળીને ફળ આવશે." ફણગા માટે હિબ્રૂ ભાષામાં અહીં 'નેઝર' વપરાયું છે, અને એ ઈસુ માટે વપરાયું છે. એ જ 'નેઝર' તે 'નાઝારી.' એને અને નાઝારી વ્રતને કોઈ સંબંધ નથી.

આપણે જોવા ટેવાયેલા છીએ એ મોટે ભાગે યુરોપ અમેરિકાના આર્ટિસ્ટોએ યુરોપીય વ્યક્તિ ધ્યાનમાં રાખીને ઈસુનાં દોરેલાં ચિત્રો છે. જ્યારે ઈસુ તો શેમવંશી હિબ્રૂ હતા. હિબ્રૂઓના ચહેરામહોરા યુરોપીયનો કરતાં જુદા હોય છે



૧૯૮૭ પુનર્મુદ્રણ ૨૦૦૦

મુદ્રક : કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ
મંગલ મુદ્રણાલય
ફતેહભાઈની હવેલી
રતનપોળ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧

કિંમત : રૂ. ૬.૦૦